# ગાયત્રી મહાવિજ્ઞાન

# ભાગ—૨

યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્ય



# ગાયત્રી મહાવિજ્ઞાન

# ભાગ—૨




**પ્રકાશક**

યુગ નિર્માણ યોજના,
ગાયત્રી તપોભૂમિ, મથુરા - ૨૮૧ ૦૦૩ (ઉ. પ્ર)

**પ્રાપ્તિસ્થાન**

ગાયત્રી જ્ઞાનપીઠ
શાખા : અમદાવાદ
પાટીદાર સોસાયટી, જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન નં : ૭૫૫૭૨૫૨

**: મુદ્રક :**

યુગ નિર્માણ પ્રેસ,
ગાયત્રી તપોભૂમિ, મથુરા.


ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्
વેદમાતા ગાયત્રી

# અનુક્રમણિકા

## ગાયત્રી મહાવિજ્ઞાન - ભાગ-૨


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ● | ભૂમિકા | ૧૫૭ |
| ૧. | ગાયત્રી - માહાત્મ્ય | ૧૫૮ |
| ૨. | ગાયત્રી - જપના લાભ | ૧૬૩ |
| ૩. | ગાયત્રી દ્વારા પાપ અને દુઃખોનો નાશ | ૧૬૮ |
| ૪. | ગાયત્રી તરફની ઉપેક્ષાની નિંદા | ૧૭૧ |
| ૫. | ગાયત્રી એક આધ્યાત્મિક ત્રિવેણી છે | ૧૭૨ |
| ૬. | ગાયત્રી - ગીતા | ૧૭૩ |
| ૭. | ગાયત્રી - સ્મૃતિ | ૧૭૯ |
| ૮. | ગાયત્રી - ઉપનિષદ્ | ૧૯૫ |
| ૯. | ગાયત્રી - રામાયણ | ૨૦૮ |
| ૧૦. | ગાયત્રી - હૃદય | ૨૨૦ |
| ૧૧. | ગાયત્રી - પંજર | ૨૨૯ |
| ૧૨. | ગાયત્રી - સંહિતા | ૨૩૫ |
| ૧૩. | ગાયત્રી - તંત્ર | ૨૪૫ |
| ૧૪. | ગાયત્રી - અભિચાર | ૨૬૬ |
| ૧૫. | મારણ - પ્રયોગ | ૨૬૯ |
| ૧૬. | ગાયત્રી - ચોવીસ | ૨૫૧ |
| ૧૭. | ગાયત્રી પુરશ્ચરણ | ૨૭૩ |
| | (૧) નિત્ય કર્મ | ૨૮૨ |
| | (૨) સંધ્યા | ૨૮૪ |
| | (૩) ગાયત્રી - પૂજન | ૨૮૪ |
| | ● ધ્યાન | ૨૮૪ |
| | ● ગાયત્રી શક્તિનું ધ્યાન | ૨૮૭ |
| | ● ગાયત્રી કવચ | ૨૮૮ |
| | ● અક્ષર - શક્તિ કવચ | ૨૮૯ |
| | ● ન્યાસ | ૨૯૦ |
| | ● ગાયત્રી સ્ત્રોત | ૨૯૧ |
| | (૪) ગાયત્રી શાપ - મોચન | ૨૯૩ |
| | (૫) હવન | ૨૯૪ |
| | (૬) તર્પણ | ૨૯૪ |
| | (૭) માર્જન | ૨૯૫ |
| | (૮) મુદ્રાઓ | ૨૯૭ |
| | (૯) વિસર્જન | ૩૦૦ |
| | (૧૦) અર્ઘ્ય પ્રદાન | ૩૦૦ |
| | (૧૧) ક્ષમા પ્રાર્થના | ૩૦૦ |
| | (૧૨) બ્રાહ્મણ ભોજન | ૩૦૧ |
| ૧૮. | ગાયત્રી - લહરી | ૩૦૨ |
| ૧૯. | શ્રી ગાયત્રી - ચાલીસા | ૩૦૬ |
| ૨૦. | ગાયત્રીની આરતી | ૩૦૮ |
| ૨૧. | ગાયત્રી સહસ્ત્રનામનું વિજ્ઞાન | ૩૦૮ |
| ૨૨. | ગાયત્રીનાં ઋષિ, છન્દ અને દેવતા | ૩૨૦ |
| ૨૩. | ગાયત્રી અભિયાનની સાધના | ૩૨૨ |

# ગાયત્રી મહાવિજ્ઞાન

# (બીજો ભાગ)

## ૧. ગાયત્રી - માહાત્મ્ય

ગાયત્રીના આટલા બધા મોટા લાભોના મૂળમાં એવાં કયાં કયાં કારણો હશે જેથી આપણને આટલી બધી નવાઈ લાગે છે ? આ બાબતનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું એ તો મનુષ્યને માટે ઘણું મુશ્કેલ છે. પરંતુ એ મહાન કારણોમાંનું એક કારણ એ પણ છે કે આ ગાયત્રીની પાછળ અનેક મનસ્વી સાધકોનું ઝગમગતું સાધના બળ કામ કરી રહ્યું છે. સૃષ્ટિની રચના કરનાર બ્રહ્માથી માંડીને આધુનિક સમય સુધી સર્વ ઋષિ-મુનિઓએ, સાધુ-મહાત્માઓએ તેમજ શ્રેય માર્ગના પથિકોએ ગાયત્રી મંત્રનો આશ્રય લીધો છે. આ બધાઓએ જેટલાં સાધના, જપ, અનુષ્ઠાન વગેરે ગાયત્રી મંત્રનાં કર્યાં છે, તેટલાં અન્ય કોઈ મંત્રાદિનાં કર્યાં નથી. તેમણે પોતાની અત્યંત ઉચ્ચ ભાવનાઓને અધિકાધિક એકાગ્રતા અને તન્મયતાપૂર્વક ગાયત્રી મંત્રમાં જ લગાડી છે. અનેક યુગોથી આ ક્રમ ચાલતો આવ્યો છે. આ રીતે આ એક જ મંત્રની પાછળ ઉચ્ચ કોટિની આત્માની વીજળીશક્તિ એટલી બધી ભળી છે કે જેને કારણે બધા સૂક્ષ્મ લોકમાં એનો એક ભવ્ય શક્તિપૂંજ એકત્ર થઈને ફેલાઈ ગયો છે.

વિજ્ઞાન કહે છે કે કોઈ શબ્દ અથવા વિચારનો કદી નાશ થતો નથી. જે શબ્દ બોલાય છે કે જે વિચારો રજૂ થાય છે તે મોજાંઓના રૂપમાં આકાશમાં ફેલાઈ જાય છે અને અનંતકાળ સુધી સૃષ્ટિના વાતાવરણમાં કોઈને કોઈ રૂપમાં હયાત રહેશે. વળી, જે મોજાં વિશેષ બળવાન હોય છે તે તો વધારે ઝળહળતાં રહે છે. મહાભારતના યુદ્ધનાં સ્મરણો અને તાનસેનનાં ગીતોનાં મોજાંઓને સૂક્ષ્મ આકાશમાંથી ઝીલીને તેમની રેકોર્ડો ઉતારવાનો પ્રયત્ન વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. જો તેઓ સફળ થાય તો પ્રાચીન સમયની અનેક મહત્ત્વની વાતોને તેમના અસલી સ્વરૂપમાં આબેહૂબ રીતે આપણે સાંભળવા ભાગ્યશાળી થઈએ. એમ બને તો તો ભગવાન શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલી ગીતાને આપણે એના મૂળ સ્વરૂપમાં જ સીધી જ સાંભળી શકીએ. એ શબ્દોને અને વિચારોને સૂક્ષ્મ સ્વરૂપમાંથી સ્થૂળ બનાવવાનું કાર્ય હજી ઘણા સમય સુધી કદાચ મુશ્કેલ રહેશે. તેમ છતાં એટલું તો નિશ્ચિત છે કે એ બધાનું અસ્તિત્વ નષ્ટ થતું નથી. આજ સુધી જે અસંખ્ય મહાન વ્યક્તિઓ દ્વારા ગાયત્રી પ્રત્યેની શ્રદ્ધા અને સાધના કરવામાં આવી છે તેનો નાશ થયો, પરંતુ સૂક્ષ્મ જગતમાં નથી તેનું પ્રબળ અસ્તિત્વ આજ સુધી પણ છે. 'એક જ પ્રકારના પદાર્થો એક જ જગ્યાએ એકત્ર થાય છે' -- એ સિદ્ધાંત મુજબ એ બધી જ સાધનાઓની શ્રદ્ધાઓ, ભાવનાઓ, તપશ્ચર્યાઓ અને વિધિઓ વગેરે બધું જ એક સ્થળે એકત્ર થઈને એક બળવાન ચૈતન્યયુક્ત આધ્યાત્મિક વિદ્યુત ભંડાર એકઠો થયો છે.

જેઓને વિચાર-વિજ્ઞાન (વિચારને લગતું શાસ્ત્ર)નો થોડો પણ ખ્યાલ હશે તેઓને ખબર હશે કે મનુષ્ય જેવો વિચાર કરે છે તેવા જ પ્રકારનું એક આકર્ષણ, એક ચુંબકીય તત્ત્વ તેના મગજમાં ઉત્પન્ન થાય છે. આ ચુંબકત્વ સમગ્ર આકાશમાં ઉડનારા એવા જ પ્રકારના બીજા વિચારને આકર્ષિત કરીને પોતાની નજીક ખેંચી લાવે છે અને બહુ થોડા જ વખતમાં તેની પાસે એ પ્રકારના વિચારોનો મોટો જથ્થો ભેગો થઈ જાય છે. સજ્જનતાના ગુણોનો વિચાર કરનાર માણસો દિવસે દિવસે સજ્જનતાના વિચારો, ગુણ, કર્મો અને સ્વભાવોવાળા બનતા જાય છે. એ જ રીતે દુષ્ટતા તેમજ

પાપના વિચારો કરનારનું મગજ એ દિશામાં વધારે ને વધારે હોશિયારીવાળું બનતું જાય છે. આ બધું વિચારોના આકર્ષણ અંગેના વિજ્ઞાનના સિદ્ધાંતો મુજબ બને છે. આ જ વિચાર વિજ્ઞાન મુજબ આ જગતના આરંભથી માંડીને આજ સુધીના મહાન પુરુષોએ જે વિચારો અવકાશમાં વહેતા કર્યા છે તે વિચારોની સાથે ગાયત્રીના સાધકોની વિચાર સાંકળો ભેગી થઈને એક બને છે. ઊંચી દીવાલ પર કોઈ વ્યક્તિ સાધનો વગર મહામહેનતે ચઢી શકે પણ દીવાલની સાથે કોઈ અનુકૂળ દાદર ગોઠવી આપે તો તેને આધારે માણસ સરળતાથી ભીંત પર ચઢી શકે. ભૂતકાળમાં થઈ ગયેલા સાધકોના બનાવેલા દાદર પર આપણે ગાયત્રી તત્ત્વ સુધી સરળતાપૂર્વક પહોંચી જઈ શકીએ અને એ સ્થાનમાં પ્રાપ્ત થતી બધી જ સમૃદ્ધિઓને સરળ રીતે ઓછા પ્રયત્ને પ્રાપ્ત કરી શકીએ.

ગાયત્રી સાધનામાં આપણે જેટલો શ્રમ કરવો પડે છે તેના કરતાં અનેક ગણી સહાયતા આપણને અગાઉ થઈ ગયેલા મહાન ઉપાસકોએ ફેલાવેલી મહાન સંપત્તિ દ્વારા મળે છે અને આપણે થોડા પ્રયત્ન દ્વારા જ એ લાભો મેળવી શકીએ છીએ જેના માટે વર્ષો પૂર્વે આવા લાભો મેળવવા અનહદ શ્રમ કરવો પડતો હશે. આજે તો સૂક્ષ્મ જગતની એવી સૂક્ષ્મ વ્યવસ્થા આપણે માટે તૈયાર જ છે. એના આધારે આપણે આ દિશામાં ઝડપથી આગળ વધી શકીએ છીએ. પાણીનું ટીપું સમુદ્રમાં પડીને સમુદ્ર બની જાય છે, એક સિપાઈ સેનામાં દાખલ થઈને સેનાનું એક અંગ જ બની જાય છે. એક નાગરિકના ખભા ઉપર એની સરકારની સમગ્ર તાકાત હોય છે. એ જ પ્રમાણે એક સાધક જે પેલા અનાયાસે પ્રાપ્ત થતા ગાયત્રી શક્તિના સમૂહની સાથે પોતાનો સંબંધ બાંધી લે છે, તેને એ શક્તિનો સંપૂર્ણ લાભ મેળવી લેવાની સંપૂર્ણ તક મળી જાય છે. જેટલો પ્રકાશમય શક્તિ સમૂહ ગાયત્રી મંત્રની પાછળ રહેલો છે, એટલો શક્તિ સમૂહ બીજા કોઈ વેદમંત્રની પાછળ નથી. આથી જ ગાયત્રીની સાધના વડે સાધક થોડાક જ શ્રમથી અધિકાધિક લાભ મેળવી શકે છે.

આમ હોવા છતાં આપણે જોઈએ છીએ કે ઘણા માણસો ગાયત્રીના આવા મહિમાને જાણવા છતાં તેનો લાભ લેતા નથી. કોઈની તદ્દન નજીક, તેના ખિસ્સામાં પુષ્કળ ધન હોય અને તે તેનો ઉપયોગ કરીને આનંદ પ્રાપ્ત ન કરે તો એ એનું દુર્ભાગ્ય જ ગણાય ને ? ગાયત્રી એક દૈવી વિદ્યા છે. પરમાત્માએ આપણા માટે એને અત્યંત સુલભ બનાવી છે. ઋષિ-મુનિઓએ પદે-પદે આપણને આ ગાયત્રી સાધના દ્વારા લાભ મેળવાનો આદેશ આપ્યો છે આમ છતાંય જો આપણે તે દ્વારા લાભ ન ઉઠાવીએ - ગાયત્રી સાધના ન કરીએ તો એને આપણા દુર્ભાગ્ય સિવાય બીજું શું કહી શકાય ?

**અથર્વવેદ મુજબ ગાયત્રી માહાત્મ્ય**

ગાયત્રીના મહિમાનું વર્ણન વેદ, શાસ્ત્ર, પુરાણ વગેરે બધા જ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. અથર્વવેદમાં ગાયત્રીની સ્તુતિ કરવામાં આવી છે. એમાં ગાયત્રીને આયુષ્ય, પ્રાણ, શક્તિ, પશુ, ધન અને બ્રહ્મતેજને આપનારી કહેવામાં આવી છે.

**સ્તુતા મયા વરદા વેદમાતા પ્રચોદયન્તાં પાવમાની દ્વિજાનામ્ ।**
**આયુઃ પ્રાણં પ્રજાં પશું કીર્તિં દ્રવિણં બ્રહ્મવર્ચસમ્ ॥**

*અથર્વવેદ - ૧૯-૧૭-૧*

અથર્વવેદમાં સ્વયં વેદભગવાન કહે છે -

મારા દ્વારા સ્તુતિ કરવામાં આવેલી, દ્વિજોને પવિત્ર કરનાર વેદમાતા તેમને આયુષ્ય, પ્રાણશક્તિ, પશુ, કીર્તિ, ધન તેમજ બ્રહ્મતેજ પ્રદાન કરે છે.

यथा मधु व पुष्पेभ्यो घृतं दुग्धाद्रसात्पयः ।
એવં હિ સર્વવેદાનાં ગાયત્રી સાર ઉચ્યતે ॥

*- બૃહદ્ યોગિયાજ્ઞવલ્કયસ્મૃતિ ૪-૧૬*

જેમ પુષ્પોનો સાર મધ, દૂધનો સાર ઘી અને રસોનો સાર દૂધ છે તે પ્રમાણે ગાયત્રી મંત્ર સમસ્ત વેદોનો સાર છે.

**तदित्यृचः समो नास्ति मन्त्रो वेदचतुष्टये ।**
**सर्वे वेदाश्च यज्ञाश्च दानानि च तपांसि च ।**
**समानि कलया प्राहुर्मुनयो न तदित्यृचः ॥**

*- વિશ્વામિત્ર*

ગાયત્રી મંત્રના સમાન બીજો મંત્ર ચારે વેદોમાં નથી. સંપૂર્ણ વેદ, યજ્ઞ, દાન, તપ વગેરે ગાયત્રી મંત્રની એક કલા સમાન પણ નથી. એવું મુનિઓએ કહ્યું છે.

**ગાયત્રી છન્દસાં માતેતિ ॥**

*- મહાનારાયણોપનિષદ્ ૧૫-૧*

ગાયત્રી વેદોની માતા અર્થાત્ આદિ કારણ છે.

**ત્રિભ્યઃ એવ તુ વેદેભ્યઃ પાદમ્પાદમદૂદુહત્ ।**
**તદિત્યૃચોઽસ્યાઃ સાવિત્ર્યાઃ પરમેષ્ઠી પ્રજાપતિઃ ॥**

પરમેષ્ઠી પ્રજાપતિ બ્રહ્માએ ત્રણ ઋચાઓવાળી ગાયત્રીનાં ચરણોને ત્રણે વેદોનાં સાર રૂપે કાઢ્યાં છે.

**ગાયત્ર્યાસ્તુ પરન્નાસ્તિ શોધનં પાપકર્મણામ્ ।**
**મહાવ્યાહૃતિસંયુક્તા પ્રણવેન ચ સંજપેત્ ॥**

*-સંવર્ત સ્મૃતિ. શ્લો. ૨૧૮*

પાપોનો નાશ કરવામાં સમર્થ એવો ગાયત્રી સમાન અન્ય કોઈ મંત્ર નથી. તેથી પ્રણવ અને મહાવ્યાહૃતિઓ સહિત ગાયત્રીનો જપ કરવો જોઈએ.

**નાન્નતોય સમં દાનં ન ચાહિંસા પરં તપઃ ।**
**ન ગાયત્રી સમં જાપ્યં ન વ્યાહૃતિ સમં હુતમ્ ॥**

*- સૂત સંહિતા યજ્ઞ વૈભવ ખંડ અ. ૬/૩૦*

અન્ન અને જળ સમાન કોઈ પણ દાન નથી, અહિંસા સમાન કોઈ તપ નથી, ગાયત્રી સમાન કોઈ જપ નથી, તેમજ વ્યાહૃતિના સમાન કોઈ અગ્નિહોત્ર નથી.

**હસ્તત્રાણપ્રદા દેવી પતતાં નરકાર્ણવે ।**
**તસ્માત્તામભ્યસેન્નિત્યં બ્રાહ્મણો હૃદયે શુચિઃ ॥**

નરકરૂપી સમુદ્રમાં પડનારને હાથ પકડી બચાવનાર ગાયત્રી છે. આથી દ્વિજે નિત્ય પવિત્ર હૃદયથી ગાયત્રીનો અભ્યાસ કરવો જોઈએ અર્થાત્ જપ કરવો જોઈએ.

**ગાયત્રી ચૈવ વેદાશ્ચ તુલયા સમતોલયત્ ।**
**વેદા એકત્ર સાંગાસ્તુ ગાયત્રી ચૈકતઃ સ્થિતા ॥**

*- યોગી યાજ્ઞવલ્કય*

ગાયત્રી તેમજ સમસ્ત વેદોને ત્રાજવામાં તોલવામાં આવ્યા. છ અંગો સહિત વેદો એક બાજુ મુકાયા અને ગાયત્રી બીજુ બાજુ મુકાઈ.

सारभूतास्तु वेदानां गुह्योपनिषदो मताः ।
ताभ्यः सारस्तु गायत्री तिस्रो व्याहृतयस्तथा ॥

*- યોગી યાજ્ઞવલ્ક્ય*

વેદોનો ગુહ્ય સાર ઉપનિષદો છે અને ઉપનિષદોનો સાર ગાયત્રી અને ત્રણ મહાવ્યાહૃતિઓ છે.

ગાયત્રી વેદજનની ગાયત્રી પાપનાશિની ।
ગાયત્ર્યાસ્તુ પરન્નાસ્તિ દિવિ ચેહ ચ પાવનમ્ ॥

ગાયત્રી વેદોની જનની છે. ગાયત્રી પાપોનો નાશ કરનારી છે. ગાયત્રી સિવાય અન્ય કોઈ પવિત્ર કરનાર મંત્ર સ્વર્ગમાં કે પૃથ્વી પર નથી.

યદ્યથાગ્નિર્દેવાનાં, બ્રાહ્મણો મનુષ્યાણામ્ ।
વસન્ત ઋતુનામિયં ગાયત્રી ચાસ્તિ છન્દસામ્ ॥

*- ગોપથ બ્રાહ્મણ*

જેમ દેવતાઓમાં અગ્નિ, મનુષ્યોમાં બ્રાહ્મણ, ઋતુઓમાં વસંત શ્રેષ્ઠ છે, એ જ પ્રમાણે સમસ્ત છંદોમાં ગાયત્રી શ્રેષ્ઠ છે.

અષ્ઠાદશસુ વિદ્યાસુ મીમાંસાતિ ગરીયસી ।
તતોઽપિ તર્કશાસ્ત્રાણિ પુરાણં તેભ્ય એવ ચ ॥
તતોઽપિ ધર્મશાસ્ત્રાણિ તેભ્યો ગુર્વી શ્રુતિઃ દ્વિજ ! ।
તતોઽપ્યુપનિષચ્છ્રેષ્ઠા ગાયત્રી ચ તતોઽધિકા ॥
દુર્લભા સર્વતન્ત્રેષુ ગાયત્રી પ્રણવાન્વિતા ।

*- વૃ.સં.ભા.*

અઢારે વિદ્યાઓમાં મીમાંસા અત્યંત શ્રેષ્ઠ છે. મીમાંસા કરતાં તર્કશાસ્ત્ર શ્રેષ્ઠ છે અને તર્કશાસ્ત્ર કરતાં પુરાણ ગ્રંથો શ્રેષ્ઠ છે.

પુરાણો કરતાં પણ ધર્મશાસ્ત્ર શ્રેષ્ઠ છે. હે દ્વિજ, ધર્મશાસ્ત્રો કરતાં વેદ શ્રેષ્ઠ છે અને વેદો કરતાં ઉપનિષદો શ્રેષ્ઠ છે. ઉપનિષદો કરતાં પણ ગાયત્રી મંત્ર અત્યંત ઉત્તમ છે. પ્રણવયુક્ત આ ગાયત્રી સમસ્ત વેદોમાં દુર્લભ છે.

નાસ્તિ ગંગા સમં તીર્થં ન દેવઃ કેશવાત્પરઃ ।
ગાયત્ર્યાસ્તુ પરં જાપ્યં ન ભૂતં ન ભવિષ્યતિ ॥

*- વૃ.યો.યાજ્ઞ.અ. ૧૦૨/૭૯*

ગંગા જેવું કોઈ તીર્થ નથી. કેશવ કરતાં ચડિયાતો કોઈ દેવ નથી. ગાયત્રી મંત્રથી ચડિયાતો આજ સુધી કોઈ જપ થયો નથી ને થવાનો નથી.

સર્વેષાં જપ સૂક્તાનામૃચશ્ચ યજુષાં તથા ।
સામ્નાં ચૈકક્ષરાદીનાં ગાયત્રી પરમો જપઃ ॥

*- વૃ. પારાશર સ્મૃતિ અ. ૪/૪*

સમસ્ત જપ સૂક્તોમાં, ઋગ્વેદ, યજુ અને સામ વગેરે વેદોમાં તથા એકાક્ષરી મંત્રોમાં ગાયત્રી મંત્રનો જપ સર્વશ્રેષ્ઠ છે.

એકાક્ષરં પરં બ્રહ્મ પ્રાણાયામાઃ પરન્તપાઃ ।
સાવિત્ર્યાસ્તુ પરન્નાસ્તિ પાવનં પરમં સ્મૃતમ્ ॥

*- મનુસ્મૃતિ અ. ૨/૮૩*

એકાક્ષર અર્થાત્ 'ૐ' પરબ્રહ્મ છે. પ્રાણાયામ મોટું તપ છે અને ગાયત્રી મંત્રથી અધિક પવિત્ર કરનાર કોઈ પણ મંત્ર નથી.

**ગાયત્ર્યાઃ પરમં નાસ્તિ દિવિ ચેહ ચ પાવનમ્ ।**
**હસ્તત્રાણપ્રદા દેવી પતતાં નરકાર્ણવે ॥**

*- શંખ સ્મૃતિ અ. ૨/૮૩*

નરક રૂપી સમુદ્રમાં પડેલાને હાથ પકડીને બચાવી લેનાર ગાયત્રીના જેવી પાવન બીજી કોઈ વસ્તુ (કે મંત્ર) આ પૃથ્વી પર કે સ્વર્ગમાં ક્યાંય નથી.

**ગાયત્રી ચૈવ વેદાશ્ચ બ્રહ્મણા તોલિતા પુરા ।**
**વેદેભ્યશ્ચ ચતુર્ભ્યોઽપિ ગાયત્ર્યતિગરીયસી ॥**

*- વૃ. પારાશર સ્મૃતિ અ. ૫/૧૬*

પ્રાચીનકાળમાં બ્રહ્માએ ગાયત્રી અને વેદોને તોલી જોયા. પરંતુ ચારેય વેદોવાળા પલ્લા કરતાં ગાયત્રીવાળું પલ્લું ભારે (નીચું) જ રહ્યુ.

**સોમાદિત્યાન્વયાઃ સર્વે રાઘવાઃ કુરવસ્તથા ।**
**પઠન્તિ શુચયો નિત્યં સાવિત્રીં પરમાં ગતિમ્ ॥**

*- મહાભારત અનુ. પર્વ અ. ૧૫/૭૮*

હે યુધિષ્ઠિર ! સંપૂર્ણ ચંદ્રવંશી, સૂર્યવંશી, રઘુવંશી તથા કુરુવંશી રાજાઓ નિત્ય પવિત્ર થઈને પરમગતિને આપનાર આ ગાયત્રી મંત્રનો જપ કરે છે.

**બહુના કિમિહોક્તેન યથાવત્ સાધુ સાધિતા ।**
**દ્વિજન્માનામિયં વિદ્યા સિદ્ધિ કામદુધા સ્મૃતા ॥**

અધિક કહેવાની શી જરૂર સારી રીતે સિદ્ધ કરવામાં આવેલી આ ગાયત્રી વિદ્યા દ્વિજાતિઓ માટે કામધેનું કહેવાઈ છે.

**સર્વ વેદોદ્ધૃતઃ સારો મન્ત્રોઽયં સમુદાહૃતઃ ।**
**બ્રહ્માદેવાદિ ગાયત્રી પરમાત્મા સમીરિતઃ ॥**

આ ગાયત્રી મંત્ર સમસ્ત વેદોનો સાર ગણાય છે. ગાયત્રી જ બ્રહ્મ વગેરે દેવતાઓ છે. ગાયત્રી જ પરમાત્મા કહેવાઈ છે.

**યા નિત્યા બ્રહ્મગાયત્રી સૈવ ગંગા ન સંશયઃ ।**
**સર્વ તીર્થમયી ગંગા તેન ગંગા પ્રકીર્તિતા ॥**

*- ગાયત્રી તંત્ર*

ગંગા સર્વ તીર્થમય છે, તેથી જ તે ગંગા કહેવાઈ છે. તે ગંગા બ્રહ્મ ગાયત્રીનું જ રૂપ છે.

**સર્વશાસ્ત્રમયી ગીતા ગાયત્રી સૈવ નિશ્ચિતા ।**
**ગયાતીર્થં ચ ગોલોકં ગાયત્રી રુપમદ્ભુતમ્ ॥**

*- ગાયત્રી મંત્ર*

ગીતામાં બધાં શાસ્ત્રો સમાયેલાં છે. તે ગીતા ચોક્કસ ગાયત્રી રૂપ જ છે. ગાય, તીર્થ અને ગોલોક પણ ગાયત્રીનાં જ રૂપો છે.

**અશુચિર્વા શુચિર્વાપિ ગચ્છન્તિષ્ઠન્ યથા તથા ।**
**ગાયત્રીં પ્રજપેદ્ધીમાન્ જપાત્ પાપાન્નિવર્તતે ॥**

*- ગાયત્રી મંત્ર*

અપવિત્ર હોય કે પવિત્ર હોય, ચાલતો હોય કે બેઠેલો હોય, અથવા ગમે તે સ્થિતિમાં હોય, બુદ્ધિમાન મનુષ્યે ગાયત્રીનો જપ કરતા રહેવું જોઈએ. આ જપથી પાપોમાંથી મુક્તિ મળે છે.

**મનનાત્ પાપતસ્ત્રાતિ મનનાત્ સ્વર્ગમશ્નુતે ।**
**મનનાત્ મોક્ષમાપ્નોતિ ચતુવર્ગમયો ભવેત્ ॥**

*- ગાયત્રી તંત્ર*

ગાયત્રીનું મનન કરવાથી પાપો દૂર થઈ જાય છે સ્વર્ગ મળે છે અને મુક્તિ મળે છે. ચર્તુવર્ગ પણ (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) એનાથી સિદ્ધ થાય છે.

**ગાયત્રીં તુ પરિત્યજ્ય અન્યમન્ત્રાનુપાસતે ।**
**ત્યકત્વા સિદ્ધાન્નમન્યત્ર ભિક્ષામટતિ દુર્મતિઃ ॥**

જે ગાયત્રીને છોડીને અન્ય મંત્રોની ઉપાસના કરે છે તે દુર્બુદ્ધિ મનુષ્ય (તૈયાર) અન્ન છોડીને ભિક્ષા માટે રખડનાર મનુષ્યના જેવો ઝ ગણાય.

**નિત્યે નૈમિત્તિકે કામ્યે તૃતીયે તપો વર્ધને ।**
**ગાયત્ર્યાસ્તુ પરં નાસ્તિ ઇહ લોકે પરત્ર ચ ॥**

નિત્ય જપ માટે, નૈમિત્તિક જપ માટે, કાર્યની સફળતા માટેના જપની દૃષ્ટિએ કે તપની વૃદ્ધિ માટેના જપની દૃષ્ટિએ, આ લોકમાં કે પરલોકમાં ગાયત્રીથી ચઢિયાતો બીજો કોઈ મંત્ર નથી.

**સાવિત્રી જાપતો નિત્યં સ્વર્ગમાપ્નોતિ માનવઃ ।**
**તસ્માત્ સર્વપ્રયત્નેન સ્નાતઃ પ્રયતમાનસઃ ॥**
**ગાયત્રીં તુ જપેતુ ભકત્યા સર્વપાપપ્રણાશિનીમ્ ॥**

*- શંખ સ્મૃતિ*

નિત્ય ગાયત્રીનો જપ કરનાર મનુષ્ય સ્વર્ગ મેળવે છે. આથી જ સ્નાન કરીને સર્વ રીતે સ્થિર ચિત્તવાળા બની સર્વ પાપોનો નાશ કરનાર ગાયત્રીનો જપ કરવો જોઈએ.

## ૨. ગાયત્રી-જપના લાભ

ગાયત્રીનો જપ કરવાથી કેટલો બધો લાભ થાય છે એ વાતનો થોડોક ખ્યાલ આપણને નીચેનાં કેટલાંક પ્રમાણો દ્વારા આવી શકશે. બ્રાહ્મણ ને માટે તો આ જપને ખાસ જરૂરી ગણ્યો છે કારણ કે બ્રાહ્મણત્વનો બધો જ આધાર સદ્‌બુદ્ધિ પર જ છે અને એ સદ્‌બુદ્ધિ ગાયત્રીના બતાવ્યા મુજબના માર્ગે ચાલવાથી જ મળે છે.

**સર્વેષાં વેદાનાં ગુહ્યોપનિષત્સારભૂતાં તતો ગાયત્રીં જપેત્ ।**

*- છાંદોગ્ય પરિશિષ્ટમ્*

ગાયત્રી સમસ્ત વેદોનો અને ગુહ્ય ઉપનિષદોનો સાર છે. એથી ગાયત્રી મંત્રનો નિત્ય જપ કરવો જોઈએ.

**સર્વ વેદ સારભૂતા ગાયત્ર્યાસ્તુ સમર્ચના ।**
**બ્રહ્માદયોઽપિ સન્ધ્યાયાં તાં ધ્યાયાન્તિ જપન્તિ ચ ॥**

*- દેવી ભાગવત સ્ક. ૧૬ અ. ૧૬/૧૫*

ગાયત્રી મંત્રની આરાધના સર્વવેદોનો સાર છે. બ્રહ્મા વગેરે દેવતાઓ પણ સંધ્યાકાળ દરમ્યાન ગાયત્રીનું ધ્યાન અને જપ કરે છે.

**ગાયત્રી માત્ર નિષ્ણાતો દ્વિજો મોક્ષમવાપ્નુયાત્ ॥**

*- દેવી ભાગવત સ્ક. ૧૨ અ. ૮/૯૦*

માત્ર ગાયત્રીની જ ઉપાસના કરનાર બ્રાહ્મણ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**એહિકામુષ્મિકં સર્વં ગાયત્રી જપતો ભવેત્ ।**

*- અગ્નિ પુરાણ*

ગાયત્રીનો જપ કરનારને લૌકિક તેમજ પારલૌકિક બધાં જ સુખ પ્રાપ્ત થાય છે.

**યોઽધીતેઽહન્યહન્યેતાં ત્રીણિ વર્ષાણ્યતન્દ્રિતઃ ।**
**સ બ્રહ્મ પરમભ્યેતિ વાયુભૂતઃ સ્વમૂર્તિમાન્ ।**

*- મનુસ્મૃતિ*

જે પુરુષ તત્પરતાપૂર્વક ત્રણ વર્ષ સુધી પ્રતિદિન ગાયત્રીનો જપ કરે છે તે અવશ્ય વાયુરૂપ થઈને તથા આકાશરૂપ બનીને બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

**કુર્યાદન્યન્ન વા કુર્યાત્ ઇતિ પ્રાહ મનુઃ સ્વયમ્ ।**
**અક્ષયમોક્ષમવાપ્નોતિ ગાયત્રી માત્ર જાપનાત્ ।**

*- શૌનકઃ*

મનુ ભગવાને જાતે જ એમ કહ્યું છે કે બીજું કંઈ કરે કે ન કરે, માત્ર ગાયત્રી જપથી જ બ્રાહ્મણ અક્ષય મોક્ષને પ્રાપ્ત કરે છે.

**ત્રિભ્ય એવ તુ વેદેભ્યઃ પાદં પાદમદૂહત્ ।**
**તદિત્યૃચોઽસ્યાઃ સાવિત્ર્યાઃ પરમેષ્ઠી પ્રજાપતિઃ ॥**

પરમેષ્ઠી પિતામહ બ્રહ્માજીએ એક-એક વેદથી સાવિત્રીના એક-એક પદની રચંના કરીને ત્રણ પદોની રચના કરી છે.

**એતયા જ્ઞાતયા સર્વં વાઙ્મયં વિદિતં ભવેત્ ।**
**ઉપાસિતં ભવેત્તેન વિશ્વં ભુવનસપ્તકમ્ ॥**

*- યોગી યાજ્ઞવલ્કય*

ગાયત્રીને યોગ્ય રીતે જાણી લીધાથી મનુષ્ય સમસ્ત વિદ્યાઓનો જ્ઞાતા બને છે તેણે ફક્ત ગાયત્રીની જ ઉપાસના કરી નથી, પણ સાતે લોકોની ઉપાસના કરી લીધી છે એમ ગણાય.

**ઓંકારપૂર્વકાસ્તિસ્રો ગાયત્રીં યશ્ચ વિન્દતિ ।**
**ચરિતબ્રહ્મચર્યશ્ચ સ વૈ શ્રોત્રિય ઉચ્યતે ॥**

*- યોગી યાજ્ઞવલ્કયં*

જે બ્રહ્મચર્યપૂર્વક ૐકાર તેમજ મહાવ્યાહૃતિઓ સહિત ગાયત્રી મંત્રનો જપ કરે છે તે શ્રોત્રિય છે.

**ઓંકારસહિતાં જપન્ તાં ચ વ્યાહૃતિપૂર્વકમ્ ।**
**સન્ધ્યયોર્વેદવિદ્વિપ્રો વેદ-પુણ્યેન મુચ્યતે ॥**

*- મનુ સ્મૃતિ અ. ૨/૭૮*

જે બ્રાહ્મણ બંને સંધ્યાઓ સમયે પ્રણવ અને વ્યાહૃતિપૂર્વક ગાયત્રી મંત્રનો જપ કરે છે તેને વેદપાઠનું ફળ પ્રાપ્ત થાય છે.

**ગાયત્રીં જપતે યસ્તુ દ્વિકાલં બ્રાહ્મણઃ સદા ।**
**અસત્પ્રતિગૃહીતોઽપિ સ યાતિ પરમાં ગતિમ્ ॥**

***- અગ્નિપુરાણ***

જે બ્રાહ્મણ હંમેશા સંધ્યાકાળે અને પ્રાતઃકાળમાં ગાયત્રીનો જપ કરે છે તે બ્રાહ્મણ અયોગ્ય દાન લેવા છતાં પણ પરમ ગતિને પામે છે.

**સકૃદપિ જપેદ્વિદ્વાન્ ગાયત્રીં પરમાક્ષરીમ્ ।**
**તત્ક્ષણા ત્ સંભવેત્સિદ્ધિર્બ્રહ્મ સાયુજ્યમાપ્નુયાત્ ॥**

***- ગાયત્રી પુરશ્ચરણ ૨૮***

શ્રેષ્ઠ અક્ષરોવાળી ગાયત્રીનો એકવાર પણ વિદ્વાન જપ કરે તો તે જ ક્ષણે તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને બ્રહ્મનું સાયુજ્ય મેળવે છે.

**જપ્યેનૈવ તુ સંસિદ્ ધ્યેત્ બ્રાહ્મણો નાત્ર સંશયઃ ।**
**કુર્યાદન્યન્ન વા કુર્યાન્મૈત્રો બ્રાહ્મણ ઉચ્યતે ॥**

***- મનુ. ૯૭***

જપથી બ્રાહ્મણ સિદ્ધિને પામે છે, એમાં સંશય નથી. તે બીજું કંઈ કરે ન કરે તો પણ તે મૈત્ર (સૂર્યોપાસક) કહેવાય છે.

**કુર્યાદન્યન્ન વા કુર્યાદનુષ્ઠાનાદિકં યથા ।**
**ગાયત્રી માત્ર નિષ્ઠસ્તુ કૃતકૃત્યો ભવેદ્ દ્વિજઃ ॥**

***- ગાયત્રી તંત્ર ૮***

બીજા પ્રકારનાં અનુષ્ઠાનો વગેરે કરે કે ન કરે તો પણ માત્ર ગાયત્રીની ઉપાસના કરવાવાળો દ્વિજ કૃતકૃત્ય (ધન્ય) બની જાય છે.

**સન્ધ્યાસુ ચાર્ઘ્યદાનં ચ ગાયત્રી જપમેવ ચ ।**
**સહસ્રત્રિતયં કુર્વન્ સુરૈઃ પૂજ્યો ભવેન્મુને ॥**

***- ગાયત્રી તંત્ર શ્લોક૯***

હે મુનિ ! સંધ્યાકાળ દરમિયાન નિત્ય અર્ઘ્યદાન અને ત્રણ હજાર ગાયત્રી જપ માત્રથી પુરુષ દેવોનો પણ પૂજ્ય બની જાય છઠે.

**યદક્ષરૈકસંસિદ્ધેઃ સ્પર્ધતે બ્રાહ્મણોત્તમઃ ।**
**હરિશંકરકંજોત્થ સૂર્યચન્દ્રહુતાશનૈઃ ॥**

***- ગાયત્રી પુર. ૧૧***

ગાયત્રીના માત્ર એક અક્ષરની સિદ્ધિથી હરિ, શંકર, બ્રહ્મા, સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરે દેવતાઓ પણ, સાધક એવા ઉત્તમ બ્રાહ્મણની સ્પર્ધા કરવા લાગે છે.

**દશ સહસ્રમભ્યસ્તા ગાયત્રી શોધની પરા ।**

***- લઘુ અત્રિસંહિતા***

દશ હજાર ગાયત્રીનો જપ પરમ શુદ્ધિ કરવાવાળો ગણાય છે.

**સર્વેષાઞ્ચૈવ પાપાનાં સંકરે સમુપસ્થિતે ।**
**દશસહસ્રકાભ્યાસો ગાયત્ર્યાઃ શોધનં પરમ્ ॥**

સર્વ પ્રકારનાં પાપ ભેગાં થઈ ગયાં હોય ત્યારે દસ હજાર ગાયત્રીનો જપ પરમ શુદ્ધિકારક ગણાય છે.

ગાયત્રીમેવ યો જ્ઞાત્વા સમ્યગુચ્ચરતે પુનઃ ।
ઈહામુત્ર ચ પૂજ્યોડસૌ બ્રહ્મલોકમવાપ્નુયાત્ ॥

- *વ્યાસ*

ગાયત્રીને યોગ્ય રીતે જાણીને જે તેનું ઉચ્ચારણ કરે છે તે આ લોક અને પરલોકમાં બ્રહ્મના સાયુજ્યને પ્રાપ્ત કરે છે.

મોક્ષાય ચ મુમુક્ષૂણાં શ્રી કામાનાં શ્રિયે તદા ।
વિજયાય યુયુત્સૂનાં વ્યાધિતા નામરોગકૃત્ ॥

- *ગાયત્રી પંચાગ ૧*

ગાયત્રીની સાધનાથી મોક્ષાર્થીઓને મોક્ષ, લક્ષ્મીની ઈચ્છાવાળાઓને લક્ષ્મી, યુદ્ધની ઈચ્છાવાળાઓને વિજય તથા વ્યાધિથી પીડિતોને નીરોગતા પ્રાપ્ત થાય છે.

વશ્યાય વશ્ય કામાનાં વિદ્યાયૈ વેદકામિનામ્ ।
દ્રવિણાય દરિદ્રાણાં પાપિનાં પાપશાન્તયેઃ ॥

વશ કરવાની ઈચ્છાવાળાઓને વશીકરણ પ્રાપ્ત થાય છે, વેદના જ્ઞાનની ઈચ્છાવાળાઓને વિદ્યા મળે છે, દરિદ્ર લોકોને દ્રવ્ય મળે છે અને પાપીઓનાં પાપ શાંત થાય છે.

વાદિનાં વાદ-વિજયે કવીનાં કવિતાપ્રદમ્ ।
અન્નાય ક્ષુધિતાનાં ચ સ્વર્ગાય નાકમિચ્છતામ્ ॥

વાદવિવાદ કરનારને વાદવિવાદમાં વિજય મળે છે, કવિઓને કાવ્યની પ્રાપ્તિ થાય છે, ભૂખ્યાઓને અન્ન મળે છે અને સ્વર્ગની ઈચ્છાવાળાઓને સ્વર્ગ મળે છે.

પશુભ્યઃ પશુકામાનાં પુત્રેભ્યઃ પુત્રકામિનામ્ ।
ક્લેશિતાં શોક-શાન્ત્યર્થં નૃણાં શત્રુભયાય ચ ॥

પશુઓની ઈચ્છાવાળાઓને પશુ, પુત્રની ઈચ્છાવાળાઓને પુત્ર, કલેશ પીડિતોને શોકની શાંતિ અને શત્રુની ભયથી પીડાતા મનુષ્યોને અભય પ્રાપ્ત થાય છે.

અષ્ટાદશસુ વિદ્યાસુ મીમાંસાડસ્તિ ગરીયસી ।
તતોડપિ તર્કશાસ્ત્રાણિ પુરાણં તેભ્ય એવ ચ ॥

અઢાર વિદ્યાઓમાં મીમાંસા શ્રેષ્ઠ છે તેનાથી પણ તર્કશાસ્ત્રો ચઢિયાતાં છે અને તેમનાથી પણ પુરાણ ચઢિયાતાં છે.

તતોડપિ ધર્મશાસ્ત્રાણિ તેભ્યો ગુર્વી શ્રુતિનૃપ ।
તતો હ્યુપનિષત્ શ્રેષ્ઠા ગાયત્રી ચ તતોધિકા ॥

તેથી પણ (પુરાણોથી પણ) ધર્મશાસ્ત્રો ચઢિયાતાં છે. હે રાજન ! તેથી ચઢિયાતી શ્રુતિ (વેદ) છે અને તેનાં કરતાં ઉપનિષદો શ્રેષ્ઠ છે અને ઉપનિષદો કરતાં પણ ગાયત્રી અધિક શ્રેષ્ઠ છે.

તાં દેવીમુપતિષ્ઠન્તે બ્રાહ્મણઃ યે જિતેન્દ્રિયાઃ ।
તે પ્રયાન્તિ સૂર્ય લોકં ક્રમાન્મુક્તિઞ્ચ પાર્થિવ ॥

- *પદ્મ પુરાણ*

હે રાજા ! જે જિતેન્દ્રિય બ્રાહ્મણો ગાયત્રીની ઉપાસના કરે છે, તે જરૂર સૂર્યલોકમાં જાય છે અને ક્રમે ક્રમે મુક્તિ પણ મેળવે છે.

સાવિત્રી સાર માત્રોડપિ વરં વિપ્રઃ સુમન્ત્રિતઃ ।

ચારે વેદોની સારરૂપ એવી સાવિત્રી (ગાયત્રી)ને વિધિ સહિત જાણનારો બ્રાહ્મણ શ્રેષ્ઠ છે.

**ગાયત્રીં યસ્તુ જયતિ ત્રિકાલ બ્રાહ્મણઃ સદાઃ ।**
**અર્થી પ્રતિગ્રહી વાપિ સ યચ્છેત્ પરમાં ગતિમ્ ॥ ૩ ॥**

જે બ્રાહ્મણ ત્રણે કાળમાં ગાયત્રીના જપ કરે છે તે ભિક્ષા માગનારો કે દાન લેનારો હોય તો પણ પરમ ગતિ પ્રાપ્ત કરે છે.

**ગાયત્રીં યસ્તુ જપતિ કલ્યમુત્થાય યો દ્વિજઃ ।**
**સ લિમ્પતિ ન પાપેન પદ્મ-પત્રમિવાંભસા ॥**

જે બ્રાહ્મણ ઊઠીને ગાયત્રીનો જપ કરે છે તે જળમાં કમળપત્રની માફક પાપથી લેપાતો નથી.

**અર્થોડયં બ્રહ્મ સૂત્રાણાં ભારતાર્થો વિનિર્ણયઃ ।**
**ગાયત્રી ભાષ્ય રૂપોડસૌ વેદાર્થઃ પરિબૃંહિતઃ ॥**

***- મત્સ્ય પુરાણ***

ગાયત્રીનો અર્થ 'બ્રહ્મસૂત્ર' છે. ગાયત્રીનો નિર્ણય મહાભારત્ત છે. ગાયત્રીના અર્થ વેદોમાં કરવામાં આવ્યા છે.

**જપન્ હિ પાવનીં દેવીં ગાયત્રીં વેદમાતરમ્ ।**
**તપસો ભાવિતો દેવ્યા બ્રાહ્મણઃ પૂતકિલ્વિષઃ ॥**

***- કૂર્મ પુરાણ***

વેદજનની પવિત્ર ગાયત્રીને જપતો બ્રાહ્મણ અનેક પાપોથી મુક્ત બની જાય છે.

**ગાયત્રીધ્યાનપૂતસ્ય કલાં નાર્હતિ ષોડશીમ્ ।**
**એવં કિલ્વિષયુક્તસ્ય વિનિર્દહતિ પાતકમ્ ॥**

***- કૂર્મ પુરાણ***

ગાયત્રીના ધ્યાનથી પવિત્ર બનેલાની સોળમી કળાને (ફક્ત એક કળાને) પણ કોઈ પહોંચી શકતું નથી. આ રીતે ગાયત્રી પાપીનાં પાપોને જલદી જ બાળી મૂકે છે.

**ઉભે સન્ધ્યે હ્યુપાસીતાતસ્તાન્નિત્યં દ્વિજોત્તમ ।**
**છન્દસ્તસ્યાસ્તુ ગાયન્તં ગાયત્રીત્યુચ્યતે તતઃ ॥**

***- મત્સ્ય પુરાણ***

હે દ્વિજ શ્રેષ્ઠ ! ગાયત્રીનું તેના છંદ અનુસાર બંને સંધ્યાકાળમાં ધ્યાન કરવું જોઈએ. ગાન કરનારનો તે ઉદ્ધાર કરે છે તેથી તેને ગાયત્રી કહી છે.

**ગાયન્તં ત્રાયતે યસ્માત્ ગાયત્રી તુ તતઃ સ્મૃતા ।**
**મારીચ ! કારણાત્તસ્માત્ ગાયત્રી કીર્તિતા મયા ॥**

***- લંકેશ તંત્ર***

હે મારીચ ! ગાન કરનારનો તે ઉદ્ધાર કરે છે તેથી જ તે ગાયત્રી કહેવાઈ છે અને તે જ કારણે મેં એ ગાયત્રીનાં ગુણગાન કર્યાં છે.

**તતઃ બુદ્ધિમત્તાં શ્રેષ્ઠ નિત્યં સર્વેષુ કર્મસુ ।**
**સવ્યાહૃતિં સપ્રણવાં ગાયત્રીં શિરસા સહ ॥**
**જપન્તિ યે સદા તેષાં ન ભયં વિદ્યતે ક્વચિત્ ।**
**દશકૃત્વઃ પ્રજપ્યા સા રાત્ર્યહનાપિ કૃતં લઘુ ॥**

હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ ! પોતાનાં નિત્ય નિયમિત બધાં કાર્યો કરતાં કરતાં ત્રણ વ્યાહૃતિઓ તથા પ્રાણવાન ઉચ્ચારણ સહિત જે પુરુષ હંમેશાં ગાયત્રીનો જપ કરે છે તેને ક્યાંય ભય રહેતો નથી. ગાયત્રીનો દસ વાર જપ કરવાથી રાત્રિ અને દિવસનાં લઘુ (નાનાં) પાપો નષ્ટ થઈ જાય છે.

કામુકો લભેત્ કામાન્ ગતિકામશ્ચ સદ્ગતિમ્ ।
અકામઃ સમવાપ્નોતિ તદ્વિષ્ણોઃ પરમં પદમ્ ॥

કામની ઈચ્છાવાળાને કામની પ્રાપ્તિ થાય છે અને જેઓ મોક્ષની ઈચ્છાવાળા છે તેમને સદ્ગતિ મળે છે. જેઓ નિષ્કામ ભાવનાથી ગાયત્રીની ઉપાસના કરે છે, તેમને વિષ્ણુ પરમ પદ મળે છે.

એતદક્ષરમેકાં ચ જપત્ વ્યાહૃતિપૂર્વકમ્ ।
સન્ધ્યયોર્વેદવિદ્વિપ્રો વેદ-પુણ્યેન યુજ્યતે ॥

વ્યાહૃતિપૂર્વક આ ગાયત્રીનો બંને સંધ્યાકાળમાં જપ કરનાર બ્રાહ્મણ વેદપાઠનું પુણ્ય મેળવે છે.

ઈયન્તુ સવ્યાહૃતિકા દ્વારં બ્રહ્મંપદાપ્તયે ।
તસ્માત્પ્રતિદિનં વિપ્રરધ્યેતવ્યા ત્યૈવ સા

આ ગાયત્રી બ્રહ્મપદની પ્રાપ્તિનું દ્વાર છે. તેથી બ્રાહ્મણે વ્યાહૃતિપૂર્વક આનું નિત્ય અધ્યયન (મનન) કરવું જોઈએ.

યોઽધીતેઽહન્યહન્તેતાં ત્રીણિ વર્ષાણ્યતન્દ્રિતઃ ।
સ બ્રહ્મ પદમભ્યેતિ વાયુભૂતઃ સ મૂર્તિમાન્ ॥

જે તંદ્રા રહિત થઈને (આળસ છોડીને) ત્રણ વર્ષ સુધી નિયમિત રૂપે આ ગાયત્રીનો જપ કરે છે તે વાયુરૂપ બનીને તથા આકાશરૂપ થઈને નિઃસંદેહ બ્રહ્મને પામે છે.

તત્પામં પ્રણુદત્યાશુ નાત્ર કાર્યા વિચારણા ।
શતં જપ્ત્વા તુ સા દેવી પાપૌઘશમની સ્મૃતા ॥

એ વાતમાં જરા પણ સંદેહ રાખવાની જરૂર નથી કે આ ગાયત્રી એકદમ પાપોનો નાશ કરે છે. સો વાર જપ કરવાથી આ ગાયત્રી પાપોના સમૂહનો વિનાશ કરે છે.

વિધિના નિયતં ધ્યાયેત્ પ્રાપ્નોતિ પરમં પદમ્ ।
યથા કથઞ્ચિજ્જપિતા ગાયત્રી પાપહારિણી ॥
સર્વ કામપ્રદા પ્રોક્તા પૃથક્કર્મ્મસુ નિષ્ઠિતા ।

વિધિપૂર્વક નિયમિત રીતે ધ્યાન કરવાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે. (અરે !) ગમે તેવી રીતે જપવાથી પણ ગાયત્રી પાપોનો વિનાશ કરે છે. ભિન્ન ભિન્ન કાર્યોના ઉદ્દેશથી કરવામાં આવતો જપ પણ અપેક્ષિત સિદ્ધિ આપે છે.

## ૩. ગાયત્રી દ્વારા પાપ અને દુઃખોનો નાશ

ગાયત્રી સાધના દ્વારા બધાં પાપો અને દુઃખોમાંથી નિવૃત્તિ મળે છે. આ અંગે ઘણાં પ્રમાણ-વચનો મળે છે. એ બધાં પૈકી કેટલાંક અહીં આપવામાં આવે છે.

બ્રહ્મહત્યાદિ પાપાનિ ગુરુણિ ચ લઘૂનિ ચ ।
નાશયત્યચિરેણૈવ ગાયત્રી જાપતો દ્વિજઃ ॥

*- પદ્મ પુરાણ*

ગાયત્રીનો જપ કરનારનાં બ્રહ્મહત્યા જેવાં બધાં પાપ, નાનાં હોય કે મોટાં, જલદી જ નષ્ટ થઈ જાય છે.

ગાયત્રી જપકૃદ્ ભક્ત્યા સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।

*- પારાશર*

ભક્તિપૂર્વક ગાયત્રીનો જપ કરનાર સમસ્ત પાપોમાંથી મુક્તિ મેળવે છે.

**સર્વ પાપાનિ નશ્યન્તિ ગાયત્રી જપતો નૃણામ્ ।**

*- ભવિષ્ય પુરાણ*

ગાયત્રીનો જપ કરનાર બધાં જ પાપોમાંથી મુક્ત બને છે.

**ગાયત્ર્યષ્ટસહસ્રં તુ જાપં કૃત્વા સ્થિતે રવૌ ।**
**મુચ્યતે સર્વ પાપેભ્યો યદિ ન બ્રહ્મદ્વિડ્ ભવેત્ ॥**

*- અત્રિ સ્મૃતિ ૩/૬*

જો તે 'બ્રહ્મમાં' અર્થાત્ જ્ઞાની પુરુષોની નિંદા કરનાર ન હોય તો સૂર્યની સમક્ષ ઊભો રહીને ગાયત્રીના આઠ હજાર જપ કરે તો (મનુષ્ય) સર્વ પાપોમાંથી મુક્તિ મેળવે છે.

**સહસ્રકૃત્વસ્ત્વભ્યસ્ય વહિરેતન્ત્રિકં દ્વિજઃ ।**
**મહતોપ્યેનસો મામાત્ત્વચેવાહિર્વિમુચ્યતે ॥**

*- મનુ સ્મૃતિ અ. ૨/૭૯*

જે દ્વિજ ગામ બહાર (એકાંત)માં ૐકાર અને વ્યાહૃતિઓ સાથે ગાયત્રીનો એ માસ સુધી રોજ એક હજાર વાર જાપ કરે તે જેમ સાપ કાંચળીમાંથી મુક્ત થાય છે તેમ મહાપાપથી છુટો થાય છે.

**જના યૈસ્તરન્તિ તાનિ તીર્થાનિ ।**

જેમના વડે મનુષ્યોનાં પાપ દૂર થઈ જાય છે અને મનુષ્યો જેમના વડે સંસાર-સાગરને તરી જાય છે તેમને 'તીર્થ' કહે છે. 'ગાયત્રી' શબ્દના ત્રણ અક્ષરોમાં એ તીર્થ જ સમાયેલું છે. ગ = ગંગા, ય = યમુના, ત્ર = ત્રિવેણી. એમ સમજવું જોઈએ.

**બ્રહ્મહત્યા સુરાપાનં સ્તેયં ગુર્વઙ્ગનાગમઃ ।**
**મહાન્તિ પાતકાદીનિ, સ્મરણાન્નાશમાપ્નુયુઃ ॥**

*- ગાયત્રી પુ. ૨૨*

ગાયત્રી સ્મરણ માત્રથી બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુસ્ત્રીગમન (વડીલ સ્ત્રી સાથેનો વ્યભિચાર) જેવાં અન્ય મહાપાપ પણ નષ્ટ થઈ જાય છે.

**ય એતાં વેદ ગાયત્રીં પુમાન્ સર્વગુણાન્વિતામ્ ।**
**તત્વેન ભરતશ્રેષ્ઠ ! સ લોકે ન પ્રણશ્યતિ ॥**

*- મહાભારત ભીષ્મ પ. અ. ૧૪/૧૬*

હે યુધિષ્ઠિર ! જે મનુષ્ય તત્ત્વપૂર્વક સર્વ ગુણ સંપન્ન પુણ્યમય ગાયત્રીને જાણી લે છે, તે જગતમાં દુ:ખી થતો નથી.

**ગાયત્રી-નિરતં હવ્ય-કવ્યેષુ વિનિયોજયેત્ ।**
**તસ્મિન્ન તિષ્ઠતે પાપંજલવિન્દુરિવ પુષ્કરે ॥**

ગાયત્રી જપ કરનાર બ્રાહ્મણને જ પિતૃકાર્ય તેમજ દેવકાર્યમાં બોલાવવા જોઈએ, કારણ કે જેમ કમળનાં પાંદડાં પર પાણીનાં ટીપાં ટકી શકતાં નથી તેમ ગાયત્રી ઉપાસકમાં પાપ ટકી શકતાં નથી.

**ગાયત્રીં યઃ પઠેદ્વિપ્રો ન સ પાપેન લિપ્યતે ।**

*- લઘુ અત્રિસંહિતા*

જે દ્વિજ ગાયત્રીનો જપ કરે છે તેને પાપ અડકતાં જ નથી.

'ચરક-સંહિતા'માં ગાયત્રી સાધનાની સાથે આમળાંનું સેવન કરવાથી દીર્ઘાયુષ્ય મેળવવાની

ચર્ચા કરવામાં આવી છે.

**સાવિત્રીં મનસા ધ્યાયન્ બ્રહ્મચારી જિતેન્દ્રિયઃ ।**
**સમ્વત્સરાન્તે પૌષીં વા માઘીં વા ફાલ્ગુનીં તિથિમ્ ॥**

***- ચરક સંહિતા ચિ. રસાયણ શ્લોક ૯***

મનથી બ્રહ્મચર્યપૂર્વક એક વર્ષ સુધી ગાયત્રીનું ધ્યાન કર્યા પછી પોષ, મહા કે ફાગણ માસની કોઈ પણ તિથિએ ત્રણ દિવસ સુધી સતત ઉપાસના કરીને આમળાના વૃક્ષ પર ચઢીને મનુષ્ય જેટલાં આમળાં ખાય તેટલાં વર્ષનું આયુષ્ય વધે છે.

**યદિહ વા અપ્યેવં વિદ્ બહુ ઈવ પ્રતિગૃહણાતિ ન હૈવ તદ્ ગાયત્ર્યા એકં ચ ન પદં પ્રત । સ ય ઈમાન્ ત્રીંલ્લોકાન્ પૂર્ણાન્ પ્રતિગૃહણીયા ત્ સોઽસ્યા એતત્પ્રથમં પદમાપ્નુયાદથ યાવતીયં ત્રયી વિદ્યા યસ્તાવત્પ્રતિગૃહણીયા ત્ સોઽસ્યા એતદ્ દ્વિતીયંપદમાપ્નુયાદથ યાવદિદં પ્રાણિ યસ્તાવ ત્ પ્રતિગૃહણીયાત્ સોઽસ્યા એતત્તૃતીયં પદમાપ્નુયા ત્ અથાસ્યાઃ એતદેવ તુરીયં દર્શતં પદં પરોરજા ય એષ તપતિ નૈવ કેનચનાપ્ય કુત ઉ એતાવત્પ્રતિગૃહણીયાત્ ।**

***- બૃ. ૫/૧૪/૫-૬***

ગાયત્રીનો સર્વાત્મક ભાવથી જપ કરનાર મનુષ્ય જો ખૂબ જ દાનગ્રહણ કરતો હોય તો પણ એ દાનથી લાગતું પાપ ગાયત્રીના પહેલા પાદના ઉચ્ચારણ (પુણ્યના) સમાન પણ હોતું નથી. જો સમસ્ત ત્રણે લોકને કોઈ દાનમાં સ્વીકારે (લે) તો તેનું પાપ ગાયત્રીના પ્રથમ પાદના ઉચ્ચારણથી નષ્ટ થાય છે. જો ત્રણે વેદોનો પ્રતિગ્રહ લે તો તેનું પાપ બીજા પાદના ઉચ્ચારણથી નાશ પામે છે. જો જગતમાં સમસ્ત પ્રાણીઓને પણ પ્રતિગ્રહમાં લે તો તેનો દોષ ગાયત્રીના ત્રીજા પાદના ઉચ્ચારથી દૂર થઈ જાય છે. અર્થાત્ ગાયત્રીનો જપ કરનારને કંઈ હાનિ થતી જ નથી અને ગાયત્રીનું ચતુર્થ પાદ તો પરબ્રહ્મ છે. એના જેવું તો જગતમાં પણ કંઈ હોતું નથી.

**યદહનાત્કુરુતે પાપં તદહનાત્પ્રતિમુચ્યતે ।**
**યદ્રાત્રિયાત્કુરુતે પાપં તદ્રાત્રિયાત્પ્રતિમુચ્યતે ॥**

***- તૈ. આ. પ્ર. ૧૦ અ. ૩૪***

હે ગાયત્રી ! તમારા પ્રભાવ વડે દિવસ દરમ્યાન થયેલાં પાપ દિવસ દરમિયાન જ નષ્ટ થઈ જાય છે અને રાત્રિ દરમિયાન થયેલા પાપ રાત્રિમાં જ નષ્ટ થઈ જાય છે.

**ગાયત્રીં તુ પરિત્યજ્ય યોઽન્યમન્ત્રમુપાસતે ।**
**મુણ્ડકરા વૈ તે જ્ઞેયા ઈતિ વેદવિદો વિદુઃ ॥**

જે લોકો ગાયત્રી મંત્રને છોડી અન્ય મંત્રની ઉપાસના કરે છે તેઓ નાસ્તિક છે એમ વેદયજ્ઞ પુરુષોએ કહ્યું છે.

**ગાયત્રીં ચિન્તયેદ્યસ્તુ હૃત્પદ્મે સમુપસ્થિતામ્ ।**
**ધર્માધર્મ વિનિર્મુક્તઃ સ યાતિ પરમાં ગતિમ્ ॥**

જે મનુષ્ય હૃદયકમળમાં બેઠેલી ગાયત્રીનું ચિંતન કરે છે તે ધર્મ અને અધર્મનાં દ્વન્દ્વોથી છૂટી જાય છે અને પરમ ગતિને પામે છે.

**સહસ્રં જપ્તા સા દેવી હ્યપપાતકનાશિની ।**
**લક્ષે જાપ્યે તથા સા ચ મહાપાતકનાશિની ॥**
**કોટિ જાપ્યેતિ રાજેન્દ્ર ! યદિચ્છતિ તદાપ્નુયાત્ ।**

એક હજાર જપ કરવાથી ગાયત્રી ઉપપાતકોનો (નાનાં પાપોનો) નાશ કરે છે. એક લાખ જાપ કરવાથી મહાપાપોનો નાશ થાય છે. એક કરોડ જપ કરવાથી ઇચ્છિત સિદ્ધિ મળે છે.

## ૪. ગાયત્રી તરફની ઉપેક્ષાની નિંદા

ગાયત્રીને ન જાણનાર અથવા જાણવા છતાં તેની ઉપાસના ન કરનાર દ્વિજોની શાસ્ત્રકારોએ સખત નિંદા કરી છે અને તેઓને અધોગામી ગણ્યા છે. એ નિંદામાં (ટીકામાં) એ વાતની ચેતવણી આપી છે કે જેઓ આળસ, અશ્રદ્ધાને કારણે ગાયત્રી-સાધનામાં ઢીલ કરે છે તેઓએ સાવધાન બનીને આ શ્રેષ્ઠ ઉપાસનામાં લાગી જવું જોઈએ.

**ગાયત્ર્યુપાસના નિત્યા સર્વવેદૈઃ સમીરિતા ।**
**યયા વિના ત્વધઃ પાતો બ્રાહ્મણસ્યાસ્તિ સર્વથા ॥**

*- દેવી ભાગવત. સ્કં. ૧૨ અ. ૮/૯*

નિત્ય કરવા યોગ્ય ગાયત્રીની ઉપાસના સર્વ વેદોમાં વર્ણવાઈ છે. ગાયત્રી વિના બ્રાહ્મણની સર્વ રીતે અધોગતિ થાય છે.

**સાંગાંશ્ચ ચતુરો વેદાનધીત્યાપિ સવાઙ્મયાન્ ।**
**ગાયત્રીં યો ન જાનાતિ વૃથા તસ્ય પરિશ્રમઃ**

*- યોગી યાજ્ઞવલ્ક્ય*

સસ્વર સર્વ અંગો સહિત ચારે વેદોને જાણીને પણ જે ગાયત્રી મંત્રને જાણતો નથી, તેનો પરિશ્રમ વ્યર્થ જ છે.

**ગાયત્રીં યઃ પરિત્યજ્ય ચાન્યમન્ત્રમુપાસતે ।**
**ન સાફલ્યમવાપ્નોતિ કલ્પકોટિશતૈરપિ ॥**

*- બૃ. સંધ્યાભાષ્ય*

જે મનુષ્ય ગાયત્રી મંત્રને છોડી દઈને અન્ય મંત્રની ઉપાસના કરે છે, તે કરોડો જન્મોમાં પણ સફળતા મેળવી શકતો નથી.

**વિહાય તાં તુ ગાયત્રીં વિષ્ણુપાસનતત્પરઃ ।**
**શિવોપાસનતો વિપ્રો નરકં યાતિ સર્વથા ॥**

*- દેવી ભાગવત*

ગાયત્રીનો ત્યાગ કરીને વિષ્ણુ અને શિવની ઉપાસનામાં તત્પર રહેનારો બ્રાહ્મણ નરકમાં જાય છે.

**ગાયત્ર્યા રહિતો વિપ્રઃ શૂદ્રાદપ્યશુચિર્ભવે ત્ ।**
**ગાયત્રી બ્રહ્મ તત્વજ્ઞઃ સમ્પૂજ્યસ્તુ દ્વિજોત્તમઃ ॥**

ગાયત્રી રહિત (ગાયત્રી વિનાનો) બ્રાહ્મણ શૂદ્ર કરતાં પણ અપવિત્ર છે. ગાયત્રી રૂપી બ્રહ્મતત્ત્વને જાણનાર ઉત્તમ દ્વિજ સર્વત્ર પૂજ્ય છે.

**એતચ્ચર્યા વિસંયુક્ત કાલે ચ ક્રિયયા વિના ।**
**બ્રહ્મક્ષત્રિયવિદ્યોઽપિ ગર્હણાં યાતિ સાધુષુ ॥**

*- મનુસ્મૃતિ અ. ૨૮૦*

બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય જે કોઈ આ ગાયત્રી ઋચાથી વિહીન હોય, તેમજ જે યોગ્ય કાળે પોતાની ક્રિયાથી રહિત રહે તે દ્વિજ સજ્જન પુરુષોમાં નિંદાને

પામે છે.

**એવં યસ્તુ વિજાનાતિ ગાયત્રીં બ્રાહ્મણસ્તુ સઃ ।**
**અન્યથા શૂદ્રધર્મઃ સ્યાદ્ વેદાનામપિ પારગઃ ॥**

***- યો. યાજ્ઞ.***

જે ગાયત્રી જાણે છે અને તેના જપ કરે છે તે બ્રાહ્મણ છે. નહિતર વેદોમાં પારંગત હોવા છતાંય એ શૂદ્ર જેવો જ છે.

**અજ્ઞાત્વૈતાં તુ ગાયત્રીં બ્રાહ્મણ્યાદેવ હીયતે ।**
**અપવાદેન સંયુક્તો ભવેચ્છ્રુતિનિદર્શનાત્ ॥**

***- યોગી યાજ્ઞ.***

ગાયત્રીને ન જાણવાથી બ્રાહ્મણ બ્રાહ્મણત્વમાંથી દૂર થઈ જાય છે અને પાપયુક્ત બની જાય છે. શ્રુતિમાં આમ કહેવામાં આવ્યું છે.

**કિં વેદૈઃ પઠિતૈઃ સર્વૈઃ સેતિહાસપુરાણકૈઃ ।**
**સાંગૈઃ સાવિત્રી હીનેન ન વિપ્રત્વમવાપ્યતે ॥**

***- બૃ. પારાશર અ. ૫/૧૪***

ઈતિહાસ ગ્રંથો, પુરાણો તથા વેદો ભણી જવા છતાં પણ બ્રાહ્મણ જો ગાયત્રી મંત્રથી હીન હોય તો તેને બ્રાહ્મણત્વ પ્રાપ્ત થતું નથી.

**નં બ્રાહ્મણો વેદપાઠાન્ત શાસ્ત્ર-પઠનાદપિ ।**
**દેવ્યાસ્ત્રિકાલાભ્યાસાદ્ બ્રાહ્મણઃ સ્યાદ્ દ્વિજોઽન્યથા ॥**

***- બૃ. સંધ્યાભાષ્ય***

વેદ અને શાસ્ત્રોના અધ્યયનથી જ બ્રાહ્મણત્વ પ્રાપ્ત થતું નથી. ત્રણે કાળમાં ગાયત્રી ઉપાસનાથી જ બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે, તે વિના તે દ્વિજ બનતો નથી.

**ઓંકારં પિતૃરૂપેણ ગાયત્રીં માતરં તથા ।**
**પિતરૌ યો ન જાનાતિ સ વિપ્રસ્ત્વન્યરેતસઃ ॥૩૬॥**

ૐકારને પિતા તથા ગાયત્રીને માતારૂપે જે નથી જાણતો તે પુરુષ અન્યનું સંતાન છે અર્થાત્ વ્યભિચારથી ઉત્પન્ન થાય છે.

**ઉપલભ્ય ચ સાવિત્રીં નોપતિષ્ઠતિ યો દ્વિજઃ ।**
**કાલે ત્રિકાલં સપ્તાહાત્ તત્પતનં નાત્ર સંશયઃ ॥**

ગાયત્રી મંત્રને જાણીને જે દ્વિજ તે મુજબનું આચરણ કરતો નથી અર્થાત્ ત્રણે કાળમાં તેનો જપ કરતો નથી તેનું પતન એક અઠવાડિયામાં નિશ્ચિત રૂપે થાય છે.

# ૫. ગાયત્રી એક આધ્યાત્મિક ત્રિવેણી છે

આ પહેલાનાં કેટલાંક પૃષ્ઠોમાં ગાયત્રીનો મહિમા બતાવતાં કેટલાંક શાસ્ત્ર-સંમત પ્રમાણ આપવામાં આવ્યાં છે. આવાં પ્રમાણો ધર્મશાસ્ત્રોમાં પુષ્કળ મળી આવે તેમ છે. એ બધાંનો સંગ્રહ કરવાનું કામ મુશ્કેલ છે. ગંગા, ગીતા, ગાય અને ગાયત્રી એ ચાર આર્યધર્મના આધારસ્થંભ છે. ભારતીય ધર્મનો દરેક અનુયાયી આ ચારેયને માતા જેટલું જ માન આપે છે અને આર્ય ધર્મના બધા જ અનુયાયીઓ એક જ માતાનાં સંતાન હોય એ રીતે પરસ્પર એકતાનો અનુભવ કરે છે.

ગાયત્રીને આધ્યાત્મિક ત્રિવેણી કહી છે. ગંગા અને યમુનાના સંગમથી એક અદૃશ્ય, સૂક્ષ્મ અને અલૌકિક દિવ્ય નદીનો આવિર્ભાવ થાય છે, જેને આપણે સરસ્વતી કહીએ છીએ. ગંગા, યમુના

અને સરસ્વતી એ ત્રણે પવિત્ર નદીઓના સંગમને આપણે ત્રિવેણી કહીએ છીએ. ત્રિવેણી હોવાને કારણે જ પ્રયાગને તીર્થરાજ કહે છે. એ સર્વ તીર્થોનો રાજા ગણાય છે. એ જ રીતે આધ્યાત્મિક જગતની ત્રિવેણી તે ગાયત્રી છે. આ ગાયત્રી શબ્દના ત્રણે અક્ષરો સાંકેતિક રૂપે એવા જ પ્રકારના ત્રિગુણાત્મક સંગમના રહસ્યનું ઉદ્‌બોધન કરે છે. 'ગા' પહેલા અક્ષર ગંગાનો બોધક છે. 'ય' બીજો વર્ણ યમુનાનો વાચક છે. ત્રીજો વર્ણ 'ત્રી' ત્રિવેણીનું અસ્તિત્વ બતાવે છે. આ ત્રયીશક્તિમાં આવાં અનેક 'ત્રિકમો' ગુંથાયેલાં છે. (૧) સત્, ચિત્, આનંદ (૨) સત્ય, શિવ, સુંદર (૩) સત્, રજ, તમ્ (૪) ઈશ્વર, જીવ, પ્રકૃતિ (૫) ઋક, યજુ, સામ (૬) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય (૭) ગુણ, કર્મ, સ્વભાવ (૮) શૈશવ, યૌવન, વૃદ્ધાવસ્થા (૯) બ્રહ્મા, વિષ્ણુ, મહેશ (૧૦) ઉત્પત્તિ, વૃદ્ધિ, લય (૧૧) ઠંડી, ગરમી, વર્ષા (૧૨) ધર્મ, અર્થ, કામ (૧૧) આકાશ, પાતાળ, પૃથ્વી (૧૪) દેવ, મનુષ્ય, અસુર વગેરે અસંખ્ય ત્રિકમો આ ગાયત્રી-છંદના ગર્ભમાં સંપુટિત કરેલાં છે. આ ત્રિકમોરૂપી ત્રિવેણીના ઊંડાણમાં ગોતું લગાવીને મનન, ચિંતન તેમજ પરિશીલનરૂપી સ્નાન કરવાથી, ભૌતિક જગતની ત્રિવેણીમાં સ્નાન કર્યાથી મળતા પુણ્યની જેમ આધ્યાત્મિક પુણ્ય-લાભ મળે છે. આ ત્રણે અક્ષરોમાં અનેક પ્રકારોની ત્રણ-ત્રણ સમસ્યાઓ મનુષ્યની સમક્ષ મૂકવામાં આવી છે. એમાં યોગ્ય રીતે ઊંડા ઊતરીને જીવનમુક્તિનું શ્રેષ્ઠ ફળ મેળવી શકાય છે.

ત્રિવેણીના ત્રણે પ્રવાહ બહારથી જોતાં ખૂબ ભયંકર, વિશાળ, અગાધ તેમજ ન તરી શકાય એવા દેખાય છે. એ જ રીતે ગાયત્રીમાં જે સમસ્યાઓ સમાયેલી છે તે પણ ખરેખર અગમ્ય લાગે છે. પરંતુ જેમ ત્રિવેણીના પ્રવાહમાં ડૂબકી મારીને સ્નાન કરવાથી ભય દૂર થઈ જાય છે અને શાંતિદાયક શીતલ પ્રફુલ્લતા પ્રાપ્ત થાય છે, એ જ રીતે ગાયત્રીમાં છુપાયેલી સમસ્યાઓનું ચિંતન, મનન અને અવગાહન કરવાથી એવા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, જે સન્માર્ગ તરફ દોરે છે અને શાશ્વત શાંતિ તેમજ પરમાનંદના દ્વાર સુધી પહોંચાડે છે. ગાયત્રી નિઃસંદેહ આધ્યાત્મિક ત્રિવેણી છે. તેને તીર્થરાજ માનવી જોઈએ. એમાં રહેલું તત્ત્વજ્ઞાન અત્યંત સરળ, સુબોધ, સુગમ અને સ્થાયી સુખ-શાંતિને આપવાવાળું છે.

ગાયત્રીનો મહિમા અનંત છે. વેદ-પુરાણ, શાસ્ત્ર-ઈતિહાસ, ઋષિ-મુનિ, સંસારી અને વૈરાગી વગેરે બધા જ સમાન રીતે તેના મહત્ત્વનો સ્વીકાર કરે છે. તેમાં આપણી દૃષ્ટિને બદલી નાખવાની અદ્‌ભુત શક્તિ છે. આપણા ઊંધા દૃષ્ટિકોણ, આપણી ભ્રાંતિવાળી, મનોભૂમિ જો સીધા માર્ગે વળી જાય, આપણી ઈચ્છાઓ, આકાંક્ષાઓ, વિચારાધારાઓ, ભાવનાઓ વગેરે જો યોગ્ય માર્ગ પર ચઢી જાય તો મનુષ્ય-શરીર દેવયોનિથી પણ ચઢિયાતું બને અને આ મર્ત્યલોક સ્વર્ગલોક કરતાં પણ ચઢિયાતો બની જાય અને દરેક મનુષ્ય માટે આનંદદાયક બની જાય. આપણી અવળી મતિએ જ સ્વર્ગને નરક બનાવ્યું છે. આ વિષમ સ્થિતિમાંથી આપણા મનને, મગજને દૂર કરી તેને યોગ્ય માર્ગ પર ચઢાવવાની શક્તિ ગાયત્રીમાં છે. જે મનુષ્ય એ શક્તિનો ઉપયોગ કરે છે તે વિષમ વિકારો, ભ્રાંતિમય વિચારો અને દુષ્ટ ભાવોનાં બંધનોમાંથી છૂટી જઈને, જીવનનું સુંદર અને કલ્યાણમય સ્વરૂપમાં દર્શન કરતાં શીખી જાય છે અને પરમાત્માની શાશ્વત શાંતિને પ્રાપ્ત કરે છે. આથી જ વેદમાતા ગાયત્રીને મહામહિમામયી કહી છે. તેનું માહાત્મ્ય અનંત છે.

## ૬. ગાયત્રી-ગીતા

વેદમાતા ગાયત્રીનો મંત્ર નાનો સરખો જ છે. એમાં ૨૪ અક્ષરો છે, પરંતુ એટલા થોડા અક્ષરોમાં અનંત જ્ઞાનનો સાગર ભરેલો છે. જે જ્ઞાન ગાયત્રીના ગર્ભમાં છે તે એટલું તો સર્વાંગસંપૂર્ણ

અને પરમાર્જિત છે, કે મનુષ્ય જો એને બરાબર સમજીને અને એ મુજબ જીવે તો તેના લોક અને પરલોક બંને સુખ-શાંતિમય બની શકે.

આધ્યાત્મિક તેમજ સાંસારિક બંને દૃષ્ટિએ ગાયત્રીનો સંદેશ ખૂબ જ અર્થપૂર્ણ છે. તેને ગંભીરતાપૂર્વક સમજવામાં આવે અને તેનું મનન કરવામાં આવે તો સદ્જ્ઞાનનો અવિરત પ્રવાહ તેમાંથી પ્રગટે છે. નીચે સંક્ષેપમાં ગાયત્રી મંત્રનો અર્થ આપવામાં આવ્યો છે. આ જ 'ગાયત્રી-ગીતા' છે.

**ઓમિત્યેવ સુનામધેયમનઘં વિશ્વાત્મનો બ્રાહ્મણઃ ।**
**સર્વેષ્વેવ હિ તસ્ય નામસુ વસોરેતત્પ્રધાનં મતમ્ ॥**
**યં વેદા નિગદન્તિ ન્યાયનિરતં શ્રી સચ્ચિદાનન્દકમ્ ।**
**લોકેશં સમદર્શિનં નિયમનં ચાકારહીનં પ્રભુમ્ ॥૧॥**

**અર્થ** : જેને વેદ ન્યાયી, સચ્ચિદાનંદ સર્વેશ્વર, સમદર્શી, નિયામક, પ્રભુ તેમજ નિરાકાર કહે છે, જે વિશ્વમાં આત્મરૂપથી તે બ્રહ્મનાં બધાં જ નામોમાં શ્રેષ્ઠ, પાપરહિત, પવિત્ર અને ધ્યાન કરવા યોગ્ય છે તે 'ૐ' જ તેનું મુખ્ય નામ છે.

**ભાવાર્થ** : પરમાત્માને પ્રાપ્ત કરવાનો તેમજ પ્રસન્ન કરવાનો માર્ગ તેના નિયમો અનુસાર વર્તવું એ છે. તે નિંદા કે વખાણ કરવાથી પ્રભાવિત થતો નથી. તે તો કર્મો પ્રમાણે જ ફળ આપે છે. પરમાત્માને સર્વત્ર વ્યાપક સમજીને ગુપ્ત રીતે પણ પાપ ન કરવાં જોઈએ. પ્રાણીઓની સેવા એ પરમાત્માની જ સેવા છે. પરમાત્માને પોતાની જાતમાં જ અનુભવવાથી આત્મા પવિત્ર બને છે અને સત્, ચૈતન્ય (જ્ઞાન) તથા આનંદનો અનુભવ થાય છે.

**ભૂર્વૈ પ્રાણ ઈતિ બ્રુવનિ મુનયો વેદાન્તપારં ગતાઃ ।**
**પ્રાણઃ સર્વ વિચેતનેષુ પ્રસૃતઃ સામાન્યરૂપેણ ચ ।**
**એતેનૈવ વિસિદ્ધયતે હિ સકલં નૂનં સમાનં જગત્,**
**દ્રષ્ટવ્યઃ સકલેષુ જન્તુષુ જનૈર્નિત્યં હ્યસુશ્ચાત્મવ ત્ ॥૨॥**

**અર્થ** :- મુનિલોકો પ્રાણને 'ભૂ' કહે છે. આ પ્રાણ સમસ્ત પ્રાણીઓમાં સામાન્ય રૂપે વ્યાપેલો છે. આથી એ વાત નિશ્ચિત છે કે અહીં બધા જ સમાન છે. એથી બધા મનુષ્યો અને પ્રાણીઓને પોતાના સમાન જ ગણવા જોઈએ.

**ભાવાર્થ** :- આપણી જેમ જ બધાને દુઃખ થાય છે. એથી કોઈને ત્રાસ આપવો ન જોઈએ. બીજાઓની પાસે જેવા વ્યવહારની આપણે અપેક્ષા રાખીએ એવો જ વ્યવહાર બીજાઓ સાથે આપણે પણ કરવો જોઈએ. બધા તરફ સમાનતાની દૃષ્ટિએ જોવું જોઈએ. કુળ, કુટુંબ, દેશ, જાતિ, સમૂહ, સ્ત્રી, પુરુષ વગેરે ભેદોને લીધે કોઈને ઊંચ-નીંચ કે નાના-મોટા નહિ ગણવા જોઈએ. ઊંચ કે નીચનું કારણ તો સારાં-ખોટાં કર્મો જ હોય છે.

**ભુવો નાશો લોકે સકલવિપદાં વિનિગદિતઃ,**
**કૃતં કાર્યં કર્ત્તવ્યમિતિ મનસા ચાસ્ય કરણમ્ ।**
**ફલાશાં મત્ર્યા યે વિદધતિ ન વૈ કર્મનિરતાઃ,**
**લભન્તે નિત્યં તે જગતિહિ પ્રસાદ સુમનસામ્ ॥૩॥**

**અર્થ** : જગતમાં બધાં જ દુઃખોનો નાશ તે 'ભુવઃ' કહેવાય છે. કર્તવ્યભાવનાથી કરવામાં આવેલું કાર્ય જ કર્મ કહેવાય છે. અંતે ફળની અભિલાષા છોડીને જે મનુષ્યો કર્મ કરે છે તેઓ હંમેશાં પ્રસન્ન રહે છે.

**ભાવાર્થ** : મનુષ્યનો અધિકાર તો કાર્ય કરવામાં છે. ફળ આપનાર તો ઈશ્વર છે. અમુક વસ્તુ

મળતાં જ સુખ મળે એમ કહેવા કરતાં, કર્તવ્ય કરવું એ જ આપણે માટે આનંદનું ઉત્તમ સાધન છે એમ વિચારવું જોઈએ. જે પોતાના કર્તવ્ય કર્મને જ પોતાનું ધ્યેય ગણે છે તે કર્મયોગી સર્વદા સુખી જ રહે છે. જે ઇચ્છિત ફળની આશામાં જ ફાંફાં મારે છે તેણે સદા સત્કર્મો કરતાં રહેવું જોઈએ. ગીતાના કર્મયોગનો આ જ ઉત્તમ સાર છે.

**સ્વરેષો વૈ શબ્દો નિગદતિ મનઃ સ્થૈર્ય-કરણમ્ ।**
**તથા સૌખ્યં સ્વાસ્થ્યં હ્યુપદિશતિ ચિત્તસ્ય લોલતામ્ ॥**
**નિમગ્નત્વં સત્યવ્રતસરસિ ચાચક્ષતિ ઉત ।**
**ત્રિધા શાંતિં હ્યેતાં ભુવિ ચ લભતે સંયમરતઃ ॥૪॥**

**અર્થ** : 'સ્વ' શબ્દ મનની સ્થિરતા કરવાનો નિર્દેશ કરે છે. ચંચળ મનને સ્થિર અને સ્વસ્થ રાખો એવો ઉપદેશ કરે છે. તે સત્યમાં મગ્ન રહેવાનું કહે છે. આથી સંયમી પુરુષ ત્રણે પ્રકારની શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

**ભાવાર્થ** : અનિશ્ચિત તેમજ પ્રતિકૂળ પરિસ્થિતિ થતાં મોટે ભાગે મનુષ્ય શોક, દુઃખ, ક્રોધ, દ્વેષ, દીનતા, નિરાશા, ચિંતા, ભય, અશાંતિ વગેરે દ્વારા ઉદાસ બને છે અને પોતાના મગજનું સમતોલપણું ગુમાવે છે. વળી અનુકૂળ પરિસ્થિતિઓ પ્રાપ્ત થતાં અહંકાર, મદ, ઉચ્છૃંખલતા, સુખની અતિશયતાને લીધે અસ્વાભાવિક વર્તન, ગર્વ, ખોટો ખર્ચ, તાર વગેરે ગ્રસ્ત બને છે. આ બંને (અનુકૂળ અને પ્રતિકૂળ) સ્થિતિઓ એક પ્રકારના નશા જેવી છે. આ નશાને કારણે આપણી વિવેકશક્તિ નષ્ટ થઈ જાય છે અને આપણાં કાર્યોની યોગ્ય શૃંખલા નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. મનુષ્ય અંધ તથા બાવરો બની જાય છે. આ સત્યાનાશ કરનાર ઝંઝાવાતોમાંથી આત્માનું રક્ષણ કરવા માટે મનને સ્થિર, સમતોલ, સ્વસ્થ અને સત્યપ્રેમી બનાવવું જોઈએ. આમ કરીએ તો જ મનુષ્યને આત્મિક, બૌદ્ધિક તેમજ શારીરિક શાંતિ મળી શકે.

**તતો વૈ નિષ્પત્તિઃ સ ભુવિ મતિમાન્ પણ્ડિતવરઃ ।**
**વિજાનન્ ગુહ્યં યો મરણજીવનયોસ્તદખિલમ્ ॥**
**અનન્તે સંસારે વિચરતિ ભયાસક્તિરહિત ।**
**સ્તથા નિર્માણં વૈ નિજગતિવિધીનાં પ્રકુરુતે ॥૫॥**

**અર્થ** :- 'તત્' શબ્દ બતાવે છે કે આ જગતમાં તે જ બુદ્ધિમાન છે, કે જે જીવન તથા મરણના રહસ્યને સમજે છે. ભય તથા આસક્તિ વગરનો થઈને જીવનાર અને પોતાની પ્રવૃત્તિઓનું નિર્માણ કરનાર મનુષ્ય જ બુદ્ધિમાન ગણાય.

**ભાવાર્થ** :- મૃત્યુની તલવાર સદા માથે લટકતી જ રહે છે. હમણાં જે શ્વાસ ચાલે છે તે કઈ ક્ષણે બંધ થાય એ કહી શકાય તેમ નથી. આમ સમજીને આ દેવોને પણ દુર્લભ એવા માનવજીવનનો ઉત્તમોત્તમ ઉપયોગ કરી લેવો જોઈએ. આ ટૂંકા જીવન માટે ક્ષણિક સુખોની પાછળ પડીને, પાપો કરીને શા માટે લાંબા સમય સુધીનાં દુઃખો વહોરવાં જોઈએ ? આપણે આ રીતે જ વિચાર કરતા રહેવું જોઈએ.

વિદ્યાભ્યાસ, સમાજસુધારો તેમજ ધર્મપ્રચાર જેવાં કાર્યો કરતાં એમ વિચારવું જોઈએ કે જીવન અખંડ છે, ક્ષણિક નથી. જો આ અવતારમાં એ પૂરું ન કરી શકીએ તો તે બીજા જન્મમાં પણ પૂરું કરીશું એમ વિચારવું જોઈએ. એ નિશ્ચય જાણવું જોઈએ કે જે માણસ આ જીવનનો સદુપયોગ કરે છે તેને મૃત્યુ પછી પણ આનંદ જ પ્રાપ્ત થવાનો છે, પરલોક કે પુનર્જન્મમાં સુખ જ મળવાનાં છે. પરંતુ જે મનુષ્ય આ જીવનની કીમતી ક્ષણોનો દુરુપયોગ કરે છે. તેનું ભવિષ્ય અંધકારમય છે. આથી જે થઈ ગયું તે થઈ ગયું એમ સમજી બાકીના જીવનનો સદુપયોગ કરવાનો વિચાર કરવો જોઈએ.

સવિતુસ્તુ પદં વિતનોતિ ધ્રુવં ।
મનુજો બલવાન્ સવિતેવ ભવેત્ ।।
વિષયા અનુભૂતિપરિસ્થિતિયો ।
વૈ સદાત્મન એવ ગણેદિતિ સઃ ।।૬।।

**અર્થ** :- 'સવિતુઃ' એમ નિશ્ચિત રીતે સમજાવે છે કે મનુષ્યે સૂર્ય જેટલા જ બળવાન બનવું જોઈએ. બધા જ વિષયો તેમજ અનુભવો આત્મા સાથે સંબંધ ધરાવે છે એમ સમજવું જોઈએ.

**ભાવાર્થ** :- સૂર્યને વીર્ય તથા પૃથ્વીને રજ ગણવામાં આવ્યાં છે. સૂર્યની શક્તિ વડે જગતની બધી જ ક્રિયાઓ થાય છે. એવી જ રીતે આત્મા પોતાની ક્રિયાશીલતા દ્વારા વિવિધ પરિસ્થિતિઓને જન્માવે છે. પ્રારબ્ધ, દૈવીભાગ્ય વગેરે પણ આપણાં પૂર્વકર્મના પરિણામ રૂપે જ હોય છે, આથી આપણી જાત માટે જેવી પરિસ્થિતિ આપણને સારી લાગે તેને યોગ્ય પોતાની જાતને બનાવવી જોઈએ. પોતાનું ભાગ્ય માણસ પોતે જ ઘડી શકે છે. એ તેના હાથની વાત છે. આથી આત્મનિર્માણ તરફ જ બધાનું લક્ષ હોવું જોઈએ. આપણી આંતરિક સ્થિતિ પ્રમાણે જ આપણને બહારની મદદ મળતી હોય છે.

મનુષ્યે તેજસ્વી, બળવાન તેમજ પુરુષાર્થી બનવું જોઈએ. તંદુરસ્તી, વિદ્યા, ધન, હોશિયારી, સંગઠન, યશ, સાહસ અને સત્ય એ આઠ બળો વડે પોતાને બળવાન રહેવાનો સદા પ્રયત્ન કરતાં રહેવું જોઈએ.

વરેણ્યાખ્યૈતદ્વૈ પ્રકટયતિ શ્રેષ્ઠત્વમનિશમ્ ।
સદા પશ્યેચ્છ્રેષ્ઠં મનનમપિ શ્રેષ્ઠસ્ય વિદધેત્ ।।
તથા લોકે શ્રેષ્ઠ સરલમનસા કર્મ ચ ભજેત્ ।
તદિત્થં શ્રેષ્ઠત્વં વ્રજતિ મનુજઃ શોભિતગુણૈઃ ।।૭।।

**અર્થ** :- 'વરેણ્યમ્' શબ્દ એમ પ્રગટ કરે છે કે દરેક મનુષ્યે હંમેશાં શ્રેષ્ઠતા તરફ આગળ વધવું જોઈએ. શ્રેષ્ઠ જોવું, શ્રેષ્ઠનું ચિંતન કરવું, શ્રેષ્ઠ કાર્ય દ્વારા મનુષ્ય શ્રેષ્ઠતા મેળવી શકે છે.

**ભાવાર્થ** :- મનુષ્ય જેવા વિચાર કરે તેવો બને છે. વિચાર એક બીબું છે અને મનુષ્ય ભીની માટી છે. જેવા વિચારોમાં આપણે ડૂબેલા રહીએ તેવા જ ઘાટમાં આપણે ફેરવાતા જઈએ. એવું જ આપણું આચરણ બને, એવા જ સોબતીઓ આપણને મળતા રહે અને એ દિશામાં જ આપણું જ્ઞાન, રુચિ તથા પ્રેરણા વગેરે મળતા-વધતા રહે. આથી જો પોતે શ્રેષ્ઠ બનવું હોય તો આપણે સદા શ્રેષ્ઠ પુરુષોનો સંસર્ગ રાખવો જોઈએ, શ્રેષ્ઠ પુસ્તકો વાંચવા જોઈએ, શ્રેષ્ઠ વાતોનો વિચાર કરવો જોઈએ અને શ્રેષ્ઠ પ્રસંગો નિહાળવા જોઈએ, તેમજ શ્રેષ્ઠ કાર્યો કરવાં જોઈએ. બીજાઓમાં જે ઉત્તમ તત્ત્વો હોય તેમની કદર કરવી અને તેમને સ્વીકારવાં, ઉત્તમ તત્ત્વો પ્રત્યે શ્રદ્ધાવાળાં બનવું વગેરે બાબતો શ્રેષ્ઠ બનવાની ઇચ્છાવાળાઓ માટે પરમ આવશ્યક છે.

ભર્ગો વ્યાહરતિ પદં હિ નિતરાં લોકઃ સુલોકો ભવેત્ ।
પાપે પાપ-વિનાશને ત્વવિરતં, દત્તા વધાનો વસેત્ ।।
દૃષ્ટ્વા દુષ્કૃતિદુર્વિપાક-નિચયં તેભ્યો જુગુપ્સેદ્ધિ ચ ।
તન્નાશાય વિધીયતાં ચ સતતં, સંઘર્ષમેભિઃ સહ ।।૮।।

**અર્થ** :- 'ભર્ગો' એ પદ એમ બતાવે છે કે મનુષ્યોએ નિષ્પાપ બનવું જોઈએ. પાપોથી સાવધ રહેવું જોઈએ. પાપોનાં દુષ્પરિણામોને જોઈને એમના તરફ ઘૃણા સેવવી જોઈએ અને સતત તેમનાં નાશ માટે સંઘર્ષ કરતા રહેવું જોઈએ.

**ભાવાર્થ** :- જગતમાં બધાં જ દુઃખો પાપોને કારણે જ હોય છે. હૉસ્પિટલોમાં, જેલોમાં તથા

એવાં બીજાં સ્થળોએ અનેક પ્રકારનાં કષ્ટોથી પીડાતા મનુષ્યો વર્તમાનકાળનાં કે જૂનાં પાપોને કારણે જ પીડા ભોગવે છે નરકમાં પણ પાપીઓ જ ત્રાસ ભોગવે છે. સંતો અને પરોપકારી પુરુષો બીજાઓનાં પાપોનો બોજો પોતાને માથે લે છે, દુઃખ સહે છે અને તેમને શુદ્ધ કરે છે. પાપીઓનાં દુઃખો સંતો સહન કરે કે પાપી પોતે સહન કરે, ગમે તે સ્થિતિમાં દુઃખોનું કારણ તો પાપ જ છે. આથી જેમને દુઃખનો ડર લાગતો હોય અને સુખની ઇચ્છા થતી હોય તેમણે પાપોમાંથી બચવું જોઈએ અને ભૂતકાળનાં પાપો માટે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. પાપોથી સાવધ રહેવું અને તેમને અંદર-બહાર બધેથી નષ્ટ કરવા સંઘર્ષ કરતા રહેવું એ મોટું પુણ્યકાર્ય છે. કારણ કે આમ કરવાથી અગણિત મનુષ્યો દુઃખોમાંથી છૂટે છે અને સુખી બને છે. નિષ્પાપ રહેવામાં જ સાચો આનંદ વસે છે.

**દેવસ્યેતિ તુ વ્યાકરોત્યમરતાં મર્ત્યોઽપિ સપ્રાપ્યતે ।**
**દેવાનામિવ શુદ્ધદૃષ્ટિકરણાત્ સેવોપચારાદ્ ભુવિ ॥**
**નિઃસ્વાર્થ પરમાર્થ કર્મકરણાત્ દિનાય દાનાત્તથા,**
**બાહ્યાભ્યન્તરમસ્ય દેવભુવનં એસંયુજ્યતે ચૈવ હિ ॥૯॥**

**અર્થ** :- 'દેવસ્ય' એ પદ એમ બતાવે છે કે મૃત્યુલોકનો મર્ત્ય ગણાતો મનુષ્ય પણ અમરતા અર્થાત્ દેવત્વને પ્રાપ્ત કરી શકે છે. દેવતાઓની જેમ શુદ્ધ દૃષ્ટિ રાખવાથી, પ્રાણીમાત્રની સેવા કરવાથી, પરમાર્થ કરવાથી મનુષ્યની અંદર અને બહાર દેવલોકની સૃષ્ટિનું સર્જન થાય છે.

**ભાવાર્થ** :- પરમાત્માની બનાવેલી આ સૃષ્ટિમાં જે કંઈ છે તે પવિત્ર અને આનંદમય છે. આ જગતને પ્રસન્નતાની દૃષ્ટિએ જોવું એમાંથી મનુષ્યોએ પેદા કરેલાં દુષ્ટ તત્ત્વોને દૂર કરવાં અને દૈવી શ્રેષ્ઠતાઓનો વિકાસ કરી તેમને પ્રચલિત કરવી એ દેવકાર્ય છે. આ દેવદૃષ્ટિને ધારણ કરવાથી મનુષ્ય દેવતા બની શકે છે. જે પોતાને માત્ર શરીર ન સમજતાં આત્મરૂપે સમજે છે - એવો અનુભવ કરે છે, તે અમર છે. તેનાથી મૃત્યુનો ભય દૂર ભાગે છે. પ્રાણી માત્ર તરફ પ્રેમ અને આત્મીયતાની પવિત્ર દૃષ્ટિથી જોવું, પોતાનુ આચરણ શુદ્ધ રાખવું, પોતાનાથી અધિક અશક્ત લોકોને પોતાની શક્તિનું દાન આપવું એનું નામ જ દેવત્વ. આવા ગુણોવાળાઓ માટે આ પૃથ્વીલોક (ભૂલોક) પણ દેવલોક (સ્વર્ગ) જેવો જ આનંદમય બની જાય છે.

**ધીમહિ ભવેમ સર્વવિધં શુચિં ।**
**શક્તિચયં વયમિત્યુપદિષ્ટાઃ ખલુ ॥**
**નો મનુજો લભતે સુખશાંતિ- ।**
**મનેન વિનેતિ વદન્તિ હિ વેદાઃ ॥૧૦॥**

**અર્થ** :- 'ધીમહિ' પદનો આશય એવો છે કે આપણે બધા હૃદયમાં સર્વ પ્રકારની પવિત્ર શક્તિઓ ધારણ કરીએ. વેદ કહે છે કે આના વિના મનુષ્યને સુખ-શાંતિ મળી શકવાનાં નથી.

**ભાવાર્થ** :- જગતમાં ભૌતિક શક્તિઓ અનેક છે. ધન, હોદ્દો, વૈભવ, રાજ્ય, શરીરબળ, સંગઠન, હથિયાર, વિદ્યા, ચતુરપણું, કોઈ વિશિષ્ટ લાયકાત વગેરેના બળ વડે લોકો ઐશ્વર્ય અને પ્રશંસા મેળવે છે. પરંતુ એ અસ્થાયી (ક્ષણિક) હોય છે. એ બધાંથી સુખ મળે ખરું પણ એ સુખ એક નાના સરખા આઘાત વડે પણ નષ્ટ થઈ જાય એવું હોય છે. સ્થાયી સુખ તો પવિત્ર આધ્યાત્મિક ગુણોમાં જ રહેલું છે. આ સ્થાયી સુખને 'દૈવી સંપદાઓ' અથવા 'દિવ્ય શક્તિઓ' પણ કહે છે. નિર્ભયતા, વિવેક, સ્થિરતા ઉદારતા, સંયમ, પરમાર્થ, સ્વાધ્યાય, તપશ્ચર્યા, દયા, સત્ય, અહિંસા, નમ્રતા, ધીરજ, અદ્રોહ, પ્રેમ, ન્યાયશીલતા, આળસનો અભાવ વગેરે દૈવી ગુણોને કારણે જે સુખ મળે છે એ સુખની સરખામણી કોઈ પણ ભૌતિક સંપત્તિ સાથે થઈ શકે નહિ. આથી જ આપણે

આપણી દૈવી સંપદાઓનો ખજાનો વધારતા રહેવું જોઈએ.

**ધિયો મત્યોન્મથ્યાગમનિગમમન્ત્રાન્ સુમતિમાન્ ।**
**વિજાનીયાતત્ત્વં વિમલનવનીતં પરમિ ॥**
**યતોઽસ્મિન્ લોકે વં સંશયગત વિચાર-સ્થલશતે ।**
**મતિઃ શુદ્ધૈવાચ્છા પ્રકટયતિ સત્યં સુમનસે ॥૧૧॥**

**અર્થ** :- 'ધિયો' એ પદ કહે છે કે બુદ્ધિમાન મનુષ્યે વેદશાસ્ત્રોનું બુદ્ધિપૂર્વક મંથન કરીને માખણ જેવું શ્રેષ્ઠ પ્રકારનું તત્ત્વ શોધવું જોઈએ. કારણ કે શુદ્ધ બુદ્ધિ દ્વારા જ સત્યને જાણી શકાય છે.

**ભાવાર્થ** :- જગતમાં અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. એમાંની અનેક અંદરોઅંદર અથડામણો ઊભી કરે છે. એક શાસ્ત્રના સિદ્ધાંતો બીજા શાસ્ત્રના સિદ્ધાંતો કરતાં તદ્દન વિપરીત પણ હોય છે. આથી જ એક વિદ્વાન અથવા ઋષિના વિચારોનો બીજા વિદ્વાન ઋષિના વિચારો સાથે મેળ ખાતો નથી. આ પરિસ્થિતિમાં આપણે વિચલિત થવાની જરૂર નથી, દેશ, કાળ, પાત્ર અને પરિસ્થિતિ મુજબ જે વાત એક જમાનામાં તદ્દન યોગ્ય જરૂર હોય તે જ વાત અન્ય આ પરિસ્થિતિઓમાં તદ્દન નકામી પણ હોઈ શકે. ઠંડીમાં જે કપડાં ઉપયોગી અને હિતકારક હોય છે તે જ કપડાં ગરમીમાં કામનાં હોતાં નથી. એ જ રીતે એક પરિસ્થિતિમાં જે વાત યોગ્ય છે તે બીજી સ્થિતિમાં અયોગ્ય કે અનુચિત બની જાય છે. આથી જ કોઈ ઋષિ, વિદ્વાન, નેતા અથવા શાસ્ત્રની નિંદા કરવા કરતાં તેમાંથી માત્ર સમયને અનુકૂળ તથા ઉપયોગી તત્ત્વને સ્વીકારવું જોઈએ. આ ઉચિત-અનુચિત કે ઉપયોગી-બિનઉપયોગીનો નિર્ણય તર્કબુદ્ધિ, વિવેક, ન્યાયબુદ્ધિ તેમજ વર્તમાન સમયને ધ્યાનમાં રાખી કરવો.

**યોનો વાસ્તિ તુ શક્તિસાધનચયો ન્યૂનાધિકશ્ચાથવા ।**
**ભાગં ન્યૂનતમં હિ તસ્ય વિદધેમાત્મપ્રસાદાય ચ ॥**
**યત્પશ્ચાદવશિષ્ટભાગમખિલં ત્યક્ત્વા ફલાશાં હૃદિ ।**
**તદધીનેષ્વભિલાષવસ્તુ વિતર યે શક્તિહીનાઃ સ્વયમ્ ॥૧૨॥**

**અર્થ** :- 'યોન' પદનું તાત્પર્ય એ છે કે આપણી જે કોઈ શક્તિઓ અથવા સાધનો હોય, તે થોડા હોય કે વધારે હોય એમના અલ્પમાં અલ્પ ભાગને જ આપણા પોતાના ઉપયોગમાં લેવો અને બાકીનો બધો જ નિઃસ્વાર્થ વૃત્તિથી મનુષ્યોમાં વહેંચી આપવો.

**ભાવાર્થ** :- ભગવાને મનુષ્યને જ્ઞાન, બળ તથા વૈભવ એક થાપણના રૂપમાં આપ્યાં છે. એ વિભૂતિઓ વડે સજ્જિત થઈને મનુષ્યોએ માન, સુખ, યશ તથા પુણ્ય જેવી હિતકર વસ્તુઓ પ્રાપ્ત કરવી જોઈએ. પરંતુ એ બધાનો લાભ વધારેમાં વધારે પ્રમાણમાં બીજાઓને આપવો જોઈએ. પોતાના એશઆરામ, ભોગ, સંગ્રહ અથવા અહંકારના પોષણ માટે તેમનો ઉપયોગ કરવો જોઈએ નહિ. લોકોના હિતને માટે, પોતાના કરતાં નિર્બળ માણસોની મદદ કરવાના ઉપયોગમાં તે વસ્તુઓ ઉદારતાપૂર્વક અર્પવી જોઈએ. વિદ્વાન, બળવાન કે ધનવાન મનુષ્યોનું ગૌરવ તો એ કહેવાય કે ઓછા જ્ઞાનવાળાઓને, ઓછી શક્તિવાળાઓને તેમજ ઓછી સંપત્તિવાળાઓને ઉન્નત બનાવવામાં તે બધા ગુણોનો ઉપયોગ કરે. જેમ વૃક્ષો, કૂવાઓ, તળાવો, બગીચાઓ, ફૂલો, અગ્નિ, પાણી, પવન, વીજળી વગેરે શ્રેષ્ઠ મનાતા પદાર્થો પોતાની મહાન શક્તિઓનો લોકહિત માટે જ સદા ઉપયોગ કરે છે તેમ આપણે પણ પોતાની શક્તિઓનો માત્ર જરૂર પૂરતો ઉપયોગ કરી બાકીની બધી જ શક્તિ

જગતના કલ્યાણને માટે અર્પણ કરી દેવી જોઈએ.

**પ્રચોદયાત્ સ્વયં ત્વિતરાંશ્ચ માનવાન્ ।**
**નરઃ પ્રયાણાય ચ સત્ય વર્ત્મનિ ।,**
**કૃતં હિ કર્માખિલમિત્થમંગિના ।**
**વદન્તિ ધર્મં ઈતિ હિ વિપશ્ચિતઃ ॥૧૩॥**

**અર્થ :-** 'પ્રચોદયાત્' શબ્દનો અર્થ એ છે કે મનુષ્ય પોતાની જાતને તથા બીજાઓને સત્ય માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે. આવા પ્રકારનાં બધાં કર્મોને વિદ્વાન લોકો ધર્મ કહે છે.

**ભાવાર્થ :-** પ્રેરણા જગતની મોટામાં મોટી શક્તિ છે. એના વગર બધી મોટામાં મોટી સાધના-સામગ્રી પણ અર્થ વગરની છે. પ્રેરણાથી ઉત્સાહિત થઈને પ્રવૃત્ત બનેલો મનુષ્ય જ્યારે કાર્યનો આરંભ કરે છે ત્યારે સાધનો તો ગમે તે રીતે ભેગાં કરી શકે છે. તેને ઈશ્વરીય મદદ મળે છે અને તેના માર્ગમાં અનેક યોગ્ય સાથીઓ પણ તેને મળી આવે છે. આથી જ પોતાની જાતને સન્માર્ગ પર ચાલવાની પ્રેરણા તથા પ્રોત્સાહન આપવા જોઈએ. બીજાઓને પણ શ્રેષ્ઠતા તરફ આગળ વધવાની પ્રેરણા આપતા રહેવું જોઈએ. કોઈને કોઈ વસ્તુ આપીને એથી કોઈનો કંઈ ઉદ્ધાર થતો નથી. સત્કાર્યની પ્રેરણા જ સૌથી મોટું પુણ્યકાર્ય છે. એની સરખામણીમાં નાનાં-મોટાં પુણ્યકાર્યો તુચ્છ જેવા જ ગણવાં.

**ગાયત્રી-ગીતાં હ્યેતાં યો નરો વેત્તિ તત્વતઃ ।**
**સ મુક્ત્વા સર્વદુઃખેભ્યઃ સદાનન્દે નિમજ્જતિ ॥૧૪॥**

**અર્થ :-** જે મનુષ્ય આ ગાયત્રી ગીતાને બરાબર રીતે જાણી લે છે તે સર્વ પ્રકારનાં દુઃખોમાંથી મુક્ત બની સદા આનંદમાં મગ્ન રહે છે.

ગાયત્રી-ગીતાના આ ૧૪ શ્લોકો બધાં વેદશાસ્ત્રોમાં સમાયેલા જ્ઞાનનો સાર છે. સમુદ્ર મંથનમાંથી ૧૪ રત્નો પ્રગટેલ. સમસ્ત શાસ્ત્રોના સમુદ્રનું મંથન આ ૧૪ શ્લોકરૂપી ૧૪ રત્નો છે. જે વ્યક્તિ આને યોગ્ય રીતે હૃદયંગમ કરી લે છે તે કદી પણ દુઃખી રહી શકતો નથી. તેને સદા આનંદ આનંદ જ રહે છે.

# ૭. ગાયત્રી સ્મૃતિ

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ**

**ભૂર્ભુવઃ સ્વસ્ત્રાયો લોકા વ્યાપ્તમોમ્બ્રહ્મ તેષુ હિ ।**
**સ એવ તથ્યતો જ્ઞાની યસ્તદ્ વેત્તિ વિચક્ષણઃ ॥૧॥**

ભૂઃ, ભુવઃ અને સ્વઃ એ ત્રણ લોક છે. એ ત્રણે લોકમાં ૐ (બ્રહ્મ) વ્યાપ્ત છે. જે બુદ્ધિમાન તે બ્રહ્મને જાણે છે તે જ વાસ્તવિક રીતે જ્ઞાની છે.

પરમાત્માનું વૈદિક નામ ૐ છે. બ્રહ્મની સ્ફુરણાનો આઘાત સતત રીતે સૂક્ષ્મ પ્રકૃતિ પર પડતો રહે છે. આ આઘાતોને કારણે જ સૃષ્ટિમાં ગતિશીલતા ઉત્પન્ન થાય છે કાંસાના વાસણ પર જો હથોડી વડે નાનો સરખો ટકોરો મારીએ તો પણ ઘણા સમય સુધી તેમાંથી રણકાર સંભળાયા કરે છે. એ જ રીતે બ્રહ્મ અને પ્રકૃતિના મિલન પર ૐકારનો રણકાર થતો રહે છે આથી આને જ (ૐકારને જ) પરમાત્માનું સ્વયં ઘોષિત નામ આપવામાં આવ્યું છે.

આ ૐ ત્રણે લોકમાં વ્યાપ્ત છે. ભૂઃ = પૃથ્વી, ભુવઃ = પાતાળ, સ્વઃ = સ્વર્ગ- આ ત્રણે લોક પરમાત્માથી ભરેલા છે. ભૂઃ = શરીર, ભુવઃ = જગત, સ્વઃ = આત્મા એ ત્રણે પરમાત્માનાં ક્રીડાસ્થળ છે. આ બધાં જ સ્થળોને - અખિલ બ્રહ્માંડને ભગવાનનું વિરાટ રૂપ સમજીને એ આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. આ જ ભૂમિકા ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના ૧૧મા અધ્યાયમાં વિશ્વરૂપ દર્શન દ્વારા પ્રાપ્ત કરાવી હતી. પરમાત્માને સર્વત્ર, સર્વવ્યાપ્ત, તેમજ સર્વાત્મરૂપે જોનાર મનુષ્ય માયા, મોહ, મમતા, સંકુચિતતા અને કુકર્મોના અગ્નિમાં બળતો બચી જવા પામે છે અને સદા પરમાત્માનાં દર્શનરૂપ પરમાનંદ સુખમાં નિમગ્ન રહે છે. 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ'નું તત્ત્વજ્ઞાન સમજી લેનાર બ્રહ્મજ્ઞાની એક રીતે જીવનમુક્ત જ બની જાય છે.

**તત્-તત્વજ્ઞાસ્તુ વિદ્વાંસો બ્રાહ્મણાઃ સ્વતપોબલૈઃ ।**
**અંધકારમપાકુર્યુઃ લોકાદજ્ઞાનસમ્ભવમ્ ॥૨॥**

તત્ત્વદર્શી વિદ્વાન બ્રાહ્મણ પોતાના તપ સંગ્રહ દ્વારા જગતમાંથી અજ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલા અંધકારને દૂર કરે.

બ્રાહ્મણ એ છે કે જે તત્ત્વને, વાસ્તવિકતાને તેમજ પરિણામને જુએ છે. જેણે પોતાનું ભણતર, ભાષા, સાહિત્ય, શિલ્પકળા કે વિજ્ઞાન જેવા પેટભરુ શિક્ષણ સુધી જ સીમિત બનાવ્યું ન હોય અને જીવનના ઉદ્દેશ રૂપ આનંદ અને સફળતાની પ્રાપ્તિ માટે જે વિદ્યા ભણ્યો હોય તે જ સાચો બ્રાહ્મણ છે. દુનિયાદારીનું ભણતર પામેલા તો ગલી-કૂંચીઓમાં માખો ને મચ્છરો જેટલી સંખ્યામાં જોવા મળે છે. પરંતુ જે ખરા અર્થમાં વિદ્વાન છે તે જ સાચા બ્રાહ્મણ છે.

પરમાત્માએ જેમને તત્ત્વદર્શી તેમજ વિદ્વાન બનવાની સગવડ અને પ્રેરણા આપ્યાં છે, એ બ્રાહ્મણોએ પોતાની જવાબદારીનો ખ્યાલ રાખવો જોઈએ, કારણ કે તેઓ સૌથી મોટા ધનવાન છે. લોકો નકામા જ એમ માને છે કે ધનની અધિકતામાં જ સુખ છે. ખરી વાત તો એ છે કે સદ્જ્ઞાન વિના કોઈ પણ મનુષ્ય સુખ-શાંતિમય રીતે જીવન વિતાવી શકતો જ નથી. પછી ભલેને તે કરોડાધિપતિ કેમ ન હોય ? ભારતવાસીઓ સદ્જ્ઞાનના મહત્ત્વને આદિકાળથી સમજતા આવ્યા છે. આથી આ દેશમાં સદ્જ્ઞાનના ઘણા બ્રાહ્મણોની માન - પ્રતિષ્ઠા સૌ કરતાં વધારે રહેતી આવી છે. આજે અનેક રીતે પછાત બની ગયેલા આપણા આધુનિક યુગમાં પણ એ પ્રતિષ્ઠાની સ્મૃતિરૂપ પૂજા ગમે તે સ્વરૂપમાં પણ એ પ્રાચીનકાળના બ્રાહ્મણોના અનાધિકારી વંશજોને પણ મળતી જોવામાં આવે છે.

બ્રાહ્મણત્વ વિશ્વનું સૌથી મોટું ધન છે. રત્નોનો ભંડાર ઉત્તમ અને કીમતી મજબૂત તિજોરીમાં મૂકવામાં આવે છે. જે શરીરમાં તપથી પવિત્ર બનેલું છે. જેને તપશ્ચર્યાના, સંયમના, સહનશીલતાના તેમજ ત્યાગના અગ્નિમાં તપાવી તપાવીને તિજોરીની જેમ બરાબર મજબૂત બનાવવામાં આવ્યું છે, તેમાં જ બ્રાહ્મણત્વ રહી શકશે. જેઓ અસંયમી, ભોગી, સ્વાર્થી અને તપવિહીન છે તેઓ શાસ્ત્રોના પાઠ ભલે પોપટની જેમ ગોખીને બોલ્યા કરે એમને એ બકવાશ સિવાય કંઈ લાભ મળવાનો નથી. બ્રાહ્મણત્વને તેઓ સુરક્ષિત અને સ્થિર રાખવામાં સમર્થ બની શકવાના નથી. આથી જ બ્રાહ્મણે, સદ્જ્ઞાનની સંપત્તિના માલિકે, પોતાની જાતને તપથી પવિત્ર બનાવવી જોઈએ. તપ અને બ્રાહ્મણત્વના સંમિશ્રણ દ્વારા જ સોનું અને સુગંધવાળી ઉક્તિ યોગ્ય રીતે બંધ બેસાડી શકાય.

બ્રાહ્મણને ભૂદેવ કહેવામાં આવે છે. ભૂદેવનો અર્થ થાય છે - પૃથ્વીનો દેવ, દેવતા તો તેને જ કહેવાય જે આપતો હોય-દેતો હોય. બ્રાહ્મણ તો જગતના સર્વશ્રેષ્ઠ ધનનો, સદ્જ્ઞાનનો ધનપતિ હોય છે. તે જુએ છે કે જે ધન તેની પાસે અખૂટ ભંડારોમાં ભરેલું છે, તેના અભાવને કારણે જ બધી જનતા દુઃખી થાય છે. અજ્ઞાન અને અવિદ્યા કરતાં દુઃખોનું કોઈ બીજું કારણ હોતું નથી. જેમ

ભૂખે મરતા, કરુણ રૂદન કરતા મનુષ્યોને જોઈને કોઈ સહૃદય ધનવાન વ્યક્તિ એમને કંઈ દાન આપ્યા વિના રહી શકતો નથી. તે જ પ્રમાણે અવિદ્યાના અંધકારમાં રઝળતા જનસમૂહને સાચા બ્રાહ્મણ પોતાની સદ્‌જ્ઞાનરૂપી સંપત્તિનો લાભ આપ્યા વિના રહી શકતો નથી. આ કર્તવ્ય જરૂરી અને અનિવાર્ય છે. બ્રાહ્મણની આ જવાબદારી છે.

ગાયત્રીને પ્રથમ શબ્દ 'તત્' બ્રાહ્મણત્વની આ મહાન જવાબદારીનો સંકેત કરે છે. જેનો આત્મા જેટલા પ્રમાણમાં તત્ત્વદર્શી, વિદ્વાન અને તપસ્વી છે, તેટલા જ પ્રમાણમાં તે બ્રાહ્મણ છે આ બ્રાહ્મણત્વ જે જાતિ, કુળ કે વંશના મનુષ્યમાં હોય તેનો એ કર્તવ્ય ધર્મ છે કે અજ્ઞાનથી પેદા થયેલા અંધકારને દૂર કરવા માટે જે કંઈ તે કરી શકે તે કરતા રહે.

**સ-સત્તાવન્તસ્તથા શૂરાઃ ક્ષત્રિયા લોકરક્ષકાઃ ।**
**અન્યાયાશક્તિસમ્ભૂતાન્ ધ્વંસયેયુર્હિ ત્વાપદઃ ॥૩॥**

સત્તાવાળા, વીર અને જગતના રક્ષક ક્ષત્રિયો અન્યાય અને અશક્તિને કારણે ઊભી થયેલી આપત્તિઓનો નાશ કરે.

મનુષ્યબળ, શરીરબળ, બુદ્ધિબળ, સત્તાબળ, હોદ્દો, અધિકાર, ગૌરવ, સંગઠન, તેજ, પુરુષાર્થ, ચતુરાઈ, સાધન, સાહસ, શૂરવીરતા વગેરે ક્ષત્રિયત્વનાં લક્ષણ છે. જેની પાસે આ વસ્તુઓ પૈકી જેટલી વિશેષ હોય તેટલા પ્રમાણમાં તેનું ક્ષત્રિયત્વ વિશેષ ગણાય.

એવું પણ બન્યું છે કે આ ક્ષત્રિયત્વ જ્યારે અધિકારી મનુષ્યો પાસે ગયું છે ત્યારે તેમનામાં અહંકાર અને મદ જેવા દુર્ગુણો વધવા પામ્યા છે. અહંકારને મોટાઈ સમજી તેની રક્ષાને માટે તેવાઓ અનેક પ્રકારના બિનજરૂરી ખર્ચ અને આડંબર વધારી દે છે. એને સાચવી રાખવા માટે અધિક ધનની જરૂર પડે છે. એ વધારાનું ધન તેઓ અનીતિ, અન્યાય, શોષણ અને અપહરણ જેવા માર્ગો દ્વારા મેળવે છે અને બીજાઓને સતાવીને આમ ધન ભેગું કરવામાં તેઓ પોતાનું મોટું પરાક્રમ માને છે. આ બધાથી તેમનાં વ્યસનો વધતાં રહે છે અને ઇન્દ્રિય-લોલુપતા પણ વધતી જ રહે છે. આ પરિસ્થિતિમાં એ ક્ષત્રિયત્વ તે વ્યક્તિના આત્માને ઉન્ન ન બનાવતાં અહંકારી, દંભી, અત્યાચારી, વ્યસની અને દુરાચારી બનાવી દે છે. આવા દુરુપયોગથી બચવું જ જરૂરી છે.

ગાયત્રીનો 'સ' અક્ષર કહે છે કે સત્તાશાળીઓ, તેમને સત્તા એટલા માટે મળી છે કે શોષિત લોકો અને પીડિત લોકોને તમે હાથ પકડીને ઊંચા લાવો, તેમને મદદ કરો અને જે દુષ્ટો આવા લોકોને નિરાધાર, લાચાર માનીને સતાવે છે તેમની બરાબર ખબર લઈ નાખો. દોષો સામે લડવા માટે અને ગુણોને વધારવા માટે જ ઈશ્વર શક્તિ આપે છે. તેનો ઉપયોગ આવાં સુંદર કાર્યોમાં જ થવો જોઈએ.

**વિ-વિત્તશક્ત્યા તુ કર્ત્તવ્યા ઉચિતાભાવપૂર્તયઃ ।**
**ન તુ શક્ત્યા તયા કાર્યં દર્પૌદ્ધત્યપ્રદર્શનમ્ ॥૪॥**

ધનની શક્તિ દ્વારા તે યોગ્ય અભાવોને દૂર કરવા જોઈએ. તે શક્તિ દ્વારા ઘમંડ અને ઉદ્ધતાઈનું પ્રદર્શન નહીં કરવું જોઈએ.

વિદ્યા અને સત્તાની માફક ધન પણ એક અતિ મહત્ત્વની શક્તિ છે. તેનું ઉપાર્જન પણ જરૂરી છે. પરંતુ તે પોતાના અને બીજાઓના અભાવો દૂર કરવાની દૃષ્ટિએ જ. માત્ર સ્વાર્થ માટે નહિ જ. શરીર, મન, બુદ્ધિ તથા આત્માના વિકાસને માટે, તેમજ સાંસારિક જવાબદારીઓ પૂરી કરવા માટે ધનનો ઉપયોગ હોવો જોઈએ. એટલા માટે જ કમાવું જોઈએ.

પરંતુ ઘણા લોકો તો પુષ્કળ પ્રમાણમાં ધન ભેગું કરવામાં પોતાની પ્રતિષ્ઠા સમજે છે. અધિક ધનના માલિક બનવું એ તેમની દૃષ્ટિએ જાણે એક મોટું ગૌરવ હોય છે. વધારે કીમતી વસ્તુઓનો

ઉપયોગ કરવો, વિશેષ દુર્વ્યય, અધિક ભોગો અને વિલાસો વગેરે તેમને જીવનની સફળતાનાં ચિહ્ન લાગે છે. આથી ગમે તે પ્રકારે ધન ભેગું કરવાની તેમની લાલચ પ્રબળ હોય છે. એને માટે તેઓ ધર્માધર્મ કે યોગ્યાયોગ્યતાનો પણ વિચાર કરવાનું ભૂલી બેઠા હોય છે. ધનમાં તેઓ એટલા બધા તન્મય હોય છે કે તંદુરસ્તી, મનોરંજન, સ્વાધ્યાય, આત્મોન્નતિ, લોકસેવા, ઈશ્વરાધના વગેરે ઉપયોગી વિષયો તરફ તેમની ઉપેક્ષા દૃષ્ટિ થઈ હોય છે. ધનવાન લોકોને એક પ્રકારનો નશો જ ચઢેલો રહે છે એ નશાને કારણે તેમના બુદ્ધિ, દૂરદૃષ્ટિ અને સારાસારનો વિવેક કુંઠિત થઈ જાય છે, ધનોપાર્જનની આવી વૃત્તિ ખરેખર નિંદ્ય છે.

ધન કમાવું એટલા માટે જરૂરી છે કે તેનાથી આપણી જરૂરિયાતો યોગ્ય હદ સુધી પૂરી કરી શકાય છે. આ દૃષ્ટિએ જ લોકો પ્રયત્ન અને પરિશ્રમપૂર્વક ધન કમાય. ગાયત્રીનો 'વિ' અક્ષર વિત્ત (ધન)ના વિષયમાં આવા પ્રકારનો સંકેત કરે છે.

**તુ-તુષારાણાં પ્રપાતેઽપિ યત્નો ધર્મે તુ ચાત્મનઃ ।**
**મહિમા ચ પ્રતિષ્ઠા ચ પ્રોક્તા પારિશ્રમસ્ય હિ ॥૫॥**

શ્રમ પડે ત્યારે પણ પ્રયત્ન કરવો એ આત્માનો ધર્મ છે, શ્રમનો મહિમા અને તેની પ્રતિષ્ઠા અપાર છે એમ મહાપુરુષોએ કહ્યું છે.

મનુષ્ય જીવનમાં વિપત્તિઓ, કઠણાઈ, પ્રતિકૂળ, સંયોગો, નુકસાન અને કષ્ટોની ઘડીઓ પણ આવતી જ રહેતી હોય છે. જેમ રાત અને દિવસ એ સમયની બે બાજુઓ છે, તેવી જ રીતે સંપત્તિ અને વિપત્તિ, સુખ અને દુઃખ પણ જીવનરથનાં બે પૈડાં છે. આ બંને સ્થિતિઓ માટે મનુષ્યે ધીરજપૂર્વક તૈયાર રહેવું જોઈએ. વિપત્તિઓમાં હાય હાય પણ ન કરવું જોઈએ કે સુખના સમયમાં અભિમાની બની જમીનથી અધ્ધર ચાલવાની વૃત્તિ પણ ન રાખવી જોઈએ.

મનુષ્યના કપરા સમયના ચાર સાથીઓ છે : (૧) વિવેક (૨) ધીરજ (૩) સાહસ અને (૪) પ્રયત્ન. આ ચારે સાથીઓને વળગી રહેવાથી દુઃખના કપરા દિવસો ધીમે ધીમે વીતી જશે અને જતાં જતાં એ દિવસો અનુભવ, ગુણ, યોગ્યતા અને શક્તિ વગેરેની અનુપમ ભેટો આપતા જશે. ચપ્પુને પથ્થર પર ઘસીએ તો તે તીક્ષ્ણ ધારવાળું બને. સોનું અગ્નિમાં પડે તો શુદ્ધ બને. મનુષ્યને મુશ્કેલીઓમાં એટલું બધું શીખવાનું છે કે દસ ગુરુઓ ભેગા થઈને પણ એટલું શીખવાડી શકે નહિ. એથી દુઃખો અને મુશ્કેલીઓથી જરાય ગભરાવાની જરૂર નથી. ઊલટું ઉપરનાં ચાર સાધનો દ્વારા તેમની સામે થઈ તેમને મારી હટાવવાં જોઈએ.

પરિશ્રમ, પ્રયત્ન અને કર્તવ્ય મનુષ્યના ગૌરવને તેમજ તેના વૈભવને વધારનાર છે. આળસુ, કર્મહીન, સંઘર્ષથી ડરી જનાર, ભાગ્યવાદી તથા અવ્યવહારુ મનુષ્યને મોટે ભાગે સફળતા મળતી જ નથી. જે લોકો મુશ્કેલીઓને તરવાની ઈચ્છાવાળા છે, આનંદમય જીવનના રસનો આસ્વાદ કરવા ઈચ્છે તેમને ગાયત્રી મંત્રનો 'તુ' અક્ષર કહે છે કે પ્રયત્ન કરો, પરિશ્રમ કરો, કર્તવ્યના માર્ગ પર બહાદુરીપૂર્વક વળગી રહો. કારણ કે પુરુષાર્થનો મહિમા અનંત છે. જે પુરુષાર્થ કરતો હોય તેને જ પુરુષ કહેવાય.

નારી વિના મનુષ્યને પેદા કરનાર બીજું કોણ છે ! અર્થાત્ મનુષ્યની જન્મદાત્રી નારી છે. તેની નિર્માણ શક્તિના મહત્ત્વને પુરુષોએ સમજવું જોઈએ.

**વિ-શ્રેષ્ઠ નારીં વિના કોઽન્યો નિર્માતા મનુસન્તતેઃ ।**
**મહત્ત્વં રચનાશક્તેઃ સ્વસ્યાઃ નાર્યા હિ જ્ઞાયતામ્ ॥૬॥**

જન સમાજના બે ભાગ છે : (૧) પુરુષ અને (૨) સ્ત્રી. સમાજમાં પુરુષોની ઉન્નતિ,

સગવડો તેમજ સંરક્ષણ માટે અનેક પ્રકારના પ્રયત્નો થાય છે. પરંતુ સ્ત્રીને જીવનના દરેક ક્ષેત્રમાં પછાત જોવામાં આવે છે. આથી આપણી અડધી દુનિયા, અડધું કુટુંબ, અડધું જીવન પછાત રહેવા પામ્યું છે. જે રથનું એક પૈડું મોટું અને એક નાનું હોય, જે હળને એક મોટો અને એક નાનો બળદ જોડવામાં આવ્યો હોય, તેનાથી સંતોષકારક કામ થઈ શકે નહિ. જ્યાં સુધી સ્ત્રીઓને પોતાની ક્રિયાશીલતા અને પ્રતિભાને પ્રગટાવવાની પુરુષો જેટલી જ તક આપવામાં ન આવે ત્યાં સુધી આપણો દેશ, આપણો સમાજ કે આપણો સમુદાય સાચા અર્થમાં ઉન્નત કે વિકસિત ગણાય જ નહિ.

નારી જ નરને ઉત્પન્ન કરનાર શક્તિ છે. બાળકની આદિ ગુરુ તેની માતા છે. પિતાના વીર્યનું એક બિંદુ તો ફક્ત નિમિત્ત માત્ર જ છે. તે લોહીમાં જેવી સ્વસ્થતા, પ્રતિભા અને વિચાર-સામર્થ્ય હશે તે મુજબનું બાળકનું શરીર, તેનું મગજ અને તેનો સ્વભાવ વગેરેનું ઘડતર થશે. સ્ત્રીઓ જો અભણ, અવિકસિત અને કૂપમંડુક તેમજ પછાત રહેશે તો તેમના દ્વારા ઉત્પન્ન થયેલ સંતાન પણ એ દોષોવાળા જ થવાનાં. કસ વિનાની જમીનમાં સારો પાક પેદા થઈ શકતો નથી. સારાં ફળોનો બાગ બનાવવો હોય તો સારી ભૂમિની જરૂર ખરી જ.

ગાયત્રીનો 'વ' અક્ષર કહે છે કે જો પુરુષ જાતિ પોતાની ઉન્નતિ ઇચ્છે તો તેણે પહેલાં નારીને શારીરિક, બૌદ્ધિક, સામાજિક તેમજ આર્થિક ક્ષેત્રોમાં પ્રતિભાવાન અને સુવિકસિત બનાવવી જોઈએ. ત્યારે જ પુરુષોમાં પ્રબળતા, સૂક્ષ્મતા, સમૃદ્ધિ, સદ્‌બુદ્ધિ, સદ્‌ગુણ અને મહાનતાના સદ્‌ગુણોનો વિકાસ થઈ શકશે. નારીને પછાત રાખવામાં પોતાના પગ ઉપર કુહાડો મારવા જેવું જ થાય.

**રે-રેવેવ નિર્મલ નારી પૂજનીયા સતા સદા ।**
**યતો હિ સર્વ લોકેઽસ્મિન્ સાક્ષાત્લક્ષ્મીમતા બુધૈઃ ॥૭॥**

સજ્જન પુરુષે હંમેશાં નર્મદા જેવી નિર્મળ નારીની પૂજા કરવી જોઈએ, કારણ કે વિદ્વાન પુરુષોએ સ્ત્રીને જ આ જગતની સાક્ષાત્ લક્ષ્મી માની છે.

સ્ત્રી લક્ષ્મીનો અવતાર છે. જ્યાં સ્ત્રી સુલક્ષણી હોય, બુદ્ધિશાળી હોય, સહકાર આપનારી હોય ત્યાં ગરીબી હોવા છતાં અમીરીનો આનંદ વરસતો રહે છે. દોલત તો નિર્જીવ લક્ષ્મી છે. પરંતુ સ્ત્રી તો લક્ષ્મીની સાક્ષાત્ પ્રતિમા છે. તેને યોગ્ય આદર, સત્કાર અને સંતોષ આપવો જોઈએ.

જેમ નર્મદા નદીનું પાણી હંમેશાં નિર્મળ રહે છે તે જ રીતે ઈશ્વરે નારીનું અંતઃકરણ નિર્મળ બનાવ્યું છે. પરિસ્થિતિઓના દોષને લીધે અથવા કુસંગને કારણે તેમનામાં કોઈવાર વિકાર પેદા થઈ જાય એ ઠીક, પણ જો કારણને બદલી નાખીએ-દૂર કરીએ તો સ્ત્રી-હૃદય ફરી પાછું પોતાની સ્વાભાવિક નિર્મળતા ધારણ કરી જ લે છે. સ્ફટિક મણિને રંગીન મકાનમાં રાખવામાં આવે અથવા તેની પાસે કોઈ રંગીન પદાર્થ ગોઠવવામાં આવે તો તે મણિ પણ તે રંગીન છાયાને કારણે રંગીન દેખાશે, પરંતુ પછી એ છાયા-કારણને ખસેડી લઈએ તો તે શુદ્ધ નિર્મળ સફેદ મણિ જ દેખાશે. એ જ રીતે નારી જ્યારે ખરાબ સ્થિતિમાં ફસાઈ હોય ત્યારે દોષમય દેખાય છે. પરંતુ એ પરિસ્થિતિ દૂર થયા પછી નિર્દોષ અને પવિત્ર બની જાય છે.

વિધવાપણું, કોઈનું મૃત્યુ અથવા ખોટ જેવી આફતો કે ઉપાધિઓ આવતાં નવ પરિણીત વધૂના કમનસીબનો દોષ કાઢવામાં આવે કે તેનાં પગલાં વગોવાય તે તદ્દન અનુચિત જ છે. આવા પ્રસંગોએ તો થવાકાળ છે તે જ થતું હોય છે. સ્ત્રી તો લક્ષ્મીનો અવતાર હોવાને કારણે સદા કલ્યાણી અને મંગળમય છે. ગાયત્રીનો 'રે' અક્ષર નારી-સન્માનની અભિવૃદ્ધિ ઇચ્છે છે જેથી કરીને લોકોને મંગલમય વરદાનની પ્રાપ્તિ થાય.

ણ્ય-ન્યસન્તે યે નરાઃ પાદાન્ પ્રકૃત્યાજ્ઞાનુસારતઃ ।
સ્વસ્થાઃ સન્તસ્તુ તે નૂનં રોગમુક્તા ભવન્તિ હિ ॥૮॥

જે મનુષ્યો કુદરતી આજ્ઞાને ધ્યાનમાં રાખીને પગલું ભરે છે અર્થાત્ કુદરતની આજ્ઞા પ્રમાણે વર્તે છે-જીવે છે, તેઓ સદા રોગમુક્ત રહી તંદુરસ્ત જીવન ગાળે છે.

સ્વાસ્થ્યને સાચવી રાખવાનો અને વધારવાનો રાજમાર્ગ છે. પ્રકૃતિના નિયમો મુજબ ચાલવું. કુદરતી આહાર-વિહાર રાખવો તેમજ કુદરતી જીવન વ્યતીત કરવું. અકુદરતી, અસ્વાભાવિક બનાવટી, દંભી કે વિલાસમય જીવન જીવવાથી લોકો રોગી બને છે અને નાની ઉંમરમાં જ કાળના કોળિયા બની જાય છે.

**પ્રાકૃતિક જીવન જીવવા માટેના નિયમો :-**

(૧) ભૂખ લાગે ત્યારે ખૂબ ચાવીને પેટ થોડું ભૂખ્યું રહે એ રીતે જમવું. (૨) ફળ, શાક, દૂધ, દહીં, થૂલાંવાળું અનાજ અને જુદા જુદા પ્રકારની દાળો જેવો સાદો સાત્ત્વિક ખોરાક લેવો. (૩) કેફી વસ્તુઓ, મરચાં, મસાલા, ચાર પકવાન્ન, મીઠાઈઓ, માંસ વગેરે અભક્ષ્ય વસ્તુઓથી દૂર રહેવું. (૪) શક્તિ મુજબ શ્રમ અને વ્યાયામ કરવો. (૫) શરીર, વસ્ત્રો, મકાન અને અન્ય વપરાશની વસ્તુઓને સારી રીતે સ્વચ્છ રાખવી. (૬) રાત્રે જલદી સૂઈ જવું અને સવારે વહેલા ઊઠવું. (૭) મનોરંજન અને પર્યટન જેવા પ્રસંગો નિર્દોષ વિનોદ માટે મેળવતા રહેવું. (૮) કામવાસના, ચાટણિયા વૃત્તિ, અન્યાય, અપ્રમાણિકતા, ઈર્ષા, દ્વેષ, ચિંતા, ક્રોધ તેમ જ પાપ વગેરેના કુવિચારોમાંથી મનને ખસેડીને સદા સાત્ત્વિકતા અને સદવિચારોમાં બંધાયેલું રાખવું. (૯) સ્વચ્છ હવા પાણીનું સેવન રાખવું. (૧૦) ઉપવાસ, એનિમા, ફળાહાર પાણી, માટી વગેરે કુદરતી ઉપચારો દ્વારા રોગમુક્તિનો ઇલાજ કરવો.

આ દસ નિયમો એવા છે કે જેમને અમલમાં મૂકીને કુદરતી જીવન વિતાવવાથી ગુમાવેલા સ્વાસ્થ્યને ફરી મેળવવું અને મેળવેલા સ્વાસ્થ્યને ટકાવી રાખી વધારતા રહેવું બિલકુલ સરળ બની શકે છે. ગાયત્રીનો 'ણ્ય' અક્ષર આવો જ ઉપદેશ આપે છે.

**ભ-ભવોદ્વિગ્નમના નૈવ હૃદુદ્વેગં પરિત્યજ ।**
**કુરુ સર્વવ્યવસ્થાસુ શાંતં સંતુલિતં મનઃ ॥૯॥**

માનસિક ઉદ્વેગને છોડી દો. બધી જ પરિસ્થિતિઓમાં મનને શાંત અને સમતોલ રાખો.

શરીરની ઉષ્ણતા પ્રમાણ કરતાં વધી જાય તેને આપણે 'તાવ' કહીએ છીએ અને તાવ અનેક બીમારીઓ ઊભી કરે છે. તે પ્રમાણે ઉદ્વેગ, આવેશ, ઉત્તેજના, મદ, આતુરતા વગેરે પણ માનસિક જ્વરનાં લક્ષણો છે. જ્યારે આંધળા આવેશનો આવેગ મનમાં પેદા થાય છે તે વખતે જ્ઞાન, વિવેક, વિચાર વગેરે બધાનો લોપ થઈ જાય છે અને એ સન્નિપાતનો શિકાર બનેલો માણસ ગમે તેમ લવરી કરે છે અને ન કરવા જેવાં અનેક અસ્ત-વ્યસ્ત કાર્યો કરવાં લાગે છે. આવી સ્થિતિ મનુષ્ય જીવનમાં બિલકુલ અનિચ્છનીય ગણાય.

દુઃખો આવતાં લોકો ચિંતા, શોક, નિરાશા, ભય, ગભરાટ, ક્રોધ, કાયરપણું વગેરે દુઃખકર આવેશોના શિકાર બને છે અને ધન-સંપત્તિ વધી જતાં અહંકાર, મદ, મત્સર, અતિશય હર્ષ, અમર્યાદા, નાસ્તિકતા, વિલાસિતા, ઈર્ષા, દ્વેષ વગેરે નાશકારક ઉત્તેજનાઓમાં ફસાય છે. કેટલીક વાર લોભ અને ભોગવૃત્તિનું આકર્ષણ એમને એટલું બધું લોભાવે છે કે એ લોભમાં પડીને છતી આંખે તેઓ આંધળા બની જાય છે. આ ત્રણે પરિસ્થિતિઓમાં મનુષ્યની બુદ્ધિ બહેર મારી જાય છે. આમ તો ઉપરથી તે સારો - નરવો દેખાય છે પણ ખરી રીતે તેની આંતરિક સ્થિતિ ગાંડાઓ,

બાળકો, રોગીઓ અને ઉન્મત્ત લોકોના જેવી જ હોય છે. આવી સ્થિતિ માણસને માટે વિપત્તિ, ત્રાસ, અનિષ્ટ, અનર્થ સિવાય બીજું કંઈ ઉપજાવી શકે નહિ.

આથી જ ગાયત્રીનો 'ભ' અક્ષર એવો સંદેશો આપે છે કે આવેશ અને ઉત્તેજનાથી બચો, દૂર રહો. દૂરંદર્શી, વિવેકી, શાંત અને સ્થિર વૃત્તિવાળા બનો, વાદળની ક્ષણિક છાયાની જેમ રોજબરોજની રંગબેરંગી ઘટનાઓને કારણે તમારી આંતરિક શાંતિમાં ભંગ ન પડવા દેશો. મગજને શાંત રાખો. ચિત્તને સમતોલ રહેવા દો. આવેશથી ઉત્તેજિત થયા વિના તમારા વિવેક અને દૂરદર્શિતા મુજબ તમારી વિચારધારા અને કાર્યપદ્ધતિને યોગ્ય રીતે સ્થિર બનાવો.

**ગો-ગોપ્યાઃ સ્વીયા મનોવૃત્તિર્નાસહિષ્ણુર્નરો ભવેત્ ।**
**સ્થિતિમન્યસ્ય ચ વીક્ષ્ય તદનુરૂપતાં ચરેત ॥૧૦॥**

પોતાની વૃત્તિઓને છુપાવવી ન જોઈએ. મનુષ્યે અસહનશીલ ન બનવું જોઈએ. બીજાની સ્થિતિ જોઈને તે પ્રમાણે આચરણ કરવું જોઈએ.

પોતાની મનોવૃત્તિઓને છુપાવવી તે છળ છે, કપટ છે અને પાપ છે. જેવું અંતરમાં હોય તેવું બહાર પ્રકટ કરવું, એ પાપમાંથી છૂટવાનો મોટો રાજમાર્ગ છે. સ્પષ્ટ કહી દેનારા સાચેસાચું સંભળાવી દેનારા, હોય તેવું જ હોઠે આણનારા લોકો ભલે કોઈને ગમે તેટલા ખરાબ લાગે પણ તેઓ ઈશ્વર આગળ, આત્મા આગળ ગુનેગાર નહિ લેખાય. જે લોકો પોતાની જાત પર, પોતાના આત્મા પર અસત્યનું આવરણ ચઢાવે છે તેઓ એક રીતે આત્મઘાતી છે. કોઈ વ્યક્તિ કદાચ વધારે દુષ્ટ હોય તો પોતાના કેટલાક આત્મીય અને વિશ્વાસુ માણસો રાખે જ છે. એવા થોડાક આત્મીય અને વિશ્વાસુ માણસો આગળ એ પોતાની ખાનગી વાતો જાહેર કરીને મનની હળવાશ અનુભવે છે. દરેક મનુષ્યે પોતાના આવા થોડાક આત્મીયજનો, મિત્રો અને વડીલો રાખવા જોઈએ.

દરેક મનુષ્યનો દૃષ્ટિકોણ, વિચાર, અનુભવ, જ્ઞાન, સ્વાર્થ રુચિ અને સંસાર જુદો જુદો હોય છે. આથી દરેકની વિચારસરણી સરખી ન હોઈ શકે. આ તથ્યનો ખ્યાલ રાખીને જ બીજાઓ પ્રત્યે સહનશીલતા દાખવવી જોઈએ. પોતાની સાથે ગમે તેટલો મતભેદ રાખનાર મનુષ્યને મૂર્ખ, અજ્ઞાની, દુરાગ્રહી અથવા વિરોધી માની લેવાની વૃત્તિ યોગ્ય નથી. એવી અસહિષ્ણુતા અને ઝઘડાઓનું મૂળ બને છે. એકબીજાના દૃષ્ટિકોણના ભેદને સમજી લઈ બનતા પ્રયત્ને સમાધાન વૃત્તિ રાખી કોઈ મધ્યમ માર્ગ શોધવો જોઈએ. આમ છતાંય મતભેદ રહેવા પામે તો તેને ધીમે ધીમે ભવિષ્યમાં દૂર કરવાના ખ્યાલે તત્કાળ મનમાંથી કાઢી નાખવો જોઈએ.

જગતમાં બધા પ્રકારની પ્રકૃતિના લોકો હોય છે. મૂર્ખ, વિદ્વાન, રોગી, તંદુરસ્ત, પાપી, પુણ્યાત્મા, કાયર, વીર, કટુતાવાદી, નમ્ર, ચોર, પ્રામાણિક, આદરણીય, સ્વધર્મી, દયાપાત્ર, દંડ કરવા લાયક, શુષ્ક, રસિક, ભોગી, ત્યાગી વગેરે પરસ્પર વિરોધી પ્રકારના મનુષ્યો જગતમાં છે. એમની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમની સાથે તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. તે જ મુજબ તેમની સાથે વાણી, વ્યવહાર અને સહકાર વગેરે રાખવા જોઈએ. એમની સ્થિતિ મુજબ એમને માટે શક્ય એવી સલાહ આપવી જોઈએ. બધાંની સાથે એકસરખી રીતે વર્તી શકાય નહીં. વળી બધા એકસરખા માર્ગે ચાલી પણ ન શકે. ગાયત્રીનો 'ગો' અક્ષર આપણને આ બધું શીખવાડે છે.

**દે-દેયાનિ સ્વવશે પુંસા સ્વેન્દ્રિયાણ્યખિલાનિ વૈ ।**
**અસંયતાનિ ખાદન્તી ન્દ્રિથાણ્યેતાનિ સ્વામિનમ્ ॥૧૧॥**

મનુષ્ય પોતાની બધી જ ઇન્દ્રિયોને વશમાં રાખવી જોઈએ કારણ કે એ ઇન્દ્રિયો અવશ્ય પોતાના સ્વામીને ખાઈ જાય છે.

ઇન્દ્રિયો આત્માનાં હથિયાર છે, ઘોડા છે અથવા તેના સેવક છે. પરમાત્માએ આત્માની

જરૂરિયાતો પૂરી થાય અને મનુષ્યને સુખ મળે એટલા માટે ઇન્દ્રિયો આપી છે. બધી જ ઇન્દ્રિયો ઉપયોગી છે બધી જ ઇન્દ્રિયોનું કામ આત્માને ઉન્નતિ અને આનંદ પ્રદાન કરવાનું છે. જો એ ઇન્દ્રિયોનો સદુપયોગ થાય તો ક્ષણ ક્ષણ માનવ જીવનનો મધુર રસ ચાખતાં ચાખતાં પ્રાણી પોતાના ભાગ્યને વખાણ્યા જ કરે.

કોઈ પણ ઇન્દ્રિયનો ભોગ એ પાપ નથી. ખરી વાત તો એ છે કે અંતઃકરણની વિવિધ ક્ષુધાઓને કે તૃષ્ણાઓને તૃપ્ત કરવા માટે ઇન્દ્રિયો તો એક માધ્યમ છે. જેમ પેટની ભૂખ તરસને સંતોષીએ નહિ તો શરીરની સમતુલા જળવાય નહિ, એ જ રીતે સૂક્ષ્મ શરીરની ભૂખ યોગ્ય રીતે તૃપ્ત કરવામાં ન આવે તો આંતરિક ક્ષેત્રની સમતુલા બગડી જાય અને અનેક માનસિક રોગો ઉત્પન્ન થાય છે.

તે ઇન્દ્રિય ભોગોની જ્યાં નિંદા જ કરવામાં આવી છે અને વાસનાઓનું દમન કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. એનું ખરું તાત્પર્ય એ છે કે અનિયન્ત્રિત ઇન્દ્રિયો સ્વાભાવિક અને જરૂરી મર્યાદા ઓળંગીને એવી ચંચળ બની જાય છે કે તેઓ તંદુરસ્તી અને ધર્મને માટે સંકટ ઊભા કરે છે અને મનમાન્યું જ કરે છે. આજકાલ મોટા ભાગના મનુષ્યો આ જ રીતના ઇન્દ્રિયોના દાસ છે તેઓ પોતાની વાસનાઓ પર કાબૂ રાખી શકતા નથી. બેકાબૂ બનેલી ઇન્દ્રિયો પોતાના માલિકને ખાઈ જાય છે.

ગાયત્રીનો 'દે' અક્ષર પોતાની જાત ઉપર કાબૂ રાખવાનો ઉપદેશ આપે છે. ઇન્દ્રિયો ઉપર આપણો કાબૂ હોય તેઓ ફાવે તેમ વર્તીને આપણને ફાવે ત્યારે ને ફાવે ત્યાં ખેંચી જઈ ન શકે એમ થવું જોઈએ. આપણને જ્યારે યોગ્ય લાગે ત્યારે ઉચિત રીતે આંતરિક ભૂખની શાંતિ માટે તેમનો ઉપયોગ કરી શકીએ એનું જ નામ ઇન્દ્રિય નિગ્રહ છે. વશ થયેલી ઇન્દ્રિયો જેવો સાચો મિત્ર બીજો કોઈ નથી. એવી જ રીતે બેકાબૂ ઇન્દ્રિયોના જેવો ભયંકર દુશ્મન પણ બીજો કોઈ ન હોઈ શકે.

**વ-વસ નિત્યં પવિત્રઃ સન્ બાહ્યાડભ્યન્તરતસ્તથા ।**
**યતઃ પવિત્રતાયાં હિ રાજતેડતિપ્રસન્નતા ॥૧૨॥**

મનુષ્યે બહાર ને અંદર બધી જ રીતે પવિત્ર થઈને રહેવું જોઈએ. પવિત્રતામાં જ પ્રસન્નતા રહેલી છે.

પવિત્રતા ! આહા ! કેવો શીતળ, શાંતિદાયક તેમજ ચિત્તને પ્રસન્ન અને હલકું ફૂલ બનાવી દેનારો શબ્દ છે. કૂડો-કચરો, મેલ, વિકાર, પાપ, ગંદકી, દુર્ગંધ, અવ્યવસ્થા, ભેળસેળ વગેરેને સાફસૂફ કરીને કાઢી નાખ્યા પછી જે સ્વચ્છતા, સફાઈ અને પવિત્રતા સ્થાપવામાં આવે ત્યારે પહેલાંની સ્થિતિમાં કેટલો બધો ફેરફાર થઈ જાય છે.

મલિનતા તો અંધ તામસિકતાની પ્રતીક છે. આળસ, દરિદ્રતા, પાપ અને પતન જ્યાં હોય ત્યાં જ મલિનતા કે ગંદકીનો વાસ હોય જે લોકો આવા દરિદ્ર, આળસુ કે પાપી છે તેમનાં વસ્ત્રો તેમનાં ઘર, તેમની ચીજ - વસ્તુઓ, તેમનાં શરીર અને મન બધામાં ગંદકી અને અવ્યવસ્થા જ ભરેલી હોય છે. આથી ઊલટું જ્યાં ચૈતન્ય, સજાગતા, સુરુચિ અને સાત્ત્વિકતા હશે ત્યાં સૌ પહેલાં સ્વચ્છતા હોવાની જ. સફાઈ, સાદાઈ, વ્યવસ્થિતતા અને સુયોગ્ય ગોઠવણનું નામ જ પવિત્રતા છે.

મલિનતા તરફ તિરસ્કાર હોવો જોઈએ, સાથે સાથે મલિનતાને દૂર કરવાની રુચિ પણ હોવી જોઈએ. જેઓ ગંદકીને અડકવામાં કે તેને ઉપાડીને દૂર કરવામાં સંકોચ રાખે છે તેઓ કદી સ્વચ્છતા રાખી શકશે જ નહીં. મનમાં, શરીરમાં, વસ્ત્રોમાં અને સમાજમાં ક્ષણે ક્ષણે ગંદકી પેદા થતી જ રહે છે. દરેક ક્ષણે આ બધામાં ભાંગફોડ કે જીર્ણતાનાં લક્ષણો પ્રગટ થતાં જ રહે છે. જો વારંવાર અને જલદી જલદી એ મલિનતા દૂર કરવામાં ન આવે, ભાંગીતૂટી ગયેલી સ્થિતિઓનો જીર્ણોદ્ધાર કરવામાં

ન આવે તો ગંદકી વધતી જ જશે અને સ્વચ્છતાની આપણી ઇચ્છા માત્ર કલ્પનામાં જ બની રહેશે.

ગાયત્રી 'વ' અક્ષર સ્વચ્છતાનો સંદેશો આપે છે. સ્વચ્છ શરીર, સ્વચ્છ વસ્ત્ર, સ્વચ્છ ઘર, સ્વચ્છ સામાન, સ્વચ્છ ધંધો, સ્વચ્છ વિચાર, સ્વચ્છ વ્યવહાર વગેરે સર્વમાં જ્યાં જ્યાં આવી સ્વચ્છતાઓનો વાસ હોય તે તે પવિત્રતાઓ પાપરહિત જીવન વિતાવતાં વિતાવતાં પુણ્યગતિને પામે છે.

**સ્યં-સ્યન્દનં પરમાર્થસ્ય પરાર્થો હિ બુધૈર્મતિઃ ।**
**યોऽન્યાન્ સુખયતે વિદ્વાન્ તસ્ય દુઃખં વિનશ્યતિ ॥૧૩॥**

બીજાઓની જરૂરિયાતો પૂરી કરવી તે પરમાર્થનો રથ છે એમ બુદ્ધિમાનોએ કહ્યું છે. જે વિચારવાન મનુષ્ય બીજા લોકોને સુખ આપે છે તેનું દુઃખ નષ્ટ થઈ જાય છે.

લોક વ્યવહારના ત્રણ માર્ગો છે : (૧) અર્થ - એમાં બંને પક્ષ સમાન રીતે આદાન-પ્રદાન કરે છે. (૨) સ્વાર્થ - આમાં બીજાઓને નુકસાન પહોંચાડીને પોતાનો લાભ જોવાય છે. (૩) પરમાર્થ - પોતાનું નુકસાન વહોરીને પણ બીજાઓને લાભ પહોંચાડવો તેનું નામ પરમાર્થ. સ્વાર્થમાં ચોરી, કપટ, અપહરણ, શોષણ અપ્રામાણિકતા વગેરે જણાય છે. પરમાર્થમાં દાન, સેવા, શિક્ષણ વગેરેની ગણતરી થાય છે.

અર્થ (આજીવિકા) આપણું નિત્યકર્મ છે. તેના વિના જીવનયાત્રા પણ નભી શકે નહિ. આહાર, નિદ્રા, ભોજન, મળત્યાગ વગેરેની જેમ તે સ્વાભાવિક હોવાને કારણે તેને માટે કોઈ વિધિ - નિષેધ હોતો નથી. તે તો દરેકને કરવાનું હોય જ છે. સ્વાર્થ ત્યજવા જેવો છે, નિંદનીય છે, પાપમૂલક છે, તેનાથી બને તેટલા પ્રયત્ને બચતા રહેવું જોઈએ. પરમાર્થ તો કર્તવ્ય છે. તેનાથી આપણો ત્યાગ તેમજ ઉદારતા વધે તથા આપણો આત્મકલ્યાણનો ધર્મમાર્ગ હાથ લાગે છે. આનાથી બીજાઓને લાભ થાય છે. તેથી તેઓ પણ ખુશ થઈને બદલામાં ઉપકાર કરે છે, પ્રશંસા કરે છે ને આદર કરે છે તથા આપણા ઉપકાર તળે રહે છે.

ગાયત્રીનો 'સ્વ' વર્ણ આવા પરમાર્થની શિક્ષા આપે છે. દરેક માણસ અર્થોપાર્જન કરતો રહીને સ્વાર્થથી દૂર રહે અને પરમાર્થ માટે યથાશક્તિ પ્રયત્ન કરતો રહે એ તેનું કર્તવ્ય છે. પોતાનું પેટ તો પશુ-પક્ષીઓ પણ ભરી જાણે છે. પરંતુ જેઓ પરમાર્થ કરી શકે છે તેઓ જ પ્રશંસાને પાત્ર બને છે.

**ધી-ધીરસ્તુષ્ટો ભજેન્નૈવ હ્યેકસ્યાં હિ સમુન્નતૌ ।**
**ક્રિયતામુન્નતિસ્તેન સર્વાસ્વાશાસુ જીવને ॥૧૪॥**

ધીર પુરુષે એક જ પ્રકારની ઉન્નતિથી સંતુષ્ટ રહેવું ન જોઈએ. મનુષ્યે જીવનની બધી જ દિશાઓમાં ઉન્નતિ કરતા રહેવું જોઈએ.

જેમ શરીરનાં અનેક અંગો હોય છે અને તે બધાંની વૃદ્ધિ થવી જરૂરી હોય છે એવી જ રીતે જીવનની અનેક બાજુઓ હોય છે અને એ બધી જ બાજુઓનો વિકાસ થવો એ સર્વાંગી ઉન્નતિનું ચિહ્ન છે. જો પેટ ખૂબ મોટું થઈ જાય અને હાથપગ પાતળા જ રહે તો આ અસમાનતા જોઈને આનંદ નહિ થાય, ઊલટી ચિંતા થવાની. એ જ રીતે કોઈ માણસ ફક્ત પહેલવાન બને તો તેની એ એક જ દિશાની ઉન્નતિ પૂરતી નહિ ગણાય. એ પહેલવાન જો ભિખારી હોય તો શા કામનો ? જે વિદ્વાન યોગી જ રહેતો હોય તેની વિદ્યા શા કામની ? જેની પાસે વિદ્યા કે તંદુરસ્તીનું નામ-નિશાન ન હોય એવા ધનવાન માણસને પણ સુખ ક્યાંથી હોઈ શકે ?

ફક્ત એક બે બાજુની ઉન્નતિ માટે અત્યંત પ્રયત્ન કરવો અને બીજી દિશાઓની અવગણના કરવી, તે બાજુઓ તરફ બેદરકાર રહેવું એ યોગ્ય નથી જ. જેમ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ,

ઈશાન, વાયવ્ય, નૈઋત્ય, અગ્નિ એ આઠ દિશાઓ છે તે જ પ્રમાણે જીવનની પણ આઠ દિશાઓ છે - આઠ બળ છે. (૧) સ્વાસ્થ્યબળ, (૨) વિદ્યાબળ, (૩) ધનબળ, (૪) મિત્રબળ, (૫) પ્રતિબળ, (૬) ચતુરતાબળ, (૭) સાહસબળ, (૮) આત્મબળ, આ આઠે બળોનો યોગ્ય પ્રમાણમાં સંગ્રહ થવો જોઈએ. ખેડૂત પોતાના ખેતરને બધી જ બાજુએથી સાચવે છે, ચતુર સેનાપતિ યુદ્ધ ક્ષેત્રના બધા જ મોરચાઓનું રક્ષણ કરે છે તે જ પ્રમાણે જીવનરૂપી યુદ્ધના આ આઠે મોરચા સાવધાનીપૂર્વક રક્ષવા જોઈએ અને તેમને મજબૂત બનાવવા જોઈએ. ગમે તે ખૂણે ભૂલ થઈ તો તે ખૂણેથી શત્રુ આક્રમણ કરશે અને એટલી ભૂલને કારણે પણ હારી જવાની શક્યતા ઊભી થઈ જશે.

ગાયત્રીનો 'ધી' શબ્દ આપણને સજાગ બનાવે છે કે આ આઠે પ્રકારનાં બળ વધારી આઠ મોરચા તરફ જાગૃત બનો. અષ્ટભુજા દુર્ગા માતાની ઉપાસના કરો. આઠે દિશાઓનું રક્ષણ કરો. ત્યારે જ સર્વાંગી ઉન્નતિ થશે. આ રીતની સર્વાંગી ઉન્નતિ જ સાચી ઉન્નતિ ગણાય, કોઈ એક એક અંગને સશક્ત બનાવવું અને બીજાં અંગો તરફ દુર્લક્ષ રાખવું એ ડહાપણની વાત નથી.

**મ-મહેશ્વરસ્ય વિજ્ઞાય નિયમાન્ન્યાય સંયુતાન્ ।**
**તસ્ય સત્તાં ચ સ્વીકુર્વન્ કર્મણા તમુપાસયે ત ॥૧૫॥**

પરમાત્માના ન્યાયપૂર્ણ નિયમોને સમજીને અને તેમની સત્તાનો સ્વીકાર કરીને તે પરમાત્માની ઉપાસના કરવી જોઈએ.

પરમાત્માના નિયમો ન્યાયી હોય છે. આ સૃષ્ટિમાં પરમાત્માનાં મુખ્ય કાર્ય બે છે : (૧) સૃષ્ટિને નિયમબદ્ધ રાખવી અને (૨) કર્મોનાં યોગ્ય ફળ આપવાં. ઈશ્વરનાં આ બે મુખ્ય કાર્યોને સમજીને જે પોતાની જાતને નિયમોને આધીન બનાવે છે, કુદરતના કઠોર નિયમોને ધ્યાનમાં રાખે છે, સામાજિક, રાજકીય, ધાર્મિક, લોકહિતના કાયદાઓ અને કાનૂનોને માને છે તે એક રીતે ઈશ્વરને પ્રસન્ન કરવાનું જ કામ કરે છે. આ જ રીતે જે માણસ એ સમજે છે કે ગમે ત્યારે ન્યાયની કચેરીમાં ઊભા રહેવું જ પડશે અને સારાં ખોટાં કર્મો મુજબ સુખ-દુઃખ નિશ્ચિત રીતે મળવાનાં જ છે, તે ઈશ્વરની નજીક પહોંચે છે. કામ કરવાથી જ તેનો બદલો મળે. જે પરસેવો પાડશે, પરિશ્રમ કરશે, પુરુષાર્થ, ઉદ્યમ અને ચતુરાઈ વધારશે તેને તેના પ્રયત્ન પ્રમાણે તેના કાર્યમાં સફળતા મળશે.

પરમાત્માની પૂજા - ઉપાસનાની જેટલી સાધનાઓ છે, જેટલા કર્મકાંડો છે એ બધાંનું તાત્પર્ય એ જ છે. સાધક પરમાત્માના અસ્તિત્વ પર, તેની સર્વજ્ઞતા અને સર્વ વ્યાપકતા પર વિશ્વાસ રાખે. આ વિશ્વાસ જેટલો દૃઢ હશે તેટલા પ્રમાણમાં જ પરમાત્માના નિયમ અને ન્યાયનું સ્મરણ તેને રહેશે. આ બંને અર્થાત્ પરમાત્માના નિયમ અને ન્યાયની કઠોરતા અને નિશ્ચિતતા વિશે વિશ્વાસ થવો એ સન્માર્ગ પર ચાલવાની પ્રેરણાનો મૂળ હેતુ છે. જેને ખાતરી હોય કે કર્મનું ફળ મોડું - વહેલું મળવાનું જ છે તે કદી આળસુ અથવા કુકર્મી થઈ શકતો નથી. જે માણસ આ આળસ અને કુકર્મોથી જેટલા પ્રમાણમાં દૂર રહી શકે એટલા પ્રમાણમાં જ એ ઈશ્વરનો મોટો ભક્ત ગણાય. ગાયત્રીનો આ 'મ' અક્ષર ઈશ્વરોપાસનાના આ રહસ્યની સ્પષ્ટતા કરે છે. એ સમજાવે છે કે આપણે ઈશ્વરના ન્યાય અને નિયમનું ધ્યાન રાખતાં રાખતાં જ સન્માર્ગ પર ચાલવું જોઈએ.

**હિ-હિતં મત્વા જ્ઞાનકેન્દ્રં સ્વાતંત્ર્યેણ વિચારયેત ।**
**નાન્ધાનુસરણં કુર્યાત્ કદાચિત્ કોડપિ કસ્યચિત્ ॥૧૬॥**

જ્ઞાનને હિતકર સમજીને સ્વતંત્રતાપૂર્વક વિચાર કરવો જોઈએ. કોઈએ કદી પણ કોઈનું અનુકરણ કરવું જોઈએ નહિ.

દેશ, કાળ, પાત્ર, અધિકાર અને પરિસ્થિતિ પ્રમાણે માનવ જાતિના પ્રશ્નના ઉકેલ માટે વિવિધ

પ્રકારના નિયમો, ધર્મના આદેશો, કાયદાઓ અને પ્રથાઓનું નિર્માણ તેમજ ચલણ થાય છે. પરિસ્થિતિ બદલાતાં એ પ્રથાઓ અને માન્યતાઓમાં ફેરફારો થતા રહે છે. આદિકાળથી માંડીને આજ સુધી અનેક પ્રકારની શાસન- પદ્ધતિઓ, ધર્મધારણાઓ, રીતરિવાજો તથા પરંપરાઓ બદલાઈ છે. સમયે સમયે જે-જે પરિવર્તનો થાય છે એ બધાનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં મળે છે. આથી જ એ બધા ગ્રંથોમાં વિરોધી વાતો જોવા મળે છે. ખરી રીતે વિરોધ તો કશો જ નથી પરંતુ ભિન્ન ભિન્ન સમયોમાં જુદાં જુદાં કારણોએ જે પરિવર્તનો રીતરિવાજો થતા રહ્યા છે, તેનો ઉલ્લેખ પુસ્તકોમાં મળે છે, પણ એ પરિવર્તનો, ક્યારે ક્યારે થયાં એ વાત તેમાં બતાવવામાં આવી નથી. એ ગ્રંથોમાં સમયનો ઉલ્લેખ થયો હોત તો ગ્રંથોમાં પરસ્પર વિરોધ લાગત જ નહિ અને વાચકો સમજી લેત કે આ ભેદ તો માત્ર દેશ, કાળ અને પરિસ્થિતિને કારણે જ છે.

પ્રથાઓ તો સમાજના યોગ્ય રીતે સંચાલન માટે જ હોય છે. માનવજાતિની સુવ્યવસ્થા માટે જ એ બનાવવામાં આવી હોય છે. એ પ્રથાઓને અપરિવર્તનીય માનીને સદાકાળ માટે અમિટ ધર્મ માની લેવાવી જોઈએ એવું નથી. જગતમાં આદિકાળથી જ સતત પરિવર્તનો થતાં રહ્યાં છે. કેટલાયે રિવાજો આજના જમાનામાં અયોગ્ય છે. મોહને લીધે એવા રિવાજોની પરંપરા ચાલુ રાખવામાં માત્ર અંધાનુકરણ જ રહેલું છે. એમ ન જ કરવું જોઈએ.

ગાયત્રીનો 'હિ' અક્ષર કહે છે કે મનુષ્ય સમાજના હિતનો ખ્યાલ રાખીને, દેશકાળની સ્થિતિ મુજબ પરંપરાઓને, પ્રથાઓને બદલી શકાય છે. હિંદુ-સમાજમાં આજે એવી અસંખ્ય પ્રથાઓ છે જેમને બદલવાની અત્યંત આવશ્યકતા છે.

**ધિ-ધિયા મૃત્યું સ્મરન્ મર્મ જાનીયાજ્જીવનસ્ય ચ ।**
**તદા લક્ષ્યં સમાલક્ષ્ય પાદૌ સન્તતમાક્ષિપેત્ ॥૧૭॥**

બુદ્ધિથી મૃત્યુને યાદ રાખીને જીવનના મર્મને સમજવો જોઈએ. આમ કરીને જ પોતાના લક્ષ્યને નક્કી કરીને તે તરફ પગ આગળ વધારવો જોઈએ. અર્થાત્ નિરંતર પોતાના લક્ષ્ય તરફ આગળ વધતાં રહેવું જોઈએ.

જીવન અને મૃત્યુના રહસ્યને વિવેકપૂર્વક ગંભીરતાથી સમજવું જોઈએ. મૃત્યુ એ ડરવાનો વિષય નથી. એને ધ્યાનમાં રાખવું જરૂરી છે કોણ જાણે ક્યારે મૃત્યુ સામે આવીને ઊભું રહે અને આપણે કૂચ કરવી પડે. એથી જેટલો સમય આપણા હાથમાં હોય તેનો સારામાં સારો ઉપયોગ કરી લેવો જોઈએ. ધન, યૌવન વગેરે બધું અસ્થિર છે. એક નાના સરખા રોગ અથવા નુકસાનથી આપણો વિનાશ થઈ શકે. એથી એ બધાનું અભિમાન ન કરવું, તેમને એવાં કાર્યોમાં જોડવા જોઈએ, જેથી ભવિષ્યમાં આપણાં સુખ-શાંતિમાં અભિવૃદ્ધિ થતી રહે.

જીવન એક નાટક છે અને મૃત્યુ તેના પર પડનારો પડદો છે. એ નાટકમાં આપણે એવી રીતે પાઠ ભજવવો જોઈએ કે જેથી બીજાઓને આનંદ મળે ને આપણાં વખાણ થાય. નાટકના ખેલમાં અનેક સુખ-દુઃખોથી ભરેલા પાઠ ભજવવાનો પ્રસંગ આવે છે. પણ અભિનય કરનારને ખબર હોય કે આ તો ખાલી પાઠ જ છે, આમાં કંઈ સાચું નથી તેથી સુખના અભિનયમાં ફુલાઈ જતો નથી તે દુઃખના અભિનયમાં દુઃખી થઈ જતો નથી. પરંતુ પોતાની કુશળતા પ્રકટ કરવામાં નાટ્યસફળતામાં આનંદનો અનુભવ કરે છે. જીવનરૂપી નાટકનો અભિનય પણ એ જ પ્રમાણે કરવો જોઈએ. દરેક સમયે રોજબરોજનાં સુખ-દુઃખનું કંઈ મહત્ત્વ હોતું નથી. એ તરફ બિલકુલ ધ્યાન ન આપતા પોતાની કાર્યકુશળતા બતાવવા માટે આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. મૃત્યુ આપણા જીવનનું છેલ્લું મહેમાન છે. તેના સ્વાગત માટે સદા તૈયાર રહેવું જોઈએ. પોતાની કાર્યપદ્ધતિ એવી હોવી જોઈએ કે ગમે તે સમયે મૃત્યુ સામે આવીને ઊભું રહે તો તૈયારીમાં ખામી અનુભવાવી જોઈએ નહિ.

ગાયત્રીનો 'ધિ' અક્ષર જીવન અને મૃત્યુના સત્યને સમજાવે છે. જીવન એવું બનાવો કે જેથી મૃત્યુ વખતે પશ્ચાત્તાપ ન થાય. જેઓ વર્તમાનકાળ કરતાં ભવિષ્યકાળને ઉત્તમ બનાવવામાં પ્રયત્નશીલ છે તેઓ જીવન અને મૃત્યુના રહસ્યને સારી રીતે જાણે છે.

**યો-યો ધર્મો જગદાધારઃ સ્વાચરણે તમાનય ।**
**મા વિડમ્બયત સોડસ્તિ હ્યેકો માર્ગે સહાયકઃ ॥૧૮॥**

'જગત જેને આધારે ટકી રહ્યું છે એવા ધર્મનું આચરણ કરો. તેની ઉપેક્ષા કરશો નહિ. તે તમારા જીવનમાર્ગમાં એક માત્ર અજોડ સહાયક છે.'

ધર્મ જગતનો આધાર છે. તેના ઉપર વિશ્વનો સઘળો ભાર છે. જો ધર્માચરણ જગતમાંથી પરવારી જાય અને બધા લોકો અધર્મી બની જાય તો એક ક્ષણ માટે પણ કોઈને શાંતિ રહે નહિ. બધાને પોતાના પ્રાણ બચાવવા અને બીજાને લૂંટવા રૂપ ઘંટીના પાટાની વચ્ચે પિસાવું પડે. આજે અનેક મનુષ્યો છાનાછાના અધર્મનું આચરણ કરે છે. પરંતુ તેઓને છડેચોક અધર્મી ગણાવાનું પસંદ પડતું નથી. ખોટાં કામ પણ ધર્મની ઓથે જ થઈ શકે છે. આથી એમ સાબિત થાય છે કે ધર્મ એ એક એવી મજબુત વસ્તુ છે કે જેનો આશ્રય લઈને, જેનો આડંબર કરીને દુષ્ટ અને દુરાચારી લોકો પણ પોતાનો બેડો પાર કરી શકે છે. આપણે એવા મજબૂત આધારને જ આપણું શરણ બનાવવો જોઈએ.

કેટલાક લોકો કર્મકાંડ, પૂજાપાઠ અથવા તીર્થ, વ્રત કે દાન-દક્ષિણા આદિને ધર્મનો વિષય ગણે છે અને થોડોક સમય આવાં બધાં કામોમાં ગાળીને બીજો બધો સમય અધર્માચરણમાં ગાળે છે અને એવા થોડા સમયને બાદ કરતાં બાકીનો સમય અનીતિ વગેરે માટે સ્વતંત્રતા મળી ગઈ છે એમ માનીને જીવે છે. આવા ખ્યાલ એ ખરેખર એક ભ્રાંતિ છે. ધર્મ માત્ર પૂજાપાઠમાં જ આવી જતો નથી. પરંતુ તેનો ઉપયોગ તો આપણી દરેક વિચારસરણી અને કાર્યપદ્ધતિમાં સંપૂર્ણ રીતે થવો જોઈએ.

ગાયત્રીનો 'યો' અક્ષર સમજાવે છે કે ધર્મનો ઉપહાસ ન કરો તેને આડંબર ન બનાવો. એને જીવનમાં એકરસ કરી દો. જે કંઈ વિચારો, જે કંઈ કરો તે ધર્મને અનુકૂળ જ કરો. શાસ્ત્ર કહે છે કે ધર્મો રક્ષિત રક્ષિતઃ - ધર્મનું પાલન કરીએ તો જ એ ધર્મ આપણું રક્ષણ કરે અને ધર્મને જો આપણે હણીએ તો ધર્મ પણ આપણને હણે છે. આ તથ્યને સમજીને આપણે ધર્મને જ જીવન નીતિ બનાવવી જોઈએ.

**યો-યોજન વ્યસનેભ્યઃ સ્યાત્તાનિ પુંસસ્તુ શત્રવઃ ।**
**મિલિત્વૈતાનિ સર્વાણિ સમયે ઘ્નન્તિ માનવમ્ ॥૧૯॥**

'વ્યસનોથી ચાર ગાઉ દૂર રહેવું. કેમ કે વ્યસનો મનુષ્યના શત્રુ છે. એ બધાં મળીને કોઈ વખત મનુષ્યને મારી નાખે છે.'

વ્યસનો મનુષ્યનાં પ્રાણઘાતક દુશ્મન છે. વ્યસનોમાં માદક પદાર્થો મુખ્ય છે. તમાકુ, ગાંજો, ભાંગ, અફીણ, દારૂ વગેરે માદક પદાર્થો એક કરતાં એક વધારે ભયંકર નુકસાનકારક છે. આ બધાથી ક્ષણિક ઉત્તેજના મળે છે. જે માણસોની જીવનશક્તિ ક્ષીણ અને અશક્ત બની જાય છે તેમને શિથિલતા અને અશક્તિનો અનુભવ થાય છે. એનો ઈલાજ તો માત્ર એક જ છે કે આહારવિહારમાં અનુકૂળ ફેરફાર કરીને શક્તિ ભેગી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, પરંતુ અજ્ઞાની મનુષ્યો તો એ માર્ગ કરતાં અવળો માર્ગ ગ્રહણ કરે છે. તેઓ તો થાકેલા ઘોડાને ચાબુક મારી મારીને ચલાવવાનો પ્રયત્ન કરે છે અને ચાબુકને શક્તિનું કેન્દ્ર માનવાની ભૂલ કરે છે. માદક વસ્તુઓ મગજને મૂર્છિત બનાવે છે. આવી મૂર્છામય સ્થિતિમાં જે શિથિલતા કે ઢીલાશ આવે છે તેથી માણસને તત્કાળ પીડાનો

અનુભવ થતો નથી. આ તો ચાબૂકવાળી રીત થઈ ગણાય. માણસ એમ માને છે કે એ માદક વસ્તુઓથી મને શક્તિ મળે છે. પરંતુ ખરેખર બળ કે શક્તિ મળતી નથી, ઊલટું રહીસહી શક્તિ એકદમ ઉશ્કેરાઈને જલદી નષ્ટ થઈ જાય છે. માદક પદાર્થો લેનારો મનુષ્ય જલદી જલદી ક્ષીણ થતો જાય છે અને છેવટે તેને અકાળ મૃત્યુને વશ થવું પડે છે. વ્યસનો મિત્રના રૂપમાં શરીરમાં દાખલ થાય છે અને પછી શત્રુ બનીને શરીરને બરબાદ કરી મૂકે છે.

માદક પદાર્થો સિવાયનાં અન્ય વ્યસનો પણ છે. ટેવો મન અને શરીર બંનેને નુકસાન કરે છે. પરંતુ તેમના તરફના આકર્ષણ અને ટેવને કારણે મનુષ્ય તેમનો ગુલાબ બની જાય છે. માણસ છોડવા પ્રયત્ન કરવા જાય તો તેવી ટેવો છૂટતી નથી. સિનેમા, નૃત્ય, વ્યભિચાર, જાનવરોની સાઠમારી જેવાં કેટલાંય વ્યસનો ગણાવી શકાય. એવી આદતોના શિકાર બનીને કેટલાક લોકો પોતાનાં ધન, સમય અને સ્વાસ્થ્ય બરબાદ કરે છે.

ગાયત્રીનો 'યો' અક્ષર વ્યસનોથી દૂર રહેવાની આજ્ઞા કરે છે. કારણ કે વ્યસનો શરીર અને મન બંનેને બરબાદ કરે છે વ્યસની મનુષ્યની વૃત્તિઓ નીચ માર્ગ તરફ જ વળેલી રહે છે.

**નઃ - નઃ શ્રૃણ્વેકામિમાં વાતા "જાગૃતસ્ત્વં સદા ભવ" ।**
**સપ્રમાદં નરં નૂનં હ્યાક્રામન્તિ વિપક્ષિણઃ ॥૨૦॥**

અમારી આ એક વાત સાંભળો 'તમે હંમેશાં જાગૃત રહો' કારણ કે સૂતેલા મનુષ્ય પર દુશ્મનો નિશ્ચિત રીતે આક્રમણ કરે છે.

અસાવધાની, આળસ અને અદૂરદર્શિતા એ એવી ભૂલો છે કે જેમને અનેક આફતોના જનેતા માની શકાય. અસાવધાન મનુષ્ય પર ચારેબાજુથી આક્રમણો થાય છે. અસાવધાનીમાં એટલાં બધાં આકર્ષણો ભરેલાં છે કે અનેક પ્રકારની હાનિઓ, તેમજ વિપત્તિઓ તેના તરફ ખેંચાઈ આવે છે. અસાવધાન અને આળસુ માણસ એક રીતે અધમૂઓ જ સમજવો. મરેલા મડદાને જોઈને જેમ સમડીઓ, કાગડા, કૂતરાં, શિયાળવાં, ગીધ વગેરે દૂર દૂરથી દોડતાં આવીને ભેગાં થઈ જાય છે તેવી જ રીતે અસાવધ મનુષ્ય ઉપર આક્રમણ કરનારાં તત્ત્વો ગમે ત્યાંથી આવી આવીને હલ્લો જ કરવાનાં.

જે લોકો તંદુરસ્તીના રક્ષણમાં સાવધાન નથી તેમને મોડા વહેલા પણ રોગો આવીને ઘેરી જવાના. જે વ્યાપારીઓ હંમેશની તેજીમંદીની વધઘટનો ખ્યાલ નહિ રાખે તેઓ કોઈ દિવસ ચોક્કસ દેવાળું જ કાઢવાના. જેઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેવા માનસિક શત્રુઓ તરફ આંખ બંધ રાખીને જીવે છે તેઓ ચોક્કસ કોઈ દિવસ કુવિચારો અને કુકર્મોના ખાડામાં પડ્યા વિના રહેવાના જ નથી જેઓ દુનિયાના છળ, કપટ, જૂઠ, ઠગાઈ, લૂંટ, અન્યાય, સ્વાર્થ, બદમાશી વગેરે તરફ બેદરકાર રહે છે તેમને ઉલ્લુ બનાવનાર, છેતરનાર, સતાવનાર કોઈ ચોક્કસ મળવાનું જ. જે લોકો જાગૃત નથી. જેઓ પોતાના સંરક્ષણ માટે પ્રયત્નશીલ નથી રહેતા તેમને દુનિયાનાં દુષ્ટ તત્ત્વો લૂંટી જ લેવાના, બરબાદ જ કરવાનાં.

આથી ગાયત્રીનો 'નઃ' અક્ષર આપણને સાવધાન કરતાં કહે છે કે હોશિયાર, ખબરદાર રહો. તમે શત્રુઓના આક્રમણના શિકાર ના બનો, વિવેકપૂર્વકનો ત્યાગ અને ઉદારતાપૂર્વકનો પરોપકાર તો વાજબી છે, પણ આપણી મૂર્ખાઈથી બદમાશ લોકોના શિકાર બનવું બિલકુલ અયોગ્ય અને પાપમય છે. જેમ સદ્‌ગુણ અને ઉન્નતિ તરફ આગળ વધવાના પ્રયત્ન જરૂરી છે, તેમ પાપ અને ખોટાં કર્મોથી સાવધાન રહેવું, તેમનાથી બચવાનો પ્રયત્ન કરવો અનને જરૂરિયાત ઊભી થાય તો તેમની સામે લડી લેવાની તૈયારી રાખવી પણ જરૂરી છે.

**પ્ર-પ્રકૃત્યા તુ ભવોદારો નાનુદારઃ કદાચન ।**
**ચિન્તયોદાર દૃષ્ટ્યૈવ તેન ચિત્તં વિશુદ્ધ્યતિ ॥૨૧॥**

'સ્વભાવથી જ ઉદાર બનો. કંજૂસ કદી બનશો નહિ. ઉદાર દૃષ્ટિએ જ વિચાર કરતાં શીખો. એમ કરવાથી જ ચિત્ત શુદ્ધ થાય છે.'

પોતાની વાત, પોતાની રીત, પોતાનો રિવાજ પોતાની માન્યતા અને પોતાની જ અક્કલને યોગ્ય તેમજ સાચા માનવા અને બીજા બધા લોકોને મૂર્ખ, ભ્રાંત અને અપ્રામાણિક માનવામાં અનુદારતા, સંકુચિતતા કે કંજૂસાઈ રહેલી છે. પોતાના લાભ માટે દુનિયાનો નાશ થતો હોય તો ભલે થાય, આવી દૃષ્ટિ તો અનુદાર લોકોની જ હોય છે. તેવા લોકો પોતાની જ સગવડ અને ઇચ્છાઓને સર્વોપરી માને છે. બીજાઓની અગવડ અને મુશ્કેલીઓનો તો તેઓને ખ્યાલ હોતો જ નથી.

આવી અનુદારતા પશુતાની સૂચક છે. જિદ્દી, દુરાગ્રહી, ઘમંડી, સ્વાર્થી અને સંકુચિત ભાવનાવાળા માણસોની વાણી ખૂબ જ લૂખી, તેમજ વિચારસરણી સૂકી અને તેમના કામ કર્કશ હોય છે. ગાયત્રીનો સંદેશ સાંભળનાર અને સમજનાર માણસ આવો અનુદાર હોવો જ ન જોઈએ. બીજાઓના વિચારો, તર્કો, સ્વાર્થો અને પરિસ્થિતિઓને સમજીને મતભેદ હોવાં છતાં પણ એમને માન આપતા શીખવું જોઈએ. બીજાઓ પોતાની પરિસ્થિતિ અને સગવડોને કારણે કોઈ એક વાત વિચારે છે, એક મત નિશ્ચિત કરે છે. એ આપણે પોતાની વાતને યોગ્ય માનવા માટે આગ્રહવાળા હોઈએ તો બીજાઓને એમના આગ્રહ માટે કેવી રીતે દોષ દઈ શકીએ ?

ગાયત્રીનો 'પ્ર' અક્ષર કહે છે કે બીજાઓની ભૂલો અને ખામીઓ તરફ આપણે કઠોર બનવું જોઈએ નહિ. ઉદાર બનવું જોઈએ. એમની યોગ્ય ઇચ્છાઓ, જરૂરિયાતો અને માગણીઓ તરફ આપણી સહાનુભૂતિ હોવી જોઈએ. બીજાઓ જે પરિસ્થિતિમાં છે એ પરિસ્થિતિમાં આપણે હોઈએ તો શું થાય તેમ વિચારીએ ? એમ વિચાર કરીને તેમની સાથે ઉદાર બનીને વર્તવું જોઈએ અને મતભેદોને વૈમનસ્યનું કારણ ન બનાવતાં, જેટલે અંશે એકતા શક્ય હોય તેટલા પૂરતો પણ પ્રેમ રાખી તેને વધારતા રહેવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

**ચો-ચોદયત્યેવ સત્સંગો ધિયમસ્ય ફલં મહત ।**
**સ્વમતો સજ્જનૈર્વિદ્વાન્ કુર્યાત પર્યાવૃતં સદા ॥૨૨॥**

'સત્સંગ' બુદ્ધિને પ્રેરણા આપે છે. આ સત્સંગનું ફળ બહુ મોટું છે. આ કારણે વિદ્વાન પોતાની જાતને હંમેશાં સત્પુરુષો દ્વારા ઘેરાયેલી રાખે. અર્થાત્ હંમેશાં સજ્જનોનો સંગ કરે.'

મનુષ્યનું મગજ નિર્મળ જળ જેવું છે. વાતાવરણ, સંસ્કાર અને સાધનો તેને ભિન્ન ભિન્ન દિશાઓ તરફ વાળે છે. પાણીનો પ્રવાહ નાવને ખેંચી જાય છે. હવા જે બાજુએથી વહેતી હોય તે તરફ જ પતંગ જાય છે. મનુષ્ય જે વાતાવરણમાં હરેફરે છે તે તરફ જ તેની વૃત્તિઓ વળે છે અને ધીમે ધીમે તે અનુકૂળ ઢાળમાં ઢળાય છે. જેમ બે બાળકોમાંથી એક કસાઈને ઘેર ઊછર્યું હોય અને બીજું બ્રાહ્મણના ઘરમાં ઊછર્યું હોય, - એ બંનેના ગુણ, કર્મ અને સ્વભાવમાં જમીન - આસમાનનું અંતર દેખાશે. આ પ્રભાવ સંગતિનો છે.

જે લોકો ગુણોમાં ઉન્નતિ કરવાની ઇચ્છા ધરાવતા હોય તેઓએ સારા વાતાવરણમાં જ રહેવાનો આગ્રહ રાખે. સારા માણસોને જ મિત્ર બનાવે, એમની સાથે જ પોતાનો સંપૂર્ણ વ્યવહાર રાખે. શક્ય હોય તો તેમની સલાહ અને ઉપદેશ પ્રમાણે જ જીવવાનો આગ્રહ રાખે. આમ કરવાથી પ્રત્યક્ષ રીતે જ તેમના જેવા ગુણો આપણામાં આવશે અને ઉત્તમ ગુણો વધારતા રહેવાની પ્રેરણા મળતી રહેશે. કુસંગમાં રહેવાથી, ખોટા વાતાવરણના સંપર્કને કારણે આપણામાં મલિનતા વધશે.

આથી કુસંગથી દૂર જ રહેવું સારું છે.

શક્ય હોય ત્યાં સુધી સજ્જનોની સંગતિ વધારતા રહેવા ઉપરાંત સારાં પુસ્તકોનો સ્વાધ્યાય પણ ઉપયોગી છે. સત્સંગનો લાભ ન મળે એમ હોય તો પુસ્તકો વાંચીને પણ સત્સંગનો લાભ મેળવી શકાય છે. એકાંતમાં પોતાની મેળે પણ સારા વિચારોનું ચિંતન-મનન કરીને તથા પોતાના દિમાગને એ દિશામાં પરોવાયેલું રાખીને પણ આત્મ-સત્સંગ થઈ શકે છે. આ બધા જ પ્રકારના સત્સંગ આત્મોન્નતિ માટે જરૂરી છે. ગાયત્રીનો 'યો' અક્ષર સત્સંગનું મહત્ત્વ બતાવે છે અને તે માટે પ્રયત્નશીલ રહેવાનો ઉપદેશ આપે છે.

**દ-દર્શનં હ્યાત્મનં કૃત્વા જાનીયાદાત્મ-ગૌરવમ્ ।**
**જ્ઞાત્વા તુ તત્તાદાત્માનં પુર્ણોન્નતિપથ નયેત્ ॥૨૩॥**

'આત્માના ગૌરવને ઓળખો. એને જાણ્યા પછી આત્માને પૂર્ણ ઉન્નતિના માર્ગ પર આગળ વધારો.'

મનુષ્ય શરીર નાશવંત અને તુચ્છ છે. તેનાં હાનિ-લાભ પણ તુચ્છ અને મહત્ત્વ વગરનાં છે. પરંતુ તેમાં રહેલો આત્મા ઈશ્વરનો અંશ હોવાને કારણે મહાન છે. તેના મહિમા અને મહત્તા એટલા મોટાં છે કે તેમની સરખામણી અન્ય કોઈ વસ્તુ સાથે કરી શકાય નહિ. મનુષ્યનું ગૌરવ તેના શરીરને કારણે નથી પણ તેના આત્માની વિશેષતાને કારણે છે. જે મનુષ્યનો આત્મા જેટલો વધારે બળવાન તેટલો જ મોટો- તે મહાપુરુષ ગણાય.

જે કાર્યોને લીધે આપણાં પ્રતિષ્ઠા, શાખ, સન્માન, આદર અને શ્રદ્ધા વધે છે તે જ કાર્યો આપણા આત્મગૌરવને વધારનાર ગણાય. પ્રતિષ્ઠા સૌથી મોટી સંપત્તિ છે અને તેમાંય આત્માની પ્રતિષ્ઠાનું મૂલ્યાંકન કરવું ઘણું મુશ્કેલ કાર્ય છે. એનું મૂલ્ય થઈ શકે જ નહિ. આટલી મોટી અમાનતને આપણે સર્વ રીતે સુરક્ષિત રાખવી જોઈએ. લોકો ધન દ્વારા મળેલી પ્રતિષ્ઠાનો નાશ થતાં કેટલા બધા દુઃખી બની જાય છે ? અરે, એ દુઃખે તો લોકો આત્મહત્યા કરવા તૈયાર થઈ જાય છે. ત્યારે આત્મપ્રતિષ્ઠા, આત્મગૌરવ અને આત્મસન્માન તો એથીએ ઊંચી વસ્તુ છે. એ બધાને તો ગમે તેટલી કીમત ચૂકવીને પણ જતાં કરાય જ નહિ ને ?

જેનાથી આત્મગૌરવ ઘટતું હોય, આત્મગ્લાનિ થતી હોય અને આત્મહત્યા કરવી પડતી હોય એવાં ધન, સુખ, ભોગ અને પદ વગેરેને મેળવવા જવા કરતાં ભૂખ્યા રહેવું, ભિખારી રહેવું બહેતર છે. ગાયત્રીનો 'દ' અક્ષર આત્મહનનમાંથી મુક્ત રહેવા માટે આપણને મોટામાં મોટો ત્યાગ કરતાં પણ ન અચકાવાનો બોધ આપે છે. જેની પાસે આત્મધન છે તે સૌથી મોટો ધનવાન છે. જેનું આત્મગૌરવ સુરક્ષિત હોય તે ઇન્દ્રના જેવો મોટો પદવીધારી છે. પછી ભલે સોના-ચાંદીના સિક્કા તેની પાસે થોડા હોય !

**યા-યાયાત્સ્વોત્તરદાયિત્વ નિર્વહન્ જીવને પિતા ।**
**કુપિતાપિ તથા પાપઃ કુપુત્રોઽપિ યથા મતઃ ॥૨૪॥**

'પિતા પોતાની જવાબદારી ઉપાડતાં ઉપાડતાં જ જીવનમાં વર્તે. કેમ કે કુપુત્રની માફક કુપિતા પણ પાપી જ ગણાય છે.'

જેમના હાથમાં વ્યવસ્થા, સત્તા, માલિકી અને બળ હોય છે તેવા લોકો ઘણું કરીને તે બધાનો યોગ્યે રીતે ઉપયોગ કરતા નથી. ઢીલ, શિથિલતા, બેદરકારી વગેરે પણ સ્વાર્થપરાયણતા અને અનુચિત લાભ ઉઠાવવાની વૃત્તિ જેવા જ પાપ છે. એનું પરિણામ ખરાબ જ હોય છે. ઘણું કરીને

પુત્ર, શિષ્ય, સ્ત્રી, પ્રજાજન, સેવક વગેરે બગડી જવાનાં, ખરાબ થઈ જવાનાં અને તેમના દ્વારા અવજ્ઞા થવાનાં અનેક ઉદાહરણો આપણે સાંભળીએ છીએ. આ દુર્ગુણોની મોટી જવાબદારી પિતા, ગુરુ, પતિ, માલિક વગેરે ઉપર પણ હોય છે. કારણ કે તેમની વ્યવસ્થા તેમના હાથમાં હોય છે. તેમની બુદ્ધિ અને અનુભવ વધારે હોવાને કારણે જવાબદારી તેમની જ હોય છે. વ્યવસ્થામાં ઢીલાશ, ખોટે માર્ગે ચાલવા માટે તક આપવી, તેમજ કાબૂ રાખવામાં અસાવધ રહેવાના કારણે પણ આવા પ્રસંગો બને છે.

દરેક સંબંધ(સગાઈ)માં બે પક્ષ હોય છે. બંને પક્ષો યોગ્ય રીતે કર્તવ્યપાલન કરે તો એ બધા સંબંધો સ્થિર અને દૃઢ બનીને રહી શકે. આમ છતાં સમજદાર વ્યક્તિની જવાબદારી વિશેષ છે. તેણે તો પોતાના પક્ષે વિશેષ સાવધ બનીને રહેવાનું હોય છે અને નાના પક્ષ સાથે ઉદાર વર્તન દાખવવાનું હોય છે. લોકો પોતપોતાના અધિકારોને જ વિશેષ મહત્ત્વ આપે છે. કંકાસ આને જ કારણે થાય છે. જો બંને પક્ષો પોતપોતાની ફરજોની અવગણના ન કરે તો કોઈ પણ પ્રકારનું વૈમનસ્ય અથવા સંઘર્ષ ઊભો ન થાય અને સંબંધો મધુરતાથી સચવાય છે.

ગાયત્રીનો 'યા' અક્ષર પિતાપુત્રમાં, નાનામોટામાં સંબંધ સાચવી રાખવાનો અજબ જુસ્સો બતાવે છે. બંને તરફથી અધિકારોનો વિચાર ઓછો અને કર્તવ્યનું દૃઢ રીતે પાલન થવું જોઈએ. મોટો પક્ષ નાના પક્ષ તરફ સાવધાન અને ઉદાર બને.

**ત્-તથાચરેત્સદાન્યેભ્યો વાચ્છન્ત્યન્યેર્યથા નરઃ ।**
**નમ્રઃ શિષ્ટઃ કૃતજ્ઞશ્ચ સત્યસાહાય્યવાન્ ભવેત્ ॥૨૪॥**

'મનુષ્ય બીજાઓ પાસે જેવા વ્યવહારની અપેક્ષા રાખતો હોય તેવો જ વ્યવહાર તેણે બીજાઓ સાથે રાખવો જોઈએ. તેણે નમ્ર, શિષ્ટ, કૃતજ્ઞ અને સત્યનિષ્ઠાપૂર્વક સહકારની ભાવનાવાળા બનવું જોઈએ.'

બીજાઓ સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ માટેની સાચી કસોટી તો એ છે કે આપણે બીજાઓ પાસે જેવો વ્યવહાર ઇચ્છતા હોઈએ તેવો જ વ્યવહાર આપણે બીજાઓ સાથે રાખવો જોઈએ. કૂવામાં થતા અવાજના જેવી જ દુનિયા હોય છે. કૂવામાં મોં રાખીને આપણે જેવું બોલીશું એવો જ સામો અવાજ બદલામાં આપણને મળવાનો.

દરેક માણસ એમ ઇચ્છતો હોય છે કે બીજાઓ તેની સાથે નમ્ર વર્તન દાખવે, સભ્ય વ્યવહાર કરે, તેની વસ્તુ કોઈ ચોરી ન લે. તેની સાથે પ્રમાણિક વર્તન રાખે, કદાચ તેની ભૂલ થઈ જાય તો બીજાઓ તે સહન કરી લે, તેનાં કામમાં કોઈ કશી દખલ ન કરે, તેની વહુ-દીકરીઓ તરફ કોઈ કુદૃષ્ટિ ન કરે અને સમયે સમયે લોકો તેની સાથે સહકારપૂર્વક વર્તે. જો આપણે બીજાઓ પાસે આવાં બધાં વર્તનની ઇચ્છા રાખીએ તો આપણે પણ બીજાઓ સાથે એમ જ વર્તવું જોઈએ. હંમેશાં ક્રિયા દ્વારા જ પ્રતિક્રિયા ઉત્પન્ન થતી હોય છે. જો આપણે બૂરું કરીશું તો બીજાઓના મન પર પણ એવી જ છાપ પડવાની. એની પ્રતિક્રિયા થવાની અને એમાંથી એવા જ વિચારો અને વર્તન પેદા થવાનાં. જો આવી ખોટી સાંકળ ચાલ્યા જ કરે તો આપણે માટે અને બીજાઓને માટે એનાં ફળ સારાં નહિ નીપજવાનાં અને જો આ સારા વિચારોની ક્રિયા-પ્રતિક્રિયાની સાંકળ સારી ચાલે તો આપણે માટે જ નહિ પણ બીજાઓને માટે પણ તે લાભદાયી નીવડશે. જો લોકો પોતાના વિચારો અને કાર્યોમાં પોતાને ઘટતાં અને યોગ્ય તત્ત્વોનો વિસ્તાર કરે તો જગતમાં સુખ-શાંતિ સ્થાપતાં વાર નહિ લાગે.

ગાયત્રીનો આ છેલ્લો અક્ષર 'ત્' ''આત્માનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્'' (પોતાને

પ્રતિકૂળ એવું બીજાઓ પ્રત્યે પણ ન કરવું જોઈએ.) - વાળી ઉક્તિનો જ ઉદ્‌ઘોષ કરે છે. આ વિચારનો અમલ કરવો એ એક રીતે ગાયત્રીના ઉપદેશ તરફ એક મહત્ત્વપૂર્ણ કદમ ભર્યું ગણાશે.

# ૮. ગાયત્રી - ઉપનિષદ

વેદોમાંથી 'બ્રાહ્મણ' ગ્રંથો થયા. દરેક વેદના અનેક બ્રાહ્મણ ગ્રંથો હતા હાલ તે બધા પૈકી થોડાક જ પ્રાપ્ય છે. કાળની કુટિલ કૃતિએ એ ગ્રંથોમાંથી ઘણાનો લોપ કરી નાખ્યો.

ઋગ્વેદના બે બ્રાહ્મણ ગ્રંથો છે શાંખાયન અને ઐતરેય. શાખાંયનને કૌપીતકી પણ કહે છે.

યજુર્વેદના ત્રણ બ્રાહ્મણ છે. શતપથ બ્રાહ્મણ, કાણ્વ બ્રાહ્મણ અને તૈત્તરીય બ્રાહ્મણ.

સામવેદના ૧૧ બ્રાહ્મણ મળે છે - આર્ષેય બ્રાહ્મણ, જૈમિની-આર્ષેય બ્રાહ્મણ, સંહિતોપનિષદ્‌, બ્રાહ્મણ, મંત્ર બ્રાહ્મણ, વંશ બ્રાહ્મણ, સંવિધાન બ્રાહ્મણ, ષડવિંશ બ્રાહ્મણ, દેવત્‌ બ્રાહ્મણ, તાંડ્ય બ્રાહ્મણ, જૈમિનીય બ્રાહ્મણ, જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણ.

અથર્વવેદનો માત્ર એક જ બ્રાહ્મણ મળે છે એનું નામ ગોપથ બ્રાહ્મણ છે. ગોપથની ૩૧થી ૩૮ સુધીની કંડિકાઓ ગાયત્રી ઉપનિષદ કહેવાય છે. આમાં મૈત્રેય તથા મોદ્‌ગલ્યના વિવાદના ઉપાખ્યાન દ્વારા ગાયત્રીનું અગત્યનું રહસ્ય સમજાવવામાં આવ્યું છે. સામાન્ય શબ્દાર્થની દૃષ્ટિએ ગાયત્રી એટલે બુદ્ધિની પ્રેરણા માટેની પ્રાર્થના. પરંતુ આ ઉપનિષદમાં બ્રહ્મવિદ્યા અને પદાર્થવિદ્યા સાથે સંબંધ ધરાવતાં અનેક રહસ્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**● અર્થ ગાયત્રી ઉપનિષદ ●**

**એતદ્ધસ્મ એતદ્‌ વિદ્વાંસમેકાદશાક્ષમ્‌ ।**
**મૌદ્‌ગલ્યં ગ્લાવો મૈત્રેયોઽભ્યાજગામ ॥**

એકાદશાક્ષ મૌદ્‌ગલ્ય પાસે ગ્વાલ મૈત્રેય આવ્યા.

**સ તસ્મિન્‌ બ્રહ્મચર્યં વસતો વિજ્ઞયોવાચ ।**
**કિં સ્વિન્મર્યા અયં તન્મૌદ્‌ગલ્યોઽધ્યેતિ**
**યદિસ્મિન્બ્રહ્મચર્યે વસતીતિ ।**

મૌદ્‌ગલ્યના બ્રહ્મચારીને જોઈને તેની મશ્કરી કરતાં ગ્વાલે તેને કહ્યું - 'મૌદ્‌ગલ્યે આ બ્રહ્મચારીને શું ભણાવ્યું છે ?' અર્થાત્‌ કંઈ ભણાવ્યું નથી.

**તદ્ધિ મૌદ્‌ગલ્યસ્યાન્તેવાસી શુશ્રાવ ।**
**સ આચાર્યાયાવ્રજ્યાચચષ્ટે ।**

મૌદ્‌ગલ્યના બ્રહ્મચારીઓએ આ વાત સાંભળીને પોતાના આચાર્યની પાસે જઈને કહ્યું :-

**દુરધીયાનં વા અયં ભવન્તમવોચદ્યોઽયમદ્યતિથિર્ભવતિ ।**

આપણા આજના અતિથિએ આપને મૂર્ખ કહ્યા.

**કિં સૌમ્ય વિદ્વાનિતિ ।**

'શું એ વિદ્વાન છે ?' મૌદ્‌ગલ્યે પૂછ્યું.

**ત્રીન્વેદાન્‌ બ્રૂતે ભોઃ ઈતિ**

'હાં' તેઓ ત્રણે વેદો ના પ્રવચનકર્તા છે.' શિષ્યે કહ્યું -

**તસ્ય સૌમ્ય યૌ વિસ્પષ્ટો વિજિગીષોઽન્તેવાસી તં મેઽઽહ્વયેતિ ।**

હે સૌમ્ય, તેમનો જે વિદ્વાન (શિષ્ય) સૂક્ષ્મદષ્ટા અને વિજયની ઇચ્છાવાળો હોય તેને મારી પાસે લઈ આવો.

तमाजुहाव तमभ्युवाचा साध्विति भोऽ इति ।

ત્યારે તે તેને બોલાવી લાવ્યો અને બોલ્યો - આ રહ્યા તે.

किं सौम्य त आचार्योऽध्येतीति ।

મૌદ્ગલ્યે તેને પૂછ્યું - હે સૌમ્ય, તમારા આચાર્ય તમને શું ભણાવે છે ?

त्रीन् वेदान् ब्रूते भोऽ इति ।

તેણે જણાબ આપ્યો - તેઓ ત્રણે વેદો પર પ્રવચન કરે છે.

यन्नु खलु सौम्यास्माभिः सर्वे वेदा मुखतो गृहीताः ।
कथन्त एवमाचार्यो भाषते, कथं नु....स चेत्सौम्य ॥
दुरधीयानो भविष्यति, आचार्योवाच ब्रह्मचारी ।
ब्रह्मचारिणे सावित्रीं, प्राह, इति वक्ष्यति ॥

હે સૌમ્ય, જો તેઓ જાણતા હશે તો કહેશે કે આચાર્ય પોતાના બ્રહ્મચારીને જેનો ઉપદેશ આપે છે તે સાવિત્રી છે. અર્થાત્ જે ગાયત્રીનો શબ્દાર્થ, સ્થૂળ અર્થ છે, તેને જ બતાવશે.

तत्त्वं ब्रूयाद् दुरधीयानं तं वैभवान्मौद्गल्य मवोचत् ।
सत्वां यं प्रश्नमप्राक्षीन्न तं व्यवोचः ।
पुरा सम्वत्सरादार्तिमाकृष्यसीति ।

પછી તમે કહેજો કે આપે તો અમારા આચાર્ય મૌદ્ગલ્યને મૂર્ખ કહ્યા હતા. તેઓ આપને જે પ્રશ્ન પૂછે તેનો ઉત્તર આપ નહિ આપી શકો તો એક વર્ષમાં જ આપને કંઈક કષ્ટ થશે.

शिष्टाः शिष्टेभ्य एवं भाषेरन् । यं ह्येनमहं प्रश्नं,
पृच्छामि न तं विवक्ष्यति, नह्येनमध्येतीति ।

હે સૌમ્ય, અમે પણ બધા વેદોનો અભ્યાસ કર્યો છે. પછી તમારા આચાર્ય અમને મૂર્ખ કેમ કહે છે ? શું શિષ્ટ લોકો શિષ્ટ લોકો માટે આમ કહે તે બરાબર છે ? અમે એમને જે પ્રશ્ન પૂછીશું, તે તેઓ બતાવી શકશે નહિ. તેઓ ભણાવતા પણ નહિ હોય.

स ह मौद्गल्यः स्वमन्तेवासीनमुवाच, परे हि सौम्य,
ग्लावं मैत्रेयमुपदासीत, अधीहि भोः सावित्रीं गायत्रीं ।
चतुर्विंशति योनिं द्वादश-मिथुनां, यस्याभृग्वंगिरशश्च,
क्षुर्यस्यां सर्वमिदं श्रितं, तां भवान् प्रब्रवात्वति ।

ત્યારે એ મૌદગલ્યે પોતાના બ્રહ્મચારીને કહ્યું - સૌમ્ય, તમે જાવ, ગ્લાવ મૈત્રેયની સમક્ષ જઈને કહો કે બાર મિથુન તથા ચોવીસ યોનિવાળી, ભગુ અને અંગિરા જેનાં નેત્ર છે તથા આ બધાં જેનાં આશ્રિત છે, તે સાવિત્રી, ગાયત્રી અમને ભણાવો.

આ કંડિકામાં મૌદ્ગલ્યે મૈત્રેયને ગાયત્રીનું રહસ્ય પુછાવડાવ્યું છે. સામાન્ય અર્થ તો બધા જ જાણે છે કે આ મંત્રમાં પરમાત્માને એવી પ્રાર્થના કરવામાં આવી છે કે અમને સદ્બુદ્ધિની પ્રેરણા કરો. આવા મંત્રો તો અશ્રૂતિ સ્મૃતિઓમાં અનેક પડ્યા છે. આ મંત્ર કરતાં પણ ઉત્તમ પ્રકારથી બુદ્ધિ અને વિવેક વગેરે માટે પ્રાર્થનાઓ કરવામાં આવી હોય એવા એક એકથી ચઢિયાતા મંત્રો મળે છે. પછી ગાયત્રી મંત્રમાં જ એવી શી વિશેષતા હશે જેથી તેને વેદમાતા કહી સમસ્ત શ્રુતિઓમાં એને આટલું મહત્ત્વ આપવામાં આવ્યું હશે ? આનું કોઈ મોટું કારણ હોવું જોઈએ. મૌદ્ગલ્યે એ જ કારણ અને રહસ્ય માટે મૈત્રેયને પૂછાવ્યું છે.

स तत्राजगाम यत्रेतरो बभूँव तं ह पप्रच्छ स ह न प्रतिपद्दे ।

મૌદગલ્યને શિષ્ય મૈત્રેયની પાસે આવ્યો. તેમને પૂછ્યું, પરંતુ તેઓ જવાબ આપી શક્યા

નહિ.

**તં હોવાચ દુરધીયાનં તં વૈ ભવાન્મૌદ્ગલ્યમવોચત્સત્વાયં,**
**પ્રશ્નમપ્રાક્ષીન્ન તં વ્યવોચઃ પુરા સમ્વત્સરાદાર્તિમાકૃષ્યસીતિ ।**

તેણે કહ્યું - આપે મૌદગલ્યને મૂર્ખ કહ્યા હતા. એમણે જે આપને પૂછ્યું તે આપ બતાવી શક્યા નહિ એથી એક વર્ષમાં આપને કષ્ટ થશે.

**સ હ મૈત્રેયઃ સ્વાનન્તેવાસનિ ઉવાચ-યથાર્થ ભવન્તો યથાગૃહં યથામનો વિપ્રસૃજ્યન્તામ્ દુરધીયાનં વા અહં મૌદ્ગલ્યમવોચમ્, સ મા યં પ્રશ્નમપ્રાક્ષીન્ન તં વ્યવોચં, તમુપૈષ્યામિ, શાન્તિ કરિષ્યામીતિ ।**

ત્યારે મૈત્રેયે પોતાના શિષ્યોને કહ્યું - હવે તમે બધા ઇચ્છા પ્રમાણે પોતપોતાના ઘેર જાવ. મેં મૌદગલ્યને મૂર્ખ કહ્યા હતા. પરંતુ તેઓને જે કંઈ પૂછ્યું છે તેનો જવાબ હું આપી શકું તેમ નથી. તેથી હું તેમની પાસે જઈશ અને એમને શાંત કરીશ.

**સ હ મૈત્રેયઃ પ્રાતઃ સમિત્પાણિર્મૌદ્ગલ્યમુપસસાદાસૌ વા અહં ભો મૈત્રેય ઈતિ ।**

બીજે દિવસે સવારે હાથમાં સમિધા લઈને મૈત્રેય મૌદ્ગલ્ય ઋષિ પાસે આવ્યા અને તેમણે કહ્યું - હું મૈત્રેય, આપની સેવામાં આવ્યો છું.

**કિમર્થમિતિઃ -**

'શા માટે ?' તેમણે પૂછ્યું.

**દુરધીયાનં વા અહં ભવન્તમવોચં ત્વં મા યં પ્રશ્નમપ્રાક્ષીન્ન તં વ્યવૌચં, ત્વામાપૈષ્યામિ, શાંતિ કરિષ્યામીતિ ।**

મૈત્રેયે કહ્યું - મેં આપને મૂર્ખ કહ્યા હતા. આપે જે પૂછ્યું તેનો હું ઉત્તર આપી શક્યો નહિ, હવે હું આપની સેવામાં ઉપસ્થિત રહીશ અને આપને શાંત કરીશ.

**સ હોવાચ-અત્ર વા ઉપેતં ચ સર્વં ચ કૃતં પાપકોન ત્વા યાનેન ચરન્તમાહુઃ અથોડયં મમ કલ્યાણસ્તં તે દદામિ તેન યાહીતિ ।**

મૌદ્ગલ્યે કહ્યું - આપ અહીં આવ્યા છો. પરંતુ લોકો કહે છે કે આપ શુદ્ધ ભાવનાથી આવ્યા નથી છતાં પણ હું આપને કલ્યાણકારી ભાવના આપું છું. આપ એ લઈને પાછા ફરો.

**સા હોવાચ । એતદેવાત્રાત્વિષં ચાનૃશંસ્યં ચ યથા ભવાનાહ । ઉપાયાયમિત્યેવં ભવન્તમિતિ ।**

મૈત્રેયે કહ્યું - આપનું કહેવું નિર્ભયતાને આપવાવાળું અને દયાથી ભરેલું છે. આપની સેવામાં સમિત્પાણી (સમિધા) લઈને હાજર થાઉં છું.

**તં હો પેયાય -**

હવે તેઓ વિધિપૂર્વક તેઓની સેવામાં ઉપસ્થિત થયા.

**તં હોપેત્ય પપ્રચ્છ-**

ઉપસ્થિત થઈને પૂછ્યું.

**કિં સ્વિદાહુર્ભોઃ સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય કવયઃ કિમાહુઃ । ધિયો વિચક્ષ્વ યદિ તાઃ પ્રવેત્થ પ્રચોદયાત્સવિતાયાભિરેતીતિ ॥**

(૧) સવિતાનું વરેણ્યં શાને કહેવાય ?

(૨) તે દેવનું ભર્ગ શું છે ?

(૩) જો આપ જાણતો હો તે 'ધી' નામનાં તત્ત્વો, જેના દ્વારા બધાને પ્રેરણા આપતા સવિતા બધે ફરે છે બતાવો.

**તસ્મા એતત્પ્રોવાચ-**

તેમણે આ પ્રમાણે ઉત્તર આપ્યો.

**વેદાચ્છન્દાંસિ સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય કવયોऽન્નમાહુઃ ।**
**કર્માણિ ધિયસ્તદુ તે બ્રવીમિ પ્રચોદયાત્સવિતાયાભિરેતીતિ ॥**

(૧) વેદ અને છંદ સવિતાનું વરેણ્યં છે.

(૨) વિદ્વાન લોકો અન્નને જ દેવનું ભર્ગ માને છે.

(૩) 'કર્મ' જ એ ધી તત્ત્વ છે. એના દ્વારા જ સવિતા બધાને પ્રેરણા આપતા વિચરણ કરી રહ્યા છે.

**તમુપસંગૃહ્ય પપ્રચ્છાધીહિ ભોઃ, કઃ સવિતા, કા સાવિત્રી ।**

આ સાંભળીને એમણે ફરી પૂછ્યું - સવિતા શું છે અને સાવિત્રી શું છે ?

મૌદ્ગલ્યના અભિપ્રાયને મૈત્રેય બરાબર સમજ્યા. તેમણે સત્યતાપૂર્વક વિચાર કર્યો અને સમજી ગયા કે, જેને લીધે ગાયત્રીનું આટલું બધું મહત્ત્વ ગણાય છે તે રહસ્યને હું જાણતો નથી. એમણે વિચાર કર્યો કે એ મૂળ કારણની ખબર ન હોય તો તેના બાહ્ય પ્રતીકને જાણવાથી શો લાભ ? વેદનાં મૂળ કારણોને જાણ્યાં વિના વેદ પર પ્રવચનો કર્યાંથી પણ શું વળવાનું છે ? આમ વિચાર કરીને એમણે નિશ્ચય કર્યો કે પહેલાં હું ગાયત્રીનું રહસ્ય સમજી લઉં પછી જ બીજાં કાર્યો કરીશ. આથી તેઓએ પોતાના વિદ્યાર્થીઓને છૂટા કરી દીધા અને પોતે નમ્ર બનીને સમિધા હાથમાં લઈને શિષ્યભાવથી મૌદ્ગલ્ય પાસે આવ્યા. વિદ્યા પ્રાપ્ત કરવાની ખાસ કરીને અધ્યાત્મવિદ્યા પ્રાપ્ત કરવાની આવી જ પરિપાટી હોય છે. વિદ્યાર્થી ગુરુ પાસે નમ્ર બનીને તેમના તરફ શ્રદ્ધા ધારણ કરીને ભણવા જતો. આ ઋષિઓની પ્રણાલી છોડીને આજના 'ઉદ્ધત સ્ટુડન્ટો' જે ઉજાડુ ભાવનાઓ સાથે વિદ્યા ભણવા જાય છે તે શિક્ષણ ગુરુના આશીર્વાદ ન હોવાને કારણે નિષ્ફળ જ બને છે.

મૈત્રેયે પૂછ્યું - ગાયત્રીના પ્રથમ પાદમાં આવેલા શબ્દોનું રહસ્ય સમજાવો. (૧) સવિતાનું વરેણ્યં શું છે અર્થાત્ એ તેજસ્વી પરમાત્માને કયા ઉપાયથી વરેણ્યં બનાવાય ? એટલે કે ઈશ્વર કયા ઉપાયથી પ્રાપ્ત થાય છે ? (૨) તે દેવનું 'ભર્ગ' શું છે ? 'દેવ' શ્રેષ્ઠ કહેવાય અને 'ભર્ગ' બળને કહેવાય. દેવનું ભર્ગ શું ? (૩) શાના દ્વારા પરમાત્મા બધાંને પ્રેરણા આપે છે. ? અર્થાત્ જેના દ્વારા ઈશ્વરની કૃપા થાય છે તે માધ્યમ કયું ? મૈત્રેયે આ ત્રણે તત્ત્વો મૌદ્ગલ્યને પૂછ્યાં.

આ બધાના ટૂંકા જવાબ મૌદ્ગલ્યે આપ્યા છે, તે બહુ જ મહત્ત્વના છે. આ જવાબો વિશે જેટલું ગંભીરતાપૂર્વક વિચારવામાં આવે એટલું એનું મહત્ત્વ પ્રગટ થાય, સમજાય. મૌદ્ગલ્ય કહે છે -

(૧) વેદ અને છંદ પરમાત્માનું વરેણ્યં છે.

(૨) અન્નને જ દેવનું ભર્ગ કહે છે.

(૩) કર્મ જ 'ધી' તત્ત્વ છે, આના દ્વારા જ પરમાત્મા બધાને પ્રેરણા આપે છે અને બધાનો વિકાસ કરે છે.

આપણે એ ત્રણે તત્ત્વો વિશે જુદો જુદો વિચાર કરીએ.

(૧) વેદ એટલે જ્ઞાન. છંદ એટલે અનુભવ. ખરી રીતે આત્મજ્ઞાનથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. પણ એ જ્ઞાન ફક્ત મોઢાનું ન ચાલે. ભારવાહક ગધેડાની માફક પુસ્તકો વાંચી જવાથી, પોપટની માફક ગોખેલ શબ્દ દ્વારા ભાષણ કરવાથી કશું વળે નહિ. આપણું તત્ત્વજ્ઞાન અનુભવસિદ્ધ હોવું જોઈએ. જે વાતને કારણે તર્કો, પ્રમાણો અને ઉદાહરણો દ્વારા સત્ય માનવામાં આવે, તે સત્ય તરફ મનુષ્યના મનમાં અગાધ શ્રદ્ધા હોવી જોઈએ અને એ શ્રદ્ધાનું જીવનમાં પ્રત્યક્ષ રીતે આચરણ થવું જોઈએ પહેલાં સંપૂર્ણ તત્પરતા, સત્યતા અને નિષ્પક્ષતાપૂર્વક એ જાણી લેવું જોઈએ કે કયા કયા

સિદ્ધાંતો યોગ્ય અને કલ્યાણકારી છે. જ્યારે એવી ખાતરી થઈ જાય કે સત્ય, પરોપકાર, સંયમ, પ્રામાણિકતા વગેરે ગુણો બધી દૃષ્ટિએ હિતકારક છે તો એ સિદ્ધાંતનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ થવું, એ ઈશ્વરપ્રાપ્તિના મુખ્ય ઉપાય છે. સિદ્ધાંતને સમજ્યા વિના ફક્ત અનુભવ નિર્બળ છે, અનુભવ વિના જ્ઞાન નિષ્ફળ છે. જ્યારે મનુષ્યનું સદ્જ્ઞાન શ્રદ્ધામાં પરિવર્તન પામે છે. દંભ, છળ, કપટ, મત્સર, શઠતા અને ચોરવૃત્તિ દૂર કરી જ્યારે સંપૂર્ણ માનસ પ્રદેશમાં એક જ જાતની શ્રદ્ધા સ્થપાઈ જાય છે, ત્યારે તેના આધાર પર જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. વેદ અને છંદના સંમિશ્રણ દ્વારા સવિતાનું વર્ણન કરવામાં આવ્યું છે. એ દ્વારા એ વાતનું પણ સૂચન થાય કે જ્ઞાન તથા અનુભવથી પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે.

(૨) બીજા પ્રશ્નનો જવાબ આપતાં મૌદ્ગલ્ય કહે છે કે દેવનો ભર્ગ અન્ન છે. શ્રેષ્ઠનું બળ તેનાં સાધન છે. શ્રેષ્ઠતાને વિકસિત કરવા માટે અન્ન હોય, સાધનો હોય, ત્યારે જ તેને બળવાન બનાવી શકાય. સાધન-સામગ્રી અને લક્ષ્મી એક શક્તિ છે. આ શક્તિ અસુરના હાથમાં જાય તો તેનાથી અસુરતા, રાક્ષસતા વધે અને દેવોના હાથમાં જાય તો તેનાથી દેવત્વનો વિસ્તાર થાય. દેવતાઓ બળવાન બને. રાજ્ય-સત્તા ક્રૂર અને દુષ્ટ લોકોના હાથમાં હોય તો તેઓ તેના દ્વારા દુષ્ટતા જ ફેલાવે છે. ગત સૈકાઓમાં ભારતની રાજ્યસત્તા વિદેશીઓના હાથમાં હતી. એ સત્તા દ્વારા તે લોકોએ ભારતનું કેટલું બધું અધઃપતન કર્યું તે કોનાથી અજાણ્યું છે ? એ જ સત્તા હવે સારા લોકોના હાથમાં આવતા થોડા દિવસોમાં રશિયા, અમેરિકાની માફક અહીં પણ ઉન્નત સ્થિતિની આશા છે. યોગી અરવિંદે પોતાના 'ગીતા' નામના પુસ્તકમાં લખ્યું છે કે - 'લક્ષ્મી પર શ્રેષ્ઠ લોકોએ સત્તા મેળવવી જોઈએ.' આ રીતે જગતમાં સુખ-શાંતિ વધશે. જો લક્ષ્મી અસુરોની પાસે જતી રહે તો તેનાથી વિશ્વનું અનિષ્ટ જ થવાનું. દેવતાઓને ભોગો ભોગવવા માટે, લોભ માટે, સંગ્રહ કરવા માટે, અહંકારનું પ્રદર્શન માટે કે અન્યાય કરવા માટે લક્ષ્મી અથવા સાધન-સામગ્રીની જરૂર નથી હોતી, પરંતુ શક્તિઓ દ્વારા દેવત્નું રક્ષણ કરવા અને તેનો વિસ્તાર કરવા માટે તેમને લક્ષ્મી અને સાધનોની જરૂર હોય છે. એ દ્વારા તેઓ પોતાની જાતને બળવાન, ક્રિયાશીલ અને સાધનયુક્ત બનાવી શકે. અન્ન અને સાધન-સામગ્રી લક્ષ્મીનું પ્રતીક માનવામાં આવ્યાં છે. મૌદ્ગલ્યનો જવાબ એ છે કે દેવનું ભર્ગ અન્ન છે. શ્રેષ્ઠનું બળ સાધનો છે. સાધન વગર તો શ્રેષઅઠ વિચારો નિર્બળ જ રહે ને ?

(૩) મૌદ્ગલ્યનો ત્રીજો જવાબ એ કર્મ જ 'ધી' તત્ત્વ છે. એના દ્વારા જ પરમાત્મા બધાનો વિકાસ કરે છે. એ વાત બિલકુલ સત્ય છે કે પરમાત્માની કૃપાથી જ બધાનો વિકાસ થાય છે. પરમાત્મા બધાને ઉપરની તરફ, ઉન્નતિની તરફ પ્રેરિત કરે છે. પણ એ પણ જાણી લેવું જોઈએ કે તે પ્રેરણાનું રૂપ 'ધી', એટલે કે બુદ્ધિ કે જે કર્મ કરવા માટે પ્રેરણા, પ્રોત્સાહન આપે અને કર્મમાં જોડે. પરમાત્માની જેના ઉપર કૃપા થાય છે તેની તેવા પ્રકારની જ બુદ્ધિ થાય છે. કોઈ માણસ પર પ્રભુની કૃપા છે કે નહિ તે જાણવું હોય, તો તે એ રીતે જાણી શકાય કે તે મનુષ્ય ઉત્સાહથી, તન્મયતાથી, શ્રમ અને સજાગતા તથા રુચિપૂર્વક કાર્ય કરે છે કે નહિ ? કોઈનો સ્વભાવ આવી રુચિનો હોય તો સમજવું કે એનો વિકાસ થાય એ માટે પરમાત્માએ એને 'ધી' તત્ત્વ આપ્યું છે.

કેટલાયે માણસો આળસ, નકામા, હરામખોર અને હતાશ હોય છે. તેઓ સદા નિરાશામય જ રહે. કામ તો તેઓ મન દઈને કરતા જ નથી, વેઠ જ ઉતારતા હોય છે. નાનું સરખું કામ તેમને પહાડ જેવું જબરું જ લાગતું હોય છે. થોડા પરિશ્રમમાં તો તેમને પુષ્કળ થાક લાગી જાય છે. આવા માણસો 'ધી' તત્ત્વ વગરના છે. એ તો સ્પષ્ટ જ છે કે આવા લોકો ઈશ્વરની અકૃપા પામેલા છે.

કર્મપ્રેરક બુદ્ધિ વગર તેઓ કમનસીબ જ રહેવાના.

મૌદ્‍ગલ્યનું ઉપર્યુક્ત કથન ગંભીર અને સત્ય છે. આ વિશે બે મત હોઈ શકે જ નહિ. ભાગ્યને રડનારા, માથાં કૂટનારા પોતાના દોષને માટે કોઈ જ્ઞાત કે અજ્ઞાત તત્ત્વને જવાબદાર ગણી ભલે સંતોષ માની લે, પણ ખરી વાત તો એ છે કે તેમણે ઈશ્વરની કૃપા મેળવી નથી. આ કૃપા દરેક મનુષ્યને માટે સુલભ્ય છે. દરેક માણસના હાથની વાત છે. 'ધી' તત્ત્વને - કર્મપરાયણતાને સ્વીકારી લઈ હર કોઈએ ઈશ્વરીય કૃપાનો અધિકારી બની શકે છે. પરમાત્મા કોઈને પોતાની કૃપાથી વંચિત રાખતો નથી. મનુષ્ય જાતે જ દુર્બુદ્ધિને લીધે તેને ગુમાવે છે.

**મન એવ સવિતા વાક્ સાવિત્રી યત્ર હ્યેવ મનસ્તદ્વાક્ ।**
**યત્ર વૈ વાક્ તન્મન ઈતિ એતે દ્વે યોનો એકં મિથુનમ્ ॥૧॥**

મન સવિતા છે. વાણી સાવિત્રી છે. જ્યાં મન છે ત્યાં વાણી છે, જ્યાં વાણી છે, ત્યાં મન છે. આ બંને એક યોનિ તથા એક જોડું છે.

**અગ્નિરેવ સવિતા પૃથિવી સાવિત્રી યત્ર હ્યેવાગ્નિસ્તત્પૃથિવી ।**
**યત્ર વૈ પૃથિવી તદગ્નિરિતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૨॥**

અગ્નિ સવિતા છે, પૃથ્વી સાવિત્રી છે. જ્યાં અગ્નિ છે ત્યાં પૃથ્વી છે. જ્યાં પૃથ્વી છે ત્યા અગ્નિ છે. આ બે યોનિ તથા એક જોડું છે.

**વાયુરેવ સવિતા અન્તરિક્ષં સાવિત્રી । યત્ર હ્યેવ વાયુસ્તદન્તરિક્ષમ્ ।**
**યત્ર વા અન્તરિક્ષં તદ્વાયુરિતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૩॥**

વાયુ સવિતા છે, અંતરિક્ષ સાવિત્રી છે. જ્યાં વાયુ છે ત્યાં અંતરિક્ષ છે, જ્યાં અંતરિક્ષ છે, ત્યાં વાયુ છે. આ બંને બે યોનિઓ અને એક જોડું છે.

**આદિત્ય એવ સવિતા દ્યૌઃ સાવિત્રી યત્ર હ્યેવાદિત્યસ્તદ્ દ્યૌઃ ।**
**યત્ર વૈ દ્યોસ્તદાદિત્ય ઈતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૪॥**

આદિત્ય સવિતા છે, દ્યો સાવિત્રી છે. જ્યાં આદિત્ય છે ત્યાં દ્યો છે, જ્યાં દ્યો છે, ત્યાં આદિત્ય છે. આ બે યોનિ તથા એક જોડું છે.

**ચન્દ્રમા એવં સવિતા નક્ષત્રાણાં સાવિત્રી યત્ર હ્યેવ ચન્દ્રમાસ્તન્નક્ષત્રાણિ ।**
**યત્ર વૈ નક્ષત્રાણિ તચ્ચન્દ્રમા ઈતિ । એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૫॥**

ચન્દ્રમા સવિતા છે. નક્ષત્ર સાવિત્રી છે. જ્યાં ચન્દ્રમાં છે ત્યાં નક્ષત્રો છે. જ્યાં નક્ષત્રો છે ત્યાં ચન્દ્રમા છે. આ બે યોનિ અને એક જોડું છે.

**અહરેવ સવિતા રાત્રિઃ સાવિત્રી યત્ર હ્યેવાહસ્તદ્રાત્રિઃ ।**
**યત્ર વૈ રાત્રિસ્તદહરિતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૬॥**

દિવસ સવિતા છે અને રાત્રિ સાવિત્રી છે. જ્યાં દિવસ છે ત્યાં રાત્રિ છે. જ્યાં રાત્રિ છે ત્યાં દિવસ છે. આ બે યોનિ અને એક જોડું છે.

**ઉષ્ણભેવ સવિતા શીતં સાવિત્રી યત્ર હ્યવોષ્ણં તત્ શીતમ્ ।**
**યત્ર વૈ શીતં તદુષ્ણમિતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૭॥**

ઉષ્ણ સવિતા છે, શીત સાવિત્રી છે. જ્યાં ઉષ્ણ છે ત્યાં શીત છે જ્યાં શીત છે, ત્યાં ઉષ્ણ છે. આ બે યોનિ અને એક જોડું છે.

**અભ્રમેવ સવિતા વર્ષં સાવિત્રી યત્ર હ્યેવાભ્રં તદવર્ષં ।**
**વૈ વર્ષં તદભ્રમિતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૮॥**

વાદળ સવિતા છે અને વરસાદ સાવિત્રી છે. જ્યાં વાદળ છે ત્યાં વરસાદ છે અને જ્યાં વરસાદ છે ત્યાં વાદળ છે, આ બે યોનિ તથા એક જોડું છે.

**વિદ્યુદેવ સવિતા સ્તનયિત્નુઃ સાવિત્રી । યત્ર હ્યેવ વિદ્યુત્તત્સ્તનયિત્નુઃ ।**
**યત્ર વૈ સ્તનયિત્નુસ્તદ્વિદ્યુદિતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૯॥**

વીજળી સવિતા અને તેની ચમક સાવિત્રી છે. જ્યાં વીજળી છે ત્યાં ચમક છે અને જ્યાં ચમક છે ત્યાં વીજળી છે. આ બંને યોનિ અને એક જોડુ છે.

**પ્રાણ એવં સવિતા અન્નં સાવિત્રી યત્ર હ્યેવ પ્રાણસ્તદન્નમ્ ।**
**યત્ર વૈ અન્નં તત્પ્રાણ ઇતિ । એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૧૦॥**

પ્રાણ સવિતા છે અન્ન સાવિત્રી છે જ્યાં પ્રાણ છે ત્યાં અન્ન છે અને જ્યાં અન્ન છે ત્યાં પ્રાણ છે. એ બંને યોનિ અને એક જોડું છે.

**વેદા એવ સવિતા છદાંસિ સાવિત્રી યત્ર હ્યેવ વેદાસ્તચ્છન્દાંસિ ।**
**યત્ર વૈ છન્દાંસિ તત્ર વેદા ઇતિ એતે દ્વે યોની એકં મિથુનમ્ ॥૧૧॥**

વેદો સવિતા છે. છંદો સાવિત્રી છે. જ્યાં વેદ છે ત્યાં છંદ છે. જ્યાં છંદ છે ત્યાં વેદ છે. એ બે યોનિ અને એક જોડું છે.

**યજ્ઞ એવ સવિતા દક્ષિણા સાવિત્રી, યત્ર હ્યેવ યજ્ઞસ્તદ્ દક્ષિણા ।**
**યત્ર વૈ દક્ષિણા તદ્યજ્ઞ ઇતિ દ્વે યોની એકં મિથુનમ્ ॥૧૨॥**

યજ્ઞ સવિતા છે અને દક્ષિણા સાવિત્રી છે. જ્યાં યજ્ઞ છે ત્યાં દક્ષિણા છે અને જ્યાં દક્ષિણા છે ત્યાં યજ્ઞ છે. આ બે યોનિ તથા એક જોડું છે.

**એતદ્ધ સ્મૈતદ્વિદ્વાંસમોપાકારિ મામસ્તુર્બ્રહ્મચારી તે સંસ્થિત ઇતિ ।**

વિદ્વાન તથા પરોપકારી મહારાજ ! આપની સેવામાં બ્રહ્મચારી આવ્યો છે.

**અથૈત આસસ્તુરા ચિત ઇવ ચિતો બભૂવ અથોત્થાય પ્રાવાજીદિતિ ।**

આ બ્રહ્મચારી આપને ત્યાં આવીને જ્ઞાનથી પરિપૂર્ણ થઈ ગયો છે, આ પછી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

**એતદ્વા અહં વેદ નૈતાસુ યોનિવિત એતેભ્યો વા મિથુનેભ્યઃ સમ્ભૂતો બ્રહ્મચારી મમ પુરાયુષઃ પ્રેયોદિતિ ।**

અને તેઓને કહ્યું કે હવે મેં એને જાણી લીધું છે. એ યોનિઓ અથવા જોડકાઓમાં રહેલો મારો કોઈ બ્રહ્મચારી અલ્પ આયુષ્યવાળો નહિ થાય.

હવે પ્રશ્ન થાય છે કે સવિતા શું છે ? અને સાવિત્રી શું છે ? ગાયત્રીનો દેવતા સવિતા માનવામાં આવ્યો છે. દરેક મંત્રમાં એક દેવતા હોય છે. એ દ્વારા મંત્રનો વિષય શો છે તેનો ખ્યાલ આવી જાય છે. ગાયત્રીનો દેવતા સવિતા છે એટલે ગાયત્રીનો વિષય સવિતા છે. સવિતાની પ્રધાનતા હોવાને કારણે ગાયત્રીનું બીજું નામ સાવિત્રી છે.

મૈત્રેય પૂછે છે - ભગવાન સવિતા તે શું છે ? એ સાવિત્રી શું છે ? મહર્ષિ મૌદ્ગલ્ય તેમને ઉત્તર આપતાં કહે છે કે સવિતા અને સાવિત્રીનો અખંડ સંબંધ છે. એક જે છે તે જ બીજું છે. બંને મળીને એક જોડું બને છે. એક કેન્દ્ર છે, બીજું તેની શક્તિ છે. બંને એકબીજાના પૂરક છે.

શક્તિમાર્ગનું મહત્ત્વ તેની શક્તિના વિસ્તારને કારણે છે. એમ તો દરેક પરમાણુ અનંત શક્તિનો સમૂહ હોય છે. એક પરમાણુના વિસ્ફોટથી પ્રલય મચી જાય છે. પરંતુ આ પ્રકારની શક્તિ ત્યારે જ પ્રકટે જ્યારે એ શક્તિનો વિસ્તાર અને તેનું પ્રકટીકરણ થાય. જો આ પ્રકટીકરણ ન થાય તો અનંત શક્તિવાળા પદાર્થનું પણ કોઈ અસ્તિત્વ જણાય નહિ. એને કોઈ જાણે પણ નહિ. સવિતા

નામ છે તે તેજસ્વી પરમાત્માનું અને એની શક્તિ તે સાવિત્રી છે. સાવિત્રી સવિતાથી જુદી નથી, તે તેની પૂરક છે. તે તેનું મિથુન અથવા જોડું છે. સાવિત્રી દ્વારા જ એ અચિન્ત્ય, અજ્ઞેય, નિરાકાર તેમજ નિર્લેપ પરમાત્મા આપણે માટે લાભ લેવા યોગ્ય બને છે.

આ વાત બહુ જ સૂક્ષ્મ અને ગંભીર વિચાર કર્યા પછી જ સમજાય એવી છે. આથી ઉપનિષદકાર તેને વારંવાર ઉદાહરણ આપીને સરળ બનાવે છે અને એ ગૂઢ તત્ત્વને એવી રીતે સ્પષ્ટ કરે છે કે હર કોઈ માટે તે સમજવું સહેલું બને છે. તેઓ કહે છે -

મન સવિતા છે, વાણી સાવિત્રી છે. જ્યાં મન છે ત્યાં વાણી છે જ્યાં વાણી છે ત્યાં મન છે. બંને યોનિયો છે, એક જોડું છે. એ રીતે અગ્નિ અને પૃથ્વીનું, વાયુ અને અંતરિક્ષનું, આદિત્ય અને આકાશનું, ચંદ્રમા અને નક્ષત્રનું, દિવસ અને રાત્રિનું, ઉષ્ણ અને શીતનું, અગ્નિ અને વરુણનું, વિદ્યુત અને ચમકનું, વેદ અને છંદ તેમજ યજ્ઞ અને દક્ષિણાનું એમ મિથુન જોડાં બનાવ્યાં. આ બધાં થોડાંક જ ઉદાહરણો છે. આ ઉદાહરણો બતાવીને ઉપનિષદકારે બતાવ્યું છે કે કોઈ એકલી (અર્થાત્ એ) વસ્તુ દ્વારા કંઈ પણ પ્રગટ થતું નથી. કંઈ પણ પ્રકાશિત થઈ શકતું નથી. કોઈ વસ્તુનો વિસ્તાર થઈ શકતો નથી, અવ્યક્ત પદાર્થની શક્તિને પ્રગટ કરવામાં આવે તો જ તે વ્યક્ત થઈ શકે. ફક્ત પરમાત્મા જ બુદ્ધિની મર્યાદાની બહાર છે. તેની તો આપણે કલ્પના પણ કરી શકતા નથી. તેની પાસે પહોંચીને તેનો કશો પણ લાભ આપણે ઉઠાવી શકીએ નહિ. તે અવ્યક્ત પરમાત્મા સવિતા પોતાની શક્તિ સાવિત્રી દ્વારા સર્વસાધારણ મનુષ્યો આગળ પ્રકટ થઈ શકે તે શક્તિની ઉપાસના દ્વારા જ તેને પ્રાપ્ત કરી શકાય.

લક્ષ્મી-નારાયણ, સીતા-રામ, રાધા-કૃષ્ણ, ઉમા-શંકર, સવિતા-સાવિત્રી પ્રકૃતિ પરમેશ્વરનાં જોડાં એ જ સમજાવે છે કે તેઓ એકબીજાનાં પૂરક છે. પ્રકટ થવાના કારણરૂપ છે. જીવ પણ માયાને લીધે જ અવ્યક્તમાંથી વ્યક્ત બને છે. આ જોડાં તુચ્છ કે ત્યજી દેવા જેવાં નથી. પરંતુ ક્રિયાશીલતાના વિચારને માટે ઉપયોગી છે. મનુષ્યનો વિકાસ પણ એકાંગી રીતે થઈ શકતો નથી. તેને પોતાની શક્તિઓનો વિસ્તાર કરવો પડે છે. જે પોતાની શક્તિઓને વધારે છે તે જ ઉન્નતિ તરફ આગળ વધી શકે છે.

શક્તિ અને શક્તિમાન બંનેનો સંબંધ અન્યોન્યાશ્રિત સંબંધ છે. જેમ સવિતા પોતાની સાવિત્રી સાથે ઓતપ્રોત છે તે પ્રમાણે આપણે પણ પોતાની જાતને બહુમુખી શક્તિઓથી પરિપૂર્ણ બનાવવી જોઈએ. પોતાની સાથે અનેક શક્તિઓનો સહકાર ભેગો કરવો જોઈએ. જેના આવાં શક્તિઓનાં જોડકાં જેટલાં વધારે તેટલો જ તે સુખી પણ વધારે.

આ શક્તિ અને શક્તિમાનના રહસ્યને જાણીને મૈત્રેય સંતુષ્ટ થાય છે. તેઓએ પ્રસન્ન થઈને કહ્યું - હું આપનો શિષ્ય હવે વાસ્તવિક જ્ઞાનથી પરિપૂર્ણ બની ગયો. હવે હું સમજી ગયો કે મારો કોઈ પણ શિષ્ય યોનિ અને મિથુનના (જોડાંના) રહસ્યને જાણશે તે અલ્પાયુષી નહિ રહે. તે શક્તિને પોતાનું અવિભક્ત અંગ માનીને તેનો દુરુપયોગ નહિ કરે. તેના સદુપયોગ દ્વારા તેનો સંપૂર્ણ રીતે લાભ લેશે. આ પ્રમાણે શક્તિનું મહત્ત્વ સમજીને તેનો સદુપયોગ કરનાર માણસ કદી અલ્પાયુષી રહેતો નથી.

**બ્રહ્મ હેદં શ્રિયં પ્રતિષ્ઠામાયતનમૈક્ષત તત્તપસ્વ યદિ તદ્વ્રતે ધ્રિયેત સત્યેત પ્રત્યતિષ્ઠિત ।**

પરબ્રહ્મ શ્રી અર્થાત્ પ્રતિષ્ઠાનાં ધામને જોઈ અને કહ્યું કે - તપ કરો. જો તપના વ્રતને ધારણ કરવામાં આવે તો સત્યમાં પ્રતિષ્ઠા થાય છે.

**સ સવિતા સાવિત્ર્યા બ્રાહ્મણં સૃષ્ટ્વા તત્સાવિત્રીં પર્યદધાત ।**

તે સવિતાએ સાવિત્રી દ્વારા બ્રાહ્મણનું સર્જન કરીને સાવિત્રીને તેના દ્વારા ઘેરી લીધી.

**તત્સવિતુર્વરેણ્યં ઇતિ સાવિત્ર્યાઃ પ્રથમઃ પાદઃ ।**

'તત્સવિતુર્વરેણ્યં' એ સાવિત્રીનું પહેલું ચરણ છે.

**પૃથિવ્યર્ચ સમદધાત । ઋચા અગ્નિમ્ । અગ્નિના શ્રિયમ્ । શ્રિયા સ્ત્રિયમ્ । સ્ત્રિયા મિથુનમ્ । મિથુનેન પ્રજામ્ । પ્રજયા કર્મ । કર્મણા તપઃ । તપસા સત્યમ્ । સત્યેન બ્રહ્મ । બ્રહ્મણા બ્રાહ્મણમ્ । બ્રાહ્મણેન વ્રતં । વ્રતેન વૈ બ્રાહ્મણઃ સંશિતો ભવતિ । અશૂન્યો ભવતિ, અવિચ્છિન્નો ભવતિ ।**

પૃથ્વી સાથે ઋક્ ને જોડ્યું. ઋક્ સાથે અગ્નિને, અગ્નિ સાથે શ્રીને, શ્રી સાથે સ્ત્રીને, સ્ત્રી સાથે મિથુનને, મિથુન સાથે પ્રજાને, પ્રજા સાથે કર્મને, કર્મ સાથે તપને, તપ સાથે સત્યને, સત્ય સાથે બ્રહ્મને, બ્રહ્મ સાથે બ્રાહ્મણને, બ્રાહ્મણ સાથે વ્રતને જોડ્યાં. બ્રાહ્મણ વ્રત વડે જ તીક્ષ્ણ બને છે, પૂર્ણ બને છે અને અવિચ્છિન્ન છે.

**અવિચ્છિન્નોઽસ્ય તન્તુરવિચ્છિન્નં જીવનં ભવતીતિ, ય એવં વેદ યશ્ચૈવં વિદ્વાનેવેમેતં સાવિત્ર્યાઃ પ્રથમં પાદં વ્યાચષ્ટે ।**

જે આને આવી રીતે સમજે અને સમજીને વિદ્વાન આની આ રીતે વિસ્તારથી સ્પષ્ટતા કરે છે, તેનો વંશ તથા તેનું જીવન અવિભક્ત બને છે.

બ્રહ્મ જ્યાં સુધી પોતાની જાતમાં જ કેન્દ્રિત હતું ત્યાં સુધી કોઈપણ પદાર્થ પેદા થયેલો ન હતો. જ્યારે તેણે 'એકોઽહ બહુસ્યામ્'ની ઇચ્છા કરી - એકથી અનેક બનવાનું કાર્ય કર્યું ત્યારે એ ઇચ્છાશક્તિને કારણે સૃષ્ટિ ઉત્પન્ન થઈ. જ્યારે બ્રહ્માએ સૃષ્ટિને જોઈ ત્યારે તેમાં ત્રણ વસ્તુઓ મુખ્ય જણાઈ. (૧) શ્રી (૨) પ્રતિષ્ઠા અને (૩) આયતન અર્થાત્ જ્ઞાન.

આ વિલક્ષણ પ્રકારની સુખ-સામગ્રીઓને કેવી રીતે મેળવી શકાય ? આ વાતના રહસ્યને પ્રગટ કરતાં પરબ્રહ્મે કહ્યું - તપ કરો. અર્થાત્ તન્મયતાપૂર્વક શ્રમ કરો. આ કેવી રીતે બને ? તપથી ઇચ્છિત વસ્તુઓ કેવી રીતે મળે ? તેની સ્પષ્ટતા પણ બ્રહ્મે બહુ જ સુંદર કરી. જો તપનું વ્રત લેવામાં આવે તો મનુષ્ય જરૂર સત્યમાં પ્રતિષ્ઠિત બને અને ચોક્કસ રીતે તેને સાચો માર્ગ મળી જાય છે. તે સત્ય પર ચાલનાર મનુષ્ય ઇચ્છિત વસ્તુને મેળવે જ છે.

તો આ શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાનનો અધિકારી કોને બનાવવો જોઈએ ? આ વિલક્ષણ સુખ-સાધનનો અધિકારી દરેક માણસ થઈ શકતો નથી. સવિતાએ-પરમાત્માએ પોતાની સત્ શક્તિ દ્વારા બ્રાહ્મણને ઉત્પન્ન કર્યો અને તેને સાવિત્રીથી ઘેરી દીધો, જેમાં સત્યનું તત્ત્વ વિશેષ હોય, જે બ્રહ્મપરાયણ હોય તે વ્યક્તિ બ્રાહ્મણ છે. આવી વ્યક્તિ ઈશ્વરના દૈવી ભાવો વડે, દિવ્યશક્તિ વડે ઘેરાયેલી રહે છે. તેમને જ શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેઓ જ એ બધાનો સદુપયોગ કરીને લાભ મેળવે છે. બીજા લોકોને આ ત્રણેનો અધિકાર નથી. જો બળજબરીથી આ વસ્તુઓ અધિકાર વિના કોઈ મેળવે તો તેને માટે આ વસ્તુઓ દુઃખના કારણરૂપ બની જાય છે.

આસુરી ભાવનાઓથી વીંટળાયેલા મનુષ્યો તપસ્વી હોતા નથી. તેઓ યોગ્ય માર્ગે, તપ દ્વારા, પ્રમાણિકતાપૂર્વક આ વસ્તુઓ મેળવી શકતા નથી. તેઓ અધર્મની રીતે, અયોગ્ય માર્ગે, ચાલાકીથી એ વસ્તુઓ મેળવે છે. આ પરિસ્થિતિમાં તે શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાન તેમને માટે તેમજ બીજાઓ માટે દુઃખરૂપ જ નીવડે છે. આજે આપણે જોઈએ છીએ કે ધનવાન લોકો ધન ભેગું કરવા માટે કેવા ખોટા માર્ગો અપનાવે છે અને એ ભેગું કરેલું ધન કેવા ખોટા માર્ગે ખર્ચે છે ? પોતાની પ્રતિષ્ઠાનો દુરુપયોગ કરનાર નેતાઓ, મહાત્માઓ, સાધુ-સંન્યાસીઓ વગેરેનો આજે ક્યાં તોટો છે ! લોકો ઊંધા-છતાં કરીને પ્રતિષ્ઠા અને આબરૂ મેળવવાના પ્રયત્ન કરે છે. જ્ઞાનનો દુરુપયોગ કરનારાઓ પણ ઓછા નથી. સાચાને જૂઠા અને જૂઠાને સાચા સાબિત કરનાર વકીલોની ક્યાં ખોટ છે.' અશ્લીલ, અરુચિકર અને ગંદાં પુસ્તકો લખનાર લેખકો અને ચિત્રકારો ઘણા પડ્યા છે. ખોટી જાહેરાતો કરીને

પોતાની જ્ઞાનશક્તિનો દુરુપયોગ કરનાર ઘણા જ છે. આવી અસત્ પ્રકૃતિના લોકોને જો આ ત્રણ શક્તિઓ મળે તો તેઓ તેમનો દુરુપયોગ જ કરે. દુરુપયોગ કરવાથી ચોક્કસ તેઓ નાશ પામે છે. કુદરત અયોગ્ય માણસોના હાથમાં કોઈ વસ્તુને વધુ વખત ટકવા દેતી નથી.

બ્રાહ્મણોને, બ્રહ્મપ્રકૃતિના લોકોને જ ઈશ્વરે ઉપર કહેલી ત્રણ વસ્તુઓના કાયમી અધિકારી બનાવ્યા છે. આ જ ઈશ્વરીય કાનૂન છે, જેમણે કાયમ માટે શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાનના અધિકારી બનવું હોય, સદાકાળ એ સદાનો રસાસ્વાદ માણવો હોય તેમણે બ્રાહ્મણ બનવું જોઈએ. પોતાનાં ગુણ, કર્મ, અને સ્વભાવમાં બ્રહ્મના ગુણ મુખ્યરૂપે સ્થાપવા જોઈએ. તેમ થાય તો જ આ ત્રણ તત્ત્વો સ્થાયીરૂપમાં તેમની પાસે રહી શકે. સવિતાએ-પરમાત્માએ પોતાની સાવિત્રી દ્વારા સત્ શક્તિ દ્વારા બ્રાહ્મણને વરદાન આપ્યું છે. આપણે તપ દ્વારા, યોગ દ્વારા, યજ્ઞ દ્વારા, પ્રેમ દ્વારા, ન્યાય દ્વારા બ્રાહ્મણ બનવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. એ રીતે જ આપણે જગતનાં આ ત્રણ અલૌકિક સુખો માટે અધિકારી બની શકીએ.

બ્રાહ્મણની પાસે, સન્માર્ગ તરફ જનારા પાસે, વૈભવ કેવી રીતે જાય છે અને સ્થિર બનીને રહે છે એ વાતનું વિવેચન કરતાં ઉપનિષદકારે પરસ્પર સંબંધો ગણાવ્યા છે અને એ પરસ્પર સંબંધોની સાંકળ કેવી રીતે સંપત્તિ પ્રાપ્ત કરવામાં સમર્થ બને છે તે પણ બતાવ્યું છે.

ગાયત્રીના પહેલા ચરણ 'તત્સવિતુર્વરેણ્યં'નો પ્રતિનિધિ 'ભૂઃ'ને ગણ્યો છે. ત્રણ વ્યાહૃતિઓમાંથી - ભૂઃ, ભુવઃ અને સ્વઃમાંથી ગાયત્રીનાં ત્રણ ચરણ પ્રગટ થયાં છે. એટલે પૃથ્વીને પૃથ્વીના રહેવાસીઓ સાથે અને એકને જ્ઞાન સાથે બાંધ્યાં. જ્ઞાનને અગ્નિ અર્થાત્ ક્રિયા સાથે બાંધ્યો. અગ્નિ સાથે શ્રીને અર્થાત્ ક્રિયા સાથે વૈભવને જોડ્યો. વૈભવનો સ્ત્રી સાથે અર્થાત્ તૃપ્તિ સાથે સંબંધ કર્યો. તૃપ્તિથી મિથુન એટલે જોડું બન્યું, મૈત્રી થઈ. મૈત્રીથી પ્રજા અર્થાત્ બહુજન સંબંધ સ્થાપિત થયો. બહુજનના સહકારથી કર્મો બન્યાં. સત્કર્મો દ્વારા સંબંધ સ્થાપિત થયો. સત્કર્મો દ્વારા તપ માટેનું સાહસ વધ્યું. તપ દ્વારા સત્યનો માર્ગ જડ્યો. સત્યના માર્ગથી બ્રહ્મની પ્રાપ્તિ થઈ અને બ્રહ્મવાદી આચરણની પ્રતિજ્ઞા લીધી. આ પ્રમાણે જેનું જીવન આદર્શ-આચરણથી ઓત-પ્રોત બન્યું હોય છે તેની તીક્ષ્ણતામાં, તેની પૂર્ણતામાં કશી ખામી હોતી નથી. તેને કોઈ ખંડિત કરી શકતું નથી.

જે આવું જ્ઞાન ધરાવે છે, જે આ પ્રકારે ગાયત્રીને સમજે–સમજાવે છે, તેનું જીવન અને તેનો વંશ અવિભક્ત અખંડિત રહે છે.

ગાયત્રીના પ્રથમ પાદનો શબ્દાર્થ તો બહુ સામાન્ય, સરળ અને સાદો છે. તેને ફક્ત સમજવાથી જ જોઈએ એટલો લાભ મળી જતો નથી. પરબ્રહ્મ પરમાત્માએ શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાનરૂપી ત્રણે રત્નોને જેને અધિકારી બનાવ્યો છે તેને ગાયત્રીથી ઘેરી દીધો છે. એ વાતનું તાત્પર્ય એ છે કે ગાયત્રીની મર્યાદામાં જેમણે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું છે તેઓ ભૌતિક અને આત્મિક આનંદ મેળવશે. જેમનો જઠરાગ્નિ તેજ હોય છે તેમને તો સામાન્ય અને સાદા પદાર્થો પણ રુચિકર લાગશે અને જેમનો જઠરાગ્નિ મંદ પડી ગયો હશે તેમને માટે તો સરસ કીમતી મીઠાઈઓ પણ રોગ વધારનાર થશે. ગાયત્રીથી વીંટળાયેલાં બ્રહ્મકર્મો મનુષ્યોનો આધ્યાત્મિક જઠરાગ્નિ એવો તીવ્ર હોય છે કે થોડા પ્રમાણમાં સડેલા અને સામાન્ય પદાર્થો પણ તેમને પુષ્કળ સ્વાદમય લાગશે.

જે માણસ એ સમજે છે કે ગાયત્રીનો ખરો હેતુ માનવજીવનને આદર્શવાદની પ્રતિજ્ઞાનું પાલન કરનારો બનાવવાનો છે, તે વાતનું ખરું તાત્પર્ય સમજે છે. જે માણસ આ જ્ઞાનને જીવનમાં અમલમાં મૂકે છે તે જીવનભર પદભ્રષ્ટ થતો નથી અને તેનો વંશ પણ નાશ પામતો નથી. તેના જન્મજન્માંતરો સુધી એ ભાવના અખંડ રહે છે. એ અખંડિતતાને કારણે તેને શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાનનો અભાવ રહેતો નથી.

**ભર્ગો દેવસ્ય ધીમહિ ઇતિ સાવિત્ર્યાઃ દ્વિતીયઃ પાદઃ ।**

'ભર્ગો દેવસ્ય ધીમહિ' - એ ગાયત્રીનું બીજું ચરણ છે.

**અન્તરિક્ષેણ યજુઃ સમદધાત, યજુષા વાયુમ્, વાયુના અભ્રમ્ । અભ્રેણ વર્ષમ્, વર્ષેણૌષધિ વનસ્પતીન્, ઔષધિ વનસ્પતિભિઃ પશુન્, પશુભિઃ કર્મ, કર્મણા તપઃ, તપસા સત્યમ્, સત્યેન બ્રહ્મ, બ્રહ્મણા બ્રાહ્મણમ્, બ્રાહ્મણેન વ્રતં વ્રતેન વૈ બ્રાહ્મણઃ સંશિતો ભવતિ અશૂન્યો ભવત્યવિચ્છિન્નો ભવતિ ।**

તે અંતરિક્ષ સાથે યજુઃને જોડે છે. યજુર્વેદ સાથે વાયુને, વાયુ સાથે મેઘ (વાદળ)ને, મેઘ સાથે વર્ષાને, વર્ષા સાથે ઔષધિ-વનસ્પતિઓને, ઔષધિ-વનસ્પતિઓ સાથે પશુઓને, પશુઓ સાથે કર્મને, કર્મ સાથે તપને, તપ સાથે બ્રહ્મને, બ્રહ્મ સાથે બ્રાહ્મણને, બ્રાહ્મણ સાથે વ્રતને જોડે છે અને વ્રતથી બ્રાહ્મણ તીક્ષ્ણ, પૂર્ણ અને અવિભક્ત બને છે.

**અવિચ્છિન્નોઽસ્યતન્તુરવિચ્છિન્નં જીવનં ભવતિ ય એવં વેદ યશ્ચૈવં વિદ્વાનેવમેતં સાવિત્ર્યા દ્વિતીયં પાદં વ્યાચષ્ટે ।**

જે વિદ્વાનો આ પ્રમાણે સાવિત્રીના બીજા ચરણને સમજાવે છે તેમનો વંશ તથા તેમનું જીવન અવિભક્ત બને છે.

અગાઉની કંડિકામાં ભૂઃ સાથે ઋક્નો સંબંધ જોડીને પ્રથમ ચરણનું રહસ્ય સમજાવ્યું હતું. આ કાંડમાં ગાયત્રીના બીજા ચરણનું વિવેચન કરે છે. ભુવઃ સાથે અંતરિક્ષ સાથે યજુનો સંબંધ જોડ્યો છે, યજુઃ એટલે યજ્ઞ અને યજ્ઞ એટલે પરમાર્થ. પહેલી કંડિકામાં જ્ઞાન દ્વારા આદર્શમય જીવનની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો હતો. અહીં યજ્ઞ દ્વારા વ્રતમય જીવન બનાવવાની સાંકળનું વર્ણન કરે છે.

ભુવઃ સાથે અંતરિક્ષમાં યજુઃને જોડ્યો. યજુઃ સાથે વાયુને, વાયુ સાથે મેઘને, મેઘ સાથે વર્ષાને, વર્ષા સાથે ઔષધિ અને વનસ્પતિઓનો, વનસ્પતિઓ સાથે પશુઓનો સંબંધ બતાવ્યો. ગીતામાં પણ યજ્ઞ વિધાનનું વર્ણન આવું જ છે. યજ્ઞથી હવા શુદ્ધ થાય છે અને વાયુના સંપર્કથી લાભદાયક પાણી વરસે છે, તેનાથી વૃક્ષ, વનસ્પતિ અને પશુઓ શ્રેષ્ઠ સત્ત્વોવાળાં બને છે. શ્રેષ્ઠ મનથી શ્રેષ્ઠ કર્મો થાય છે.

કર્મ સાથે મનને, મન સાથે સત્યને, સત્ય સાથે બ્રહ્મને, બ્રહ્મ સાથે બ્રાહ્મણને અને બ્રાહ્મણને વ્રત સાથે સંબંધિત કર્યો છે. છેવટે એ જ ક્રમ આવ્યો. વ્રત ધારણ કરવાથી બ્રાહ્મણ સૂતીક્ષ્ણ, પરિપૂર્ણ અને અખંડિત વંશવાળો બને છે.

જે વસ્તુ જ્ઞાન દ્વારા મળી શકે છે તે બીજી રીતે યજ્ઞ દ્વારા શ્રેષ્ઠ કર્મો દ્વારા પણ મળી શકે છે. ઉચ્ચ અંતઃકરણમાંથી નીકળેલી સદ્ભાવનાઓ આખા આકાશને, આખા વાતાવરણને સત્યમય બનાવી દે છે અને એ વાતાવરણમાં રહેનારા બધા જ પદાર્થો પૂર્ણ બને છે. જે વાતાવરણને લીધે મનુષ્ય વ્રતપરાયણ બનીને અખંડિત જીવનવાળો બની જાય છે, એ જ આ બીજી કંડિકાનું તાત્પર્ય છે

**ધિયો યો નઃ પ્રચોદયાદિતિ સાવિત્ર્યાસ્તૃતીયઃ પાદઃ ।**

**'ધિયો યો નઃ પ્રચોદયાત્'**- સાવિત્રીનું ત્રીજું ચરણ છે.

**દિવા સામ સમદધાત્ સામ્નાઽઽદિત્યમ્, આદિત્યેન રશ્મીન્ રશ્મિભિર્વર્ષમ્, વર્ષેણૌષધિવનસ્પતીન્, ઓષધિ વનસ્પતિભિઃ પશુન્, પશુભિઃ કર્મ, કર્મણા તપઃ, તપસા સત્યમ્, સત્યેન બ્રહ્મ, બ્રહ્મણા બ્રાહ્મણમ્ બ્રાહ્મણેન વ્રતમ્, વ્રતેન વૈ બ્રહ્મણઃ સંશિતો ભ્સવત્યશૂન્યો ભવત્યવિચ્છન્નો ભવતિ । અવિચ્છિન્નોઽસ્ય તન્તુર-વિચ્છિન્નં જીવનં ભવતિ ય એવં વેદ, યશ્ચૈવં વિદ્વાનેવમેતં સાવિત્ર્યાસ્તૃતીયં પાદં વ્યાચષ્ટે ।**

આકાશ લોક દ્વારા 'સામ' ને ઉત્પન્ન કરે છે. અને 'સામ' દ્વારા આદિત્યને ઉત્પન્ન કરે છે. આદિત્ય દ્વારા કિરણોને, કિરણો દ્વારા વર્ષાને, વર્ષા દ્વારા ઔષધિ-વનસ્પતિઓને, ઔષધિ-વનસ્પતિઓ દ્વારા પશુઓને, પશુઓ દ્વારા કર્મને, કર્મ દ્વારા તપને, તપ દ્વારા સત્યને, સત્ય દ્વારા બ્રાહ્મણને, બ્રહ્મ દ્વારા બ્રાહ્મણને, બ્રાહ્મણ દ્વારા વ્રતને ઉત્પન્ન કરે છે. વ્રતથી બ્રાહ્મણ તીક્ષ્ણ, પૂર્ણ અને અખંડ વંશવાળો બને છે. જે વિદ્વાન આને સમજીને સાવિત્રીના ત્રીજા ચરણને સમજાવે છે તે પોતાના વંશને અને જીવનને અખંડિત બનાવે છે.

ગાયત્રીનું ત્રીજું ચરણ 'સ્વ' થી પ્રગટ્યું છે. 'સ્વઃ' એટલે આકાશ લોક. આકાશ લોકને સામવેદ સાથે જોડવામાં આવ્યો છે, સામ સાથે આદિત્ય, આદિત્ય સાથે કિરણો, કિરણો સાથે વર્ષા, વર્ષા સાથે ઔષધિ-વનસ્પતિ અને ઔષધિ-વનસ્પતિ સાથે પશુઓનો સંબંધ જોડાયો છે. આ બધાનો પ્રયોગ કરવાથી આગળની કંડિકાઓમાં વર્ણવાયેલી રીતે મનુષ્ય બ્રહ્મચારી વ્રતધારી બનીને અખંડિત જીવન અને વંશથી યુક્ત બને છે.

ગાયત્રીનાં ત્રણ ચરણોમાં એવું જ્ઞાન ભરેલું છે જે દ્વારા મનુષ્યને શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ત્રણ ચરણ વેદો વડે બને છે. પ્રત્યેક ચરણ એક એક લોકનું પ્રતીક છે. આ ત્રણે લોકોમાંથી આ ત્રણે વેદોના મંત્રો જરૂરી વસ્તુઓને ખેંચી લાવે છે અને ગાયત્રી સાધકને એ દ્વારા સર્વ રીતે સુખી કરે છે. આના દ્વારા ફક્ત વ્યક્તિગત જ લાભ થાય છે એમ નથી, સામૂહિક લાભ પણ થાય છે. જેમ યજ્ઞ દ્વારા હવાની શુદ્ધિ, ઉત્તમ વરસાદ અને એ દ્વારા લાભદાયક વનસ્પતિ અને દૂધ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે ગાયત્રી દ્વારા પણ એવી જ પ્રક્રિયા થાય છે.

આ સંબંધ સાંકળોમાં પદાર્થ વિજ્ઞાન સંબંધી એક મોટું સત્ય છુપાયેલું છે. એક પદાર્થ સાથે બીજા પદાર્થનો સંબંધ કેવી રીતે હોય છે તેનું થોડું વિવેચન અમે આધ્યાત્મિક શૈલીમાં કર્યું છે પરંતુ આમાં આથી પણ વિશેષ વિવેચન સમાયેલું છે. એ દ્વારા ગાયત્રીનો ઉપાસક એ ત્રણે લાભો - શ્રી, પ્રતિષ્ઠા અને જ્ઞાન મેળવી શકે છે અને અંતે ઈશ્વરને પ્રાપ્ત કરીને અખંડિત જીવન મેળવે છે અર્થાત્ અમર બની જાય છે. તેને ઘડપણ અને મોતના ફેરામાં બંધાઈ રહેવું પડતું નથી. આવું છે આ ત્રિપદા ગાયત્રીનું રહસ્ય.

**તેન હ વા એવં વિદુષા બ્રાહ્મણેન બ્રહ્માભિપન્નં ગ્રસિતં પરામૃષ્ટમ્**

સાવિત્રીનાં ત્રણ પાદ જાણનારો બ્રાહ્મણ બ્રહ્મ પ્રાપ્ત (બ્રહ્મને પ્રાપ્ત થયેલો), તેનાથી ગ્રસિત્ અને તેનાથી પરામૃષ્ટ બને છે.

પ્રાપ્ત-ગ્રસિત-અને પરામૃષ્ટ-

**બ્રહ્મણા આકાશમભિપન્નં, ગ્રસિતં પરામૃષ્ટમ્ આકાશેન વાયુરભિપન્નો ગ્રસિતઃપરામૃષ્ટો, વાયુના જ્યોતિરભિપન્નં ગ્રસિતં પરામૃષ્ટમ્ । જ્યોતિષાપોડભિપન્ના ગ્રસિતાઃ પરામૃષ્ટાઃ । અદ્ભિર્ભૂમિરભિપન્ના ગ્રસિતા પરામૃષ્ટા, ભૂમ્યાન્નમભિપન્નં ગ્રસિતં પરામૃષ્ટમ્ । અન્નેન પ્રાણોડભિપન્નો ગ્રસિતઃ પરામૃષ્ટઃ । પ્રાણેન મનોડભિપન્નં ગ્રસિતં પરામૃષ્ટમ્ । મનસા વાંગભિપન્ના ગ્રસિતા પરામૃષ્ટા । વાચા વેદા અભિપન્ના ગ્રસિતાઃ પરામૃષ્ટાઃ । વેદૈર્યજ્ઞોડભિપન્નો ગ્રસિતઃ પરામૃષ્ટઃ । તાનિ હ વા એતાનિ દ્વાદશ મહાભૂતાન્યેવં વિધિ પ્રતિષ્ઠિતાનિ । તેષાં યજ્ઞ એવ પરાધ્યર્ઃ ।**

બ્રહ્મ દ્વારા પ્રકાશ પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. આકાશ દ્વારા વાયુ પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. વાયુથી જ્યોતિ પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. જ્યોતિ દ્વારા જળ પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. જગ દ્વારા પૃથ્વી પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. પૃથ્વી દ્વારા અન્ન પ્રાપ્ત ગ્રસિત અને પરામૃષ્ટ છે. અન્ન દ્વારા પ્રાણ પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. પ્રાણ દ્વારા મન પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. એ જ રીતે મન દ્વારા વાણી, વાણી દ્વારા વેદ અને વેદ દ્વારા યજ્ઞ પ્રાપ્ત ગ્રસિત અને

પરામૃષ્ટ છે. આવા પ્રકારનું જ્ઞાન ધરાવનારાઓમાં બારે મહાભૂતો પ્રતિષ્ઠિત રહે છે. આ બધામાં યજ્ઞ જ સર્વશ્રેષ્ઠ છે.

પહેલાંની ત્રણ કંડિકાઓમાં વર્ણન કરવામાં આવેલ ગાયત્રીનાં ત્રણે પદોના રહસ્યને સારી રીતે જાણનાર બ્રાહ્મણથી બ્રહ્મ પ્રાપ્ત, ગ્રસિત અને પરામૃષ્ટ છે. અર્થાત્ તે બ્રાહ્મણ બ્રહ્મને પ્રાપ્ત કરે છે, પ્રાપ્ત કરીને તેને પોતાનામાં પચાવે છે તેનાથી પરામૃષ્ટ એટલે આચ્છાદિત બને છે. તેની અંદર બંને બહાર બધી બાજુએ બ્રહ્મની જ સત્તા કામ કરતી હોય છે.

હવે ૧૨ એવી કડીઓ બતાવવામાં આવે છે, જેમને વિશે વિચાર કરવાથી એ સમજાય છે કે પાંચ મહાભૂતો, ચાર અંતઃકરણ વેદ અને યજ્ઞ બધાનું જ મૂળ કેવળ બ્રહ્મ જ છે. બ્રહ્મ દ્વારા જ એક કડી પછી બીજી કડીની માફક આ બધું જ જોડાયેલું છે. તેનાથી જ ઓતપ્રોત છે.

એમ સમજાવવામાં આવ્યું કે બ્રહ્મથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ, જળથી પૃથ્વી, પૃથ્વીથી અન્ન, અન્નથી પ્રાણ, પ્રાણથી મન, મનથી વાણી, વાણીથી વેદ અને વેદથી યજ્ઞ પ્રાપ્ત થાય છે, ગ્રસિત કરી શકાય છે અને આચ્છાદિત બને છે.

બ્રહ્મ પ્રત્યક્ષ રીતે આંખો દ્વારા દેખાતો નથી. અલ્પજ્ઞાની મનુષ્યો એમ માને છે કે પંચ મહાભૂતોનું આ પૂતળું શરીર જ બધું કરે છે. તેવા લોકોને અહીં સમજાવવામાં આવ્યું છે કે પંચ મહાભૂત અને તમારી અંદર કામ કરનાર મન, બુદ્ધિ વગેરેનું ચૈતન્ય બ્રહ્મથી જુદું નથી. તેનાથી જ આચ્છાદિત છે. જો આ બધા પરબ્રહ્મનું આચ્છાદન હોય તો ક્રિયાશીલતા બંધ થઈ જાય છે અને એક પણ તત્ત્વ કામ કરવામાં સમર્થ રહેતું નથી.

જે માણસ પંચ મહાભૂતોમાં અને શરીરમાં એ બ્રહ્મને-પરમાત્માને સમાયેલો જુએ છે તે બ્રાહ્મણ કહેવાય છે. તે વેદ અને યજ્ઞથી ઘેરાયેલો હોય છે. અર્થાત્ સદ્જ્ઞાન અને સત્કર્મ તેના અણુએ અણુમાં સમાયેલાં હોય છે. એ બધા જ્ઞાનમાં યજ્ઞ, સત્કર્મ જ સર્વોત્તમ છે. જ્ઞાનનું તાત્પર્ય જ સત્કર્મ છે. જેને આ રહસ્યનું જ્ઞાન થઈ જાય તેનામાં બધાં જ ભૂતો પ્રતિષ્ઠિત બને છે. એટલે કે તે સમસ્ત સૃષ્ટિના વિસ્તારને પોતાની અંદર જ રહેલો અનુભવે છે.

**તં હ સ્મૈતમેવં વિદ્વાંસો મન્યન્તે વિદ્મૈનમિતિ યથાતથ્યમવિદ્વાંસઃ**

જે વિદ્વાનો એમ માની લે છે કે અમે આ યજ્ઞના જાણકાર થઈ ગયા, તેઓ જાણતા નથી.

**અયં યજ્ઞો વેદેષુ પ્રતિષ્ઠિતઃ । વેદા વાચિ પ્રતિષ્ઠિતા । વાઙ્ મનસ પ્રતિષ્ઠિતા । મનઃ પ્રાણે પ્રતિષ્ઠિતમ્ । પ્રાણોઽન્ને પ્રતિષ્ઠિતઃ । અન્નં ભૂમૌ પ્રતિષ્ઠિતમ્ । ભૂમિરપ્સુ પ્રતિષ્ઠતા । આપો જ્યોતિષિ પ્રતિષ્ઠિતા । જ્યોતિર્વાયૌ પ્રતિષ્ઠિતમ્ । વાયુરાકાશે પ્રતિષ્ઠિતાઃ । આકાશં બ્રહ્માણિ પ્રતિષ્ઠિતમ્ । બ્રહ્મ બ્રાહ્મણે બ્રહ્મા વિદિ પ્રતિષ્ઠિતમ્ ।**

**યો હ વા એવં વિત સ બ્રહ્મવિત્પુણ્યાં ચ કીર્તિં લભતે સુરભીંશ્ચ ગન્ધાન્ । સોઽપહતપામ્પાનન્ત્ય શ્રિયમશ્નુતે ય એવં વેદ યશ્ચૈવં વિદ્વાનેવમેતાં વેદાનાં માતરં સાવિત્રીં સમ્પદમુપનિષદમુપાસ્ત ઈતિ બ્રાહ્મણમ્ ।**

આ યજ્ઞ વેદ પર પ્રતિષ્ઠિત છે. વેદ વાણી પર, વાણી મન પર, મન પ્રાણ પર, પ્રાણ અન્ન પર, અન્ન ભૂમિ પર, ભૂમિ જળ પર, જળ તેજ પર, તેજ વાયુ પર, વાયુ આકાશ પર, આકાશ બ્રહ્મ પર અને બ્રહ્મ બ્રહ્મવેત્તા બ્રાહ્મણ પર પ્રતિષ્ઠિત છે. આ રીતે સમજનાર બ્રહ્મ જ્ઞાની પુણ્ય અને કીર્તિ મેળવે છે, તેમજ ઉત્તમ સુગંધીને પ્રાપ્ત કરે છે. તે વ્યક્તિ પાપરહિત થઈને અખૂટ ઐશ્વર્ય મેળવે છે.

પહેલાંની કંડિકામાં યજ્ઞને સર્વોત્તમ કહ્યો છે. પણ એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે જેઓ એમ માનતા હોય કે અમે યજ્ઞસંબંધી બધું જ જાણીએ છીએ તેઓ જાણતા નથી.

આનું કારણ એ છે કે બીજા મનુષ્યો કોઈ પણ કાર્યના બાહ્ય રૂપને જોઈને તેને વિષે સારો ખોટો અભિપ્રાય બાંધી લે છે, પરંતુ ખરી રીતે કાર્યના બાહ્યરૂપ સાથે યજ્ઞને કશો જ સંબંધ નથી. તેનો આધાર તો આંતરિક ભાવના પર જ છે. એમ બને કે કોઈ માણસ મોટાં મોટાં દાન, પુણ્ય, હોમ, અગ્નિહોત્ર, બ્રહ્મભોજન, તીર્થયાત્રા વગેરે કરતો હોય પણ તેનો આંતરિક ઉદ્દેશ્ય યશ મેળવવાનો કે બીજો કોઈ લાભ મેળવવાનો હોઈ શકે, એ જ રીતે ડૉક્ટરના ઑપરેશન કાર્યની માફક બહારથી ક્રૂર પણ અંદરથી સદ્ભાવનાવાળું પુણ્યમય કાર્ય પણ કોઈ હોઈ શકે. આથી કોણ યજ્ઞ કરે છે કે કોણ નથી કરતો એ વાતનો નિર્ણય તો મનુષ્યનો પોતાનો આત્મા જ કરી શકે. બહારના માણસો તેને થોડે અંશે ઓળખી શકે પણ પૂર્ણ રીતે તો કોઈ કોઈને જાણી શકે નહીં.

અગાઉની કંડિકાઓમાં જે બાર કડીઓને એક તરફથી ગણાવી હતી, એને આ કંડિકામાં બીજી બાજુથી ગણાવવામાં આવી છે. એમનો ક્રમ બદલી નાખ્યો છે.

યજ્ઞ વેદોમાં, વેદ વાણીમાં, વાણી મનમાં, મન પ્રાણમાં, પ્રાણ અન્નમાં, અન્ન ભૂમિમાં, ભૂમિ જળમાં, જળ તેજમાં, તેજ વાયુમાં, વાયુ આકાશમાં, આકાશ બ્રહ્મમાં અને બ્રહ્મ બ્રાહ્મણમાં પ્રતિષ્ઠિત છે. આ દૃષ્ટિએ આ સાંકળનો એક છેડો બ્રાહ્મણ છે તો બીજો છેડો યજ્ઞ છે. એક છેડો યજ્ઞ છે તો બીજો છેડો બ્રાહ્મણ છે. બ્રાહ્મણ તો તેને જ કહેવાય જે સદ્જ્ઞાન અને સત્કર્મમાં ઓતપ્રોત હોય. અર્થાત્ સત્કર્મ અને સદ્જ્ઞાનમાં ઓતપ્રોત હોય તેને જ બ્રાહ્મણ કહેવાય.

જે આ પ્રમાણ સમજે છે જે બ્રહ્મજ્ઞાની છે. તે જ સુગંધની માફક ઊડતી અને ફેલાતી કીર્તિને પ્રાપ્ત કરે છે. તે પાપરહિત હોવાને કારણે અખૂટ ઐશ્વર્યને ભોગવે છે. તે જ્ઞાનનો ઉપાસક બનાવીને આ વેદમાતા ગાયત્રીના ઉપનિષદનો ઉપાસક બને છે અર્થાત્ આ ઉપનિષદમાં વર્ણવાયેલા મહાન બ્રહ્મજ્ઞાનને પોતાના અંતઃકરણમાં ધારણ કરીને તેનાથી પોતાનું જીવન ઓતપ્રોત બનાવે છે. આવી વ્યક્તિ જ બ્રાહ્મણ છે એવું શાસ્ત્રોનું વચન છે.

## ૯. ગાયત્રી-રામાયણ

એ વાત પ્રસિદ્ધ છે કે 'વાલ્મીકિ-રામાયણ'ની રચનાનો મૂળ આધાર ગાયત્રી મંત્ર છે. ગાયત્રી મંત્રના ભાષ્યરૂપ જ આ મહાન ગ્રંથ રચાયો છે.

વાલ્મીકિ રામાયણમાં ૨૪ હજાર શ્લોક છે. એક એક અક્ષરના વિવેચનરૂપ એક એક હજાર શ્લોકો રચાયા છે અથવા એમ કહી શકાય કે એક હજાર શ્લોકોને ગાયત્રીના એક એક અક્ષરનો સંપુટ કરવામાં આવ્યો છે.

આજે વાલ્મીકિ રામાયણનાં જે સંસ્કરણ મળે છે તેમાં શ્લોકોની સંખ્યા એકસરખી નથી અને એ બધામાં અનેક પાઠાંતરો મળે છે. આથી એમ લાગે છે કે વચ્ચેના અંધકારયુગમાં મુસલમાની સમયમાં અનેક શ્લોકો નષ્ટ થઈ ગયા હશે. બીજા ગ્રંથોની માફક સંપ્રદાયોની ચડતી-પડતીના ઝનૂનને કારણે વાલ્મીકિ રામાયણમાં કેટલાય નવા શ્લોકો ઉમેરાયા હશે અને કેટલાય મૂળ શ્લોકો ફાડી નાખવામાં આવ્યા હશે. રામચંદ્રજી દ્વારા માંસભક્ષણનું કાર્ય એવી જ એક નિષિદ્ધ વાત છે. આ કદાચ કોઈએ પાછળથી ઉમેર્યું હોવું જોઈએ. નહિ તો એમ શાથી માની શકાય એવું નથી કે વનવાસમાં યતિના વેશે ગયેલા રામચંદ્રજી લક્ષ્મણ પાસે માંસ રંધાવે અને સીતા, રામ અને લક્ષ્મણ સાથે મળીને ખાય.

આવી અવ્યવસ્થાને લીધે શ્લોકોનો ક્રમ પણ બદલાઈ ગયો છે. દરેક એક હજાર શ્લોક પછી ગાયત્રીના એક અક્ષરનો સંપુટ કરીને મહર્ષિ વાલ્મીકિએ પોતાના ગ્રંથોમાં આવી ભેળસેળ રોકવા

પ્રયત્ન કર્યો હતો પણ તેમની એ ઇચ્છા સફળ ન થઈ. આજે આપણને અવ્યવસ્થિત ક્રમવાળાં સંસ્કરણો જ મળે છે. ધ્યાનથી જોતાં એમ માલૂમ પડ્યું છે કે કેટલીક જગ્યાએ તો આ અંતર ૪-૫ શ્લોકોનું છે પણ બીજાં કેટલાંક સ્થળો એવાં પણ છે કે જ્યાં સો સો શ્લોકોનો ક્રમ તદ્દન બદલાઈ ગયો છે.

આવી પરિસ્થિતિ હોવા છતાં દરેક હજાર શ્લોક પછી ગાયત્રીનો એક એક અક્ષર ક્રમબદ્ધ રીતે ગોઠવાયો છે. આકસ્મિક રીતે ગોઠવાયો હોય એમ તો ન માની શકાય ? કારણ કે બીજા કોઈ મંત્રનો આવો સંપુટ જોવામાં આવતો નથી. અજાણતાં જ આકસ્મિક રીતે આવો સંપુટ આવી જાય એવું બને નહિ. મહર્ષિ વાલ્મીકિજીએ આ ખૂબ સમજણપૂર્વક કર્યું છે.

આ ગાયત્રી સંપુટનાં અનેક કારણો અને રહસ્યો હશે. એ બધાંને જાણવા-સમજવાં આજે અઘરાં છે. પરંતુ એ સંપુટિત શ્લોકો પર દૃષ્ટિપાત કરતાં એ બહુ જ અગત્યનાં લાગે છે. આમ તો એ બધામાં ઘણા શ્લોકો તો પ્રસંગકથાને લગતા છે. કોઈ પ્રસંગ અથવા વાર્તાલાપનો જ પરિચય મળે છે. તેમ છતાં ગંભીર રીતે વિચાર કરતાં એમ લાગે છે કે એ બધામાં સાંકેતિકરૂપે મહત્ત્વના બોધ ભરેલા છે. એ ઉપદેશોનો યોગ્ય રીતે અમલ કરવામાં આવે તો માનવજીવન અસાધારણ વિશેષતાઓવાળું બની શકે.

ગાયત્રીના ચોવીસ અક્ષરોથી શરૂ થતા આ ચોવીસ શ્લોકોને 'ગાયત્રી રામાયણ' કહે છે. આ શ્લોકોના ગર્ભમાં સાંકેતિક રીતે છુપાયેલા મર્મોને સમજીને એમને હૃદયંગમ કરનાર મનુષ્ય સંપૂર્ણ વાલ્મીકિ-રામાયણનો લાભ લઈ શકે. અહીં ગાયત્રીના એ ચોવીસ અક્ષરોથી શરૂ થતા જુદા-જુદા શ્લોકનું વિવેચન કરવામાં આવે છે.

**૧-તપ સ્વાધ્યાય નિરતં તપસ્વી વાગ્વિદાં વરમ્ ।**
**નારદં પરિપપ્રચ્છ વાલ્મીકિર્મુનિપુંગવમ્ ॥**

*- બાલકાંડ ૧૧*

**અર્થ** : તપ એને સ્વાધ્યાય કરનાર, બધામાં મુખ્ય અને મુનિઓમાં શ્રેષ્ઠ એવા નારદજીને તપસ્વી વાલ્મીકિએ પૂછેલું.

આ શ્લોકમાં બે સમસ્યાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. નારદજીને બે પદવીઓ આપી છે અને એ પદવીઓનું કારણ પણ બતાવવામાં આવ્યું છે. નારદજીને સર્વમાં મુખ્ય વિદ્વાન અને મુનિઓમાં શ્રેષ્ઠ કહ્યા છે. તેમને સર્વમાં મુખ્ય વિદ્વાન શાથી કહ્યા ? શું નારદજીએ વ્યાસ મુનિની માફક ૧૮ પુરાણો રચેલાં અથવા એમણે કોઈ બીજી એવી વિશેષતા બતાવેલી કે જે અન્ય વિદ્વાનોમાં ન હોય ? જો એમ ન હોય તો તેમને સર્વમાં શ્રેષ્ઠ વિદ્વાન શાથી ગણ્યા ? અથવા શું વાલ્મીકિ જુઠ્ઠા હતા કે એમણે નારદની આટલી બધી વધારે પડતી પ્રશંસા કરી ?

આ શ્લોકમાં એ કારણ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એ કારણ છે તેમનું શાસ્ત્રનું ચિંતન. પોથીઓ વાંચનારા વેદિયા તો એક કરતાં એક અનેક છે. જેઓ જિંદગીભર એ જ ધંધો કરતા રહે છે. હજારો લાખો પુસ્તકો જેમણે વાંચી નાખ્યાં હોય એવાઓને શું સર્વશ્રેષ્ઠ વિદ્વાન કહેવાય ? ના, એમ ન થઈ શકે. પોથીઓનાં પાનાં વાંચવાનું વ્યસન કોઈ માહિતી જ્ઞાન તો વધારી શકે, પણ તેનાથી કોઈ આધ્યાત્મિક લાભ થઈ શકતો નથી. કોઈ માણસ ભલે થોડું શાસ્ત્ર ભણે તેને તેનું ચિંતન કરતા રહેવું જોઈએ. શાસ્ત્રના અર્થ વિષે, તેમની આજ્ઞા વિષે, તેના મર્મ, તેના મહત્ત્વ વિષે ગંભીરતાપૂર્વક મનન કરવું, પોતાના આત્માનો અભ્યાસ કરવો, એ જ સ્વાધ્યાયનું મહત્ત્વ છે. જે માણસ આવી રીતે શાસ્ત્રનું સેવન કરે છે, તે જ વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાય છે. નારદજી આવા પ્રકારના વિદ્વાનોમાં શ્રેષ્ઠ હતા.

બીજી પદવી એમને 'મુનિઓમાં શ્રેષ્ઠ'ની આપવામાં આવી છે. આ સાથી ? એનો જવાબ પણ સાથે જ આપી દીધો છે. તે છે 'તપ'. મનન કરનારને 'મુનિ' કહે છે. એવા અનેક મુનિઓ છે જેઓ સત્ તત્ત્વનું મનન કરતા રહે છે. પણ માત્ર એટલાથી જ કામ પૂરું થતું નથી. જેનામાં આદર્શને માટે ઘોર પ્રયત્ન કરવાની લગની હોય અને એ પ્રયત્નને માટે મોટામાં મોટું કષ્ટ સહન કરવાનું જેમનામાં સાહસ હોય તેઓ જ તપસ્વી અને મુનિઓમાં શ્રેષ્ઠ ગણાય. નારદજી ઘણીવાર આરામની પણ પરવા કર્યા વિના પોતાના ઉદ્દેશ માટે જ્યાં ત્યાં ફરતા રહેતા હતા. લોકસેવા માટે તેમણે આખું જીવન હોમી દીધેલું.

આ શ્લોકમાં નારદજીને માધ્યમ બનાવીને તપ અને સ્વાધ્યાયની શ્રેષ્ઠતાનું વર્ણન કર્યું છે. ગાયત્રી રામાયણનો પહેલો શ્લોક આપણને તપસ્વી અને સ્વાધ્યાયરત બનવાનો સદુપદેશ આપે છે.

**૨-સ હત્વા રાક્ષસાન્ સર્વાન્ યજ્ઞઘ્નાન્ રઘુનન્દનઃ ।**
**ઋષિભિઃ પૂજિતસ્તત્ર યથેન્દ્રો વિજયે પુરા ॥**

*- બાલકાંડ ૨૦/૨૪*

**અર્થ** : યજ્ઞનો નાશ કરનાર સર્વ રાક્ષસોને રામચંદ્રજીએ માર્યા. જેમ અસુર વિજય કર્યા પછી ઇન્દ્રની પૂજા થતી તેમ ઋષિઓએ એમની પૂજા કરી.

આ બીજા શ્લોકમાં ત્રણ તથ્યો છે. (૧) યજ્ઞને નષ્ટ કરનારને રાક્ષસ માનવા. (૨) રાક્ષસોને મારવા અને (૩) રાક્ષસોને મારનારાઓને વિવેકી મનુષ્યોએ પ્રોત્સાહિત કરવા.

સારાં કાર્યોમાં જે લોકો વિઘ્નો નાખે છે, જનતાનાં સુખશાંતિમાં જેઓ વિઘ્ન ઊભાં કરે છે, પુણ્યની પ્રથાને રોકીને પાપની પ્રથા શરૂ કરે છે - એવા કંકટરૂપ મનુષ્યો રાક્ષસો છે, જનતાના દુશ્મનો છે. આવા લોકો તરફ તિરસ્કારનો ભાવ જાગતો રાખવાની જરૂર છે. નહિ તો આપણી ઉપેક્ષા, બેદરકારી અને આંખ આડા કાન કરવાની વૃત્તિને જોઈ જાણીને તેઓ નિર્ભય બની જશે અને બમણા જોરથી એવાં કાર્યો કરશે. આથી સમાજવિરોધી, દેશદ્રોહી અને જનતાના માર્ગના કાંટારૂપ લોકો ઉપર આપણી કરડી નજર રહેવી જરૂરી છે. એમનાં કર્મોથી આપણે સાવધાન રહીએ, બીજાઓને સાવધાન કરીએ અને સેવાઓના વિરોધમાં તિરસ્કારનું વાતાવરણ તૈયાર કરતા રહીએ. જેથી એ રાક્ષસી વૃત્તિઓ નિર્ભય બનીને વધતી અટકે.

આવા લોકોને માટે બીજો ઉપાય છે તેમનું દમન કરવું. જ્યાં વ્યક્તિગત રીતે પતાવી લેવાની અનિવાર્ય જરૂર હોય ત્યાંની વાત બીજી છે. પણ બીજા સામાજિક પ્રસંગોની બાબતમાં રાજ્ય દ્વારા એવા લોકોને શિક્ષા કરવાની વ્યવસ્થા હોવી જોઈએ. વિદેશી સત્તા જતાં હવે તો સરકાર જનતાનું પ્રતિનિધિત્વ કરે છે. આથી સજા-શિક્ષા કરવાનું કામ જનતાની સામૂહિક દંડશક્તિ–સરકાર દ્વારા એમને દબાવી દેવા જોઈએ. ઋષિઓએ રાક્ષસોને જાતે માર્યા નહિ. વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણ એ બે રાજપુત્રોને લાવ્યા હતા અને એમને ધનુષવિદ્યા શીખવીને રાક્ષસોને મરાવ્યા હતા, વિશ્વામિત્રે ધાર્યું હોત તો તેઓ રાક્ષસોને મારી શકત. પણ પ્રજા દ્વારા પ્રજાને દંડ દેવાવો યોગ્ય ન માનીને એમણે આ માટે રાજ્યાશ્રય લીધો આપણે પણ દુષ્ટોના દમનને માટે રાજ્યશક્તિનો જ ઉપયોગ કરવો જોઈએ.

ત્રીજી વાત છે ઋષિઓ દ્વારા રાજ્યશક્તિની પૂજા. દુષ્ટ લોકોની સાથે લડનારી શક્તિઓ તરફ આપણી પૂરેપૂરી સહાનુભૂતિ હોવી જોઈએ, એમ બની શકે કે આપણને કોઈ વ્યક્તિ વિશેષ સાથે કોઈ કારણે વિરોધ હોય, અસંતોષ અથવા દ્વેષ હોય, પણ જ્યારે રાક્ષસ તત્ત્વને દબાવવાની વાત આવે ત્યારે એવા વિરોધી માણસ સાથે સહકાર સાધીને પણ અસુરતત્ત્વને હરાવવું જોઈએ. સિદ્ધાંત સંબંધી વ્યક્તિગત વિરોધ આવા પ્રસંગે ત્યજી દેવા જોઈએ. વીરપૂજાની પ્રથા જૂની છે. ઇન્દ્ર વગેરેની

પૂજા પણ એમના અસુર વિજયને કારણ થતી. જે લોકો વિઘ્નો, કંટકો અને અસુરો સાથે લડે છે તેઓ આપણા પ્રશંસા, પ્રોત્સાહન અને સહકારના અધિકારી છે.

**૩-વિશ્વામિત્રઃ સ રામસ્તુ શ્રુત્વા જનક ભાષિતમ્ ।**
**વત્સ રામ ધનુઃ પશ્ય ઈતિ રાઘવમબ્રવીત ॥**

*- બાલકાંડ ૬૭/૧૨*

**અર્થ** :- રામની સાથે વિશ્વામિત્રે જનકની વાત સાંભળી અને કહ્યું, વત્સ રામ, ધનુષ્યને જો.

'આ કઠણ કામ ઘણા લોકો કરી શક્યા નથી એથી મારાથી પણ એ નહિ થાય'-આ પ્રકારની બીક રાખીને ઘણા યોગ્ય માણસો પણ પોતાની પ્રતિભાને દબાવી દે છે અને લઘુતાગ્રંથિથી પીડાય છે. આમ થાય તે બિલકુલ સારું નથી. ઘણીવાર એમ પણ બને છે કે જે કામ મોટા માણસો માટે અશક્ય હોય તે નાનાઓ પૂરું કરી શકે છે. જનકનું ધનુષ્ય 'ભૂપ સહસ દસ એક હિ બારા' । લાગે ઉઠાવતા ટરહિન ટારા ॥' મુજબ અશક્ય કાર્ય થઈ પડ્યું હતું. વિશ્વામિત્ર જાણતા હતા કે આવો ડર રામને પણ લાગશે અને જો રામ ગભરાઈ જશે તો અર્ધું કામ નિષ્ફળ થઈ જશે. એથી એમણે એમને ઉત્સાહ આપતાં કહ્યું - 'વત્સ રામ, આ ધનુષ્યને જો.'

જે મુશ્કેલીઓ આપણી સામે આવે છે એમની કલ્પના જ બહુ ગભરાવનારી હોય છે.

આપણને એમ જ લાગે છે કે આફત કોણ જાણે આપણને શું કરી નાંખશે ? પરંતુ માણસ જ્યારે હિંમત કરીને એનો સામનો કરવા તૈયાર થઈ જાય છે ત્યારે રામના ધનુષભંગની માફક તેનું કામ સહેલું–સટ બની જાય છે. 'હિંમતે મર્દા તો મદદે ખુદા' એ કહેવત પ્રમાણે હિંમત કરનારને ઈશ્વર મદદ કરે છે. મુશ્કેલીઓ જોઈને આપણે ગભરાવું કે ડરવું ન જોઈએ. પણ સંપૂર્ણ દૃઢ બનીને એમનો સામનો કરવા-તેમનો ઉકેલ કરવા આગળ ધપવું જોઈએ. આ જ આ શ્લોકનું તાત્પર્ય છે.

**૪-તુષ્ટાવાસ્ય તદા વશં પ્રવિશ્ય સ વિશાપતેઃ**
**।**
**શયનીયં નરેન્દ્રસ્ય તદાસાદ્ય વ્યતિષ્ઠત ॥**

*- અયોધ્યાકાંડ ૧૫/૯*

**અર્થ** :- તેમના વંશની પ્રશંસા કરીને તેઓ (સુમન્ત) રાજાના શયનખંડ સુધી ચાલ્યા ગયા.

પ્રશંસા એક એવો ઉપાય છે જેનાં દ્વારા જ્યાં પહોંચવું અઘરું હોય એવા સ્થાને પણ પહોંચી શકાય છે. રાજાના શયનખંડમાં હરકોઈને પ્રવેશ મળતો નથી. પણ સુમન્ત તો ત્યાં પહોંચી ગયા. તેમણે તેમના વંશના, તેમના અહંભાવનાં વખાણ કર્યાં.

અહંતાનું પોષણ અને કામસેવન એ બે આ જગતના મુખ્ય વિલાસો છે. મનનો સૌથી પ્રિય વિલાસ તે વખાણ છે. સર્પ અને હરણ સંગીતના ધ્વનિ પર મુગ્ધ બની જાય છે. મનુષ્યને માટે સૌથી મધુર ધ્વનિ તે તેની આત્મપ્રશંસા છે.

આ શ્લોકમાં પ્રશંસાના મહત્ત્વનું વર્ણન છે. આ એક એવું હથિયાર છે જેના ઉપયોગ દ્વારા સારાં અને માઠાં બંને પ્રકારનાં પરિણામ મેળવી શકાય છે. ખુશામતિયા, ચાલાક, શઠ લોકો ખોટી પ્રશંસા કરીને બીજાઓના ગર્વને પંપાળે છે અને પોતાનો સ્વાર્થ સાધે છે. અયોગ્ય પ્રશંસાથી ફૂલાઈ જનારને ખોટી ટેવ પડે અને આવો ભ્રમ થવા લાગે કે હું ખરેખર એવો સારો જ છું. તેને તેના દોષ દેખાતા નથી અને સારા ગુણો જ તેને ખોટી રીતે દેખાયા કરે છે. આથી તેનું મગજ અજ્ઞાનમય અને ભ્રાંતિવાળું બની જાય છે. પરિણામે તેનાં કામ પણ ઢંગધડાં વગરનાં થઈ જાય છે. રાજાઓ, તાલુકાદારો, અમીર લોકો અને અમલદારો વગેરેમાં આવા પ્રકારની ખુશામતથી પેદા થયેલા અનેક વિકારો જોવામાં આવે છે.

પરંતુ જો પ્રશંસાનો સદુપયોગ કરવામાં આવે, યોગ્ય રીતે એ દ્વારા કોઈનો ઉત્સાહ વધારવામાં આવે, તેના ખરા ગુણોને યોગ્ય રીતે તેની સામે મૂકવામાં આવે અને તેનો વધારે વિકાસ થાય એવી શુભ ભાવના રાખવામાં આવે તો તેથી તેનો ઉત્સાહ અને તેનું આત્મબળ વધે છે. અરે, એ પ્રશંસાને સાચી પાડવા ખાતર પણ તે ખોટાં કામોથી દૂર રહે છે જેણે સફેદ કપડાં પહેર્યાં હોય એવા માણસ એનાં કપડાંને ખૂબ કાળજીથી સાચવે છે. કદાચ કોઈ ભૂલને કારણે સફેદ કપડાં પર ડાઘ ન પડી જાય તે માટે સાવધ રહે છે. પણ જેણે કાળા કે એવા બીજા રંગનાં કપડાં પહેર્યાં હશે તેને એવી જરા પણ ફિકર રહેવાની નથી. પ્રશંસા ધોળી ચાદર છે અને નિંદા કાળી ભૂખરાં રંગની ચાદર છે. આપણે આપણા દરેક ઓળખીતાને સફેદ કપડાં પહેરાવી રાખવાં જોઈએ. આમ કરવાથી જાહેર જીવનમાં સજાગ બનશે અને સારી રુચિવાળો બનશે.

**૫-વનવાસં હિ સંખ્યાય વાસાંસ્યાભરણાનિ ચ ।**
**ભર્તારમનુગચ્છન્ત્યૈ સીતાયૈ શ્વસુરો દદૌ ॥**

*-અયોધ્યાકાંડ ૪૦/૧૪*

**અર્થ** :- વનવાસના દિવસોની ગણતરી કરીને પતિની સાથે જનારી સીતાને સસરાએ વસ્ત્ર-આભૂષણો આપ્યાં.

ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને એમને માટે યોગ્ય તૈયારી રાખવી એ વાત આ શ્લોક સમજાવે છે. પૂર્વનાં કર્મોને કારણે આજે આ દશા છે, પણ હવે જો સારી તૈયારી કરવામાં ન આવે તો ભવિષ્ય અંધકારમય બને. બુદ્ધિશાળી લોકો ભવિષ્યનો વિચાર કરે છે. ભવિષ્યનું જીવન સુખ-શાંતિ અને આનંદ ઉલ્લાસમય રીતે વીતે એ માટે તેઓ શુભ કર્મો કરીને વધારે પુણ્ય ભેગું કરે છે. આપણે એવું જ કરવું જોઈએ.

**૬-રાજા સત્યં ચ ધર્મશ્ચ રાજા કુલવતાં કુલમ્ ।**
**રાજા માતા-પિતા ચૈવ રાજા હિતકરો નૃણામ્ ॥**

*- અયોધ્યાકાંડ ૬૭/૬૪*

**અર્થ** : રાજા સત્ય છે, ધર્મ છે, કુળવાનોનું કુળ છે. પ્રજાને માટે માતા-પિતા સમાન છે અને મનુષ્યોનો હિતેચ્છુ છે.

રાજા દ્વારા, પ્રજાના હિતને સત્યના આધાર પર ચાલનાર રાજ્ય છે, સુરાજ્ય અને એથી ઊલટી રીતે ચાલનાર રાજ્યને કુરાજ્ય કહે છે. આ શ્લોકોમાં સુરાજ્યની પ્રશંસા કરવામાં આવી છે. એની શ્રેષ્ઠતા બતાવીને સુરાજ્ય દ્વારા નક્કી કરવામાં આવેલા નિયમોનું પાલન કરવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. દરેક સભ્ય નાગરિકનું કર્તવ્ય છે કે સમાજહિત-સંબંધી રાજ્ય નિયમોનો ઈશ્વરી આજ્ઞાઓ-ધર્મની આજ્ઞાઓની જેમ આદર કરવો જોઈએ અને તેમનું પાલન કરવું જોઈએ. રાજ્ય ભક્તિનો અર્થ છે - દેશભક્તિ, સમાજભક્તિ. આ શ્લોક દેશભક્તિ અને સમાજભક્તિની પ્રેરણા આપે છે.

**૭-નિરીક્ષ્ય સ મુહૂર્તં તુ દદર્શ ભરતો ગુરુમ્ ।**
**ઉટજે રામમાસીનં જટામણ્ડલધારિણમ્ ॥**

*- અયોધ્યાકાંડ ૯૯/૨૫*

**અર્થ** : ભરતે તે જ ક્ષણે જટાધારી રામને તે કુટિરમાં બેઠેલા જોયા.

ઈશ્વરનું ઐશ્વર્ય મોટા વૈભવશાળી ભવનો, ખજાનાઓ અને ભંડારોમાં રહેલું છે. વૈભવવાળો ઈશ્વર દરેક વૈભવશાળી પદાર્થમાં ઝળહળતો દેખાય છે. પરંતુ જો ઈશ્વરના સતોગુણી સ્વરૂપનું, બ્રહ્મનું, જટાધારી ત્યાગમૂર્તિ રામનાં દર્શન કરવા હોય તો તે ઝૂંપડીમાં જ મળી શકે.

મહાત્મા ગાંધીજી દરિદ્ર જનતાને દરિદ્રનારાયણ કહેતા હતા. ઈશ્વરની સર્વોત્તમ ઝાંખી તેમને દરિદ્ર લોકોમાં થતી અને દીનગરીબોના ઝૂંપડાં તેમને ઈશ્વરનાં શ્રેષ્ઠ મંદિરો લાગતાં હતાં. ઝૂંપડી સાદાઈ, અપરિગ્રહ અને ત્યાગની પ્રતીક છે, જ્યાં આવા ગુણો હોય ત્યાં જટાધારી રામનાં, સત્ શક્તિઓથી આચ્છાદિત બ્રહ્મનાં દર્શન થઈ શકે છે. એ દર્શન તો, જે ભરતની જેમ સરળ, દોષરહિત અને ભોળા અંતઃકરણવાળા હોય એમને જ મળે. આ શ્લોકમાં ઈશ્વરનાં દર્શન કેવી રીતે થઈ શકે એ પ્રશ્નની ચોખવટ કરતાં કુટી, જટાધારી રામ અને ભરત એ ત્રણ તત્ત્વોનો ઉલ્લેખ થયો છે. વિવેકી મનુષ્ય પોતાની દૃષ્ટિ ભરત જેવી બનાવે, પોતાના હૃદયના ખૂણાને સરલ ઝૂંપડી જેવો બનાવે, ત્યારે જ તેને જટાધારી રામનાં દર્શન થાય. મુગટધારી રામ તો બીજે પણ મળે. તેમની એવી ઝાંખી તો અયોધ્યાના રાજમહેલમાં પણ મળી શકતી, પણ જટાધારી રામનું, સત્યમય બ્રહ્મનું ઘર તો ઝૂંપડી જ હોય.

**૮-યદિ બુદ્ધિઃ કૃતા દ્રષ્ટુમગસ્ત્યં તં મહામુનિમ્ ।**
**અદ્યૈવ ગમને બુદ્ધિ રોચયસ્વ મહામતે ॥**

*- અરણ્યકાંડ ૧૧/૪૩*

**અર્થ** :- હે મહામુનિ ! જો તમે અગસ્ત્યનાં દર્શન કરવાની ઈચ્છા કરી હોય તો આજે જ જવાનો વિચાર કરો.

'અગસ્ત્ય' શબ્દનો અર્થ થાય છે કલ્યાણ. જે બુદ્ધિશાળી મનુષ્ય કલ્યાણની ઈચ્છાવાળો હોય, આત્મસત્કારની ઈચ્છા રાખતો હોય, ઈશ્વરપ્રાપ્ત કરવા ઈચ્છતો હોય અર્થાત્ કોઈ પણ પ્રકારની ભૌતિક કે માનસિક સફળતા મેળવવા ચાહતો હોય તેણે પોતાના ઉદ્દેશને સફળ કરવા આજે જ કામે લાગી જવું જોઈએ. કાલે કરીશ એવો વિચાર કરવાથી કામ થઈ શકવાનું નથી. 'આજ, આજ ભઈ અત્યારે' એમ જ સમજવાનું છે. કારણ કાલ તો કદી આવતી જ નથી.

વર્તમાન સમય જ કીમતી છે. જે સમય વીતી ગયો તે પાછો આવતો નથી. તેને માટે શોક કે ચિંતા કરવાથી કંઈ વળવાનું નથી. જીવનમાં વર્તમાનકાળ જ કીમતી છે. વર્તમાન સમયના એક એક ક્ષણનો સદુપયોગ કરવો એનું નામ જ સમયનો સદુપયોગ, જે કરવું યોગ્ય હોય તે કરવામાં વિલંબ કરવો ન ઘટે. સમયને જરા પણ બગડવા દીધા વિના હમણાં જ જે–તે કામ શરૂ કરી દેવું જોઈએ. આ શ્લોક એ જ વાત શીખવાડે છે.

**૯-ભરતસ્યાર્યપુત્રસ્ય શ્વશ્રૂણાં મમ ચ પ્રભો ।**
**મૃગુરૂપમિદં દિવ્યં વિસ્મયં જનયિષ્યતિ ॥**

*- અરણ્યકાંડ ૪૩/૧૮*

**અર્થ** :- ભરતને, આપને અને મારી સાસુઓને આ દિવ્ય મૃગરૂપી રમકડું વિસ્મિત કરશે. (જો આ જીવતું ન પકડાય તો પણ તેનું ચામડું, મૃગચર્મ ખૂબ જ સુંદર હશે.)

બધા લોકોને પ્રસન્નતા આપનાર પદાર્થો જો આખા સ્વરૂપમાં, સંપૂર્ણરૂપે મળી શકે તેમ ન હોય તો થોડા તો થોડા પ્રમાણમાં પણ તેમને મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ, સદ્‌ગુણ આપણામાં જેટલા પ્રમાણમાં હોય એટલા સારા, પૂર્ણ પ્રમાણમાં હોય તો તો બહુ જ સારું. પરંતુ જો પૂર્ણતા પ્રાપ્ત ન થઈ શકે તો પણ થોડી ઘડી પણ મળે એ માટે પ્રયત્ન કરવો જોઈએ. જો પૂર્ણ સત્યવાદી, પૂર્ણ નિષ્પાપ, પૂર્ણ સદાચારી ન બની શકાય તો હિંમત હારી જવા કરતાં જેટલું શક્ય બને એટલું ઉત્તમ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન ચાલુ જ રાખવો જોઈએ.

શિલ્પ, સંગીત, કલા, વ્યાયામ, ભાષણ, બીજી ભાષાઓનાં જ્ઞાન વગેરે જેટલા વધારે પ્રમાણમાં મેળવી શકાય એટલો પ્રયત્ન કરવો જોઈએ. જગતના જેટલા વધારે વિષયોનું જ્ઞાન મળે

એ માટે સદા પ્રયત્નવાળા બનવું જોઈએ. ''સંપૂર્ણ અથવા બિલકુલ નહિ'' એવી દુરાગ્રહ ભરેલી નીતિ કરતાં 'જેટલું મળે એટલું સ્વીકારો અને વધારે માટે પ્રયત્ન કરો'- એ નીતિ અપનાવવાની શિખામણ આ શ્લોકમાં છે. 'સર્વનાશે સમુત્પન્ને અર્ધ ત્યજતિ પંડિતઃ' - વાળી ઉક્તિનો ભાવાર્થ પણ આવો જ છે.

**૧૦-ગચ્છ શીઘ્રમિતો વીર સુગ્રીવં ચ મહાબલમ્ ।**
**વયસ્યં તં કુરુ ક્ષિપ્રમિતો ગત્વાઽદ્ય રાઘવ ।।**

*- અરણ્યકાંડ ૭૨/૧૭*

**અર્થ** :- હે રાઘવ ! તમે અહીંથી જલદી જ મહાબલી સુગ્રીવ પાસે જાવ અને આજે જ તેને તમારો મિત્ર બનાવો.

શક્તિશાળીને આપણો મિત્ર બનાવવામાં વિલંબ ન કરવાનો અહીં ઉપદેશ આપવામાં આવ્યો છે. લોક-વ્યવહારની દૃષ્ટિએ બળનો, બળવાન માણસનો સહારો બહુ મોટી વસ્તુ છે. એના દ્વારા મોટી મુશ્કેલીઓ ઊકલી જાય છે - અને ઉન્નતિના અનેક માર્ગો ખૂલે છે. સત્સંગનો મહિમા જાણીતો છે. જે આપણાથી વધારે શક્તિશાળી હોય તેની નજીક જવાથી, તેની મૈત્રી કરવાથી આપણી શક્તિમાં વધારો થાય એ સ્વાભાવિક છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આવું જ છે. જીવાત્મા પોતાના કરતાં બળવાન દૈવી શક્તિઓ સાથે સંબંધ સ્થાપીને દૈવી લાભો મેળવે છે. જે ક્ષેત્રમાં લાભ મેળવવો હોય તેણે તે જ ક્ષેત્રના પોતાના કરતાં બળવાન માણસોની દોસ્તી જલદી જ કરવી જોઈએ.

**૧૧-દેશ કાલૌ ભજસ્વાદ્ય ક્ષીયમાણઃ પ્રિયાપ્રિયે ।**
**સુખ-દુઃખસહઃ કાલે સુગ્રીવવશગો ભવ ।।**

*- કિષ્કિંધા કાંડ ૨૨/૨૦*

**અર્થ** : દેશકાળને સમજો અને પ્રિય-અપ્રિય તથા સુખ-દુઃખને સહન કરીને સુગ્રીવને આધીન રહો.

માણસ જેવું ઇચ્છે, જેવી પોતાની સ્થિતિ તેને ગમતી હોય તેવું જ બધું તેને મળે, એવું કંઈ બને જ, એમ થતું નથી, ન પણ બને. દેશકાળની વિચિત્રતાને કારણે, નસીબને કારણે માણસને ઘણીવાર અગવડભરી સ્થિતિમાં, દુઃખમય સ્થિતિમાં પણ રહેવું પડે છે. આવી સ્થિતિને ધીરજપૂર્વક સહન કરતાં કરતાં તેમાંથી છુટવાનો પ્રયત્ન કરવો જોઈએ. પ્રિય અને અપ્રિય તથા સુખ અને દુઃખવાળી સ્થિતિઓમાં માણસે અધીર બનવું જોઈએ નહિ. આવી પરિસ્થિતિઓમાં મનને સ્વસ્થ, શાંત રાખીને ધીરજ દાખવવી જોઈએ.

**૧૨-વન્દિતવ્યાસ્તતઃ સિદ્ધાસ્તપસાં વીતકલ્મષાઃ ।**
**પ્રષ્ટવ્યા ચાપિ સીતાયાઃ પ્રવૃત્તિર્વિનયાન્વિતૈઃ ।।**

*- કિષ્કિંધા કાંડ ૪૩/૩૧*

**અર્થ** : નિષ્પાપ, સિદ્ધ, તપસ્વીઓને પ્રણામ કર્યા અને એમણે વિનયપૂર્વક સીતાની ખબર પૂછી.

આત્મજ્ઞાન સંબંધી ઉપદેશ ગમે તેની પાસેથી ગ્રહણ કરવો નહિ. ગમે તેને ગુરુ બનાવવા જોઈએ નહિ. પહેલાં એ જોઈ જાણી લેવું જોઈએ કે આત્મજ્ઞાનનો શિક્ષક એટલે ગુરુ આ ત્રણ ગુણોવાળો છે કે નહિ ? (૧) નિષ્પાપ, (૨) અનુભવી અર્થાત્ સફળ તથા (૩) તપસ્વી. જેમાં આ ત્રણ હોય તે જ આત્મા સંબંધી જ્ઞાન આપવાનો અધિકારી ગણાય. પાપાત્મા, અનુભવ વગરનો અને ભોગ પરાયણ મનુષ્ય ગમે એટલો મોટો ચતુર, વક્તા અને પંડિત હોય તો પણ તેની પાસેથી આત્મજ્ઞાન સંબંધી ઉપદેશ ગ્રહણ કરવો નહિ. એવા માણસ પાસે એવો ઉપદેશ લેવામાં ખોટા માર્ગે

ચઢી જવાનો કે છેતરાવાનો ભય હોય છે.

વિશ્વાસ કરવા જેવો માર્ગદર્શક મળી જાય તો તેને પ્રણામ કરીને નિષ્ઠાપૂર્વક પ્રશ્ન કરવો જોઈએ. આ રીતે યોગ્ય જિજ્ઞાસાપૂર્વક, શિષ્ટાચારપૂર્વક અને શિષ્ટ-ભાવથી પૂછવામાં આવે તો અધિકારી ગુરુઓ ઉચિત માર્ગદર્શન કરે છે. આ શ્લોકમાં આત્મજ્ઞાની ગુરુનાં લક્ષણ અને શિષ્યની પૂછવાની રીતનો માર્ગ બતાવવામાં આવ્યો છે.

**૧૩-સ નિર્જિત્ય પુરીં લંકાં શ્રેષ્ઠાં તાં કામરૂપિણીમ્ ।**
**વિક્રમેણ મહાતેજા હનુમાન કપિસત્તમઃ ॥**

*– સુંદરકાંડ ૪૧*

**અર્થ** : કપિશ્રેષ્ઠ મહાતેજસ્વી હનુમાને પરાક્રમથી કામરૂપિણી લંકાને જીતી.

કામવાસના રૂપી લંકા દેખાવે લોભાવનારી, સુવર્ણના જેવી ક્રાંતિવાળી અને આંખોને ગમી જાય તેવી લાગે છે. તેને જીતવી અઘરી હોય છે. આ કામવાસના રૂપી સુવર્ણમય લંકામાં અસુર લોકો આનંદપૂર્વક રહે છે. આ અસુરો, આંતરિક શત્રુઓ, જ્યાં સુધી કામવાસના રૂપી લંકાનો કિલ્લો સુરક્ષિત રહે ત્યાં સુધી સુરક્ષિત રીતે રહી શકે છે. આ રહસ્યને સમજાવતાં હનુમાનજીએ આ અસુરપુરી લંકાને જીતવી જરૂરી માની અને પરાક્રમથી, બ્રહ્મચર્યથી, શીલ, સદાચાર અને સંયમથી એ કામવાસના રૂપી લંકાને જીતી લીધી. અસુરતાને હરાવવી હોય તો કામવાસનાને જીતવી જરૂરી છે. આ વિજય બ્રહ્મચર્ય દ્વારા જ થઈ શકે. હનુમાનજીની માફક આપણે બધાંએ કામવાસનારૂપી લંકાને જીતવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**૧૪-ધન્યા દેવાઃ સગન્ધર્વાઃ સિદ્ધાશ્ચ મહર્ષયઃ ।**
**મમ પશ્યન્તિ યે વીરં રામં રાજીવલોચનમ્ ॥**

*– સુંદરકાંડ ૨૬/૩૭*

**અર્થ** : જેઓ મારા રાજીવલોચન (કમળ નયન) વીર રામને જુએ છે એ દેવતાઓ, ગન્ધર્વો, સિદ્ધો તથા ઋષિ ગણોને ધન્ય છે.

પરમાત્માને જોવાવાળાઓને ધન્ય છે. પરમાત્મા બધાંની નજીક છે. બધાંની અંદર છે. ચારે બાજુએ છે. એક ઈંચ જમીન પણ તેના વિનાની નથી. છતાં પણ માયાથી ઘેરાયેલા લોકો તેને જોઈ શકતા નથી. તેઓ એમ માને છે કે કોણ જાણે પરમાત્મા અમારાથી કેટલોક દૂર હશે. તેને ઓળખવા, તેનાં દર્શન કરવા કેટલાય અઘરા હશે ? તેઓ આંધળા બનીને પરમાત્માને જોતા નથી અને ખોટાં કર્મોમાં ગળાડૂબ ડૂબેલા રહે છે.

જે લોકોનાં દિવ્ય ચક્ષુ ખૂલી ગયેલાં હોય છે તેમને પોતાની અંદર બહાર, ચારે બાજુએ કણ-કણમાં પરમાત્માનાં દર્શન થતાં રહે છે. આ દિવ્ય દર્શનથી એમનાં અંતઃકરણ તૃપ્ત થઈ જાય છે અને એમનાં સાત્ત્વિક કર્મ અને સ્વભાવમાંથી કસ્તૂરી જેવી સુવાસ તેમનામાં ફેલાતી રહે છે. આવા દિવ્યદર્શી વ્યક્તિઓને દેવ, ગાંધર્વ, ઋષિ વગેરેની પદવીઓ આપતા આ શ્લોકમાં તેવા લોકોની પ્રશંસા કરી છે અને તેમને ધન્ય ગણ્યા છે.

**૧૫-મંગલાભિમુખી તસ્ય તદાસીનમહાકપેઃ ।**
**ઉપતસ્થે વિશાલાક્ષી પ્રયતી હવ્યવાહનમ્ ॥**

*- સુંદરકાંડ ૫૩/૫*

**અર્થ** : તેઓ તે સમયે કપિનું મંગલ કરવા ઇચ્છતા હતા તેથી તે વિશાલ નેત્રવાળાં સીતાએ અગ્નિની સ્તુતિ કરી.

મંગલ કામના (શુભેચ્છા) માટે અગ્નિની પૂજા કરવાની વૈદિક રીત પ્રસિદ્ધ છે. અગ્નિહોત્ર

હોમ અથવા યજ્ઞપૂર્વક જે શુભ કર્મો કરવામાં આવે છે તે હંમેશાં સારાં જ પરિણામો લાવે છે. યજ્ઞોનો મહિમા ખૂબ જ છે. તે દ્વારા રોગમુક્તિ, વરસાદ, પુત્ર-પ્રાપ્તિ તથા વિવિધ ઇચ્છાઓની પ્રાપ્તિથી માંડીને આત્મશુદ્ધિ સુધીના લાભ થાય છે. બીજાઓનાં મંગલ-અમંગલને લગતાં કાર્ય પણ અગ્નિપૂજા દ્વારા શક્ય બને છે.

જીવનશક્તિને પણ અગ્નિ કહે છે. જીવનશક્તિના વિકાસ દ્વારા મંગળ થાય એ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. જેનામાં પૂરતા પ્રમાણમાં ગરમી હોય, તેજ હોય તેનું તો દરેક રીતે મંગળ જ થવાનું. ક્રિયાશક્તિનું પ્રમાણ વધતાં તેમનાં કાર્ય સહજ રીતે સફળ અને સહેલાં બની જવાનાં.

**૧૬-હિતં મહાર્થં મૃદુ હેતુ-સંહિતં વ્યતીત કાલાયતિ સંપ્રતિક્ષમમ્ ।**
**નિશમ્ય યદ્વાક્યમુપસ્થિતજ્વરઃ પ્રસંગવાનુત્તરમેતદબ્રવીત ॥**

*– લંકાકાંડ ૧૦/૨૭*

**અર્થ** : ત્રણે કાળમાં હિતકારી, સપ્રાણ, કોમળ અને અર્થયુક્ત વિભીષણનાં વચન સાંભળીને રાવણને ખૂબ ક્રોધ ચઢ્યો અને તેણે કહ્યું, ''દુષ્ટ માણસો ઉચિત કે અનુચિત વિચાર કરતા નથી. શું કલ્યાણકારક છે કે શું અકલ્યાણકર છે એનો વિચાર પણ તેમને હોતો નથી. એમને તો પોતાનો સ્વાર્થ જ સૌથી મોટો લાગે છે. તેમની જે ધુન હોય છે તે સિવાય બીજી કોઈ પણ વાતને તેઓ સાંભળતા નથી.'' રાવણ ઉપર વિભીષણનાં હિતકર, પ્રમાણકર, કોમળ અને અર્થભરેલાં વાક્યોનો કશો જ પ્રભાવ પડ્યો નહિ. ઊલટો તે તો ગુસ્સે થઈને જવાબ આપવા લાગ્યો.

'આંધળા આગળ રહે તે પોતાની આંખો ખોવે'-વાળી કહેવત અહીં નીતિ વચનના રૂપમાં સમજાવવામાં આવી છે. જે લોકો મદમાં મસ્ત રહે છે. તેઓ બીજાઓની સાચી અને યોગ્ય વાત પણ સાંભળતા નથી. એમને સીધી-સારી રીતે સમજાવી શકાય નહિ એમને સમજાવવાની તો બીજી જ રીત હોવી જોઈએ.

**૧૭-ધર્માત્મા રાક્ષસશ્રેષ્ઠઃ સંપ્રાપ્તોઽયં વિભીષણઃ ।**
**લંકેશ્વર્યમિદં શ્રીમાન્ધ્રુવં પ્રાપ્નોત્યકંટકમ્ ॥**

*- લંકાકાંડ ૪૧/૬૮*

**અર્થ** : રાક્ષસોમાં શ્રેષ્ઠ ધર્માત્મા વિભીષણ આવી રહ્યા છે. તેઓ જ આ લંકાના શત્રુરહિત રાજ્યનો ઉપયોગ કરશે.

માણસ રાજાના કુટુંબનો હોય, વૈભવવાળો હોય, રાજ્યનો અધિકારી હોય કે ગમે તે હોય, ઘણું કરીને તેના વિરોધીઓ વધુ હોય છે. પરંતુ નિષ્પક્ષ, ન્યાયી અને ઉદાર ધર્માત્માઓ આ નિયમના અપવાદ હોય છે. આવા માણસો જવાબદારી, નેતૃત્વ, સત્તા અને ન્યાયની લગામ પોતાના હાથમાં રાખવા છતાં કોઈના શત્રુ બનતા નથી. વિભીષણની માફક ન્યાયી દૃષ્ટિવાળા બનીને આપણે સર્વના પ્રિય બની શકીએ. એ રીતે આપણે લોકોના હૃદય ઉપર શાસન કરી શકીએ.

**૧૮-યો વજ્રપાતાશનિ સંનિપાતાન્ન ચુક્ષુભે નાપિ ચચાલ રાજા ।**
**સ રામબાણાભિહતો ભૃશાતશ્ચચાલ ચાપં ચ મુમોચ વીરઃ ॥**

*- લંકાકાંડ ૫૧/૩૭*

**અર્થ** : જે રાવણ વજ્રપાતથી કે અગ્નિપ્રહારથી વિચલિત થયો ન હતો તે રાવણ રામનાં બાણ વાગવાથી બહુ જ દુઃખી થયો અને તેણે બાણ છોડ્યાં.

જે માણસો સાહસી, લડવૈયા અને યોદ્ધાઓ હોય છે તેઓ જગતનાં દુઃખોની પરવા કરતા નથી. ભયંકર પ્રહારો સહન કરીને પણ પરાક્રમ કરે છે. આવા વીર પ્રકૃતિના માણસોને પણ રામનાં

બાણના અંતરાત્માના શાપથી દુઃખી થવું પડે છે. કચડાયેલો આત્મા જ્યારે ક્રંદન કરે છે, જીવનધનને બરબાદ કરવાને કારણે કુબુદ્ધિને એ શાપ આપે છે ત્યારે તેના અંતરમાં હાહાકાર મચે છે. એ આત્મ-પ્રતાડનાથી ભયંકર પાષાણ જેવાં હૃદયો પણ વિચલિત, અસ્થિર બની જાય છે.

પોતાના બાહુબલ વડે લોકો કમજોર લોકોને સતાવે છે અને તેમને લૂંટીને, હરાવીને પોતાના વિજય પર ગર્વ કરે છે. નાનાં નાનાં પરાક્રમોનું તેમને ખૂબ અભિમાન હોય છે. પરંતુ પાપના દંડસ્વરૂપ કોઈ દૈવી પ્રહાર તેમના ઉપર પડે છે ત્યારે તેમના હાલ-હવાલ બૂરા થઈ જાય છે. અભિમાની, અહંકારી લોકોએ એ વાત યાદ રાખવી જોઈએ કે એમના કરતાં પણ બળવાન સત્તા કોઈ છે અને એના એક જ પ્રહારથી બધી અકડાઈ ઢીલી થઈ જશે. કમજોરને સતાવી તો શકાય પણ તેની 'હાય'ની સ્પર્ધા કરવી અઘરી છે. ભલભલાના ઘમંડને એ ચૂર કરી શકે છે. આથી આપણે ઈશ્વરીય કોપ અને દૈવી દંડનો ખ્યાલ રાખીને સારું આચરણ કરવું જોઈએ.

**૧૯-યસ્ય વિક્રમમાસાદ્ય રાક્ષસા નિધનં ગતાઃ ।**
**તં મન્યે રાઘવં તીરં નારાયણમપાતકમ્**

*- લંકાકાંડ ૭૨/૬૦*

**અર્થ** : જેના પરાક્રમોથી રાક્ષસો મર્યા તે નિષ્પાપ વીર રામને ધન્ય છે.

એવા પુરુષના પરાક્રમને ધન્ય છે કે જે જાતે પાપરહિત રહે છે અને પાપોને મારીને હઠાવે છે. સ્વાર્થને માટે ઘણા લોકો પરાક્રમ બતાવે છે. પરાક્રમ કરવાના લોભથી અહંકારી બની જાય છે. આવું તો અતિસામાન્ય માણસમાં પણ હોય છે. પરંતુ જે લોકો પોતાનાં પરાક્રમોનો ઉપયોગ ફક્ત અસુરત્વનો નાશ કરવા માટે જ કરે છે અને તે પરાક્રમનો જરા પણ દુરુપયોગ ન કરતાં પોતાને જરાપણ પાપરૂપી કીચડમાં પડવા દેતા નથી. એવાઓને ધન્ય છે. પરાક્રમ અને વીરતાની શ્રેષ્ઠતા આવી જ હોય. આનું જ નામ સાચું પરાક્રમ, સાચી વીરતા.

**૨૦-ન તે દદૃશિરે રામં દહન્તમરિવાહિનીમ્ ।**
**મોહિતાઃ પરમાસ્ત્રેણ ગાન્ધર્વેણ મહાત્મના ॥**

*- લંકાકાંડ ૯૩/૨૫*

**અર્થ** : મહાત્મા રામે દિવ્ય ગન્ધર્વાસ્ત્રો વડે રાક્ષસોને મોહિત કરી નાખ્યા હતા. તેથી જ સેનાનો નાશ કરનાર રામને તેઓ જોઈ શક્યા ન હતા.

અજ્ઞાની માણસોની બુદ્ધિ એવી વિમોહિત હોય છે કે તેમને એ સમજાતું નથી કે એમની સેનાનો સંહાર કોણ કરે છે, તેમને કોણ ત્રાસ આપી રહ્યું છે તેનું કારણ તેમના લક્ષમાં આવતું જ નથી. તેમને લાગે છે કે બીજા આપણને નુકસાન પહોંચાડી રહ્યા છે પણ ખરી વાત તો એ છે કે તેમની અસત્ રીતિ જ ફલિત થઈને તેમની વિપત્તિનું કારણ બની રહી છે. ઈશ્વરીય નિયમ મુજબ આપણાં પાપો જ કષ્ટો બનીને આપણને સતાવતાં હોય છે. અજ્ઞાની માણસો જગતની પરિસ્થિતિઓને દુઃખોનાં કારણ માને છે, પરંતુ ખરેખર તેમનાં પાપ જ એમના મોટા શત્રુ હોય છે. અદૃશ્ય ઈશ્વર એ પાપોને જ ગંધર્વબાણોની માફક એમના ઉપર ફેંકે છે અને તેથી જ તેઓ હણાય છે.

**૨૧-પ્રણમ્ય દેવતાભ્યશ્ચ બ્રાહ્મણેભ્યશ્ચ મૈથિલી ।**
**બદ્ધાંજલિપુટો ચેદમુવાચાગ્નિસમીપતઃ ॥**

*– લંકાકાંડ ૧૧૬/૨૬*

**અર્થ** : દેવતાઓ અને બ્રાહ્મણોને પ્રણામ કરીને સીતાએ હાથ જોડીને અગ્નિ સમીપ જઈને કહ્યું.

મહાન આત્માઓ કોઈ પણ વાતને પ્રગટ કરતાં પહેલાં દેવ અને બ્રાહ્મણોનું શ્રદ્ધાપૂર્વક ધ્યાન કરે છે અને વિચાર કરે છે કે આમ કહ્યાથી શ્રેષ્ઠ પુરુષો શું વિચારશે ? આખી દુનિયાના મૂર્ખ માણસો ભલે કોઈ વાતને પસંદ કરે પણ થોડાક દેવ અને બ્રાહ્મણો અર્થાત્ શ્રેષ્ઠ પુરુષો એ વાતને ત્યાગ કરવા જેવી ગણે તો તે કાર્ય સારા માણસો માટે ત્યાજ્ય જ ગણાય.

બીજું સતોગુણી અંતઃકરણવાળા માણસો ગમે તેટલા વૈભવશાળી બની જાય તો પણ બ્રહ્મકર્મા અને ઉચ્ચ ચરિત્રવાળા પુરુષો માટે સદા નમ્ર બનીને રહે છે. સીતાએ અગ્નિ સમક્ષ જઈને કહ્યું હતું. આપણે જે કંઈ કહેવાનું હોય તે આપણા અંતઃકરણમાં વસેલી જ્યોતિની સમક્ષ જઈને કહેવું જોઈએ. જે લોકો ઈશ્વરથી દૂર હોય છે તેમના મોમાંથી જ છળ, કપટ કે અસત્યની વાણી નીકળે છે. અગ્નિ પાસે જઈને - અંતઃકરણની પાસે જઈને જો આપણે આપણું મોં ખોલીએ, બોલીએ તો હંમેશાં મોંમાંથી સત્ય જ નીકળવાનું.

**૨૨-ચાલનાત્પર્વતસ્યૈવ ગણા દેવસ્ય કમ્પિતાઃ ।**
**ચચાલ પાર્વતી ચાપિ તદાશ્લિષ્ટા મહેશ્વરમ્ ॥**

*- ઉત્તરકાંડ ૧૬/૨૬*

**અર્થ** : પર્વતના ડોલવાને કારણે શિવના ગણો કંપી ઊઠ્યા અને પાર્વતી પણ મહાદેવને વળગી પડ્યાં.

મૂળ આધાર અસ્થિર બની જાય તો તેના પર રહેલી બધી વસ્તુઓ પણ અસ્થિર બની જાય છે. ગમે એટલી મોટી વસ્તુઓ પણ સ્થિર રહી શકે નહિ. ધરતીકંપ થતાં પૃથ્વી પરની બધી વસ્તુઓ ડોલવા લાગે છે.

મનુષ્ય જેવી દૃષ્ટિવાળો હોય તેવું જ બધું તેને દેખાય. જગતના બધા પદાર્થો, બધી ક્રિયાઓ, બધા પ્રસંગો અને પરિસ્થિતિઓ, તેને તેની દૃષ્ટિ મુજબ સારી કે ખોટી લાગે છે. પરંતુ પહેલાંની તેની દૃષ્ટિ બદલાય તો તે નવી રીતે વિચાર કરવા લાગે છે અને પહેલાંની બધી વસ્તુઓ તેને બદલાઈ ગયેલી દેખાય છે. આજે એક માણસ તેના એક પ્રકારના દૃષ્ટિકોણને કારણે મહાન લોભી અને કંજૂસ હોય, પણ કાલે તેને નવી દૃષ્ટિ મળી જાય તો તે મહાન ત્યાગી પણ બની શકે. એ જ રીતે કોઈ ત્યાગી હોય તે લોભી પણ બની જઈ શકે. તાત્પર્ય એ કે જીવન પરિવર્તનનું મુખ્ય કારણ તો પહેલો આધાર છે જેના પર ઊભો રહીને મનુષ્ય વિચારતો હોય છે અને પોતાના નિર્ણય કરતો હોય છે.

જગતમાં જેટલાં પરિવર્તનો, વ્યક્તિગત કે સામુહિક રીતે થયાં છે તે બધાનું મૂળ કારણ છે દૃષ્ટિકોણનું (એટલે મૂળ આધારનું) પરિવર્તન. આપણે આપણી જાતને, આપણા સમાજને જે દિશામાં બદલવા ઇચ્છીએ તે જ પ્રમાણે આપણી દૃષ્ટિ, આપણી વિચારસરણી, આપણી આધારશિલાને બદલવી અનિવાર્ય છે. પર્વત ડોલ્યો એટલે શિવ-પાર્વતી પણ ડોલી ઊઠ્યાં. દૃષ્ટિ ડોલે અર્થાત્ બદલાય તો જીવનનો આખો મહેલ પણ ફરી જાય, બદલાઈ જાય.

**૨૩-દારાઃ પુત્રાઃ પુરં રાષ્ટ્રં ભોગાચ્છાદન-ભોજનમ્ ।**
**સર્વમેવાવિભક્તં નો ભવિષ્યતિ હરીશ્વર ! ॥**

*- ઉત્તરકાંડ ૩૪/૪૧*

**અર્થ** : વાનરરાજ ! સ્ત્રી, પુત્ર, નગર, રાજ્ય, ભોગ, વસ્ત્ર, ભોજન વગેરે આપણી અવિભક્ત સંપત્તિ છે.

સંપત્તિને, રાજ્યને, સમાજને અને ખાદ્ય વસ્તુઓને અવિભક્ત અર્થાત્ અખંડિત રહીને આ શ્લોકમાં વર્તમાન સમાજવાદના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. ઈશ્વરની આપેલી જેટલી વસ્તુઓ આ જગતમાં છે, તે બધી વસ્તુઓ પર બધા મનુષ્યોનો સરખો હક્ક છે. જરૂરિયાત પ્રમાણે બધાને એ બધી વસ્તુઓનો ઉપયોગ કરવાની છૂટ હોવી જોઈએ. આ સિદ્ધાંતો ઉપર જ આપણા સમાજવાદની આધારશિલા ઊભી રાખવામાં આવી છે. સંપત્તિને વહેંચીને વ્યક્તિગત કબજામાં રાખવાની વાતનો અહીં વિરોધ કરવામાં આવ્યો છે અને સમાજ તેમજ વ્યક્તિ બંનેનું એકસાથે મહત્ત્વ સમજાવ્યું છે. આ વિચાર લોક-સમાજવાદના સિદ્ધાંતનું આધારસૂત્ર છે.

**૨૪-યામેવ રાત્રિં શત્રુઘ્નઃ પર્ણશાલાં સમાવિશત ।**
**તામેવ રાત્રિં સીતાપિ પ્રસૂતા દારકદ્વયમ્ ॥**

*- ઉત્તરકાંડ ૬૬/૧*

**અર્થ** : જે રાત્રે શત્રુઘ્ન વાલ્મીકિજીના આશ્રમથી પર્ણશાલામાં ગયા તે જ રાત્રિએ બે પુત્રોને જન્મ આપ્યો.

જે દિવસે શત્રુનો નાશ કરનાર પ્રેમ લોભના મહેલોને છોડીને ઋષિ ભાવનાની પ્રતીક ત્યાગરૂપી પર્ણકુટીમાં જાય તેમાં જ આત્મારૂપી સીતા બે પુત્રો પેદા કરે છે. (૧) લવ અર્થાત્ જ્ઞાન અને (૨) કુશ અર્થાત્ કર્મ.

નિઃસ્વાર્થ નિર્મળ પ્રેમ જ્યારે જગતમાંથી દુશ્મનાવટનો ભાવ દૂર કરે છે અને બધાને પોતાના સમજીને બધા માટે સદ્ભાવ ધારણ કરે છે ત્યારે આપોઆપ તેનું પરિણામ એવું આવે છે કે મનુષ્ય ભોગ અને સંગ્રહખોરી છોડી દઈને સંયમ અને ત્યાગની ભાવનાઓવાળો બને છે. ''વાલ્મીકિની પર્ણકુટીમાં ગયા'' એ પંક્તિનો આ જ અર્થ થાય.

આવું જ્યારે બને ત્યારે આત્મામાં સદ્જ્ઞાનનો પ્રકાશ થાય છે અને પછી તે સત્કર્મમાં જ પ્રવૃત્તિવાળો બને છે. 'સીતાએ બે પુત્રોને જન્માવ્યા' એનો અર્થ આ જ્ઞાન અને કર્મથી પ્રવૃત્તિ પ્રગટ થઈ એવો થાય. આત્મોન્નતિની આ બે મહાનતા સિદ્ધાવસ્થાઓ છે.

ગાયત્રી-રામાયણના આ ચોવીસ શ્લોકમાં ધર્મ, નીતિ, સમાજ, તંદુરસ્તી, આધ્યાત્મિક્તા વગેરે વિશેનાં રહસ્યોનું ઉદ્બોધન કરવામાં આવ્યું છે. તે અંગેનું માર્ગદર્શન કરવામાં આવ્યું છે. આ છેલ્લા શ્લોકમાં એ બધાં સદાચરણોનું પરિણામ શું આવે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. આપણે જોયું કે છેલ્લે સીતાને બે પુત્ર થયા એ વિષે કહેવામાં આવ્યું. આત્માનો ખોળો સદ્જ્ઞાન અને સત્કર્મરૂપી બે પુત્રોથી ભરાઈ જાય છે. આ પુત્રોને મેળવીને સીતા પોતાનાં બધાં દુઃખોને ભૂલી ગયાં હતાં. એવી જ રીતે આત્મા પણ તપશ્ચર્યાથી થયેલાં દેહ-કષ્ટોને ભૂલી જઈને આ બે સ્વર્ગીય પુત્રોના આનંદથી સભર બને છે. પછી તો એ ધન્ય બને છે. સદ્જ્ઞાન અને સત્કર્મ જેને મળ્યાં તેને તો ચારે તરફથી જ લાભ મળતો રહે, એ આનંદ અસીમ છે. તેને સીમા જ ન હોય. ગાયત્રી દ્વારા આવો પરમાનંદ મળે છે.

આ ચોવીસ શ્લોકોમાં મહર્ષિ વાલ્મીકિએ પોતાના અનુભવ અને જ્ઞાનનો સાર આપી દીધો છે. ઉપરની પંક્તિઓમાં તો એ તરફ ફક્ત અંગુલિનિર્દેશ થઈ શક્યો છે. સુજ્ઞ વિચારક આ ચોવીસ સૂત્રોમાં છુપાયેલા રહસ્યસંબંધી સ્વતંત્ર રીતે ચિંતન-મનન કરશે તો તેમને અદ્ભુત જ્ઞાનરૂપી રત્નો મળશે.

# ૧૦. ગાયત્રીહૃદય

આ 'ગાયત્રીહૃદય'ને કેટલાક ગ્રંથોમાં ગાયત્રી-ઉપનિષદ પણ કહ્યું છે. ઉપનિષદોમાં બ્રહ્મજ્ઞાનની-તત્ત્વજ્ઞાનની ચર્ચા હોય છે. એવા ગ્રંથોમાં આત્મતત્ત્વનું ચિંતન અને તેની પ્રાપ્તિના માર્ગો વિષેની વિચારણા કરવામાં આવે છે. આમાં પણ એવા જ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. તેથી એને ઉપનિષદ કહેવું પણ ઉચિત જ ગણાય.

પરંતુ 'ગોપથ-બ્રાહ્મણ' કેટલીક કંડીકાઓનું બનેલું 'ગાયત્રી-ઉપનિષદ' આપણે જોયું. આમ એક જ નામના બે ગ્રંથો હોય તો ભ્રમ ઊભો થવાની શક્યતા છે. તેથી આ ઉપનિષદને પ્રાચીન ગ્રંથકારોએ 'ગાયત્રીહૃદય' એવું નામ આપ્યું છે.

અમે પણ ગ્રંથકારોને અનુસર્યા છીએ અને આપણે 'ગાયત્રીહૃદય' કહીશું અને ગોપથ-બ્રાહ્મણવાળી કંડિકાઓવાળા ગ્રંથને 'ગાયત્રીહૃદય' તે ઉપનિષદ જ છે. આ ગ્રંથમાં મહત્ત્વપૂર્ણ તત્ત્વચર્ચા કરવામાં આવી છે.

**ૐ નમસ્કૃત્ય ભગવાન્ યાજ્ઞવલ્ક્યઃ સ્વયંભવં પરિપૃચ્છતિ । ત્વં નો બ્રૂહિ બ્રહ્મન્ ગાયત્ર્યુત્પત્તિતુરીયાંશ્રોતુમિચ્છામિ । બ્રહ્મજ્ઞાનોત્પત્તિં પ્રકૃતિં પરિપૃચ્છામિ ॥૧॥**

યાજ્ઞવલ્ક્ય ઋષિ બ્રહ્માને પૂછે છે કે ગાયત્રીની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? આ જિજ્ઞાસા એમણે એટલા માટે કરી કે ગાયત્રીની ઉત્પત્તિનું જ્ઞાન થાય તો બ્રહ્મજ્ઞાન પણ ઉત્પન્ન થાય. આનો અર્થ એ થયો કે ગાયત્રીની ઉત્પત્તિનું જે કારણ છે કે તે કારણ બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિનું પણ છે. ખરેખર તો આ બે નામ એક જ વસ્તુનાં છે. આ બેમાંથી એકનું જ્ઞાન મેળવવાથી બીજાનું જ્ઞાન આપોઆપ જ મળી રહે.

**શ્રીભગવાનુવાચ :**

**પ્રણવેન વ્યાહૃતયઃ પ્રવર્ત્તન્તે તમસસ્તુ પરં જ્યોતિઃ કાઃ પુરુષ ? સ્વયમ્ભૂર્વિષ્ણુરિતિ । અથ તાઃસ્વાંગુલ્યા મથ્નાતિ । મથ્યમાનાત ફેનો ભવતિ । ફેનાદ્ બુદ્બુદો ભવતિ । બુદ્બુદાદણ્ડં ભવતિ । અણ્ડાદ્ વાયુર્ભવતિ । વાયોરગ્નિર્ભવતિ । અગ્નેરોઙ્કારો ભવતિ । ઓંકારાદ્ વ્યાહૃતિર્ભવતિ । વ્યાહૃત્યા ગાયત્રી ભવતિ । ગાયત્ર્યાઃ સાવિત્રી ભવતિ । સાવિત્ર્યાઃ સરસ્વતી ભવતિ । સરસ્વત્યાઃ વેદાઃ ભવન્તિ । વેદેભ્યો બ્રહ્મા ભવતિ, બ્રહ્મણો લોકા ભવન્તિ, તસ્માલ્લોકાઃ પ્રવર્ત્તન્તે । ચત્વારો વેદાઃ સાંગાઃ સોપનિષદઃ સેતિહાસાઃ । સર્વેતે ગાયત્ર્યાઃ પ્રવર્ત્તન્તે । યથાગ્નિર્દેવાનાં, બ્રાહ્મણો મનુષ્યાણાં, મેરુઃ શિખરિણાં, ગંગા નદીનાં, વસન્ત ઋતૂણાં, બ્રહ્મા પ્રજાપતીનાં, એવાડસૌ મુખ્યાઃ । ગાયત્ર્યા ગાયત્રી છન્દો ભવતિ ॥૨॥**

બ્રહ્માજી કહે છે કે ૐકાર અને 'ભૂર્ભુવઃ સ્વ'ની સાથે પરમ જ્યોતિનો સંબંધ છે. એ જ્યોતિ પ્રકૃતિના સત્ અને રજોગુણોનો સ્પર્શ તો કરે છે, પણ તમોગુણથી તે તદ્દન દૂર છે. પ્રથમ સતોગુણ છે. તેની ઉપાસના કરનારાઓમાં સતોગુણી પ્રવૃત્તિઓ વધે છે અને સાથેસાથે તેમને રજોગુણ સંબંધી વૈભવો પણ મળે છે. જેમના હૃદયમાં આત્મજ્ઞાન, સમય, આદર્શ, ધર્મ, સત્કર્મ, સેવા, ઉદારતા, પ્રેમ અને આત્મીયતાના સાત્ત્વિક ભાવ પ્રગટ થયા હોય છે તેમના બાહ્ય જીવનમાં યજ્ઞ, ઐશ્વર્ય, સુખ, વૈભવ, પ્રતિષ્ઠા, તંદુરસ્તી વગેરે રાજસ સમૃદ્ધિઓ પણ હોય એ સ્વાભાવિક છે. પ્રણવ અને વ્યાહૃતિઓનું જોડું આત્મજ્ઞાન અને સુખ-શાંતિનાં જોડાં જેવું જ છે. જ્યાં આ બે તત્ત્વ હોય ત્યાં દુઃખ, દરિદ્રતા, કલેશ, અસંતોષ, દીનતા, હીનતા, ક્રૂરતા, પાપ વગેરેનું અંધારું ટકી શકતું નથી. જ્યાં પ્રકાશની મહાન જ્યોતિ હાજર હોય ત્યાં બિચારું ટકી જ કેવી રીતે શકે ?

જે જ્યોતિર્મય પુરુષનું અખંડ જ્યોતિનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તે કોણ છે ? તે

અજન્મા પરમાત્મા છે. પરમાત્મા પ્રકાશ સ્વરૂપ છે. જ્યાં પરમાત્માનો નિવાસ હોય, ત્યાં અજ્ઞાનના, પાપનો અંધકાર રહી શકે નહિ. પરમાત્માના ભક્તનું અંતઃકરણ હંમેશાં જ્ઞાનરૂપી જ્યોતિથી પ્રકાશિત રહે છે.

સૃષ્ટિનું નિર્માણ કેવી રીતે થયું ? હવે એ પ્રશ્ન પર વિચાર કરવામાં આવે છે. એ જ્યોતિપુરુષ પરમાત્માએ સૌથી પહેલાં જળથી ઉત્પત્તિ કરી. પછી જળનું પોતાની આંગળીઓથી મંથન કર્યું. એ મંથનથી ફીણ ઉત્પન્ન થયું. ફીણમાંથી પરપોટા થયા. એ પરપોટાઓમાંથી અંડ (ઈંડું) અર્થાત્ પાર્થિવ પરમાણુઓ થયાં. પરમાણુઓમાંથી વાયુ પેદા થયો. વાયુના હલનચલનથી પરમાણુઓમાં સંઘર્ષ પેદા થયો અને એ સંઘર્ષથી અગ્નિ પેદા થયો. એ અગ્નિમાંથી ૐકાર એટલે કે શબ્દ જન્મ્યો. શબ્દને આકાશ પણ કહે છે. આ રીતે ઈશ્વરની ઇચ્છાથી એક કરતાં પાંચ તત્ત્વો પેદા થયાં. જે રીતે સ્થૂળ જગતનાં પાંચ તત્ત્વો પ્રકટ્યાં તે રીતે જ સૂક્ષ્મ ચૈતન્યના પણ પાંચ કોષ બન્યા.

રસને જળ કહે છે. રસનો ગુણ સ્વાદ છે. એટલે અનુભૂતિ (અનુભવ) છે જેના દ્વારા પ્રાણી રસનું આસ્વાદન કરે છે, જેના દ્વારા તેને રસનો અનુભવ થાય છે. તેનું અંગ પહેલાં વિકસિત થયું. જો તેનામાં જુદા જુદા પ્રકારના સ્થૂળ અને સૂક્ષ્મ સ્વાદોને અનુભવ કરવાની શક્તિ પ્રગટ ન થઈ હોત તો તેનામાં ચૈતન્યનો વિકાસ થઈ શકત નહિ. આથી સૌ પહેલાં જળના આવરણવાળું પ્રાણી બન્યું. આ જળના આવરણને આનંદમય કોષ કહે છે.

જળને મથવામાં આવ્યું. એ મંથનથી ફીણ થયું. ફીણમાંથી પરપોટા બન્યા અને તે પરપોટાઓમાંથી પાર્થિવ પરમાણુ બન્યા અર્થાત્ અનુભૂતિ દ્વારા પોતાની અપેક્ષિત વસ્તુની તેણે શોધ કરી. મંથન થયું અને પ્રાપ્ત કરેલા પદાર્થની ઇચ્છા થઈ, તે ફીણ કહેવાયું. ઇચ્છાએ પદાર્થોની કલ્પના કરી. તે કલ્પના તે પરપોટા આ શોધ અને કલ્પના સાથે જ પાર્થિવ આવરણ રચાયું તેને ચૈતન્ય સૃષ્ટિમાં વિજ્ઞાનમય કોષ કહે છે.

અંડમાંથી - પરમાણુમાંથી વાયુ પેદા થયો. વાયુનો અર્થ છે ગતિ. વિજ્ઞાનમય કોષની સૂક્ષ્મતાને વધારે સૂક્ષ્મ અને સફળ બનાવવા માટે ગતિની જરૂર હોય છે. વાયુ ગતિમય છે. પરમાણુઓમાંથી વાયુ બન્યો. વિજ્ઞાનમય કોષમાંથી મનોમય કોષ બન્યો.

વાયુના સંઘર્ષમાંથી અગ્નિ પેદા થયો. મનની દોડાદોડ શરૂ થઈ ગઈ. સૂક્ષ્મને સ્થૂળ બનાવવા માટે, અપ્રત્યક્ષને પ્રત્યક્ષમાં અનુભવવા માટે એવી સાધન-સામગ્રીઓની, ઇન્દ્રિયોની જરૂર ઊભી થઈ. જેથી પ્રકૃતિના સ્થૂળ પરમાણુઓની સાથે સંબંધ સ્થાપિત થઈ શકે. આ જરૂરિયાતે શોધ કરી. એક ઉષ્ણતા-ગુણવાળું વિકાસશીલ ક્રિયામય શરીર પેદા થયું એને સૂક્ષ્મ શરીર અથવા પ્રાણમય કોષ કહે છે, મન બુદ્ધિ અને અહંકારની સાથે દસે ઇન્દ્રિયો આ અગ્નિ ગુણવાળા પ્રાણમય કોષમાં પેદા થઈ.

અગ્નિમાં ૐકાર 'શબ્દ' - આકાશ બન્યું. આ આકાશ ઈશ્વરના પ્રત્યક્ષ નિવાસ સ્થાન બ્રહ્માંડનું બીજ કહેવાયું. આને જ સ્થૂળ શરીર કહે છે. આ અન્નમય કોષ ધ્યાનની અવસ્થામાં પ્રકૃતિના અંતરાલ પ્રદેશમાં પ્રતિક્ષણ ચાલતા 'ૐ' ધ્વનિના શબ્દ ગુંજનને સાંભળે છે. એ અન્નમય કોષમાં જ 'ૐ' પ્રગટ થાય છે. આથી આ શરીરને અન્નમય કોષ (ૐકાર) પણ કહે છે.

આ પાંચ તત્ત્વો - પાંચ કોષોની ઉત્પત્તિ થઈ ગયા પછી તેની મર્યાદા નક્કી કરવામાં આવી. આ પંચ - તત્ત્વ ક્યાં સુધી કામ કરશે, આ પંચકોષવાળું શરીર પોતાની ગતિ કેટલાં ક્ષેત્રોમાં ચાલુ રાખશે, એની સીમા ભૂઃ, ભુવઃ અને સ્વઃ લોક છે. શરીર ભૂઃ લોક છે, મસ્તિષ્ક ભુવઃ લોક છે અને અંતઃકરણ સ્વઃ લોક છે. આકાશ, પાતાળ અને પૃથ્વી એ ત્રણે સ્થૂળ લોક કહેવાય છે. ચૈતન્ય પ્રાણી માટે એ ત્રણે વ્યાહુતિઓ તેમના સ્વત્વમાં પણ રહે છે. શરીર, મસ્તિષ્ક અને અંતઃકરણ વ્યાહર્તિમય

છે.

વ્યાહૃતિમાંથી ગાયત્રા ઉત્પન્ન થઈ. ત્રણે લોકોમાં કામ કરનારી ત્રણ શક્તિઓ પેદા થઈ. ગાયત્રી કારણ શક્તિ, સાવિત્રી સૂક્ષ્મ શક્તિ અને સરસ્વતી સ્થૂળ શક્તિ છે. આ એક ઈશ્વરીય શક્તિ જ્યારે જુદી જુદી સ્થિતિઓમાં હોય છે ત્યારે જુદાં જુદાં નામોથી ઓળખાય છે. જ્ઞાનની સ્થૂળ શક્તિનું નામ વેદ છે. આ વેદશક્તિ બ્રહ્માના રૂપમાં પ્રગટી. બ્રહ્માએ એ શક્તિને વ્યવસ્થિત સ્વરૂપ આપીને સર્વસામાન્ય લોકો માટે ઉપયોગી અને સુસંપાદિત બનાવીને ચાર ભાગોમાં વહેંચી દીધી.

એ બ્રહ્માએ વેદોની સાથે જુદા જુદા લોક પણ બનાવ્યા. લોકોને વેદજ્ઞાનથી સુસજ્જિત કર્યા. ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પણ જ્ઞાનમય ગણ્યાં છે. વેદનાં તથ્યોનો વિસ્તાર ઉપનિષદો અને ઈતિહાસ ગ્રંથોમાં પણ છે. બધું ગાયત્રીમય જ છે.

દરેક જાતિમાં દરેક શ્રેણીમાં જે વિશેષતા હોય છે તે પ્રશંસનીય હોય છે. તેનો જ વૈભવ હોય છે અને તે વર્ગમાં તેની જ મહત્તાનું ગૌરવ હોય છે. દેવતાઓમાં અગ્નિ, મનુષ્યોમાં બ્રાહ્મણ, પર્વતોમાં સુમેરૂ, નદીઓમાં ગંગા, ઋતુઓમાં વસંત અને પ્રજાપતિઓમાં બ્રહ્મા શ્રેષ્ઠ છે. એટલું જ નહિ પણ તેઓ વિશેષ છે, અસાધારણ છે અને મહત્ત્વપૂર્ણ છે. એ જ રીતે બધા જ છંદોમાં સંપૂર્ણ જ્ઞાનમાં અને સંપૂર્ણ શક્તિઓમાં ગાયત્રી શ્રેષ્ઠ અને વિશેષ છે.

**કિં ભૂઃ ? કિં ભુવઃ ? કિં સ્વઃ ? કિં મહઃ ? કિં જનઃ ? કિં તપઃ ? કિં સત્યં ? કિં તત્ ? કિં સવિતુઃ ? કિં વરેણ્યં ? કિં ભર્ગઃ ? કિં દેવસ્ય ? કિં ધીમહિ ? કિં ધિયઃ ? કિં યઃ ? કિં નઃ ? કિં પ્રચોદયાત્ ॥૩॥**

**ભૂરિતિ ભૂર્લોકા ભુવઃ ઈત્યન્તરિક્ષલોકઃ, સ્વરિતિ સ્વર્લોકો, મહદૂરિતિ મહર્લોકો, જનઃ ઈતિ જનો લોકઃ, તપ ઈતિ તપો લોકઃ, સત્યમિતિ સત્યલોકઃ, ભૂર્ભુવઃ સ્વિરિતિ ત્રૈલોક્યં, તદિતિ તેજઃ યત્તેજઃ સોઽગ્નિઃ સવિતુરિત્યાદિત્યસ્ય વૈ વરેણ્યં ઈત્યન્નં, અન્નમેવ પ્રજાપતિઃ । ભર્ગ ઈત્યાપો આપો વૈ ભર્ગઃ યદાપસ્તત સર્વદેવતાઃ । દેવસ્ય સવિતુર્દેવો વા યઃ પુરુષઃ સ વિષ્ણુઃ । ધીમહીત્યૈશ્વર્ય, યદૈશ્વર્ય સ પ્રાણ ઈત્યધ્યાત્મં, વદધ્યાત્મં । તત્ પરમં પદં, તન્મહેશ્વરઃ ધિય ઈતિ મહીતિ । પૃથિવી મહીં । યો નઃ પ્રચોદયાદિતિ કામઃ । કામ ઈમાન્ લોકશ્ચ પ્રચ્યાવયતે । યોનૃશંસઃ । યોઽનૃશંસોઽસ્યાઃ સ પરો ધર્મ ઈત્યેષા વૈ ગાયત્રી ॥૪॥**

ગાયત્રીના દરેક શબ્દને બરાબર જાણી લેવો જોઈએ. એ દરેક શબ્દનું મહત્ત્વ શું ? એ જાણવા માટે એક સપાટામાં બધા શબ્દો જોઈ નાખીએ તે ચાલે નહિ. પરંતુ દરેક શબ્દ વિષે ગંભીર રીતે વિચાર કરીને તેના ગર્ભમાં છુપાયેલા અર્થ, રહસ્ય અને તેના સંદેશ પર વિચાર કરવો જોઈએ. આ વાત સમજાવવા માટે ઉપરની પંક્તિઓમાં એક એક શબ્દ વિષે જુદો જુદો પ્રશ્ન પૂછ્યો છે ? ભૂઃ શું છે ? ભુવઃ શું છે ? સ્વઃ શું છે ? તત્ શું છે ? સવિતુઃ શું છે વગેરે દરેક શબ્દ માટે જુદો જુદો પ્રશ્ન પૂછીને દરેક વિષે જુદો જુદો વિચાર થઈ શકે એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ગાયત્રીની સાત વ્યાહૃતિઓ અને તેના બીજા શબ્દોની સ્પષ્ટતા કરવામાં આવી છે. એ બધાનો અર્થ શો ? એ અંગે આ રીતે જ વિચારવું જોઈએ : ભૂઃ - પૃથ્વીલોક, ભુવઃ - આકાશલોક, સ્વઃ - સ્વર્ગલોક, મહઃ - મહાલોક, જન-જનલોક, તપઃ - તપલોક, સત્યમ્ - સત્યલોક, તત્ - તેજ અર્થાત્ અગ્નિ, સવિતા એટલે સૂર્ય, વરેણ્યં - અન્ન, અન્ન દ્વારા પ્રજાનું પાલન કરનારી શક્તિ એવો અર્થ લેવાય. ભર્ગ-તપ. 'તપ'નું તાત્પર્ય છે દેવશક્તિઓનો સમૂહ. દેવસ્ય એટલે સવિતા. દેવ પુરુષ અર્થાત્ વિષ્ણુ, ધીમહિ - ઐશ્વર્યનું ધ્યાન કરીએ છીએ. ઐશ્વર્યનો અર્થ થાય છે - પ્રાણ, અધ્યાત્મ, પરમ પદ અને મહેશ્વર. 'યોનઃ પ્રચોદયાત્ નો અર્થ છે કામ. કામ એટલે જેને કારણે લોક અથવા પ્રજાનું વ્યવસ્થિત સંચાલન થાય છે. તે અસત અથવા ખરાબ કામો કરનારી કામના (ઇચ્છા) નૃશંસ

કે ત્યાજ્ય ગણાય છે. જે ઇચ્છાઓ સત્કર્મો કરવાની પ્રેરણા કરે છે તે સ્વીકારવા યોગ્ય ગણાય છે. આ પ્રણાલી ચાલતી રાખવી એ ગાયત્રીનું ખાસ કાર્ય છે, ગાયત્રીનું આ સ્વરૂપ છે.

ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જન, તપઃ, સત્યયમ્ - એ સાત લોકો છે. એ સાતે લોકનું વારંવાર સ્મરણ કરવું જરૂરી છે. આમ કરવાથી મનુષ્ય ફક્ત પોતાની જ મુશ્કેલીઓ, સ્વાર્થો કે લાભ વગેરેને ન જુએ અને અખિલ બ્રહ્માંડનો વિચાર કરે તથા પોતાને અખિલ બ્રહ્માંડનું એક અંગ માને. સંકુચિતતા છોડીને વિશાળ દૃષ્ટિવાળા બનવાનો આ આ સુંદર ઉપાય છે અને આમ કરવાથી મનુષ્ય પોતાની જાતને પણ ખરા સ્વરૂપમાં પિછાણી શકશે.

તત્, સવિતા, વરેણ્યં, ભર્ગ અને દેવ - આ પાંચ શબ્દો દ્વારા તેજ, ઉષ્ણતા, અન્ન, દિવ્યતા અને પરમાત્મા - એ પાંચ મહાન જરૂરિયાતો તરફ આપણું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. આ પાંચ તત્ત્વો જીવનને માટે પરમ જરૂરી અને અનિવાર્ય રીતે એકઠાં કરવાં જરૂરી છે. તેજ, પ્રતિભા, સાલાસ (નમ્રતા) પુરુષાર્થ અને પરાક્રમ-આ તત્ત્વો 'તત્' શબ્દમાં સમાયેલાં છે. ઉષ્ણતા, સ્ફૂર્તિ, પાચનશક્તિ, નીરોગિતા અને સુદૃઢતા - આ તત્ત્વો 'સવિતા' સાથે સંબંધ ધરાવે છે. અન્ન, વસ્ત્ર, દૂધાળાં ઢોર, ગૃહિણી અને સંતતિ તેમજ જીવનજરૂરિયાતની અન્ય સર્વ વસ્તુઓને 'વરેણ્યં' શબ્દ સૂચવે છે. 'ભર્ગ' શબ્દ દ્વારા દિવ્યતા, સદ્ગુણો, યોગ્યતાઓ, શક્તિઓ અને બળ વગેરે ગુણોનો બોધ થાય છે. 'દેવસ્ય' દ્વારા પરમાત્માનું સૂચન થાય છે. આ રીતે ગાયત્રીને જાણનારો આ પાંચ તત્ત્વોની જરૂરિયાત અનુભવે છે તથા એ બધાને પુરુષાર્થપૂર્વક દૈવી મદદ મેળવીને પ્રાપ્ત કરે છે.

'ધીમહિ' - એટલે ધ્યાન કરીએ છીએ. કોનું ધ્યાન ? તે મંગલમય પરમાત્માનું ધ્યાન. તે પરમાત્માને હૃદયમાં ધારણ કરી લેવાથી તેમજ તેના નિયમોનું પાલન કરવાથી બધા જ પ્રકારનાં સુખ-શાંતિ મળે છે. એના દ્વારા ઐશ્વર્ય, પ્રાણશક્તિ, આત્માનો સાક્ષાત્કાર તથા પરમ પદને મેળવી શકાય છે. ઈશ્વરની આ ધ્યાન-ધારણા પૃથ્વીના જેવી અચળ હોવી જોઈએ.

'યોનઃ પ્રચોદયાત્' એ શબ્દોમાં ઇચ્છાઓનો સંકેત છે. મનુષ્ય ઇચ્છાઓનું પૂતળું છે. ઇચ્છાઓ વગર તે રહી શકતો નથી. કામના, ઇચ્છા કર્યાં કરવી તે તેનો સ્વભાવ છે અને ઇચ્છાઓને કારણે જ, આ જગત ચાલે છે પરંતુ આપણી ઇચ્છાઓ અયોગ્ય કે ત્યાજ્ય ન હોવી જોઈએ. સ્વાર્થ, લોલુપતા, નિર્દયતા અને ભોગવિલાસ જેવી ત્યજવા જેવી ઇચ્છાઓથી દૂર રહીને સારી ઇચ્છાઓ જ સેવવી જોઈએ. ધર્મમય ઇચ્છાઓ સેવવી જોઈએ. સર્વનું શ્રેય કરનારી ઇચ્છાઓ જ સેવવી જોઈએ. ગાયત્રીનું ખરું સ્વરૂપ આ જ છે. આ લક્ષણને - આ ગુણને આપણામાં સ્થાપનાનો સદા આ માર્ગ પર ચાલવું એ જ ગાયત્રીની સાચી ઉપાસના છે.

**કિં ગોત્રા ? કત્યક્ષરા ? કતિ પાદા ? કતિ કુક્ષિઃ ? કતિ શીર્ષાઃ ? ।।૫।।**
**સાંખ્યાયનગોત્રા ચતુર્વિંશત્યક્ષરા વૈ ગાયત્રી, ત્રિપદા, ષટ્કુક્ષિઃ, પંચ શીર્ષા ।।૬।।**
**કેઽસ્યાસ્ત્રયઃ પાદા ભવન્તિ ? કા અસ્યા ષટ્કુક્ષયઃ ? કાનિ ચ પંચશીર્ષાણી ।।૭।।**

**ઋગ્વેદોઽસ્યાઃ પ્રથમઃ પાદો ભવતિ, યજુર્વેદો દ્વિતીયઃ, સામવેદસ્તૃતીયઃ । પૂર્વાદિક્ પ્રથમા કુક્ષિર્ભવતિ । દક્ષિણા દ્વિતીયા, પશ્ચિમા તૃતીયા, ઉત્તરા ચતુર્થી, ઊર્ધ્વા પંચમી, અધોસ્યાઃ ષષ્ઠી । વ્યાકરણમસ્યાઃ પ્રથમં શીર્ષં ભવતિ, શિક્ષા દ્વિતીયં, કલ્પસ્તૃતીયં, નિરુક્તં ચતુર્થં, જ્યોતિષામયનમિતિ પંચમમ્ ।।૮।।**

**કિં લક્ષણા ? કિં વિચેષ્ટિતં ? કિમુદાહૃતા ? ।।૯।।**
**લક્ષણં મીમાંસા, અથર્વવેદો વિચેષ્ટિતં, છન્દો વિચિત ઉદાહૃતમ્ ।।૧૦।।**
**કો વર્ણઃ ? કઃ સ્વરઃ ? શ્વેતો વર્ણઃ ષટ્ સ્વરઃ ।।૧૧।।**

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે ગાયત્રીનું ગોત્ર કયું ? તેના કેટલા અક્ષર છે ? કેટલાં

ચરણ છે ? કેટલી કુક્ષિ છે ? કેટલાં માથાં છે ? આ બધાનો ઉત્તર એ છે કે ગાયત્રીનું ગોત્ર સાંખ્ય. ગીતામાં આ બંનેને એક જ માન્યા છે. 'યોગ સાંખ્યો પ્રથગ્બાલાઃ પ્રવદન્તિ ન પંડિતાઃ' આસક્તિ તેમજ જગતના પદાર્થોનો ત્યાગ કરીને, તેમનાથી વિમુખ બનીને આત્માને પામવો એનો અર્થ યોગ થાય છે અને જગતના પદાર્થોને ઉત્સાહપૂર્વક ભેગા કરવા અને ઉદારતાથી તે બધાનો સન્માર્ગમાં ઉપયોગ કરવો તે બીજો માર્ગ છે. આ બીજો માર્ગ તે માર્ગ તે જ સાંખ્યનો માર્ગ છે. ગાયત્રીને સાંખ્યાયન' એટલે 'સાંખ્યનું ઘર' કહ્યું છે. આ વાત સાંખ્યમાર્ગની પ્રધાનતા સ્વીકારીને જીવન જીવવાના આદર્શનો સંકેત કરે છે. આ જ ગાયત્રીનું ગોત્ર કહેવાય.

ગાયત્રીના ચોવીસ અક્ષર છે, ત્રણ ચરણ છે, છ કૃક્ષિ છે. પાંચ માથાં છે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ ત્રણ ચરણ શું હશે ? છ કુક્ષિ એટલે શું ? પાંચ માથાનો અર્થ શો ? એના જવાબમાં કહેવામાં આવ્યું છે કે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ તેનાં ત્રણ ચરણ છે. એ ચરણો પર ગાયત્રી ઊભી છે. આ વેદ તેના આધાર છે. ચોથો અથર્વવેદ તો આ ત્રણ વેદોનું ભાષ્ય છે. છ કુક્ષિયો તે છ દિશાઓ છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ (આકાશ) અને અધસ (પૃથ્વી) એ છ દિશાઓમાં એટલે કે સર્વત્ર એ ગાયત્રી વ્યાપેલી છે. વેદનાં છ અંગોને ગાયત્રીના શીર્ષ એટલે માથાં કહ્યાં છે. છંદ એ ગાયત્રીનું શરીર છે અને બાકીનાં પાંચ વેદાંગો તેનાં પાંચ માથાં છે. છન્દ સિવાયના બાકીના પાંચ વેદોંગો વ્યાકરણ, શિક્ષા, કલ્પ, નિરૂક્ત અને જ્યોતિષ એ તેનાં માથાં છે. આ વેદાંગોમાં મહાન આદર્શો ભરેલા છે. એ બધા આદર્શો તથા ભાવનાઓને ગાયત્રીના માથાં માની લેવાં જોઈએ. વેદાંગોમાં જે ભાવનાઓ સમાયેલી છે તે જ ભાવનાઓ ગાયત્રી શક્તિમાં રહેલી છે.

હવે એ જાણવું જોઈએ કે ગાયત્રીનું લક્ષણ શું છે ? તેની ચેષ્ટા શી છે ? ઉદાહરણ શાં છે ? તો તેના જવાબમાં કહેવામાં આવ્યું છે કે 'મીમાંસા' તેનું લક્ષણ છે, અથર્વવેદ તેની ચેષ્ટા છે અને છંદ તેનું પ્રતીક અથવા ઉદાહરણ છે. મીમાંસા એટલે વિચાર -- ગાયત્રીનું મુખ્ય લક્ષણ વિચાર છે. કોઈ મનુષ્યમાં ગાયત્રી શક્તિનો આવિર્ભાવ થયો છે કે નહિ એ તેના વિચાર દ્વારા જાણી શકાય. જેના અંતઃકરણમાં ગાયત્રી પ્રગટ થઈ હશે. તેના વિચારોમાં પરિવર્તન થયેલું જણાશે. તેનાં વિચાર, મનન-ચિંતન અને તેના નિર્ણયો વગેરે એક આત્મશક્તિવાળા માણસોના ગૌરવને અનુકૂળ હશે, આ છે ગાયત્રીનું લક્ષણ. લક્ષણ ઉપરથી જ આપણે કોઈની પરીક્ષા કરી શકીએ. ગાયત્રીની હાજરીનું લક્ષણ છે વ્યક્તિના ઉચ્ચ વિચારો.

અથર્વવેદ ગાયત્રીની ચેષ્ટા (કાર્ય) છે. અથર્વવેદમાં વ્યાવહારિક જ્ઞાન ભર્યું છે. શિક્ષણ, કલા, રસાયણવિજ્ઞાન, ચિકિત્સા, કામશાસ્ત્ર વગેરે જીવનની ઉપયોગી વિદ્યાઓનું વર્ણન અથર્વવેદમાં થયું છે. જ્યાં ગાયત્રીની હાજરી હશે ત્યાં અથર્વવેદમાં બતાવેલી ચેષ્ટાઓ દેખાશે. ઉદ્યોગ, પ્રયોગ, ઉત્પાદન, નિર્માણ કલાકૌશલ, વ્યવસ્થા, પરિવર્તન અન્યની સારી વસ્તુઓ ગ્રહણ કરવી, નકામી વસ્તુઓ ફેંકી દેવી વગેરે ચેષ્ટાઓ પ્રયત્નરૂપે દેખાશે. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિને માટે જ્યાં પુષ્કળ પ્રયત્ન થતો હોય ત્યાં ગાયત્રી શક્તિની ચેષ્ટા (પ્રયત્ન) રહેલી છે એમ સમજી લેવું.

ગાયત્રીનું પ્રતીક (ઉદાહરણ) છે-છંદ. છંદનો અર્થ છે પદાર્થ. લક્ષણો અને પ્રયત્નો દ્વારા, વિચારો અને કર્મો દ્વારા નિઃસંશય ઈષ્ટ વસ્તુઓ મળવાની જ. ઉદાહરણ એટલે નમૂનો. ગાયત્રી કેવી હોય છે તેનું ઉદાહરણ પરિસ્થિતિઓ અને પદાર્થોને બતાવીને આપવામાં આવ્યું છે. જ્યાં જાણ્યેઅજાણ્યે ગાયત્રીની કૃપા હશે ત્યાંનું બાહ્ય વાતાવરણ શ્રેષ્ઠતાથી ભરેલું હશે.

હવે ગાયત્રીનો વર્ણ અને તેનો સ્વર ક્યો તે જાણવું જોઈએ. તેનો વર્ણ શ્વેત (સફેદ) છે. શ્વેત રંગ, સતોગુણ, શુભ્રતા, ઉજ્જ્વળતા અને પવિત્રતાનો પ્રતીક છે. હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વસ્તિ એમ છ પ્રકારના સ્વર છે. દરેક સ્વરમાં વિજ્ઞાન અને મહત્ત્વ જુદાં જુદાં છે.

શબ્દની શક્તિ અનંત છે. શબ્દો દ્વારા જે મોજું ઉત્પન્ન થાય છે તેમનાથી વિશ્વમાં વિવિધ પ્રકારનાં વાતાવરણ પેદા થાય છે. આ છ સ્વરો તે ધ્યાનના જ છ પ્રકારો છે. આ બધા દ્વારા જ પાંચ તત્ત્વ અને સૂક્ષ્મ ચોવીસ તત્ત્વોમાં ગતિનો સંચાર થાય છે. આ વિષે 'ગાયત્રી મહાવિજ્ઞાન'ના ત્રીજા ભાગમાં વિસ્તારથી લખવામાં આવશે. અહીં તો એટલું જ ધ્યાનમાં રાખી લેવું જોઈએ કે જગતની સંપૂર્ણ ક્રિયાઓને પ્રેરણા આપનારા બધા જ સ્વર ગાયત્રીમાં સમાયેલાં છે. જે એ બધાના રહસ્યને સમજે છે તે ફાવે તે પ્રકારના સ્વર તરંગોને છેડી શકે છે અને મનફાવતાં પરિણામો ઉપજાવી શકે છે.

**પૂર્વા ભવતિ ગાયત્રી, મધ્યમા સાવિત્રી, પશ્ચિમા સંધ્યા સરસ્વતી । રક્તા ગાયત્રી, શ્વેતા સાવિત્રી, કૃષ્ણા સરસ્વતી ॥૧૨॥**

**પ્રણવે નિત્યયુક્તા સ્યાદ્‌ વ્યાહૃતિષુ ચ સપ્તસુ । સર્વેષામેવ પાપાનાં સંકરે સમુપસ્થિતે । શતસાહસ્રમભ્યસ્તા ગાયત્રી પાવનં મહત ॥૧૩॥**

**ઉષઃ કાલે રક્તા, મધ્યાન્હે શ્વેતાડપરાન્હે કૃષ્ણા । પૂર્વ સન્ધિ બ્રાહ્મી, મધ્ય સન્ધિ માહેશ્વરી, પરા સન્ધિ વૈષ્ણવી । હંસવાહિની બ્રાહ્મી, વૃષ વાહિની માહેશ્વરી, ગરુડ વાહિની વૈષ્ણવી ॥૧૪॥**

**પૂર્વાહન કાલે સંધ્યા ગાયત્રી, કુમારી રક્તાંગી રક્તવાસસ્ત્રિનેતા પાશાંકુશાક્ષમાલા કમંડલુકરા હંસારૂઢા ઋગ્વેદ સહિતા, બ્રહ્મ દૈવત્યા ભૂર્લોક વ્યવસ્થિતાદિત્યપથગામિની ॥૧૫॥**

**મધ્યાહ્‌ન કાલે સંધ્યા સાવિત્રી યુવતી શ્વેતાંગી શ્વેતવાસાસ્ત્રિનેત્રા પાશાંકુશત્રિશૂલડમરૂહસ્તા વૃષભારૂઢા યજુર્વેદસહિતા, રુદ્રદૈવત્યા ભુવર્લોક વ્યવસ્થિતાદિત્યપથગામિની ॥૧૬॥**

**સાયાહન કાલે સંધ્યા સરસ્વતી વૃદ્ધા કૃષ્ણાંગી, કૃષ્ણવાસાસ્ત્રિનેત્રા શંખ, ગદા, ચક્ર, પદ્મ હસ્તા, ગરુડારૂઢા સામવેદ સહિતા વિષ્ણુ દૈવત્યા સ્વર્લોક વ્યવસ્થિતાદિત્યપથગામિની ॥૧૭॥**

ગાયત્રીનાં ત્રણ નામ છે. આરંભિક અવસ્થામાં ગાયત્રી, મધ્યમ અવસ્થામાં સાવિત્રી અને અંતિમ અવસ્થામાં સરસ્વતી. પ્રારંભ, યુવાવસ્થા અને પરિપક્વતા -- આ ત્રણ અવસ્થાઓને કારણે એક જ શક્તિનાં ત્રણ નામ પાડવામાં આવ્યાં છે. ગાયત્રીનો પ્રકાશ લાલ છે. સાવિત્રીનો શ્વેત અને સરસ્વતીનો પ્રકાશ કાળો છે. જેમ સૂર્ય સફેદ રંગનો હોવા છતાં પ્રાતઃકાળમાં તેનો પ્રકાશ લાલ, બપોરે તેનો પ્રકાશ સફેદ અને સાંજે ધૂંધળો હોય છે. એ જ રીતે સાધના દરમિયાન સાધકને પોતાની સ્થિતિ મુજબ આ ત્રણે વર્ણ ધ્યાનની અવસ્થામાં દેખાય છે. ગાયત્રી સદા પ્રણવથી (ૐકારથી) યુક્ત છે. તેનો ઉચ્ચાર સદા ૐકારની સાથે જ થાય છે. જોકે સામાન્ય રીતની સાધનામાં અને વિવેચનમાં ત્રણ જ વ્યાહૃતિઓનો પ્રયોગ થાય છે. પરંતુ બ્રહ્મવિવેચના માટે, ઉપનિષદના વિજ્ઞાનને માટે સાત વ્યાહૃતિઓનો પ્રયોગ કરવામાં આવે છે. જો બધાં જ પાપનો સમૂહ ભેગો થાય તો શતસહસ્ર ગાયત્રીનો અભ્યાસ કરવાથી તેનો નાશ થાય છે. સામાન્ય રીતે શતસહસ્રનો અર્થ ''સહસ્રાર'' અથવા 'બ્રહ્મરન્ધ્ર' એવો થાય છે. આ દૃષ્ટિએ ઉપરના વિધાનનો અર્થ થાય - 'બ્રહ્મરન્ધ્ર'માં ગાયત્રીની ધારણાનો અભ્યાસ કરવાથી બધાં પાપ દૂર થઈ જાય છે. ચોક્કસ વિધિપૂર્વક ષટ્ચક્રોનું વેધન કરીને બ્રહ્મરન્ધ્ર સુધી ગાયત્રીને પહોંચાડવાની વિધિ ''ગાયત્રીની મહાવિજ્ઞાન''ના પહેલા ભાગમાં વર્ણવી છે. તે સાધના કરવાથી સાધક અગ્નિમાં તપાવેલા સોનાની માફક નિર્મળ, નિષ્પાપ બની જાય છે. ''શત સહસ્ર-અભ્યાસ'' શબ્દ દ્વારા બ્રહ્મરન્ધ્ર સુધી ગાયત્રીને પહોંચાડવાની સાધનાનો સંકેત કરવામાં આવ્યો છે.

પૂર્વસંધ્યા એટલે પ્રાતઃકાળની સંધ્યાને બ્રાહ્મી કહે છે. આ હંસવાહિની, કુમારી, રક્ત

અંગવાળી, રક્ત વસ્ત્રવાળી, ત્રણ નેત્રવાળી તેમજ પાશ, અંકુશ, જપમાળા અને કમંડળ ધારણ કરનારી ઋગ્વેદ-યુક્તા, બ્રહ્મ-દૈવત્યા, ભૂર્લોકમાં રહેનારી અને સૂર્યના પથ પર વિચરણ કરનારી છે.

આપણે આ અલંકારિક વર્ણનના ગૂઢ રહસ્ય વિષે વિચાર કરીએ. પ્રાતઃકાળના સમયને બ્રાહ્મમુહૂર્ત કહે છે. તે સમયે બ્રહ્મ-તત્ત્વની વિશેષતા હોવાને કારણે ગાયત્રીને બ્રાહ્મી કહે છે. હંસનો અર્થ થાય છે પ્રાણ, ''હંસારૂઢ''નો અર્થ છે પ્રાણ ઉપર છવાઈ રહેલી. બ્રાહ્મી ગાયત્રી પ્રાણ ઉપર પોતાનો વિશેષ પ્રભાવ પ્રગટ કરે છે. ''કુમારી''નો અર્થ - બાલ્ય પ્રવૃત્તિઓવાળી ચંચલ. રક્ત વર્ણનો અર્થ છે ગતિશીલતાનો વિકાસ અથવા વિદ્યુત સંચારનો ગુણ, આનું નામ જ રક્ત વસ્ત્રવાળી કહેવાય. ''ત્રિનયની'' એટલે ત્રણ દષ્ટિઓવાળી ત્રણે લોકને દષ્ટિમાં રાખનારી. આપણા શરીર, મસ્તિષ્ક અને અંતઃકરણને જોવાવાળી. તે ત્રણે તરફ નજર રાખે છે માટે તેને 'ત્રિનેત્ર' કહી છે. 'પાશ' એટલે બંધન. 'અંકુશ' એટલે નિયંત્રણ 'અક્ષમાલા' એટલે શબ્દ માતૃકાઓ. ''કમંડલુ'' એટલે ધારણા. 'ઋગ્વેદ' એટલે જ્ઞાન, ''બ્રહ્મદેવત્ય'' એટલે બ્રહ્મની દેવશક્તિ. પ્રાતઃકાળની ગાયત્રી આ બધાં લક્ષણો, ગુણો અને સાધનોથી સંપન્ન હોવાને કારણે, પોતાના સાધકો ઉપર આ બધા ઉપચારોનો પ્રયોગ કરે છે. આ બધાં સાધનોથી સાધકને ગાયત્રી દેવી તપાવે છે. જેથી તે બ્રભૂતાહ બને છે. બ્રહ્મ ગાયત્રી ભૂલોકમાં નિવાસ કરે છે. આ ભૂલોકના મનુષ્યો તેનો ઉપયોગ વધારે કરે છે. શરીરને પણ ભૂલોક કહે છે. બ્રાહ્મી ગાયત્રી શરીરને પણ સ્વસ્થ રાખે છે. તે સૂર્ય માર્ગગામિની છે. જેમ સૂર્યનાં કિરણો મનુષ્યને વિશેષ પ્રભાવિત કરે છે તે જ રીતે ગાયત્રીની શક્તિઓ પણ કામ કરે છે. સૂર્યનાં કિરણો અને પ્રાતઃ ગાયત્રીની કાર્ય-પદ્ધતિ ઘણી દષ્ટિએ સમાન છે.

હવે મધ્યાહ્ન ગાયત્રીનાં લક્ષણ જુઓ. તેનું નામ સાવિત્રી છે. તે યુવતી, શ્વેત રંગની શ્વેત વસ્ત્રોવાળી અને ત્રિનેત્રા છે અને તેણે પાશ, અંકુશ, ત્રિશૂળ અને ડમરું એ ચાર આયુધો ધારણ કરેલાં છે. તે વૃષભ પર બેઠેલી છે. તે યજુર્વેદ સહિત છે, રૂદ્ર દૈવત્યા છે. ભુવઃ લોકમાં નિવાસ કરે છે અને સૂર્યના પથમાં સંચરનારી છે. આ બધાં લક્ષણો પૈકી કેટલાક તો બ્રહ્મા-ગાયત્રીના સમાન છે. 'ત્રિનયના', 'પાશાંકુશા' અને 'સૂર્યપથગામિની' એ શબ્દો અંગે તો આપણે વિચાર કર્યો. હવે આ મધ્યાહ્ન ગાયત્રીનાં જે વિશેષ લક્ષણો છે તેનો વિચાર કરીએ. તે યુવતી એટલે પ્રૌઢા છે. એનો અર્થ થયો કે તે વિકસિત, પરિપુષ્ટ, સ્થિર અને દઢ છે, તે શ્વેત વર્ણવાળી છે. એટલે કે તે પ્રકાશયુક્ત, વિશાળ, ફેલાયેલી અને તેજવાળી છે. પરિપુષ્ટ થઈને પોતાની પૂર્ણાવસ્થાના તેજથી ચમકતી ગાયત્રીને શ્વેત વર્ણવાળી તેમજ શ્વેત વસ્ત્રોવાળી કહી છે. સવિતા-સૂર્યની માફક તેજવાળી હોવાને કારણે તેનું નામ સાવિત્રી છે. ત્રિશૂળ એટલે ત્રણ દુઃખ અજ્ઞાન, અભાવ અને અશક્તિ. એ ત્રણે દુઃખોને તેણે પોતાના હાથમાં મુઠ્ઠીમાં રાખ્યાં છે. આનો અર્થ એ થયો કે એ ત્રણે શૂળ તેના નિયંત્રણમાં, તેના કબજામાં છે. ડમરુ ધ્વનિનું-વાણીનું પ્રતીક છે. વૃષભ-વાહન ધર્મનું પ્રતીક છે. યુવાન સાવિત્રી ધર્મ પર આરૂઢ (બેઠેલી) છે. યજુર્વેદ કર્મકાંડનું પ્રતીક છે. તે કર્મની પ્રેરણા આપે છે. ''રુદ્રદૈવત્યા''નો અર્થ છે - ભયંકર, ઉગ્ર અને દિવ્ય શક્તિઓવાળી. તે ભુવઃ લોકમાં નિવાસ કરે છે. 'ભુવઃ' એટલે માનસ પ્રદેશ. એટલે કે મગજ વિચાર તર્ક, બુદ્ધિ અને સૂઝ-સમજણને શુદ્ધ કરનારી છે.

હવે સંધ્યાકાળની ગાયત્રીનાં લક્ષણ જુઓ. તેનું નામ સરસ્વતી છે. તે વૃદ્ધા, કૃષ્ણ (કાળા વર્ણવાળી, કાળાં વસ્ત્રવાળી, ત્રણ નેત્રવાળી, શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલી, ગરુડ પર આરુઢ, સામવેદ-સહિત વિષ્ણુ દૈવત્યા સ્વઃલોકમાં રહેનારી તેમજ સૂર્યના માર્ગ પર વિચરણ કરનારી છે.)

''સૂર્ય - પથ - ગામિની'' અને ''ત્રિનયના'' શબ્દોના વિચાર આપણે પહેલાં કરી ગયાં. આ સિવાયનાં બીજાં વિશિષ્ટ લક્ષણો અંગે અહીં વિચાર કરીએ. સ+રસ+વતી=સરસ્વતી. સરસતાવાળી અર્થાત્ સંગીત, કળા, કવિત્વ તથા અન્ય સ્થૂળ અને સૂક્ષ્મ રસોનાં ઝરણવાળી હોવાને કારણે પરિપક્વ થયેલી સંધ્યાકાળની ગાયત્રીને સરસ્વતી કહે છે. વૃદ્ધાનો અર્થ છે પરિપક્વ અર્થાત્ પૂર્ણ રૂપે વિકસિત થયેલી. વિકાસની હદે પહોંચેલી. કૃષ્ણા એટલે કાળો વર્ણ ''મિશ્રણ'' બતાવે છે. બ્રહ્મ અને પ્રકૃતિ બંનેના મિશ્રણનો રંગ કાળો હોય છે. પારો સફેદ છે. ગંધક પીળો છે. એ જ રીતે બ્રહ્મ શુભ્ર છે અને પ્રકૃતિ પીળી છે. બંનેના મિશ્રણનો રંગ કાળો થાય છે. ભગવાન રામ અને કૃષ્ણના કાળાપણાનું આ જ કારણ છે. સંધ્યાકાળની ગાયત્રીમાં બ્રહ્મ અને પ્રકૃતિનું મિશ્રણ થયેલું હોવાથી તે કાળા વર્ણ વાળી-કાળાં વસ્ત્રવાળી કહેવાય છે. સરસ્વતીના હાથમાં ચાર આયુધો છે. શંખ (વાણી), ચક્ર (તેજ), ગદા (વિનાશ), પદ્મ (વૈભવ). આ ચારે શક્તિઓ પર સરસ્વતીની સત્તા છે. ગરુડનો અર્થ છે ક્રિયા અથવા ગતિશીલતા. સરસ્વતીનું ક્ષેત્ર ફક્ત વિચાર સુધી જ સીમિત નથી. તે ક્રિયાશીલ પણ છે. સામવેદ સંગીતનું-બાહ્ય સંગીતનું પ્રતીક છે. ભગવાન વિષ્ણુની સેવક એવી તે દિવ્ય શક્તિઓનું પ્રતિનિધિત્વ કરવાને કારણે વિષ્ણુ દૈવત્યા કહેવાય છે. સ્વઃલોક એટલે હૃદય અથવા અંતઃકરણ. સરસ્વતી વીણાના તારને ઝણઝણાવે છે -- અંતઃકરણમાં વિવેશશક્તિ જાગૃત કરે છે.

ઉપર બ્રાહ્મી, સાવિત્રી અને સરસ્વતીનાં સંપૂર્ણ સ્વરૂપોનું વિવેચન કર્યું. અવિકસિત, વિકસિત અને પરિપુષ્ટ એ ત્રણ અવસ્થાને કારણે ત્રણ મદ ગણ્યા છે. એ બધાનો પ્રાતઃ, મધ્યાહ્ન અને સંધ્યા એ ત્રણ કાળની દૃષ્ટિએ પણ ભેદ બતાવવામાં આવ્યા. આ ત્રણે ભેદો પૈકી સાધકને જેની ઉપયોગિતા સમજાય તેને સાધના માટે પસંદ કરે.

કાન્યક્ષર દૈવતાનિ ભવન્તિ ? ॥૧૮॥

**પ્રથમામાગ્નેયં, દ્વિતીયં પ્રાજાપત્યં તૃતીયં સૌમ્યં, ચતુર્થમૈશાનં, પંચમાદિત્યં, ષષ્ઠં બાર્હસ્પત્યં, ભર્ગદૈવત્યમ્, અષ્ટમં પિતૃદૈવત્યં નવમમર્યમણં, દશમં સાવિત્રં, એકાદશં ત્વાષ્ટ્રં, દ્વાદશં પૌષ્ણં, ત્રયોદશમૈન્દ્રાગ્ન્યં, પઞ્ચદશં વામદેવ્યં, ષોડશં મૈત્રાવરુણં, સપ્તદશં વાભ્રુવ્યં, અષ્ટાદશં વૈશ્વદેવ્યમ્, એકોનવિંશતિકં વૈષ્ણવ્યં, વિંશતિકં વાસવમ્, એકવિંશતિકં તૌષિતં, દ્વાવિંશતિકં કૌવેરં, ત્રયોવિંશતિકં આશ્વિનં, ચતુર્વિંશતિકં બ્રાહ્મં ઈત્યક્ષર દેવતાનિ ભવન્તિ ॥૧૯॥**

ગાયત્રીના ચોવીસ અક્ષરોના દેવતા કોણ કોણ છે ? આનો જવાબ અહીં આપવામાં આવ્યો છે. 'તત્'નો દેવતા અગ્નિ 'સ'નો દેવતા પ્રજાપતિ, 'વિ'નો સોમ, 'તુઃ'નો ઈશાન, 'વ'નો આદિત્ય, 'રે'નો બૃહસ્પતિ, 'ણિ'નો ભર્ગ, 'યમ્'નો પિતૃ, 'ભ'ના અર્થમાં 'ગો'નો સવિતા, 'દે'નો ત્વષ્ટા, 'વ'નો પૂષા, 'સ્ય'નો ઈન્દ્ર અને અગ્નિ, 'ધી'નો વાયુ, 'મ'નો કામદેવ, 'હિ'નો મિત્ર અને વરુણ, 'ધિ'નો વભ્રુ, 'યો'નો વિષ્ણુ, 'ન' વસુ, 'પ્ર' નો તુષિત, 'ચો'નો કુબેર, 'દ'નો અશ્વિનીકુમાર અને 'યાત્'નો બ્રહ્મા દેવતા છે.

આ બધા દેવતાઓ જુદા જુદા અક્ષરોની શક્તિઓ છે. ગાયત્રીના અક્ષરો આ બધી જ શક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે, આ મહામંત્ર દ્વારા એ શક્તિઓ પણ સાધના દ્વારા પ્રગટે છે.

**દ્યૌ મૂર્ધાગ્નિરંગતાસ્તે, લલાટે રુદ્રઃ, ભ્રુવોમમેઘઃ ચક્ષુષોશ્ચન્દ્રાદિત્યૌ, કર્ણયોઃ શુક્રબૃહસ્પતી નાસિકે વાસુદેવત્યૈ દન્તૌષ્ઠાવુભયસન્ધ્યે, મુખમગ્નિ, જિહ્વા સરસ્વતી, ગ્રીવાસાધ્યાનુગૃહીતિઃ, સ્તનયોર્વસવઃ વાહ્વોર્મરુતઃ, હૃદયં પર્જન્યાકાશમુદરં, નાભિરંતરિક્ષ, કટિરિન્દ્રાગ્ની, જઘનં પ્રાજાપત્યં, કૈલાસમલયાબૂરુ, વિશ્વેદેવાજાનુની, જહ્નુ કુશિકૌ જંઘદ્વયં, ખુરાઃ પિતરાઃ પાદૌ વનસ્પતયઃ અંગુલયો**

**રોમાણિ, નખાશ્ચ મુહૂર્ત્તાસ્તેડપિ ગ્રહા કેતુર્માસા ઋતવઃ સંધ્યા કાલસ્તથાચ્છાદન સમ્વત્સરો નિમિષમહોરાત્રિ આદિત્યશ્ચન્દ્રમા ॥૨૦॥**

ગાયત્રીને જો આપણે એક મનુષ્યના આકારવાળી દેવી માનીએ તો તેનાં ભિન્ન ભિન્ન અંગોમાં ભિન્ન ભિન્ન દેવશક્તિઓની સ્થાપના માનવી જોઈએ. ગાયત્રીનું ધ્યાન જ્યારે આપણે મનુષ્યાકૃતિવાળી દેવીના રૂપમાં કરીએ છીએ ત્યારે તે દિવ્ય છે એવી ધારણા કરીએ છીએ. ગાયત્રીનાં જુદાં જુદાં અંગોમાં જે શક્તિઓ વસે છે તેમનું ધ્યાન પણ સાધકે કરવું જોઈએ. જ્યારે સાધક પોતાની જાતને દિવ્ય શક્તિઓથી ઓતપ્રોત થયેલી અનુભવે ત્યારે પણ તેને એમ લાગવું જોઈએ કે હું એ બધી શક્તિઓ વડે ઓતપ્રોત બની રહ્યો છું. ગાયત્રીદેવીનાં અંગોમાં જે દેવતાઓ વસે છે તે મારાં અંગોમાં પણ સમાયેલાં છે. આવી ભાવના કરવાથી સાધક પણ પોતાના ઉપાસ્ય દેવમય બની જાય છે. કહેવાય છે કે દેવ બનીને દેવતાની ઉપાસના કરવી જોઈએ.' દેવશક્તિઓ આપણા અંગેઅંગમાં બિરાજેલી છે એવી ભાવના આપણામાં આત્મશ્રેષ્ઠતાનો સંચાર કરે છે. આપણા આત્માની સ્થિતિ દેવની ઉપાસનાને યોગ્ય બને છે. હવે ગાયત્રીનાં અંગોમાં દેવશક્તિઓની સ્થાપનાનું વર્ણન તપાસો.

ગાયત્રીના મસ્તકમાં સ્વર્ગ, લલાટમાં રુદ્ર, ભ્રમરોમાં મેઘ; નેત્રોમાં ચંદ્ર; સૂર્ય; કાનોમાં શુક્ર અને બૃહસ્પતિ, નસકોરામાં વાયુ, દાંત અને હોઠમાં બંને સંધ્યાઓ; મુખમાં અગ્નિ, જીભમાં સરસ્વતી, ડોકમાં સાધ્યગણ, સ્તનોમાં વસુઓ, બંને ભુજાઓમાં મરૂતો, હૃદયમાં પર્જન્ય (વરસાદ), ઉદરમાં આકાશ, કમરમાં ઈન્દ્ર અને અગ્નિ, જઘનોમાં પ્રજાપતિ, ઉરૂમાં કૈલાસ તેમજ મલય પર્વતો, જાંઘોમાં જહનું અને કુશિક, તળિયામાં પિતૃઓ, ચરણોમાં વનસ્પતિઓ, આંગળીઓમાં રોમ, નખોમાં મુહૂર્તો, ગ્રહો, ધૂમકેતુ. મહિનાઓ, ઋતુઓ, સંધ્યાઓ, આચ્છાદન. સમ્વત્સરો અને વર્ષો તથા તેની પાંપણોમાં દિવસો-રાત્રિઓ, સૂર્ય અને ચંદ્ર વસે છે.

**સહસ્રપરમાં દેવીં શતમધ્યાં દશાપરામ્ । સહસ્રનેત્રાં ગાયત્રીં શરણમહં પ્રપદ્યે ॥૨૧॥**

**ૐ તત્સવિતુર્વરેણ્યાય નમઃ । ૐ તત પૂર્વ જયાય નમઃ । ૐ તત્ પ્રાતરાદિત્યાય પ્રતિષ્ઠાય નમઃ ॥૨૨॥**

**સાયમધીયાનો દિવસકૃતં પાપં નાશયતિ । પ્રાતરધીયાનો રાત્રિ કૃતં પાપં નાશયતિ । તત સાયં પ્રાતરધીયાનો પાપોડપાપો ભવતિ ॥૨૩॥**

**ય ઈદં ગાયત્રીહૃદયં બ્રાહ્મણઃ પઠેત અપેય પાનાત પૂતો ભવતિ, અભક્ષ્ય ભક્ષ્યા ત પૂતો ભવતિ, અજ્ઞાના ત પૂતો ભવતિ, સ્વર્ણ સ્તેયા ત પૂતો ભવતિ, ગુરુ તલ્પગમના ત પૂતો ભવતિ, અપંક્તિ પાવના ત પૂતો ભવતિ, બ્રહ્મ હત્યાયાઃ પૂતો ભવતિ, અબ્રહ્મચારી સબ્રહ્મચારી ભવતિ, ઈત્યનેન હૃદયે નાધીતેન ક્રતુઃ, સમ્યગિષ્ટો ભવતિ, ષષ્ઠિ ગાયત્ર્યાઃ શત સહસ્રાણિ જપ્તાનિ ભવતિ અષ્ટૌ બ્રાહ્મણાન્ સમ્યગ્ ગ્રાહ્યેત । અથ સિદ્ધિર્ભવતિ ॥૨૪॥**

**ઈદં બ્રાહ્મણો નિત્યમધીયીતે સર્વૈઃ પાપૈઃ પ્રમુચ્યતે ઈતિ બ્રહ્મલોકે મહીયતે ઈત્યાહ ભગવાન્ યાજ્ઞવલ્ક્યઃ ॥૨૫॥**

**। ઈતિ "ગાયત્રી હૃદયમ્" સમ્પૂર્ણમ્ ।**

હંમેશાં એક હજાર વાર ગાયત્રીના જપ કરવા શ્રેષ્ઠ ગણાય છે. એટલું ન બની શકે તો મધ્યમ રીતે સો જપ પણ કરી શકાય. છેવટે એટલું પણ ન બની શકે તો દસ વાર પણ જપ કરવો જોઈએ. ગાયત્રીને હજાર નેત્ર-હજાર આંખો છે. તે બધે જ બધું જ જુએ છે. તેનાથી કંઈ છૂપું નથી. આવી

સર્વદર્શી ઈશ્વરી શક્તિને સર્વ વ્યાપ્ત માનીને આપણા વિચારો અને કાર્યો એવાં હોવાં જોઈએ કે દિવ્ય હોય. માતાની દૃષ્ટિએ તે યોગ્ય, ઉત્તમ અને ધર્મમય લાગે એવાં હોવાં જોઈએ. આપણાં વર્તન અને વ્યવહાર ઉત્તમ રાખવાં એનું નામ જ ગાયત્રીની શક્તિ. જે ભક્તિપૂર્વક વેદમાતા ગાયત્રીના શરણમાં રહે છે તે જ સાચો સાધક છે.

'ૐ તત્સવિતુર્વરેણ્યં' ઇત્યાદિ શબ્દોથી શરૂ થતા મંત્રને નમસ્કાર છે. એનાથી માતાનો સાક્ષાત્કાર થાય છે. 'ૐ તત્' વગેરે શબ્દો દ્વારા કરવામાં આવતા પૂર્વ જપને નમસ્કાર છે. કારણ કે એ જપ દ્વારા આત્મ-બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. 'ૐ તત્' સહતિ ભગવાન આદિત્ય (સૂર્ય)ને નમસ્કાર છે કારણ કે તેના પ્રકાશ અને પ્રેરણા દ્વારા આ માર્ગમાં આપણી પ્રગતિ થાય છે.

સંધ્યાકાળે 'ગાયત્રીહૃદય'નો પાઠ કરવાથી દિવસ દરમિયાન કરેલાં પાપ નષ્ટ થાય છે અને પ્રાતઃકાળમાં પાઠ કરવાથી રાત્રિમાં કરેલાં પાપ નષ્ટ થાય છે. પ્રાતઃકાળ સંધ્યાકાળ બંને સમયે પાઠ કરવાથી પાપી પણ નિષ્પાપ બને છે. સુરાપાન કરવું, અભક્ષ્ય પદાર્થો ખાવા, અજ્ઞાનમાં ડુબેલા રહેવું, ચોરી કરવી, વ્યભિચાર કરવો, બ્રહ્મહત્યા કરવી, દુરાચાર કરવો વગેરેથી થતાં પાપોમાંથી મુક્તિ મળી જાય છે. ભગવાન યાજ્ઞવલ્ક્યે આમ કહ્યું છે.

પાઠ કરવાથી પાપરહિત થવાનો અર્થ એ છે કે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક આ બ્રહ્મવિદ્યાનું વિવેચન, ચિંતન અને મનન કરવાથી આપણી વિવેકબુદ્ધિ જાગૃત થાય છે. મનુષ્યને પાપ ખોટાં છે અને પુણ્ય ખરાં છે એ વાતનું ભાન થાય છે. આમ થવાથી તે કુમાર્ગથી વિરક્ત બની સન્માર્ગે ચાલતાં શીખે છે. અંતઃકરણમાં પેઠેલા અજ્ઞાનરૂપી અંધકારને બહાર કાઢી જ્ઞાનના પ્રકાશને ધારણ કરે છે. પહેલાંનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરે છે અને ફરી એવાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા લે છે. આવી સ્થિતિ ઊભી થવાથી નવાં પાપ થવાં બંધ થાય છે અને જૂનાં પ્રારબ્ધરૂપ બનેલાં પાપ ધીરે ધીરે ભોગવાઈ જાય છે. આ રીતે તે થોડા જ દિવસોમાં પાપરહિત બની જાય છે. કુબુદ્ધિનો નાશ અને સદ્બુદ્ધિનો ઉદય એ પોતાના નાશનું ખરું કારણ છે. પરંતુ એ કારણ જો આ બ્રહ્મજ્ઞાનના પાઠ ચિંતન અને મનનથી પેદા થયું હોય તો તેનો યશ આ પાઠને તેમજ તેનાં મનન ને મળવો જોઈએ. એટલા માટે જ આ પાઠ કરવાથી પાપો નષ્ટ થાય છે એમ કહેવાયું છે.

'ગાયત્રીહૃદય'માં વિશાળ તત્ત્વજ્ઞાન ભરેલું છે. ગાયત્રી મંત્રના સાઠ લાખ જપથી જે આત્મપ્રકાશ અને આત્મશુદ્ધિ મળે છે તે આ પાઠને યોગ્ય રીતે હૃદયંગમ કરી લેવાથી પણ મળે છે. આ 'હૃદય'માં વર્ણવવામાં આવેલા તત્ત્વજ્ઞાનને આત્મસાત્ કરી લેવાથી જે પુણ્યનો લાભ થાય છે તેની તુલના બીજી કોઈ વસ્તુ સાથે થઈ શકે એમ નથી.

## ૧૧. ગાયત્રી - પંજર

કોઈ વસ્તુની બાબતમાં વિચાર કરવા માટે, તેની મૂર્તિ આપણા ચિત્તમાં હોય એ જરૂરી છે. એવી મૂર્તિની કલ્પના કર્યા વિના કોઈ પણ વિષયની બાબતમાં કંઈપણ વિચાર કરવો અસંભવ વસ્તુનો આકાર નિશ્ચિત કરે છે અને પછી જ તે વિશેની કલ્પનાશક્તિ કામ કરવા લાગે છે. સમુદ્ર ભલે કોઈએ ન જોયો હોય, પણ જ્યારે પણ સમુદ્ર વિશે વિચાર કરવાનો હોય છે ત્યારે એક વિશાળ જળાશયની એક કલ્પિત મૂર્તિ મનમાં અંકાઈ જાય છે. ભાષા વિજ્ઞાનનો આ જ આધાર છે. દરેક શબ્દની પાછળ એક આકૃતિ હોય છે. 'કૂતરું' એ શબ્દને યાદ કરતાં જ આપણા ચિત્તમાં કૂતરાની એક આકૃતિ હાજર થઈ જાય ત્યારે જ 'કૂતરું' શબ્દ જાણ્યો સાર્થક થયો ગણાય. અજાણી એવી કોઈ

પરદેશી ભાષા કાઈ આપણી આગળ બોલે ત્યારે એના શબ્દો તો કાને પડે પણ આપણું તે સાંભળ્યું સાર્થક થાય નહિ, આપણને તો એ શબ્દો પક્ષીઓના માત્ર નિરર્થક કલરવ કરતાં કંઈ વિશેષ લાગે નહિ. એ દ્વારા કોઈ ભાવ પ્રગટ થતો નથી. આનું કારણ શું ? આનું કારણ એ જ કે એ શબ્દોની પાછળ રહેલી આકૃતિઓને આપણે જાણતા નથી. જ્યાં સુધી એ આકૃતિઓ સામે દેખાય નહિ ત્યાં સુધી આપણું મન એને વિશે કંઈ વિચાર કરી શકે નહિ.

ઈશ્વર અથવા ઈશ્વરની શક્તિઓ વિશે પણ આમ જ હોય છે. ભલે એમને આપણે સ્થૂળ માનીએ કે સૂક્ષ્મ, નિરાકાર માનીએ કે સાકાર, એ તાત્ત્વિક અને વૈજ્ઞાનિક પ્રપંચોમાં મનને દોરવાનું કોઈ કારણ નથી. મન એ તરફ દોરાશે જ નહિ. જો મન પાસે આપણે એ અંગે કંઈ વિચાર કરાવવા માંગીએ તો આપણે ગમે તે પ્રકારની એક આકૃતિ બનાવીને તેની સામે મૂકવી જોઈએ, નહિ તો તે ઈશ્વર અથવા તેની શક્તિ વિશે કંઈ જ વિચાર કરી શકશે નહિ. જે લોકો ઈશ્વરને નિરાકાર માને છે તે લોકો પણ નિરાકારનો કોઈને કોઈ આકાર તો બનાવે જ છે. આકાશ જેવો નિરાકાર, પ્રકાશ જેવો તેજોમય, અગ્નિ જેવો વ્યાપક, પરમાણુઓ જેવો અદૃશ્ય. છેવટે એ નિરાકારનો પણ કોઈ આકાર આપણે સ્થાપિત કરવો પડશે જ. જ્યાં સુધી એવા આકારની સ્થાપના કરવામાં ન આવે ત્યાં સુધી મન, બુદ્ધિ અને ચિત્ત સાથે એનો કોઈપણ સંબંધ સ્થાપિત કરી શકાશે નહિ.

આ મહાસત્યને ધ્યાનમાં રાખીને નિરાકાર, અચિંત્ય, બુદ્ધિ દ્વારા અગમ્ય, વાણીથી પર એવા પરમાત્માનો મન સાથે સંબંધ બાંધવા માટે ભારતીય આચાર્યોએ ઈશ્વરની આકૃતિઓ સ્થાપિત કરી છે. ઈષ્ટ દેવોના ધ્યાનની સુંદર, દૈવી આકૃતિઓવાળી પ્રતિમાઓ ઘડી છે. તેની સાથે દિવ્ય આયુધો, દિવ્ય વાહનો, દિવ્ય ગુણ, દિવ્ય સ્વભાવ અને દિવ્ય શક્તિઓનો સંબંધ નક્કી કરી આપ્યો છે. આવી આકૃતિઓનું ભક્તિપૂર્વક ધ્યાન કરવાથી સાધક એમની સાથે એકીભૂત થાય છે. દૂધ અને પાણીની જેમ સાધ્ય અને સાધકનું મિલન થાય છે. ભમરી કીડાને પકડીને લઈ જાય અને તેની સામે સતત ગણગણાટ કરે છે. પેલો કીડો તેના ગણગણાટના ગુંજનને સાંભળે છે અને તેમાં એટલો બધો તલ્લીન બની જાય છે કે તેની આકૃતિ સુધ્ધાં બદલાઈ જાય છે અને તે ભમરી જ બની જાય છે. દિવ્ય કર્મો અને સ્વભાવવાળી દેવની આકૃતિનું ધ્યાન કરતા રહેવાથી સાધકમાં પણ એ દિવ્ય શક્તિઓ પ્રગટે છે. જેમ રેડિયો-યંત્રને માધ્યમ બનાવીને સૂક્ષ્મ આકાશમાં વિચરી રહેલા વિવિધ ધ્વનિઓ સાંભળી શકાય છે, તે જ રીતે દેવ-મૂર્તિની કલ્પના કરવી એ એક રીતનો આધ્યાત્મિક રેડિયો જ ગોઠવવાની રીત છે. એ દ્વારા સૂક્ષ્મ જગતમાં ફર્યા કરતી વિવિધ ઈશ્વરીય શક્તિઓને સાધક આકર્ષે છે. આ સિદ્ધાંતને અનુસરીને વિવિધ દેવોની, વિવિધ આકૃતિઓ સાધકોને ધ્યાન કરવા માટે બનાવવામાં આવી છે. આ દેવ-આકૃતિઓ વિષેનું એક સ્વતંત્ર વિજ્ઞાન છે. અમુક દેવની, અમુક પ્રકારની જ આકૃતિ શા માટે રાખવામાં આવી હશે ? એની પાછળ એક ક્રમબદ્ધ રહસ્ય છુપાયેલું છે. આ વાતની ચર્ચા તો એક સ્વતંત્ર પુસ્તકમાં કરીશું. અહીં તો એટલું જ જાણી લેવું પૂરતું ગણાશે કે અમુક હેતુઓ માટે અમુક પ્રકારની ઈશ્વરીય શક્તિઓને પોતાની તરફ આકર્ષિત કરવા માટે જે આકૃતિઓ યોગી લોકોને વાજબી લાગી તે જ આકૃતિઓ તે દેવો માટે નક્કી કરવામાં આવી.

જ્યાં અન્ય હેતુઓ માટે અન્ય દેવાકૃતિઓ છે. ત્યાં આ બ્રહ્માંડને ઈશ્વરમય અનુભવવા-જોવા માટે વિરાટરૂપ પરમેશ્વરની મૂર્તિનું નિર્માણ પણ થયું છે. મનુષ્યની આત્મોન્નતિ અને સુખ-શાંતિનો આધાર તો તેના આંતરિક અને બાહ્ય જીવનની પવિત્રતા અને પાપરહિતતા પર છે. બધા જ પ્રકારનાં કલેશો, દુઃખો, અભાવ અને વિક્ષોભોનું કારણ તો મનુષ્યનાં શારીરિક અને માનસિક પાપો જ છે. જો તે એ પાપોમાંથી મુક્ત થાય તો જગતમાં એવું કોઈ કારણ નથી જ કે જે મનુષ્યની ઈશ્વરદત્ત અનંત સુખ શાંતિમાં નડતરરૂપ બને. પાપોમાંથી મુક્તિ મેળવવા માટે ઈશ્વરીય ભયની-

ઈશ્વરના ડરની જરૂર છે. ઈશ્વર સર્વત્ર વસેલો છે એમ બધા જાણે છે તો ખરા પણ એ સત્યનો અનુભવ બહુ ઓછા લોકો કરે છે. જે માણસ એવો અનુભવ કરશે કે ઈશ્વર મારી ચારે બાજુએ હાજરા-હજૂર છે અને તે પાપની સજા કર્યા વિના રહેતો નથી, તે માણસ કદી પાપ કરી શકશે નહિ. પરંતુ ઈશ્વરની હાજરીનો અનુભવ કરવામાં આવે તો જ એમ બની શકે. જે ચોરની ચારે તરફ સશસ્ત્ર પોલીસ તેને ઘેરીને બેઠી હોય અને ચારે બાજુએથી તેના તરફ સતત દૃષ્ટિ રહેતી હોય એ સ્થિતિમાં તે ચોર કેવી રીતે ચોરી કરી શકશે.

પરમાત્માની આકૃતિ સચરાચર વિશ્વમાં જોવાની સાધના એવી સાધના છે કે જેના દ્વારા સર્વત્ર પરમાત્માનો અનુભવ કરવા ચેતના જાગૃત થઈ જાય છે. આનું નામ જ વિશ્વમાનવની પૂજા, આને જ વિરાટ દર્શન કહે છે. રામાયણમાં ભગવાન રામે પોતાના જન્મ સમયે કૌશલ્યાને વિરાટ સ્વરૂપ બતાવ્યું છે. એકવાર ભોજનના સમયે પણ રામે માતાને વિરાટ રૂપ બતાવેલું. ઉત્તરકાંડમાં કાકભુષણ્ડિની બાબતમાં વર્ણન છે કે તેઓ જ્યારે ભગવાનના મુખ દ્વારા તેમના શરીરમાં પ્રવેશ્યા ત્યારે અંદર તેમણે બધાં બ્રહ્માંડો જોયાં. ભગવાન શ્રીકૃષ્ણે પણ એ રીતે કેટલીય વાર પોતાના વિરાટ રૂપના દર્શન કરાવ્યાં છે. માટી ખાવાના ગુના બદલ મોં ખોલાવતી વખતે યશોદાને વિરાટ રૂપ બતાવ્યું હતું. મહાભારતના ઉદ્યોગ પર્વમાં દુર્યોધને પણ આવું જ વિરાટ રૂપ જોયેલું. અર્જુનને ભગવાને યુદ્ધ વખતે વિરાટ રૂપ બતાવેલું એનું વર્ણન ગીતાના ૧૧મા અધ્યાયમાં વિસ્તૃત રીતે કરવામાં આવ્યું છે.

આ વિરાટરૂપનાં દર્શન કોઈ માણસ માટે અશક્ય નથી. સમસ્ત વિશ્વને, બ્રહ્માંડને પરમાત્માની વિશાળકાય મૂર્તિ સમું જોવું - તેની અંદર તેનાં અંગ - પ્રત્યાંગો તરીકે બધા પદાર્થો જોવા, પ્રત્યેક સ્થળને ઈશ્વરથી ઓતપ્રોત થયેલું જોવાની ભાવના દૃઢ કરવાથી ભગવદ્બુદ્ધિ જાગૃત થાય છે અને સર્વત્ર ઈશ્વરની સત્તા વ્યાપી રહી છે એવો દૃઢ વિશ્વાસ થયાથી મનુષ્યનાં પાપો દૂર થઈ જાય છે. પછી તે પાપ- કર્મો કરી શકતો જ નથી. નિષ્પાપ થવામાં અસંખ્ય લાભો છે. એથી સર્વ દુઃખો આપોઆપ ટળી જાય છે. અંધકારનો અભાવ એટલે અજવાળું અને દુઃખનો અભાવ એટલે આનંદ, વિરાટ પ્રભુનાં દર્શન કરનાર મનુષ્ય, જે પાપરહિત બન્યો હોય છે તેને સદા અખૂટ આનંદ જ માણવાનો મળે છે.

ગાયત્રી પરમાત્માની શક્તિ છે. પરમાત્માની શક્તિ બધે જ, અણુએ અણુમાં, બ્રહ્માંડ ભરમાં વ્યાપેલી છે. જે કંઈ છે તે બધું જ ગાયત્રીમય જ છે. ગાયત્રીના શરીરમાં જ આ બધું જગત સમાયેલું છે - એવી ભાવનાનું નામ જ 'ગાયત્રીનું વિરાટરૂપ દર્શન' કહેવાય છે. અહીં આપવામાં આવેલા ''ગાયત્રી-પંજર'' સ્તોત્રમાં એ વિરાટ દર્શન કરાવવામાં આવ્યું છે. પંજર એટલે શરીર. ગાયત્રીનું શરીર સમગ્ર વિશ્વમાં છે એ વાત આ સ્તોત્રમાં બતાવવામાં આવી છે. આ સ્તોત્રનું ભાવના સહિત ધ્યાન કરવાથી અંતરમાં અને બહાર જગતમાં વિરાટ ગાયત્રીનાં દર્શન થાય છે. એ દર્શન કર્યા પછી કોઈ પાપ કરી શકશે નહિ. પોલીસથી ઘેરાયેલો મનુષ્ય જેમ ચોરી કરવા સમર્થ બનતો નથી તેમજ આ વિરાટ દર્શન પછી માણસ પાપ કરી શકતો નથી.

## ● અથ ગાયત્રી પંજરમ્ ●

**ભૂર્ભુવઃ સ્વઃ ખલ્વિત્યેતૈર્નિગમત્વ પ્રકાશિકામ્ ।**
**મહર્જનસ્તપઃ સત્યં લોકોપરિ સુસંસ્થિતામ્ ॥૧॥**

(ગાયત્રી) ભૂર્ભુવઃ સ્વઃ દ્વારા નિગમ અર્થાત્ વેદનો પ્રકાશ કરે છે. તે મહઃ, જનઃ, તપઃ, સત્યમ્ અને લોકોથી પણ ઉપર વસે છે.

**ગાનાદિના વિનોદાદિ કથલાપેષુ તત્પરામ્ ।**
**તદિત્યવાઙ્ મનોગમ્ય તેજો રૂપધરાં પરામ્ ॥૨॥**

ગાન વગેરે દ્વારા વિનોદ અને કથા વગેરેમાં તત્પર એવી તે વાણી અને મન દ્વારા અગમ્ય હોવા છતાં તેજોમય રૂપ ધારણ કરેલી છે.

**જગતઃ પ્રસવિત્રીં તાં સવિતુઃ સૃષ્ટિકારિણીમ્ ।**
**વરેણ્યમિત્યન્નમયીં પુરુષાર્થફલપ્રદામ્ ॥૩॥**

જગતને જન્માવનાર તે દેવીને સવિતા-સૂર્યની સૃષ્ટિ કરનાર કહી છે. 'વરેણ્યં'નો અર્થ 'અન્નમયી' એવો થાય છે અને તે પુરુષાર્થનું ફળ આપનારી છે.

**અવિદ્યા વર્ણ વર્ણ્યા ચ તેજોવદ્ગર્ભસંજ્ઞિતામ્ ।**
**દેવસ્ય સચ્ચિદાનન્દ પરબ્રહ્મ રસાત્મિકામ્ ॥૪॥**

તે અવિદ્યા છે, વર્ણયુક્ત છે, તેજયુક્ત છે, ગર્ભ સંજ્ઞાવાળી છે તથા સચ્ચિદાનંદ પરબ્રહ્મ દેવના રસમયી છે.

**યદ્વયં ધીમહી સા વૈ બ્રહ્માદ્વૈતસ્વરૂપિણીમ્ ।**
**ધિયો યોનસ્તુ સવિતા પ્રચોદયાદુપાસિતામ્ ॥૫॥**

આપણે ધ્યાન કરીએ છીએ તે બ્રહ્મસ્વરૂપિણી છે. સવિતા સ્વરૂપિણી તે આપણી બુદ્ધિને ઉપાસના માટે પ્રેરણા કરે છે.

**તાદૃગસ્યા વિરાટ્રૂપાં કિરીટવરરાજિતામ્ ।**
**વ્યોમકેશાલકાકાશા રહસ્યં પ્રવદામ્યહમ્ ॥૬॥**

આ પ્રમાણે તે વિરાટ રૂપવાળી છે. તે સુંદર મુગટ ધારણ કરે છે. ન્યાય તેના કેશ છે, આકાશ તેની લટો છે. આ રીતે તેનું રહસ્ય અહીં પ્રગટ કરું છું.

**મેઘ ભ્રકુટિકાક્રાન્તાં વિધિવિષ્ણુશિવાર્ચિતામ્ ।**
**ગુરુ ભાર્ગવકર્ણાં તાં સોમસૂર્યાગ્નિલોચનામ્ ॥૭॥**

તેનાં ભવાં વડે વાદળો આક્રાંત થયેલાં છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવે તેની અર્ચના કરી છે. ગુરુને શુક્ર તેના છે. ચંદ્ર, સૂર્ય અને અગ્નિ તેનાં નેત્ર છે.

**પિંગલેડાદ્વયં નૂનં વાયુનાસાપુટાન્વિતામ્ ।**
**સંધ્યૌભયોષ્ઠપુટિતાં લસદ્વાગુપજિહ્વકામ્ ॥૮॥**

ઈડા અને પિંગલા તેનાં નસકોરાં છે. બે સંધ્યાઓ તેના બે હોઠ છે. વાણી તેની ઉપ-જિહ્વા છે.

**સંધ્યાદ્યુમણિકણ્ઠા ચ લસદ્બાહુસમન્વિતામ્ ।**
**પર્જન્ય હૃદયાસક્તં વસુસુસ્તનમણ્ડલામ્ ॥૯॥**

સંધ્યારૂપી દ્યૂમણિથી તેનાં કંઠ અને બાહુ શોભા પામે છે. વરસાદ તેનું હૃદય છે. વસુ (ધન) તેનું સ્તનમંડળ છે.

**વિતતાકાશમુદરં સુનાભ્યન્તરદેશકામ્ ।**
**પ્રજાપત્યાખ્યજઘનાં કટીન્દ્રાણીતિસંજ્ઞિકામ્ ॥૧૦॥**

આકાશ તેનું ઉદર છે, પૃથ્વી અને આકાશની વચ્ચેનો પ્રદેશ તેના નાભિ છે. પ્રજાપતિ તેની સાથળો છે. ઈન્દ્રાણિ તેની કેડ છે.

ઉરુ મલય મેરુભ્યાં સન્તિ યત્રાસુરદ્વિષઃ ।
જાનુની જહ્નુ કુશિકૌ વૈશ્વદેવસદાભુજામ્ ॥૧૧॥

મલય પર્વત અને મેરૂ પર્વત તેની જાંઘો છે. ત્યાં અસુરોના શત્રુઓ દેવો રહે છે. જહનું અને કૌશિક ઋષિઓ તેના ઘૂંટણ છે. વિશ્વદેવ તેની ભુજાઓ છે.

અયનદ્વયં જંઘાદ્યં ખુરાદિ પિતૃસંજ્ઞિકામ્ ।
પદાંઘ્રિ નખ રોમાદિ ભૂતલદ્રુમલાંછિતામ્ ॥૧૨॥

બે અયનો તે તેની જંઘાઓના આદિ સ્થાન છે. પિતૃઓ તેની ખરીઓ છે. પૃથ્વી પરનાં વૃક્ષો વગેરે તેના પગ, નખ, રોમ વગેરે છે.

ગ્રહરાશિર્દેવર્ષયો મૂર્તિં ચ પરસંજ્ઞિકામ્ ।
તિથિમાસસ્તુવર્ષાખ્યં સુકેતુનિમિષાત્મિકામ્ ॥
માયા કલ્પિત વૈચિત્ર્યાં સંધ્યાચ્છાદન સંવૃતામ્ ॥૧૩॥

ગ્રહ, રાશિ, દેવર્ષિઓ વગેરે તેની પરબ્રહ્મ મૂર્તિ છે. તિથિ, માસ, ઋતુ, વર્ષ તથા સુકેતુ તેનાં નિમેષ છે. તે માયા દ્વારા રચવામાં આવેલી વિચિત્રતાવાળી તથા સંધ્યાના આવરણવાળી છે.

જ્વલત્કાલાનલપ્રભાં તંડિત્કોટિસમપ્રભામ્ ।
કોટિસૂર્ય પ્રતીકાશાં ચન્દ્રકોટિ સુશીતલામ્ ॥૧૪॥

તે સળગતા કાલાગ્નિના જેવી પ્રભાવવાળી છે. કરોડો વીજળીઓના જેવી તેની પ્રભા છે. તે કરોડો સૂર્યોના જેટલા પ્રકાશવાળી છે અને કરોડો ચંદ્રો જેટલી તેની શીતળતા છે.

સુધામણ્ડલમધ્યસ્થાં સાન્દ્રાનન્દાઙમૃતાત્મિકામ્ ।
પ્રાગતીતાં મનોરમ્યાં વરદાં વેદમાતરમ્ ॥૧૫॥

અમૃતમંડળ (ચંદ્રમંડળ)ની વચ્ચે તે રહેલી છે. તે આનંદાત્મિકા છે, અમૃતમયી છે. તે આદિસ્વરૂપ છે, મનોહર છે, વરદાન આપવાવાળી છે અને વેદમાતા છે.

ષડંગા વર્ણિતા સા ચ તૈરેવ વ્યાપકત્રયમ્ ।
પૂર્વોક્તદેવતાં ધ્યાયેત્સાકારગુણસંયુતામ્ ॥૧૬॥

દેવીનાં અંગો છ છે. વળી એ ત્રણ ભુવનોમાં વ્યાપેલી છે. સાકારતાના ગુણથી યુક્ત એવી તે દેવીનું ધ્યાન કરવું જોઈએ.

પંચવક્ત્રાં દશભુજાં ત્રિપંચનયનૈર્યુતામ્ ।
મુક્તાવિદ્રુમસૌવર્ણાં સ્વચ્છશુભ્રસમાનનામ્ ॥૧૭॥

એનાં મુખ પાંચ છે, હાથ દશ છે, પંદર નેત્રો છે અને મોતી તેમજ પરવાળા જેવો તેનો વર્ણ છે તથા તે સ્વચ્છ અને શુભ્ર મુખવાળી છે.

આદિત્ય માર્ગગમનાં સ્મરેદ્ બ્રહ્મસ્વરૂપિણીમ્ ।
વિચિત્ર મંત્ર જનનીં સ્મરેદ્વિધાં સરસ્વતીમ્ ॥૧૮॥

તે સૂર્યના માર્ગ પર ચાલે છે. તે બ્રહ્મસ્વરૂપિણીનું સ્મરણ કરવું જોઈએ. વિચિત્ર મંત્રોની જનની તે વિદ્યા સરસ્વતીનું સ્મરણ કરવું જોઈએ.

॥ ઈતિ ગાયત્રી પંજરમ્ ॥

બીજાં અનેક સ્થળે આ પ્રકારનાં પ્રમાણ વાક્યો મળે છે. એ બધાં વાક્યોમાં પિંડમાં જ બ્રહ્માંડ સમાયેલું છે. એ વિચાર રજૂ કરવામાં આવ્યો છે. જુઓ-

દેહેઽસ્મિન્ વર્તતે મેરુઃ સપ્તદ્વીપસમન્વિતઃ ।
સરિતઃ સાગરાઃ શૈલાઃ ક્ષેત્રાણિ ક્ષેત્રપાલિકાઃ ॥
ઋષયો મુનયઃ સર્વે નક્ષત્રાણિ તથા ગ્રહાઃ ।
પુણ્યતીર્થાનિ પીઠાનિ વર્તન્તે પીઠ દેવતાઃ ।
સૃષ્ટિસંહારકર્ત્તારૌ ભ્રમન્તૌ શશિભાસ્કરૌ ।
નભો વાયુશ્ચ વહ્નિશ્ચ જલં પૃથ્વી તથૈવ ચ ॥
ત્રૈલોક્યે યાનિ ભૂતાનિ તાનિ સર્વાણિ દેહતઃ ।
મેરું સર્વેષ્ટ્ય સર્વત્ર વ્યવહારઃ પ્રવર્ત્તતે ॥
જાનાતિ યઃ સર્વમિદં સ યોગી નાત્ર સંશયઃ ।
બ્રહ્માણ્ડસંજ્ઞકે દેહે યથાદેશં વ્યવસ્થિતઃ ॥

- *શિવ સંહિતા*

મનુષ્ય શરીર આ વિશાળ બ્રહ્માંડની જ મૂર્તિ છે. જે શક્તિઓ આ વિશ્વનું સંચાલન કરે છે તે બધી જ શક્તિઓ આ માનવ દેહમાં હાજર છે.

આ શરીરમાં સાત સાત દ્વીપો સહિત મેરૂ પર્વત છે. નદીઓ, સમુદ્રો, પર્વતો, ખેતર, ખેડૂત, ઋષિઓ, મુનિઓ, નક્ષત્રો, ગ્રહો, પુણ્યતીર્થો, પીઠો અને પીઠદેવતાઓ બધું જ વિદ્યમાન છે. આકાશ, વાયુ, જળ, અગ્નિ, પૃથ્વી તથા ત્રણે લોકમાં વસતાં બધાં જ પ્રાણીઓ આ શરીરમાં રહેલાં છે. મેરૂની આસપાસ સઘળો વ્યવહાર ચાલે છે. આ બધું જે જાણે છે તે યોગી છે. આ બ્રહ્માંડરૂપ દેહમાં અહીં જણાવ્યા પ્રમાણે બધું વ્યવસ્થિત છે.

સ એવ પુરુષસ્તસ્માદણ્ડં નૈર્ભેદ્ય નિર્ગતઃ ।
સહસ્રોર્વઙ્ઘ્રિવાહવક્ષઃ સહસ્રાનનશીર્ષવાન્ ॥
યસ્યેહાવયવૈર્લોકાન્ કલ્પયન્તિ મનીષિણઃ ।
કટ્યાદિભિરધઃ સપ્ત સપ્તોર્ધ્વં જઘનાદિભિઃ ॥
ભૂર્લોકઃ કલ્પિતઃ પદ્ભ્યાં ભુવર્લોકઽસ્યનાભિતઃ ।
હૃદા સ્વર્લોક ઉરસા મહર્લોકો મહાત્મનઃ ॥
ગ્રીવાયાં જનલોકોઽસ્ય તપોલોકઃ સ્તનદ્વયા ત ।
મૂર્દ્ધાભિઃ સત્યલોકશ્ચ બ્રહ્મ લોકઃ સનાતનઃ ॥
તત્કટ્યા ચાતલં ક્લપ્તસૂરુભ્યાં વિતલં વિભોઃ ।
જાનુભ્યાં સુતલં શુદ્ધે જંઘાભ્યાં ચ તલાતલમ્ ॥
મહાતલં તુ ગુલ્ફાભ્યાં પ્રપદાભ્યાં રસાતલમ્ ।
પાતાલં પાદતલજમિતિ લોકમયઃ પુમાન્ ॥

આથી તે જ પુરુષ પ્રાણને ભેદીને નીકળી ગયો. એને હજાર છાતીઓ, હજાર આંગળીઓ, હજાર બાહુ, હજાર નેત્ર અને હજાર મુખ તેમજ હજાર માથાં છે. તેથી વિદ્વાન લોકો એના શરીરના અવયવો ને આધારે અનેક પ્રકારના લોકોની કલ્પના કરે છે. તેથી કટિની નીચે સાત અને તેની કટિની ઉપરના ભાગમાં સાત લોક છે.તેનાં ચરણોમાં 'ભૂ' લોકની કલ્પના કરી છે, તેમજ તેની નાભિમાં 'ભુવઃ' લોક, હૃદયમાં 'સ્વઃ' લોક, વક્ષસ્થળમાં 'મહ' લોક, ગરદનમાં 'જન' લોક, બંને સ્તનોમાં 'તપ' અને મૂર્ધામાં 'સત્ય' લોકની કલ્પંના કરવામાં આવી છે. આ બ્રહ્મલોક સનાતન છે.

તેની કટિમાં 'અતલ' લોકની કલ્પના કરવામાં આવી છે. તેની જાંઘોમાં 'વિતલ', ઘૂંટણોમાં 'સુતલ' પીંડીઓમાં 'તલ' અને 'અતલ' ઘૂંટીઓમાં 'મહાતલ' પંજાઓમાં 'રસાતળ' અને પગનાં તળિયામાં 'પાતાળ' છે. આ રીતે એ પરમ પુરુષની કલ્પના કરતાં તેને સકળ લોકમય કલ્પ્યો છે.

આ શ્લોકોનો પાઠ કરવાથી જ બધું મળી જાય નહિ. આ શ્લોકો પર વિચારપૂર્વક તેમજ ભક્તિભાવના સહિત ચિત્તને એકાગ્ર કરવું જોઈએ. વિરાટ જગતમાં પોતાના ઈષ્ટદેવને વ્યાપી રહેલો જોવાનો અનુભવ જ્યારે પ્રત્યક્ષ થાય છે ત્યારે દરેક ક્ષણે ઈશ્વરનાં દર્શન કરનારા લોકોને આ જીવનમાં જ સ્વર્ગપ્રાપ્તિનું સુખ મળે છે.

## ૧૨. ગાયત્રી - સંહિતા

**આદિ શક્તિરિતિ વિષ્ણોસ્તામહં પ્રણમામિ હિ ।**
**સર્ગઃ સ્થિતિવિનાશશ્ચ જાયન્તે જગતોઽનયા ॥૧॥**

આ ગાયત્રી જ પરમાત્માની આદિશક્તિ છે, હું તેને પ્રણામ કરું છું. આ શક્તિ દ્વારા જ જગતમાં ઉત્પત્તિ, પાલન અને વિનાશ થાય છે.

**નાભિ પદ્મ ભુવા વિષ્ણોર્બ્રહ્મણા નિર્મિતં જગત ।**
**સ્થાવરં જંગમં શક્ત્યા ગાયત્ર્યા એવ વૈ ધ્રુવમ્ ॥૨॥**

વિષ્ણુના નાભિકમળમાંથી પ્રગટ થયેલા બ્રહ્માએ ગાયત્રીશક્તિ દ્વારા જ આ જડચેતન જગતને બનાવ્યું.

**ચન્દ્રશેખર કેશેભ્યો નિર્ગતા હિ સુરાપગા ।**
**ભાગીરથં તતારૈવ પરિવારસમં યથા ॥૩॥**
**જગદ્ધાત્રી સમુદ્રભૂત્ય યા હૃન્માનસરોવરે ।**
**ગાયત્રી સકુલં પારં યથા નયતિ સાધકમ્ ॥૪॥**
**સાસ્તિ ગંગૈવ જ્ઞાનાખ્યસુનીરેણ સમાકુલા ।**
**જ્ઞાન ગંગા તુ તાં ભક્ત્યા બારં-બારં નમામ્યહમ્ ॥૫॥**

જેમ ભગવાન શંકરના કેશમાંથી પ્રગટ થયેલી ગંગાએ ભગીરથ રાજાને તેના કુટુંબ પરિવાર સહિત પાર કરી દીધો, તે જ પ્રમાણે જગતનું પાલન કરનારી ગાયત્રી, હૃદયરૂપી માનસરોવરમાંથી પ્રગટ થઈને સાધકને તેના કુળ-પરિવાર સાથે ભવસાગરને પાર લઈ જાય છે. તે જ ગાયત્રી જ્ઞાનરૂપી જળથી ભરેલી છે. તે ગંગાને હું ભક્તિપૂર્વક વારંવાર નમસ્કાર કરું છું.

**ઋષયો વેદ શાસ્ત્રાણિ સર્વે ચૈવ મહર્ષયઃ ।**
**શ્રદ્ધયા હૃદિ ગાયત્રીં ધારયન્તિ સ્તુવન્તિ ચ ॥૬॥**

ઋષિઓ, વેદો, શાસ્ત્રો અને બધા જ મહર્ષિઓ ગાયત્રીને શ્રદ્ધાપૂર્વક હૃદયમાં ધારણ કરે છે અને તેની સ્તુતિ કરે છે.

**હ્રીં શ્રીં ક્લીં ચેતિ રૂપેભ્યસ્ત્રિભિર્વા લોકપાલિની ।**
**ભાસતે સતતં લોકે ગાયત્રી ત્રિગુણાત્મિકા ॥૭॥**

હ્રીં, શ્રીં અને ક્લીં - એ ત્રણ રૂપો દ્વારા જગતનું પાલન કરનારી ત્રિગુણાત્મિકા ગાયત્રી જગતમાં નિરંતર પ્રકાશે છે.

**ગાયત્ર્યેવ મતા માતા વેદાનાં શાસ્ત્રસમ્પદામ્ ।**
**ચત્વારોઽપિ સમુત્પન્ના વેદાસ્તસ્યાઃ અસંશયમ્ ॥૮॥**

શાસ્ત્રોની સંપત્તિરૂપી વેદોની માતા ગાયત્રી જ ગણાય છે. નિશ્ચયાત્મક રીતે ચારે વેદ

ગાયત્રીમાંથી જ ઉત્પન્ન થાય છે.

**પરમાત્મનસ્તુ યા લોકે બ્રહ્મ શક્તિર્વિરાજતે ।**
**સૂક્ષ્મા ચ સાત્વિકી ચૈવ ગાયત્રીત્યમિધીયતે ॥૯॥**

જગતમાં પરમાત્માની જે સૂક્ષ્મ અને સાત્ત્વિક બ્રહ્મશક્તિ રહેલી છે તેને જ ગાયત્રી કહે છે.

**પ્રભાવાદેવ ગાયત્ર્યા ભૂતાનામભિજાયતે ।**
**અન્તઃકરણેષુ દેવાનાં તત્વાનાં હિ સમુદ્‌ભવઃ ॥૧૦॥**

પ્રાણીઓનાં અંતઃકરણમાં દૈવી તત્ત્વોની ઉત્પત્તિ ગાયત્રીના પ્રભાવથી જ થાય છે.

**ગાયત્ર્યુપાસકરણાદાત્મશક્તિર્વિવર્ધતે ।**
**પ્રાપ્યતે ક્રમશોઽજસ્ય સામીપ્યં પરમાત્મનઃ ॥૧૧॥**

ગાયત્રીની ઉપાસના કરવાથી આત્મબળ વધે છે. ધીમે ધીમે જન્મનાં બંધનો વિનાની પરમાત્માની સમીપતા પ્રાપ્ત થાય છે.

**શૌચં શાન્તિર્વિવેકશ્ચૈતલ્લાભ ત્રયમાત્મકમ્ ।**
**પશ્ચાદવાપ્યતે નૂનં સુસ્થિરં તદુપાસકમ્ ॥૧૨॥**

મનને વશમાં રાખવાવાળી એ ગાયત્રીના ઉપાસકને પછીથી પવિત્રતા, શાંતિ અને વિવેક એ ત્રણે આધ્યાત્મિક લાભ નિશ્ચિતરૂપે પ્રાપ્ત થાય છે.

**કાર્યેષુ સાહસઃ સ્થૈર્યં કર્મનિષ્ઠા તથૈવ ચ ।**
**એતે લાભશ્ચ વૈ તસ્માજ્જાયન્તે માનસાસ્ત્રયઃ ॥૧૩॥**

કર્મોમાં સાહસ, સ્થિરતા અને એવી જ રીતે કર્તવ્યનિષ્ઠા એ ત્રણ મન સંબંધી લાભ એને મળે છે.

**પુષ્કલં ધન-સંસિદ્ધિઃ સહયોગશ્ચ સર્વતઃ ।**
**સ્વાસ્થ્યં વા ત્રય એતે સ્યુસ્તસ્માલ્લાભશ્ચલૌકિકાઃ ॥૧૪॥**

સંતોષજનક ધનની વૃદ્ધિ, બધી જ તરફથી સહકાર અને તંદુરસ્તી એ ત્રણ સાંસારિક લાભો આનાથી (ગાયત્રીથી) થાય છે.

**કાઠિન્યં વિવિધં ઘોરં હ્યાપદાં સંહતિસ્તથા ।**
**શીઘ્રં વિનાશતાં યાન્તિ વિવિધા વિઘ્નરાશયઃ ॥૧૫॥**

અનેક પ્રકારની ભયંકર કઠણાઈઓ અને વિપદાઓનો સમૂહ તેમજ અનેક પ્રકારનાં વિઘ્નોના સમૂહો આનાથી જલદી જ નષ્ટ થઈ જાય છે.

**વિનાશાદુક્ત શત્રૂણામન્તઃ શક્તિર્વિવર્ધતે ।**
**સંકટાનામનાયાસં પારં યાતિ તયા નરઃ ॥૧૬॥**

ઉપર જણાવ્યા મુજબના શત્રુઓના નાશથી આંતરિક શક્તિ વધે છે અને આંતરિક શક્તિ વધવાથી મનુષ્ય સ્વાભાવિક રીતે જ સંકટોને પાર કરી શકે છે.

**ગાયત્ર્યુપાસકસ્વાન્તે સત્કામા ઉદ્‌ભવન્તિ હિ ।**
**તત્પૂર્તઽભિજાયન્તે સહજં સાધનાન્યપિ ૧૭॥**

ચોક્કસ રીતે ગાયત્રી ઉપાસકના હૃદયમાં સદિચ્છાઓ પેદા થાય છે. તે માટેનાં સાધનો સહજમાં જ મળી રહે છે.

**ત્રુટયઃ સર્વથા દોષા વિઘ્ના યાન્તિ યદાન્તતામ્ ।**
**માનવો નિર્ભયં યાતિ પૂર્ણોન્નતિ પથં તથા ॥૧૮॥**

જ્યારે બધા જ પ્રકારના દોષો, ભૂલો અને વિઘ્નોનો વિનાશ થઈ જાય છે ત્યારે મનુષ્ય નિર્ભય બનીને પૂર્ણ ઉન્નતિના માર્ગે ચાલે છે.

**બાહ્યંચાભ્યન્તરં ત્વસ્ય નિત્યં સન્માર્ગગામિનઃ ।**
**ઉન્નતેરુભયં દ્વારં યાત્યુન્મુક્તકપાટતામ્ ॥૧૯॥**

હંમેશાં સન્માર્ગ પર ચાલનાર એ વ્યક્તિનાં બાહ્ય અને આંતરિક એવાં બંને પ્રકારનાં ઉન્નતિનાં દ્વાર ખૂલી જાય છે.

**અતઃ સ્વથેન ચિત્તેન શ્રદ્ધયા નિષ્ઠયા તથા ।**
**કર્ત્તવ્યાવિરતં કાલે ગાયત્ર્યાઃ સમુપાસના ॥૨૦॥**

આથી હંમેશાં નિયત સમયે એક પણ દિવસ પાડ્યા વિના નિષ્ઠાપૂર્વક શ્રદ્ધા અને સ્વસ્થતાથી ગાયત્રીની ઉપાસના કરવી જોઈએ.

**દયાલુઃ શક્તિ સમ્પન્ના માતા બુદ્ધિમતી યથા ।**
**કલ્યાણં કુરુતે હ્યેવ પ્રેમ્ણા બાલસ્ય ચાત્મનઃ ॥૨૧॥**
**તથૈવ માતા લોકાનાં ગાયત્રી ભક્તવત્સલા ।**
**વિદધાતિ હિતં નિત્યં ભક્તાનાં ધ્રુવમાત્મનઃ ॥૨૨॥**

જેમ દયાળુ, શક્તિશાળી અને બુદ્ધિશાળી માતા પ્રેમપૂર્વક પોતાના બાળકનું ભલું જ કરતી હોય છે, તેવી જ રીતે ભક્તો પર પ્રેમ રાખનારી ગાયત્રી જગતની માતા છે. તે હંમેશાં પોતાના ભક્તોનું કલ્યાણ જ કરે છે.

**કુર્વન્નાતિ ત્રુટીર્લોકે બાલકો માતરં પ્રતિ ।**
**યથા ભવિત કશ્ચિન્ન તસ્યા અપ્રીતિભાજનઃ ॥૨૩॥**
**કુર્વન્નપિ ત્રુટીર્ભક્તઃ ક્વચિત ગાયત્ર્યુપાસને ।**
**ન તથા ફલમાપ્નોતિ વિપરીતં કદાચન ॥૨૪॥**

જેમ દુનિયામાં માતા પ્રત્યે અનેક ભૂલો કરનાર બાળક તેની માતાનો દુશ્મન બની જતો નથી, તે જે રીતે ગાયત્રીની ઉપાસના કરવામાં ભૂલ થઈ જાય તો પણ કોઈને તેનું વિપરીત ફળ મળતું નથી.

**અક્ષરાણાં તુ ગાયત્ર્યા ગુમ્ફનં હ્યસ્તિ તદ્વિધમ્ ।**
**ભવન્તિ જાગૃતા યેન સર્વા ગુહ્યાસ્તુ ગ્રન્થયઃ ॥૨૫॥**

ગાયત્રીના અક્ષરોની ગૂંથણી એવી અદ્ભુત રીતે થઈ છે કે એનો જપ કરવાથી આપણી બધી ગુપ્ત ગ્રંથિઓ જાગૃત થાય છે.

**જાગૃતા ગ્રન્થયસ્ત્વેતાઃ સૂક્ષ્માઃ સાધકમાનસે ।**
**દિવ્યશક્તિસમુદ્ભૂતિં ક્ષિપ્રં કુર્વન્ત્યસંશયમ્ ॥૨૬॥**

જાગૃત થયેલી એ સૂક્ષ્મ યૌગિક ગ્રંથિઓ સાધકના મનમાં ચોક્કસ રીતે જલદી દિવ્ય શક્તિઓ પ્રગટાવે છે.

**જનયન્તિ કૃતે પુંસામેતાં વૈ દિવ્યશક્તયઃ ।**
**વિવિધાન્ વૈ પરિણામાન્ ભવ્યાન્ મંગલપૂરિતાન્ ॥૨૭॥**

આ દૈવી શક્તિઓ મનુષ્યોને માટે અનેક પ્રકારનાં મંગલમય શુભ પરિણામો પેદા કરે છે.

**મંત્રસ્યોચ્ચારણં કાર્યં શુદ્ધમેવાપ્રમાદતઃ ।**
**તદશક્તો જપેન્નિત્યં સપ્રણવાસ્તુ વ્યાહૃતીઃ ॥૨૮॥**

આળસને છોડી દઈને ગાયત્રી મંત્રનો ઉચ્ચાર શુદ્ધ રીતે જ કરવો. જે એમ ન કરી શકે તે

ૐકાર સાથે વ્યાહૃતિઓનો જપ કરે.

**ઓમિતિ પ્રણવઃ પૂર્વં ભૂર્ભુવઃ સ્વસ્તદુત્તરમ્ ।**
**એષોક્તા લઘુ ગાયત્રી વિદ્વદ્દિભર્વેદપણ્ડિતૈઃ ॥૨૯॥**

પહેલાં ૐકારનો ઉચ્ચાર કરવો. ત્યાર પછી 'ભૂર્ભુવઃ સ્વઃ'નો ઉચ્ચાર કરવો. પંચાક્ષરી મંત્રને (ૐ ભૂર્ભુવઃ સ્વઃ) વેદના જાણનાર પંડિતોએ લઘુ ગાયત્રી મંત્ર કહ્યો છે.

**શુદ્ધં પરિધાનમાધાય શુદ્ધે વૈ વાયુમણ્ડલે ।**
**શુદ્ધાં દેહમનોભ્યાં વૈ કાર્યા ગાયત્ર્યુપાસના ॥૩૦॥**

શુદ્ધ વસ્ત્રો પહેરીને, શુદ્ધ વાતાવરણમાં શરીર તથા મનને પવિત્ર બનાવીને ગાયત્રીની ઉપાસના કરવી જોઈએ.

**દીક્ષામાદાય ગાયત્ર્યા બ્રહ્મનિષ્ઠાગ્રજન્મનઃ ।**
**આરભ્યતાં તતઃ સમ્યગ્વિધિનોપાસના સતા ॥૩૧॥**

કોઈ બ્રહ્મનિષ્ઠ-બ્રાહ્મણ પાસે ગાયત્રીની દીક્ષા લઈને વિધિપૂર્વક તેની ઉપાસનાનો આરંભ કરવો જોઈએ.

**ગાયત્ર્યુપાસનામુક્ત્વા નિત્યાવશ્યકકર્મસુ ।**
**ઉક્તસ્તત્ર દ્વિજાતીનાટનીં નાનાધ્યાયો વિચક્ષણૈઃ ॥૩૨॥**

વિદ્વાનોએ ગાયત્રીની ઉપાસનાને બ્રાહ્મણો માટે અનિવાર્ય, એક પણ દિવસ ન છોડવા જેવી અને નિત્યકર્મ તરીકે ગણી છે.

**આરાધયન્તિ ગાયત્રીં ન નિત્યં યે દ્વિજન્મનઃ ।**
**જાયતે હિ સ્વકર્મભ્યસ્તે ચ્યુતા નાત્ર સંશયઃ ॥૩૩॥**

જે બ્રાહ્મણો રોજ ગાયત્રીની ઉપાસના કરતા નથી તેઓ પોતાના કર્તવ્યમાંથી ચ્યુત થાય છે. એમાં કશી શંકા નથી.

**શૂદ્રાસ્તુ જન્મના સર્વે પશ્ચાદ્યાન્તિ દ્વિજન્મતામ્ ।**
**ગાયત્ર્યૈવ જનાઃ સર્વે હ્યુપવીતસ્ય ધારણા ત ॥૩૪॥**

જન્મથી તો બધા જ શૂદ્રો છે. પછીથી મનુષ્ય ગાયત્રી સહિત યજ્ઞોપવિત ધારણ કરીને જ દ્વિજપણાને પ્રાપ્ત થાય છે.

**ઉચ્ચતા પતિતાનાં ચ પાપિનાં પાપનાશનમ્ ।**
**જાયતે કૃપયૈવાસ્યાઃ વેદમાતુરનન્તયા ॥૩૫॥**

પતિત લોકોની ઉચ્ચતા (ઉન્નતિ) અને પાપીઓનાં પાપોનો નાશ એ બંને કાર્યો વેદમાતા ગાયત્રીની અનંત કૃપા વડે જ થાય છે.

**ગાયત્ર્યા યા સુતા સંધ્યા બ્રહ્મસંધ્યા તુ સા મતા ।**
**કીર્તિતં સર્વતઃ શ્રેષ્ઠં તસ્યાનુષ્ઠાનમાગમૈઃ ॥૩૬॥**

જે સંધ્યા ગાયત્રી સહિત કરવામાં આવે છે તેને બ્રહ્મસંધ્યા કહે છે. શાસ્ત્રોએ સંધ્યાને બધાથી શ્રેષ્ઠ ગણી છે.

**આચમનં શિખાબંધઃ પ્રાણાયામોઽઘમર્ષણમ્ ।**
**ન્યાસશ્ચોપાસનાયાં તુ પંચ કોષા મતા બુધૈઃ ॥૩૭॥**

આચમન, શિખાબંધન, પ્રાણાયામ, અઘમર્ષણ અને ન્યાસ આ પાંચ કોષોને વિદ્વાન ગાયત્રી સંધ્યાની ઉપાસનામાં સ્વીકાર્યા છે. (જરૂરી ગણ્યા છે.)

ધ્યાનતસ્તુ તતઃ પશ્ચાત્ સાવધાનેન ચેતસા ।
જપ્યા સતતં તુલસી માલયા ચ મુહુર્મુહુઃ ॥૩૮॥

સાવધાન થઈને કાળજીપૂર્વક ગાયત્રીનો જપ સાત્ત્વિક હેતુ માટે તુલસીની માળા દ્વારા કરવો જોઈએ.

એક વારં પ્રતિદિનં ન્યૂનતો ન્યૂનસઙખ્યકમ્ ।
ધીમાન્મન્ત્ર શતં નૂનં નિત્યમષ્ટોત્તરં જપેત ॥૩૯॥

બુદ્ધિમાન મનુષ્યે હંમેશાં ઓછામાં ઓછી એક માળા, ૧૦૮ વાર મંત્રનો જપ અવશ્ય કરવો.

બ્રાહ્મ મુહૂર્તે પ્રાઙમુખો મેરુ દણ્ડં પ્રતન્ય હિ ।
પદ્માસનં સમાસીનઃ સંધ્યાવન્દનમાચરેત્ ॥૪૦॥

બ્રાહ્મમુહૂર્તમાં પૂર્વદિશા તરફ મુખ રાખીને મેરૂદંડ (કરોડ) સીધો રાખીને પદ્માસનવાળી સંધ્યાવંદન કરવું.

દૈન્યરૂક્ શોક ચિંતાનાં વિરોધાક્રમણાપદામ્ ।
કાર્યં ગાયત્ર્યનુષ્ઠાનં ભયાનાં વારણાય ચ ॥૪૧॥

ગરીબાઈ, રોગ, શોક, વિરોધ, આક્રમણ, આફત અને ભય વગેરેના નિવારણ માટે ગાયત્રીનું અનુષ્ઠાન કરવું.

જાયતે સ સ્થિતિરસ્માન્મનોઽભિલાષયાન્વિતાઃ ।
યતઃ સર્વેઽભિજાયન્તે યથા કાલં હિ પૂર્ણતામ્ ॥૪૨॥

આ અનુષ્ઠાન કરવાથી એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે જેનાથી મનુષ્યની બધી જ મનોકામનાઓ સમય આવ્યે પૂર્ણ થાય છે.

અનુષ્ઠાનાત્તુ વૈ તસ્માદ્ ગુપ્તાધ્યાત્મિક શક્તયઃ ।
ચમત્કારમયા લોકે પ્રાપ્યન્તેઽનેકધા બુધૈઃ ॥૪૩॥

એ અનુષ્ઠાન કરવાથી સાધકોને જગતમાં અનેક પ્રકારની ગુપ્ત અને ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થાય છે.

સપાદલક્ષ મંત્રાણાં ગાયત્ર્યા જપનં તુ વૈ ।
ધ્યાનેન વિધિના ચૈવ હ્યનુષ્ઠાનં પ્રચક્ષતે ॥૪૪॥

વિધિપૂર્વક તેમજ કાળજીપૂર્વક કરવામાં આવેલા સવા લાખ મંત્રના જપને જ અનુષ્ઠાન કહે છે.

પંચમ્યાં પૂર્ણિમાયાં વા ચૈકાદશ્યાં તથૈવ હિ ।
અનુષ્ઠાનસ્ય કર્ત્તવ્ય આરંભઃ ફલ પ્રાપ્તયે ॥૪૫॥

પાંચમ, પૂનમ અને એકાદશીના દિવસે અનુષ્ઠાનનો આરંભ કરવો શુભ ગણાય છે.

માસદ્વયેઽવિરામં તુ ચત્વારિંશદ્ દિનેષુ વા ।
પૂરયેત્તદનુષ્ઠાનં તુલ્યસંખ્યાસુ વૈ જપન્ ॥૪૬॥

બે માસ અથવા ચાલીસ દિવસ સુધી એક પણ દિવસ પાડ્યા વિના રોજ એક સરખી સંખ્યામાં જપ કરવા અને એ રીતે અનુષ્ઠાન પૂરું કરવું.

તસ્યાઃ પ્રતિમાં સુ સંસ્થાપ્ય પ્રેમ્ણા શોભન આસને ।
ગાયત્ર્યાસ્તત્ર કર્ત્તવ્યા સત્પ્રતિષ્ઠા વિધાનતઃ ॥૪૭॥

પ્રેમપૂર્વક એક સુંદર ઊંચા આસન પર ગાયત્રી દેવીની મૂર્તિ બેસાડીને તેની યોગ્ય રીતે

સ્થાપના કરવી જોઈએ.

તદ્વિધાય તતો દીપ ધૂપ નૈવેદ્ય ચન્દનૈઃ ।
નમસ્કૃત્યાક્ષતેનાપિ તસ્યાઃ પૂજનમાચરેત ॥૪૮॥

આ રીતે સ્થાપના કરીને દેવીને નમસ્કાર કરી ધૂપ, દીપ, નૈવેદ્ય અને ચંદન તથા અક્ષત (ચોકા) વડે તેની પૂજા કરવી.

પૂજનાન્તરં વિજ્ઞઃ ભક્ત્યા તજ્જપમારભેત ।
જપકાલે તુ મનઃ કાર્યં શ્રદ્ધાન્વિતમચંચલમ્ ॥૪૯॥

પૂજા કરી રહ્યા પછી બુદ્ધિમાન મનુષ્યે ભક્તિપૂર્વક ગાયત્રીના જપ શરૂ કરવા. જપ કરતી વખતે મનને શ્રદ્ધાપૂર્વક સ્થિર રાખવું.

કાર્યતો યદિ ચોત્તિષ્ઠેન્મધ્ય એવ તતઃ પુનઃ ।
કર-પ્રક્ષાલનં કૃત્વા શુદ્ધૈરંગૈરુપાવિશેત્ ॥૫૦॥

કોઈ કારણવશ જપની વચ્ચે ઊઠવું પડે તો પછીથી ફરી વાર હાથ - મોં ધોઈને જપ કરવા બેસવું.

આદ્યશક્તિર્વેદમાતા ગાયત્રી તુ મદન્તરે ।
શક્તિકલ્લોલસંદોહાન્ જ્ઞાનજ્યોતિશ્ચ સંતતમ્ ॥૫૧॥
ઉત્તરોત્તરમાકીર્ય પ્રેરયન્તી વિરાજતે ।
ઈત્યેવાવિરતં ધ્યાયન્ ધ્યાનમગ્નસ્તુ તાં જપેત્ ॥૫૨॥

આદ્યશક્તિ વેદમાતા ગાયત્રી મારી અંદર સતત શક્તિનાં મોજાંઓનો સમૂહ અને જ્ઞાનના પ્રકાશને ફેલાવીને મને પ્રેરતી બેઠેલી જ છે. એ પ્રમાણેના ધ્યાનમાં મગ્ન રહીને તેના જપ કરવા જોઈએ.

ચતુર્વિંશતિલક્ષાણાં સતતં તદુપાસકઃ ।
ગાયત્રીણામનુષ્ઠાનાદ્ ગાયત્ર્યાઃ સિદ્ધિમાપ્નુતે ॥૫૩॥

ગાયત્રીનો ઉપાસક અખંડિત રીતે રોજ જપ કરીને ચોવીસ લાખ વાર મંત્રનો જપ કરી - અનુષ્ઠાન કરીને ગાયત્રી મંત્રની સિદ્ધિ મેળવે છે.

સાધનાયૈ તુ ગાયત્ર્યા નિશ્છલેન હિ ચેતસા ।
વરણીયઃ સદાચાર્યઃ સાધકેન સુભાજનઃ ॥૫૪॥

ગાયત્રીની સાધનાને માટે સાધકે શ્રદ્ધાભક્તિપૂર્વક યોગ્ય, શ્રેષ્ઠ આચાર્યને ગુરુ બનાવવા અને તેમના દ્વારા ગાયત્રીની દીક્ષા લઈને સાધનાનો આરંભ કરવો.

લઘ્વાનુષ્ઠાનતો વાપિ મહાનુષ્ઠાનતોઽથવા ।
સિદ્ધિં વિન્દતિ વૈ નૂનં સાધકઃ સાનુપાતકામ્ ॥૫૫॥

લઘુ - અનુષ્ઠાન અથવા મહા - અનુષ્ઠાન કરવાથી સાધકે સાધનામાં કરેલા શ્રમના પ્રમાણમાં તેને સિદ્ધિ મળે છે.

એક એવ તુ સંસિદ્ધિઃ ગાયત્રી મંત્ર આદિશ ત ।
સમસ્તલોક મંત્રાણાં કાર્યં સિદ્ધેસ્તુ પૂરકઃ ॥૫૬॥

સિદ્ધ થયેલો ગાયત્રી મંત્ર જ જગતના બધા જ મંત્રોની સિદ્ધિ દ્વારા થઈ શકતા કાર્યોને સિદ્ધ કરી શકે છે.

अनुष्ठानावसाने तु अग्निहोत्रो विधीयताम् ।
यथाशक्ति ततो दानं ब्रह्मभोजस्ततः खलु ॥५७॥

અનુષ્ઠાન પૂરું કર્યા પછી હવન કરવો જોઈએ. ત્યાર પછી શક્તિ મુજબ દાન અને બ્રહ્મભોજન કરવું-કરાવવું જોઈએ.

महामन्त्रस्य चाप्यस्य स्थाने स्थाने पदे पदे ।
गूढानन्तोपदेशानां रहस्यं तत्र वर्त्तते ॥५८॥

આ મહામંત્રના અક્ષરે અક્ષરમાં ને શબ્દે શબ્દમાં ગૂઢ રહસ્ય ભરેલું છે. વળી આ મંત્રમાં અનેક ઉપદેશોનો સમૂહ ભરેલો છે.

यो दधाति नरश्चैतानुपदेशांस्तु मानसे ।
जायते ह्युभयं तस्य लोकमानन्दसंकुलम् ॥५९॥

જે મનુષ્ય એ ઉપદેશો મનમાં ધારણ કરે છે તેના બંને લોક આનંદમય બની જાય છે.

समग्रामपि सामग्रीमनुष्ठानस्य पूजिताम् ।
स्थाने पवित्र एवैतां कुत्रचिद्धि विसर्जयेत् ॥६०॥

અનુષ્ઠાનમાં ઉપયોગમાં લીધેલી બધી જ પૂજાસામગ્રી કોઈ પવિત્ર સ્થળમાં જ વિસર્જિત કરવી જોઈએ.

सत्पात्रो यदि वाचार्यो न चेत्स प्राप्यते तदा ।
नारिकेल तुम वृत्वाचार्यभावेन चासेन ॥६१॥

જો અનુષ્ઠાન કરનારને યોગ્ય શ્રેષ્ઠ આચાર્ય ન મળી આવે તો પવિત્ર નારિયેલની આચાર્ય ભાવે આસન પર સ્થાપના કરવી.

प्रायश्चित्तं मतं श्रेष्ठं त्रुटीनां पापकर्मणाम् ।
तपश्चर्यैव गायत्र्याः: नातोऽन्यद् दृश्यते क्वचित ॥६२॥

જુદા જુદા પ્રકારની ભૂલો અને પાપકર્મોના પ્રાયશ્ચિત્ત માટે ગાયત્રીની તપશ્ચર્યા સૌથી ઉત્તમ ગણાય છે.

सेव्यः स्वात्मसमृद्धयर्थं पदार्थाः सात्त्विकाः सदा ।
राजसाश्च प्रयोक्तव्याः मनोवांछित पूर्तये ॥६३॥

આત્માની ઉન્નતિ માટે સતોગુણી પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ અને મનની અભિલાષાઓ પૂરી કરવા માટે રજોગુણી પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ.

प्रादुर्भावस्तु भावानां तामसानां विजायते ।
तमोगुणानामर्थानां सेवनादिति निश्चयः ॥६४॥

તમોગુણી પદાર્થોનો ઉપયોગ કરવાથી તમોગુણી ભાવો પેદા થાય છે - એ નિશ્ચિત વાત છે.

मालासन समिध्यज्ञ सामग्रयर्चन संग्रहः ।
गुणत्रयानुसारं हि सर्वे वै ददते फलम् ॥६५॥

માળા, આસન, હવનની સામગ્રી અને પૂજા માટેના પદાર્થો જે ગુણોની અધિકતાવાળા હશે, તે પદાર્થો પોતાના ગુણો પ્રમાણે જે સારું ખોટું ફળ આપશે.

प्रादुर्भवन्ति वै सूक्ष्माश्चतुर्विंशति शक्तयः ।
अक्षरेभ्यस्तु गायत्र्या मानवानां हि मानसे ॥६६॥

ગાયત્રીના ચોવીસ અક્ષરો દ્વારા મનુષ્યના અંતઃકરણમાં ચોવીસ પ્રકારની ગુપ્ત શક્તિઓ પ્રગટ થાય છે.

**મુહૂર્તા યોગ-દોષા વા યેઽપ્યમંગલકારિણઃ ।**
**ભસ્મતાં યાન્તિ તે સર્વે ગાયત્ર્યાસ્તીવ્રતેજસા ॥૬૭॥**

અમંગલ કરનારાં જ મુહૂર્તો અને દોષો તે બધાંને ગાયત્રીનું પ્રચંડ તેજ બાળીને ભસ્મ કરી નાખે છે.

**એતસ્માત્તુ જપાન્નૂનં ધ્યાનમગ્નસ્ય ચેતસા ।**
**જાયતે ક્રમશશ્ચૈવ ષટ્ ચક્રાણાં તુ જાગ્રતિઃ ॥૬૮॥**

ધ્યાનમાં મગ્ન બનેલા ચિત્ત દ્વારા જપ કરવામાં આવે તો નિઃસંશય મનુષ્યના શરીરમાં રહેલાં ષટ્ચક્રો જાગ્રત થાય છે.

**ષટ્ચક્રાણિ યદૈતાનિ જાગૃતાનિ ભવન્તિ હિ ।**
**ષટ્ સિદ્ધિયોઽભિજાયન્તે ચક્રૈરેતૈર્નરસ્ય વૈ ॥૬૯॥**

જ્યારે એ ષટ્ચક્રો જાગૃત થાય છે ત્યારે ચક્રો દ્વારા છ પ્રકારની સિદ્ધિઓ મળે છે.

**અગ્નિહોત્રં તુ ગાયત્રી મંત્રેણ વિધિવત્ કૃતમ્ ।**
**સર્વેષ્વવસરેષ્વેવ શુભમેવ મતં બુધૈઃ ॥૭૦॥**

ગાયત્રી મંત્ર દ્વારા વિધિપૂર્વક કરવામાં આવેલા અગ્નિહોત્રને વિદ્વાનોએ બધા જ પ્રસંગોમાં શુભ માન્યું છે.

**યદાવસ્થાસુ સ્યાલ્લોકે વિપન્નાસુ સદા તુ સઃ ।**
**મૌનં માનસિકં ચૈવ ગાયત્રી-જપમાચરેત ॥૭૧॥**

માણસ દુઃખી સ્થિતિમાં પડેલો હોય (સૂતક, રોગ, અપવિત્રતા વગેરે) ત્યાં સુધી તેણે ગાયત્રીના માનસિક જાપ કરવા.

**તદ્નુષ્ઠાન-કાલે તુ સ્વશક્તિં નિયમેજ્જનઃ ।**
**નિમ્નકર્મસુ તાઃ ધીમાન્ ન વ્યયેદ્ધિ કદાચન ॥૭૨॥**

માણસ સાધના-અનુષ્ઠાન દરમિયાન પ્રાપ્ત થયેલી શક્તિને સાચવી રાખે. બદ્ધિશાળી મનુષ્યો તેનો સામાન્ય કાર્યોમાં ઉપયોગ કરીને તેને વેડફતા નથી.

**નૈવાનાવશ્યકં કાર્યમાત્મોદ્ધાર-સ્થિતેન ચ ।**
**આત્મશક્તેસ્તુ પ્રાપ્તાયાઃ યત્ર-તત્ર પ્રદર્શનમ્ ॥૭૩॥**

આત્માનો ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખનાર મનુષ્યે પોતાને પ્રાપ્ત થયેલી શક્તિનું જ્યાં ત્યાં જરૂર વિના પ્રદર્શન કરવું ન જોઈએ.

**આહારે વ્યવહારે ચ મસ્તિષ્કેઽપિ તથૈવ હિ ।**
**સાત્વિકેન સદા ભાવ્યં સાધકેન મનીષિણા ॥૭૪॥**

બુદ્ધિમાન મનુષ્યે આહારમાં-વિહારમાં અને મસ્તિષ્કમાં (બુદ્ધિથી) સાત્ત્વિક બનવું જોઈએ.

**કર્ત્તવ્યધર્મતઃ કર્મ વિપરીતં તુ યદ્ ભવેત્ ।**
**તત્સાધકસ્તુ પ્રજ્ઞાવાનાચરેન્ન . કદાચન ॥૭૫॥**

જે કાર્ય કરવા જેવું ન હોય તેવું કામ બુદ્ધિશાળી સાધકો કદી કરતા નથી.

पृष्ठतोऽस्याः साधनाया राजतेऽतितरां सदा ।
मनस्विसाधकानां हि बहूनां साधनाबलम् ॥७६॥

આ ગાયત્રીની સાધનાની પાછળ આદિકાળથી માંડીને આજ સુધી અસંખ્ય મનસ્વી સાધકોની સાધનાનું બળ રહેલું છે.

अल्पीयस्या जगत्येव साधनायास्तु साधकः ।
भगवत्याश्च गायत्र्याः कृपां प्राप्नोत्यसंशयम् ॥७७॥

આ જગતમાં માત્ર થોડા પ્રમાણમાં કરવામાં આવેલી સાધનાથી સાધકને ગાયત્રી માતાની કૃપા પ્રાપ્ત થઈ જાય છે.

प्राणायामे जपन् लोकः गायत्रीं ध्रुवमाप्नुते ।
निग्रहं मनसश्चैव चेन्द्रियाणां हि सम्पदाम् ॥७८॥

પ્રાણાયામ સહિત ગાયત્રીનો જપ કરનાર મનુષ્યને મન પર કાબૂ અને ઇન્દ્રિયોની સમૃદ્ધિ નિશ્ચય રીતે પ્રાપ્ત થાય છે.

मन्त्रं विभज्य भागेषु चतुर्षु सुबुधस्तदा ।
रेचकं कुम्भकं बाह्यं पूरकं कुम्भकं चरेत् ॥७९॥

બુદ્ધિમાન મનુષ્ય આ ચાર ભાગ કરીને તે દરેક ભાગ દ્વારા રેચક, કુંભકપૂર્વક અને બાહ્ય કુંભક કરવો.

यथा पूवस्थितिं चैव न द्रव्यं कार्य-साधकम् ।
महासाधनतोऽप्यस्मान्नाज्ञो लाभं तथाप्नुते ॥८०॥

જેમ ધન પાસે હોય એટલાથી જ કંઈ કોઈનું કામ સિદ્ધ થઈ જતું નથી, એ જ રીતે આ ગાયત્રીરૂપી સાધના પાસે હોવા છતાં પણ તેની ઉપાસના ન કરે તે મૂર્ખને આનો લાભ મળતો નથી.

साधकः कुरुते यस्तु मंत्रशक्तेरपव्ययः ।
तं विनाशयति सैव समूलं नात्र संशयः ॥८१॥

જે સાધક મંત્રશક્તિનો દુરુપયોગ કરે છે તેને આ શક્તિ મૂળથી ઉખાડીને નષ્ટ કરી દે છે.

सततं साधनाभिर्यो याति साधकतां नरः ।
स्वप्नावस्थासु जायन्ते तस्य दिव्यानुभूतयः ॥८२॥

જે મનુષ્ય અખંડ રીતે સાધના કરીને સાધક બની જાય છે, તેને સ્વપ્નમાં દૈવી અનુભવો થાય છે.

सफलः साधको लोके प्राप्नुतेऽनुभवान् नवान् ।
विचित्रान् विविधाँश्चैव साधनासिद्धयनन्तरम् ॥८३॥

સફળ થયેલા સાધકને સાધનાની સિદ્ધિ થયા પછી નવીન અને વિચિત્ર પ્રકારના અનુભવો થાય છે.

भिन्नाभिर्विधिभिर्बुद्धया भिन्नासु कार्यपंक्तिषु ।
गायत्र्याः सिद्धमंत्रस्य प्रयोगः क्रियते बुधैः ॥८४॥

બુદ્ધિમાન પુરુષ સિદ્ધ થયેલા મંત્રનો ઉપયોગ જુદાં જુદાં કાર્યોમાં જુદી જુદી વિધિઓ દ્વારા કરે છે.

**चतुर्विंशतिवर्णैर्या गायत्री गुम्फिता श्रुतौ ।**
**रहस्यमुक्तं तत्रापि दिव्यैः रहस्यवादिभिः ॥८५॥**

વેદોમાં ગાયત્રીના ચોવીસ અક્ષરો એવી રીતે ગૂંથવામાં, વણી લેવામાં આવ્યા છે કે વિદ્વાન લોકો એ અક્ષરોમાં મોટાં મોટાં રહસ્યો છુપાયેલાં છે એમ કહે છે.

**रहस्यमुपवीतस्य गुह्याद् गुह्यतरं हि यत् ।**
**अन्तर्हितं तु सत्सर्वं गायत्र्यां विश्वमातरि ॥८६॥**

યજ્ઞોપવિત (જનોઈ)નું જે અત્યંત ગુપ્ત રહસ્ય છે તે સઘળું રહસ્ય વેદમાતા ગાયત્રીમાં સમાયેલું છે.

**अयमेव गुरोर्मन्त्रः यः सर्वोपरि राजते ।**
**विन्दौ सिंधुरिवास्मिन्तु ज्ञानविज्ञानमाश्रितम् ॥८७॥**

આ ગાયત્રી જ ગુરુમંત્ર છે. એ બધા જ મંત્રોમાં શ્રેષ્ઠ છે. બિંદુમાં જેમ સાગર સમાયેલો છે એ રીતે મંત્રમાં બધા જ જ્ઞાન અને સમગ્ર વિજ્ઞાન છુપાયેલાં છે.

**अभ्यन्तरे तु गायत्र्या अनेके योगसंचयाः ।**
**अन्तर्हिता विराजन्ते कश्चिदत्र न संशयः ॥८८॥**

ગાયત્રી મંત્રમાં અનેક યોગોના સમૂહ છુપાયેલા છે એ વાતમાં જરાય સંશય નથી.

**धारयन् हृदि गायत्रीं सधको धौतकिल्विषः ।**
**शक्तिरनुभवत्युग्राः स्वस्मिन्नेवात्यलौकिकाः ॥८९॥**

નિષ્પાપ સાધક પોતાના હૃદયમાં ગાયત્રીને ધારણ કરીને પોતાના આત્મામાં અનેક અલૌકિક મહાન શક્તિઓ આવી હોય એવો અનુભવ કરે છે.

**एतादृश्यस्तस्य वार्ता भासन्तेऽल्पप्रयासतः ।**
**यास्तु साधारणो लोको ज्ञातुमर्हति नैव हि ॥९०॥**

જે રહસ્ય જાણવા માટે સામાન્ય તદ્દન અશક્ત હોય છે તેવાં રહસ્યો ગાયત્રી ઉપાસકને થોડા પ્રયત્ને પ્રાપ્ત થાય છે.

**एतादृश्यस्तु जायन्ते तन् मनस्यनुभूतयः ।**
**यादृश्यो न हि दृश्यन्ते मानवेषु कदाचन ॥९१॥**

સામાન્ય મનુષ્યોને કદી ન થતા હોય એવા અદ્‌ભુત અનુભવો ગાયત્રી સાધકને થવા માંડે છે.

**प्रसादं ब्रह्मज्ञानस्य येऽन्येभ्यो वितरंत्यपि ।**
**आसादयन्ति ते नूनं मानवाः पुण्यमक्षयम् ॥९२॥**

બ્રહ્મજ્ઞાનનો પોતાને પ્રાપ્ત થયેલો પ્રસાદ જ લોકો બીજાઓને વહેંચે છે તેઓ અવશ્ય અક્ષર પુણ્યને મેળવે છે.

**गायत्री - संहिता ह्येषा परमानंददायिनी ।**
**सर्वेषामेव कष्टानां वारणास्त्यलं भुवि ॥९३॥**

આ ગાયત્રી સંહિતા પરમ આનંદને આપવાવાળી છે. જગતનાં બધાં જ દુઃખોને દૂર કરવા માટે આ ગાયત્રી એકલી જ પૂરતી છે.

શ્રદ્ધયા યે પઠન્ત્યેનાં ચિંતયન્તિ ચ ચેતસા ।
આચરંત્યાનુકૂલ્યેન ભવબાધાં તરન્તિ તે ॥૯૪॥

જે લોકો આ 'ગાયત્રી-સંહિતા'નો શ્રદ્ધાપૂર્વક પાઠ કરે છે અને તેનું ચિંતન-મનન કરે છે તથા તે મુજબ પોતાનું જીવન ઘડે છે, તે લોકો ભવસાગર તરી જાય છે.

# ૧૩. ગાયત્રી તંત્ર

## ● ગાયત્રીનો ગુપ્ત રાખવા જેવો વામમાર્ગ ●

ન દેયં પરશિષ્યેભ્યો હ્યભક્તેભ્યો વિશેષતઃ ।
શિષ્યેભ્યો ભક્તિયુક્તેભ્યો હ્યન્યથા મૃત્યુમાપ્નુયાત્ ॥

'બીજાના શિષ્યોને અને ખાસ કરીને ભક્તિ વિનાના લોકોને આ મંત્ર કદી આપવો ન જોઈએ. આ મંત્રનો ઉપદેશ ભક્તિવાળા શિષ્યને જ આપવો. નહિ તો આનાથી મૃત્યુની પ્રાપ્તિ થાય છે.

ઉપાસના વિધાનમાં એમ કહેવામાં આવ્યું છે કે તંત્ર એક ગુપ્તવિજ્ઞાન છે. તે અંગેની વાતો બધા જ માણસો આગળ કહેવી યોગ્ય નથી. આનું કારણ એ છે કે તંત્રમાર્ગની સાધનાઓ બહુ જ અઘરી હોય છે. સમુદ્રના તળિયેથી મોતી કાઢવા જેટલાં અઘરાં હોય છે એટલો જ અઘરો આ તંત્ર સિદ્ધિનો માર્ગ છે. મરજીવા લોકો જીવના જોખમે સમુદ્રમાં ગોથું લગાવીને તળિયે પહોંચે ત્યારે મહામુશ્કેલીએ તેમને થોડાં-ઘણાં મોતી પ્રાપ્ત થાય છે. પરંતુ આમ કરવામાં ઘણીવાર તેમને જળમાં રહેલાં ભયંકર પ્રાણીઓનો સામનો પણ કરવો પડે છે. નટ લોકો પોતાની હોશિયારી અને કુશળતાથી લોકોને ખુશ કરી નાખે છે. પણ જો તેઓ એકાદ વાર ભૂલ કરી બેસે તો તેમનું આવી બને. એવી જ રીતે આ તંત્રમાર્ગ ભરેલો છે. જીવસટોસટનો આ વિષય છે. આથી જ આ માર્ગ બધા માણસોના કામનો નથી.

પ્રકૃતિ સાથે સંગ્રામ ખેલીને તેની શક્તિઓ પર કાબૂ મેળવવાની વિદ્યા એટલે તંત્રમાર્ગ. આમાં અતિશય પ્રયત્ન કરવો પડે છે અને ભૂલચૂકનું પરિણામ પણ એટલું જ ભયંકર હોય છે. આપણી ક્રિયાઓની પ્રતિક્રિયાઓ આમાં પુષ્કળ પ્રમાણમાં થાય છે. પાણીમાં પથ્થર નાખવામાં આવે તો પાણી જોરથી ઉછળે છે અને એક નાના સરખા વિસ્ફોટ જેવી સ્થિતિ પેદા થાય છે. તાંત્રિક સાધના કરનારો સાધક પણ પ્રકૃતિની અંદર છુપાયેલી શક્તિને મેળવવા પોતાની સાધના દ્વારા એક પ્રકારનું આક્રમણ જ કરે છે. એ આક્રમણથી સામી જે પ્રતિક્રિયા થાય છે તે એવી ભયંકર હોય છે કે કોઈ-કોઈ વાર એ સાધક અસાધારણ રીતે ઘવાય છે.

જ્યારે કોઈ બંદૂક ચલાવવામાં આવે છે ત્યારે નળીમાંથી બહાર નીકળતી ગોળી એકાએક પાછળ ધક્કો મારે છે અને મોટો અવાજ કરે છે. જો બંદૂક ચલાવનાર માણસ કમજોર હોય તો તે પાછળની બાજુથી ગબડી પડે છે અને મોટા અવાજથી ગભરાઈ પણ જાય છે. ચંદનનાં વૃક્ષો પાસે સર્પો રહેતા હોય છે, ગુલાબનાં ફૂલોમાં કાંટા હોય છે, મધ ભેગું કરવામાં માખીઓનો ડંખ સહન કરવો પડે છે, સર્પમણિ મેળવવા માટે ભયંકર સર્પનો સામનો કરવો પડે છે, હાથીઓના કુંભસ્થળમાંથી મોતી મેળવવા મદમસ્ત હાથીઓ સામે ઝઝૂમવું પડે છે એ જ રીતે તાંત્રિક સાધનામાં પણ આવાં જ વિકટ સાહસો છે. એ સાહસોમાં ભયંકર આફતોની હારમાળા રહેલી છે. જો એમ ન હોય તો ગમે તે માણસ ગમે ત્યારે ને ગમે તેમ એ બધું રમતમાં મેળવી જ લે ને ?

તંત્રવિદ્યાની સાધના તો તલવારની ધાર પર ચાલવા જેટલી અઘરી ને કષ્ટસાધ્ય છે. એ માટે તો સાધકની અંદર પુરુષાર્થ, સાહસ, દૃઢતા, નિર્ભયતા અને ધીરજ પૂરતાં પ્રમાણમાં હોવાં જોઈએ. સુયોગ્ય અને અનુભવી ગુરુની દેખરેખ હેઠળ સ્થિરતાથી અને શ્રદ્ધાથી એ સાધનાઓ કરવામાં આવે

તો તે દ્વારા ઇચ્છિત સિદ્ધિ મેળવી શકાય. પરંતુ જો કોઈ નિર્બળ, અશક્ત, શંકાશીલ, અશ્રદ્ધાળુ અને અસ્થિર મનવાળો સાધક આવી સાધના કરવા જાય તો થોડી મુશ્કેલી આવતાં તેને છોડીને ભાગી જાય. આનું પરિણામ વિચિત્ર જ આવે. જેમ કોઈ સિંહ અથવા સાપને છંછેડીને જ્યારે તે ગુસ્સે થઈને પાછળ દોડે ત્યારે લાકડી ફેંકી દોડવા માંડે એવી માણસની જે સ્થિતિ થઈ શકે એવી જ સ્થિતિ આવા સાધકની થાય. એ પ્રમાણે સિંહ કે સાપથી ડરી જઈને ભાગતા માણસ ઉપર એ સિંહ કે સાપ બમણા જોરથી ગુસ્સે થઈને તેનો પીછો પકડે અને તેને જીવતો જવા જ ન દે. આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે કેટલાક મનુષ્યો ભૂતપ્રેતને વશ કરવા તાંત્રિક સાધના કરે છે. જ્યારે સાધના દરમ્યાન તેમને ભય પમાડે એવાં તત્ત્વોને એ લોકો જુએ છે ત્યારે ડરી જઈને સાધના કરવાનું છોડી દે છે. જો સાધકમાં સાહસ ન હોય ને એવા કોઈ દૃશ્યને જોઈને ડરી જાય તો એ તત્ત્વ તેના ઉપર હુમલો કરે છે અને એનું ભયંકર પરિણામ તેને ભોગવવું પડે છે. કેટલાક લોકો ભયંકર બીમારીના શિકાર બને છે, કેટલાક ગાંડા થઈ જાય છે અને કેટલાક તો વળી મરણને શરણ પણ થાય છે.

તંત્રનો માર્ગ અતિશય ઉગ્ર છે. આ પદ્ધતિએ જે સાધના કરવામાં આવે છે તેનાથી પ્રકૃતિની અંદર પ્રબળ કંપનો ઉત્પન્ન થાય છે. એથી તાપ અને વિક્ષોભ વધી જાય છે. ગરમીનાં દિવસોમાં સૂર્યનાં પ્રચંડ કિરણોને લીધે જ્યારે હવામાનની ઉષ્ણતા વધી જાય છે ત્યારે હવાની ગતિ વધી જાય છે. આથી લૂ, વાવાઝોડું કે વંટોળ વગેરેની પ્રવૃત્તિ જોરશોરથી શરૂ થઈ જાય છે. એનાથી લોકોની મુશ્કેલીઓ વધે છે, કોઈને લૂ લાગી જાય છે, કોઈની આંખોમાં ધૂળ ભરાઈ જાય છે તો કેટલાક લોકોને ગૂમડાં ને અળાઈઓ પણ થઈ આવે છે. વાવાઝોડાથી લોકોના મકાનનાં છાપરાં પણ ઊડી પડે છે અને વૃક્ષો ઉખડી પડે છે. વંટોળિયા પણ જોર પકડે છે અને ભયંકરતા ઊભી કરે છે. તંત્રસાધનામાં આવો ગ્રીષ્મઋતુના જેવો જ ઉત્પાત થાય છે. એનાથી મનુષ્યના અંતરમાં અને બાહ્ય વાતાવરણમાં એક રીતની સૂક્ષ્મ લૂ અને વાવાઝોડું શરૂ થાય છે. આ સંઘર્ષના ધક્કા તેના મગજના કલ્પનાતંતુઓ સાથે એક મોટો સંઘર્ષ પેદા કરે છે અને સંઘર્ષને કારણે તેને ભયંકર ભૂતપ્રેતો, પિશાચો, રાક્ષસો, દેવો, દાનવો વગેરેની આકૃતિઓ દેખાવા લાગે છે. દૃષ્ટિનો દોષ પેદા થવાથી તેને કંઈનું કંઈ દેખાવા લાગે છે, અનેક પ્રકારના વિચિત્ર અવાજો, વિચિત્ર રૂપો, વિચિત્ર ગંધ તથા વિચિત્ર સ્પર્શ વગેરેનો તેને અનુભવ થાય છે. જો સાધક નિર્ભય બનીને આ સ્વાભાવિક પ્રતિક્રિયાઓને જોઈને તેમને હસી ન કાઢે તો તેનું સાહસ નકામું જાય અને તે બધાથી ડરીને ભાગવા લાગે તો એ વસ્તુઓ તેને માટે મોટા સંકટરૂપ બની જાય છે.

આ પ્રકારનાં કષ્ટોનો સામનો બધા માણસો ન કરી શકે. માટે જ વિશેષ પ્રકારની સાહસમય મનોવૃત્તિની જરૂર હોય છે. માણસ બીજાની બાબતમાં તો કસોટી કરવાની વૃત્તિ રાખતો હોય છે. પણ પોતાની શક્તિનું ખરું પરીક્ષણ તે ભાગ્યે જ કરતો હોય છે. 'હું તંત્ર-સાધનાઓ કરી શકીશ કે કેમ'-એ વાતનો નિર્ણય માણસ પોતાની જાતે ન કરી શકે. આને માટે તો કોઈ બીજી અનુભવી વ્યક્તિની મદદની જરૂર પડે. જેમ રોગી પોતાના રોગનો ઇલાજ પોતાની મેળે જ કરી શકે નહિ. વિદ્યાર્થી પોતાની મેળે શિક્ષણ મેળવી શકે નહિ. એ જ રીતે તાંત્રિક સાધનાઓ પણ પોતાની મેળે થઈ શકે નહિ. એ માટે તો કોઈ જાણકાર પુરુષને ગુરુ બનાવવા જોઈએ. એવો ગુરુ સૌ પહેલાં પોતાના શિષ્યની માનસિક ભૂમિકા તપાસે છે અને એમ નિરીક્ષણ-પરીક્ષણ કર્યા પછી તેને ખ્યાલ આવે કે આ માણસને માટે કઈ સાધના ઉપયોગી છે અને તેને માટે સાધનાની વિધિમાં કેવો ફેરફાર કરવો જરૂરી છે. સાધનાકાળ દરમિયાન જે વિઘ્નો આવે તે બધાનો તત્કાલ ઉપાય કરવો અને ભવિષ્યમાં શિષ્યના રક્ષણ માટે વ્યવસ્થા કરવી તે પણ એ ગુરુ જ કરી શકે. આ કારણે જ તંત્રની સાધનાઓ ગુરુ પરંપરામાં જ ચાલે છે. સિદ્ધિ મેળવી લેવાના લોભે અનાધિકારી સાધક જાતે

ઉટપટાંગ રીતે એવી સાધનાઓ કરવા ન મંડી પડે એથી આ તંત્રવિદ્યાને ગુપ્ત રાખવામાં આવે છે. રોગીની પાસે મીઠાઈઓ મૂકી શકાય નહિ, કેમ કે પાચનશક્તિ તેનામાં હોય નહિ અને લાલચથી એ ખાઈ જાય તો અંતે તેનું અહિત જ થાય.

વળી, તંત્ર સાધનાઓની સિદ્ધિ મળ્યા પછી જે શક્તિઓ મળતી હોય છે, તેમનો કોઈ દુરુપયોગ કરે તો જગતમાં એક મોટી અવ્યવસ્થા ફેલાઈ જાય. બીજાઓનું અહિત થાય. નિર્દોષ માણસોને અધિકાર વગરના માણસોને આવા અનાધિકારી સાધકો નુકસાન કે લાભ કરે તો પણ અયોગ્ય જ ગણાય. જે લાભ પરિશ્રમ વગર મેળવવામાં આવે તેનાથી અનેક દુર્ગુણો પેદા થાય છે. જુગાર રમીને જે માણસ હજારો રૂપિયા કમાય તે માણસ એ રૂપિયાનો સદુપયોગ કરી શકતો નથી. વળી એ રૂપિયાથી તે યોગ્ય સુખ પણ મેળવી શકતો નથી. એવી જ રીતે ઈશ્વરીય અથવા રાજકીય રીતે મળતી સ્વાભાવિક સજા કરતાં જુદા જ પ્રકારની, મંત્રબળ દ્વારા બીજાને કરવામાં આવતી સજા (નુકસાન) ગર્ભપાત જેટલી જ અહિત કરનારી છે. તંત્રમાર્ગમાં સફળ બનેલો માણસ ભયંકર અવ્યવસ્થા ફેલાવી શકે છે. આટલા માટે જ હર કોઈને આ માર્ગમાં અધિકાર હોતો નથી. આ તો વિશિષ્ટ પ્રકારની માનસિક યોગ્યતાવાળા માણસો માટે જ મર્યાદિત ક્ષેત્રોમાં કામ લેવા જેવી વિદ્યા છે. આથી આ વિદ્યાનું પ્રકાશન સર્વમાન્ય લોકો માટે કરવામાં આવતું નથી. જેમ વ્યક્તિગત ઘરનો ઉપયોગ ધર્મશાળાની માફક થાય નહિ. ગમે તે માણસને તેમાં ફાવે તેમ પ્રવેશ મળી શકે નહિ, તેમ આ વિદ્યા પણ અમુક યોગ્યતાવાળા લોકોનું વ્યક્તિગત ઘર છે. આમાં તો તે ઘરના ખાસ માણસોનો જ હક છે. આ દૃષ્ટિથી આ વિદ્યાને સીમિત બનાવવાના ઉદ્દેશથી તેને ગુપ્ત રાખવામાં આવી છે.

વળી આ તંત્ર ગ્રંથોમાં જે સાધનાઓની વિધિઓ બતાવવામાં આવી છે તે અધૂરી જ છે. એમાં બે જ મુખ્ય વાતો હોય છે. (૧) સાધનાનું ફળ અને (૨) સાધનાની વિધિનો એકાદ અંશ. જેમ એક સ્થળે કહ્યું છે કે - 'શમીની સમિધાઓથી હોમ કરવામાં આવે તો પુત્રની પ્રાપ્તિ થાય છે.' ફક્ત આટલા ઉલ્લેખને પૂર્ણ વિધિ માની લઈને કોઈ માણસ શમીનાં લાકડાં હવનમાં હોમ્યે જ જાય તો તેની ઇચ્છા પૂર્ણ થઈ શકે નહિ. આથી કેટલાક અજ્ઞાન લોકોને આ સાધના જૂઠી લાગે, પરંતુ આવી શૈલીમાં વર્ણન કરવાનો ખાસ ઉદ્દેશ રહેલો છે. આટલું સંકેતમય, ટૂંકમાં લખવાથી ભવિષ્યમાં આ વિદ્યાનો લોપ થતો અટકે અને તેની ગુપ્તતા પણ જળવાય. આવી ટૂંકાણવાળી પદ્ધતિને સૂત્રપદ્ધતિ કહે છે, વ્યાકરણ વગેરે શાસ્ત્રોમાં સૂત્રો પ્રમાણમાં ઘણા ટૂંકાં હોય છે. કોઈ કોઈ સૂત્ર તો એકાદ બે અક્ષરોનું પણ હોય છે. પણ એટલું સૂત્ર યાદ રાખવાથી એમાં સમાયેલા વિશાળ અર્થ ગમે ત્યારે વિદ્વાનોના ખ્યાલમાં આવી શકે છે. કેટલાક બહારવટિયાઓ અને છુપી પોલીસના માણસો પણ પોતાની સગવડ ખાતર એવી સાંકેતિક ભાષા બનાવી કાઢે છે કે જે એ લોકો સમજી શકે અને બીજાઓથી ગુપ્તતા પણ જળવાઈ શકે.

'શમીના હવનથી પુત્ર પ્રાપ્તિ'વાળા સંકેતમાં એક મોટી વિધિ સમાયેલી છે. કેવા પ્રકારનો માણસ, કેવા સમયે, કેવા નિયમોપૂર્વક, ક્યાં સાધનો દ્વારા, ક્યાં મંત્રો વડે અને કેટલી આહુતિઓ દ્વારા એ સાધના કરે ત્યારે પુત્રની પ્રાપ્તિ થાય એ બધો જ વિસ્તૃત અર્થ એટલા નાના સૂત્રમાં (વાક્યમાં) સમાયેલો છે. એ ગુપ્ત રીતે સમાવવામાં આવ્યો છે. છુપાવવાનું કારણ તો સ્પષ્ટ જ છે કે કોઈ અનાધિકારી માણસ તેનો ઉપયોગ ન કરે. સંક્ષેપમાં કહેવાયું તેથી વર્ષો પછી પણ આ વિધિ યોગ્ય અધિકારી સાધકો માટે સચવાઈ રહે. આધાર પૂરતું જ આ તો કહેવાય. પણ આધાર રહ્યો હોય તો ભવિષ્યનાં વર્ષોમાં એ તથ્ય નષ્ટ ન થઈ જાય અને તે દ્વારા સાધકોને આખી વિધિનું સ્મરણ થઈ આવે. તંત્ર ગ્રંથોમાં સાધનાની વિધિને ગુપ્ત રાખવાની વાત પર વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. વળી કેટલીક જગ્યાએ તો એવી વિધિઓ પણ બતાવવામાં આવી છે કે જે દેખીતી રીતે સહેલી

સુગમ લાગે અને તે દ્વારા મોટું ફળ મેળવી શકાતું હોય છે. આથી તો અજ્ઞાન માણસોને માટે આ વિષય કોયડારૂપ બની જાય છે. કાં તો તેને તેઓ બહુ જ સહેલી વિધિ માની લે છે, કાં તો તેને અસત્ય પ્રયોગ માની બેસે છે. પણ હકીકત તો જુદી જ હોય છે. આવી સાંકેતિક સૂત્ર પદ્ધતિ દ્વારા તંત્રશાસ્ત્રના જ્ઞાતાઓએ પોતાની રહસ્યવાદી વૃત્તિનો જ પરિચય કરાવ્યો છે.

ગાયત્રીમાં બંને માર્ગો છે. દક્ષિણમાર્ગ અને વામમાર્ગ. યોગ અને તંત્ર બંને પ્રકારો છે. એ દ્વારા આત્મ-સાક્ષાત્કાર અને બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે, તેમજ દુન્વયી વિષયોની પ્રાપ્તિ અને નાશ પણ થઈ શકે. ગાયત્રી યોગ દક્ષિણમાર્ગ છે. એ માર્ગ દ્વારા આત્મ-કલ્યાણનો ઉદ્દેશ પાર પાડી શકાય અને ગાયત્રી તંત્રમાર્ગ તે વામમાર્ગ છે. એ દ્વારા સાંસારિક વસ્તુઓ મેળવી પણ શકાય અને કોઈનો નાશ પણ કરી શકાય. તંત્રનો માર્ગ ગુપ્ત છે અને તેથી તેમાં ધન, સંતાન, સ્ત્રી, આરોગ્ય, પદવી, રોગમુક્તિ, શત્રુનાશ, પાપનાશ, વશીકરણ વગેરે અનેક લાભો મેળવવાની સાધનાઓ બતાવી છે. પણ તે માટેની વિધિ ખૂબ સંક્ષિપ્ત અને અપૂર્ણ બતાવવામાં આવી છે. આપણે એ વાત યાદ રાખવી જોઈએ કે તે અધૂરી વિધિમાં, સાંકેતિક રીતે આખી વિધિ છુપાયેલી છે. પણ તે પુસ્તકોમાં, સ્પષ્ટ શબ્દોમાં મળી શકે નહિ. તે માટે તો અનુભવી સાધકોની મદદ મેળવવી જોઈએ.

અહીં તંત્ર ગ્રંથોમાંથી કેટલાક સંકેતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ દ્વારા વાચકો એટલું તો જાણી શકે જ કે ગાયત્રી દ્વારા કેવા લાભ મેળવી શકાય. એ જાણવાથી પણ શ્રદ્ધા વધે છે.

## ● અથ ગાયત્રી-તંત્રમ્ ●

**નારદ ઉવાચ -**

**નારાયણ મહાભાગ ગાયત્ર્યાસ્તુ સમન્વિતઃ ।**
**શાન્ત્યાદિકાન્પ્રયોગાન્ત્વં વદસ્વ કરુણાનિધે ! ॥૧॥**

નારદજીએ પ્રશ્ન કર્યો - હે નારાયણ ! ગાયત્રી શાંતિ વગેરેના પ્રયોગો કહો.

**નારદ ઉવાચ -**

**અતિગુહ્યમિદં પૃષ્ટં ત્વયા બ્રહ્મતનૂદ્ભવ ?**
**વક્તવ્યં ન કસ્મૈચિદ્ દુષ્ટાય પિશુનાય ચ ॥૨॥**

આ સાંભળીને શ્રીનારાયણે કહ્યું - હે નારદ ! તમે આ અત્યંત ગુપ્ત વાત પૂછી. પરંતુ તે કોઈ દુષ્ટ કે પ્રપંચીને કહેવી જોઈએ નહિ.

**અથ શાન્તર્થમુક્તાભિઃ સમિદ્ભિર્જુહુયાદ્ દ્વિજઃ ।**
**શમી સમિદ્ભિઃ શામ્યન્તિ ભૂતરોગગ્રહાદયઃ ॥૩॥**

બ્રાહ્મણોએ શાંતિ મેળવવા માટે હવન કરવો જોઈએ. શમી (સીમડો)ની સમિધાઓ દ્વારા હવન કરવાથી ભૂત, રોગ અને ગ્રહો વગેરેની શાંતિ થાય છે.

**આર્દ્રાભિઃ ક્ષીર વૃક્ષસ્ય સમિદ્ભિઃ જુહુયાદ્ દ્વિજઃ ।**
**જુહુયાચ્છકલૈર્વાપિ ભૂતરોગાદિ શાન્તયે ॥૪॥**

દૂધવાળા વૃક્ષોની લીલી સમિધાઓ વડે યજ્ઞ કરવાથી ગ્રહો વગેરેની શાંતિ થાય છે અથવા ભૂત, રોગ વગેરેની શાંતિ માટે બધા જ પ્રકારનાં વૃક્ષોની સમિધાઓ વડે યજ્ઞ કરવો.

**જલેન તર્પયેત્સૂર્યં પાણિભ્યાં શાન્તિમાપ્નુયા ત ।**
**જાનુદઘ્ને જલે જપ્તવા સર્વ દોષશમો ભવેત્ ॥૫॥**

બંને હાથ વડે સૂર્યનું તર્પણ કરવાથી શાંતિ મળે છે અને ઘૂંટણ સુધી પાણીમાં ઊભા રહીને જપ કરવાથી બધા જ દોષો શાંત થઈ જાય છે.

કણ્ઠદઘ્ને જલે જપ્તવા મુચ્યેત્ પ્રાણાન્તકાદ્ ભયાત્ ।
સર્વેભ્યઃ શાન્તિકર્મેભ્યો નિમજ્યાપ્સુ જપઃ સ્મૃતઃ ॥૬॥

ગળા સુધી પાણીમાં ઊભા રહીને તપ કરવાથી પ્રાણનાશ થવાનો ભય રહેવા પામતો નથી. આથી બધા પ્રકારની શાંતિ માટે પાણીમાં ઊભા રહીને જપ કરવા ઉત્તમ છે.

સૌવર્ણે રાજતે વાપિ પાત્રે તામ્રમયેઽપિ વા ।
ક્ષીરવૃક્ષમયે વાપિ નિશ્છિદ્રે મૃન્મયેઽપિ વા ॥૭॥
સહસ્રં પંચગવ્યેન હુત્વા સુજ્વલિતેઽનલે ।
ક્ષીરવૃક્ષમયૈઃ કાષ્ઠૈઃ શેષં સમ્પાદયેચ્છનૈઃ ॥૮॥

સોનું, ચાંદી, તાંબું, દૂધવાળાં વૃક્ષોનું લાકડું કે માટીના વાસણમાં પંચગવ્ય રાખીને દૂધવાળાં વૃક્ષોની સમિધાઓથી પ્રજ્વલિત અગ્નિમાં હવન કરવો જોઈએ. (માટીના વાસણમાં છિદ્ર ન હોવું જોઈએ.)

પ્રત્યાહુતિં સ્પૃશંજપ્ત્વા તદ્ગવ્યં પાત્રસંસ્થિતમ્ ।
તેન તં પ્રોક્ષયેદ્દેશં કુશૈર્મંત્રમનુસ્મરન્ ॥૯॥

દરેક આહુતિએ પંચગવ્યનો સ્પર્શ કરવો તથા મંત્રોચ્ચાર સહિત દર્ભ વડે પંચગવ્યથી જ હવન-સ્થળ પર માર્જન કરવું જોઈએ.

બલિં પ્રદાય પ્રયતો ધ્યાયેત પરદેવતામ્ ।
અભિચાર સમુત્પન્ના કૃત્યા પાપં ચ નશ્યતિ ॥૧૦॥

પછી બલિ પ્રદાન કરીને ગાયત્રીનું ધ્યાન કરવું જોઈએ. આ રીતે ધ્યાન કરવાથી અભિચાર દ્વારા ઉત્પન્ન થયેલી કૃત્યા અને પાપનો નાશ થાય છે.

દેવ ભૂત પિશાચાદીન્ યદ્યેવં કુરુતે વશે ।
ગૃહં ગ્રામં પુરં રાષ્ટ્રં સર્વં તેભ્યો વિમુચ્યતે ॥૧૧॥

દેવતા, ભૂત તેમજ પિશાચ વગેરે વશ કરવા માટે પણ ઉપર પ્રમાણે જ વિધિ કરવી. આ રીતની ક્રિયાથી દેવ, ભૂત, પિશાચ વગેરે બધાં પોતપોતાનું ઘર, ગામ, નગર અને રાજ્ય (દેશ) છોડીને આપણને વશ થાય છે.

ચતુષ્કોણે હિ ગન્ધેન મધ્યતો રચિતેન ચ ।
મણ્ડલે શૂલમાલિખ્ય પૂર્વોક્તે ચ ક્રમેણ વા ॥
અભિમંત્ર્ય સહસ્રં તન્નિખનેત્સર્વ સિદ્ધયે ॥૧૨॥

એક ચોરસ મંડળમાં (આકૃતિમાં) કંકુથી ત્રિશૂળ ચીતરીને ઉપરની વિધિ દ્વારા હજાર ગાયત્રી જપ કરીને દાટવાથી બધા જ પ્રકારની સિદ્ધિ મળે છે.

સૌવર્ણ, રાજતં વાપિ કુંભં તામ્રમયં ચ વા ।
મુન્મયં વા નવં દિવ્યં સૂત્રવેષ્ટિતમવ્રણમ્ ॥૧૩॥
મંડલે સૈકતે સ્થાપ્યં પૂરયેન્મન્ત્રિતૈર્જલૈઃ ।
દિગ્ભ્ય આહૃત્ય તીર્થાનિ ચતસૃભ્યો દ્વિજોત્તમૈઃ ॥૧૪॥

સોનું, ચાંદી, તાંબું કે માટી પૈકી કોઈ એક ધાતુનો છિદ્ર વિનાનો ઘડો લઈ તેને સૂતર વીંટવું, પછી તેને રેતીની બનાવેલી વેદી પર સ્થાપી તેમાં બ્રાહ્મણોએ ચારે દિશાઓમાંથી લાવવામાં આવેલ તીર્થજળ પૂરવાં.

એલા, ચન્દન, કર્પૂર, જાતી, પાટલ, મલ્લિકાઃ ॥૧૫॥
વિલ્વપત્રં તથા ક્રાન્તાં, દેવીં બ્રીહિ યવાંસ્તિલાન્ ।
સર્ષપાન્ ક્ષીરવૃક્ષાણાં પ્રવાલાનિ ચ નિક્ષપેત્ ॥૧૬॥

પછી એલચી, ચંદન, કપૂર, જાતી (જાયફળ), પાટલા (ગુલાબ), મલ્લિકા (જૂઈ), બીલીપત્ર, વિષ્ણુક્રાંતા, દેવી, જવ, તલ, સરસવ અને દૂધાળાં વૃક્ષોનાં પાંદડાં વગેરે તેમાં પધરાવવાં.

સર્વમેવં વિનિક્ષિપ્ય કુશકૂર્ચસમન્વિતમ્ ।
સ્નાતઃ સમાહિતો વિપ્રઃ સહસ્રં મંત્રયેદ્ બુધઃ ॥૧૭॥

આ પ્રમાણે બધી વસ્તુઓ પધરાવ્યા પછી દર્ભની ચાવી બનાવીને ઘડામાં મૂકવી. પછી સ્નાન કરીને બુદ્ધિમાન મનુષ્યે એક હજાર વાર જપ કરવા જોઈએ.

દિક્ષુ સૌરાનધીયીરન્ મંત્રાન્ વિપ્રાસ્ત્રયીવિદઃ ।
પ્રોક્ષયેત્પાયયેદેનં નીરં તેનાભિસિંચયેત્ ॥૧૮॥

વેદશાસ્ત્રના જાણકાર બ્રાહ્મણ દ્વારા મંત્રોથી પવિત્ર કરવામાં આવેલા આ જળ વડે ભૂતપ્રેતાદિના ત્રાસથી પીડિત વ્યક્તિ ઉપર માર્જન કરવું (ચોપડવું), તેને પીવડાવવું તથા તેના પર તે છાંટવું.

ભૂત રોગાભિચારેભ્યઃ સ નિર્મુક્તઃ સુખી ભવેત્ ।
અભિષેકેણ મુચ્યતે મૃત્યોરાસ્યગતો નરઃ ॥૧૯॥

આ પ્રમાણે પાણી છાંટવામાં આવ્યું હોય એવો મૃત્યુના મુખમાં પહોંચેલો મનુષ્ય પણ ભૂતબાધાથી મુક્ત થાય છે.

અવશ્યં કારયેદ્વિદ્વાન્ રાજા દીર્ઘં જિજીવિષુઃ ।
ગાવો દેયાશ્ચ ઋત્વિગભ્યો હ્યભિષેકે શતં મુને ॥૨૦॥
તેભ્યો દેયા દક્ષિણા ચ યત્ કિંચિચ્છક્તિ પૂર્વકમ્ ।
જપેદશ્વત્થમાલમ્બ્ય મંદ વારે શતં દ્વિજઃ ॥૨૧॥

હે મુનિ ! લાંબા આયુષ્યની ઈચ્છાવાળા વિદ્વાન રાજાએ આ વિધિ અવશ્ય કરાવવી. વળી, આ અભિષેક પ્રસંગે ઋષિત્વજોને સો ગાયો દક્ષિણામાં આપવી જોઈએ અથવા બ્રાહ્મણોને સંતોષ થાય એવી દક્ષિણા આપવી કે પછી શક્તિ પ્રમાણે જે અપાય તે આપવું જોઈએ.

ભૂત રોગાભિચારેભ્યો મુચ્યતે મહતો ભયાદ્ ।
ગુડૂચ્યાઃ પર્વ વિચ્છિન્નૈર્જૂહૂયાદ્ દુગ્ધે સિક્તકૈઃ ॥૨૨॥

શનિવારે જે બ્રાહ્મણ પીપળાની નીચે બેસીને સો વાર જપ કરે તે નિઃસંશય રીતે ભૂત-બાધા વગેરેથી મુક્ત થઈ જાય છે.

દ્વિજો મૃત્યુંજયો હોમઃ સર્વ વ્યાધિવિનાશનઃ ।
આમ્રસ્ય જુહુયાત્પત્રૈઃ પયસાજ્વરશાન્તયે ॥૨૩॥

જે બ્રાહ્મણ ગળોની સમિધાઓને દૂધમાં બોળી બોળીને હોમે છે તે આ પ્રકારના મૃત્યુંજય હોમ દ્વારા બધી જ વ્યાધિઓથી મુક્ત બને છે. તાવ મટાડવા માટે આંબાના પાંદડાનો દૂધમાં બોળીને હોમ કરાવે.

બચાભિઃ પયઃસિક્તાભિઃ ક્ષયં હુત્વા વિનાશયેત ।
મધુત્રિતય હોમેન રાજયક્ષ્મા વિનશ્યતિ ॥૨૪॥

દૂધમાં બોળી બોળીને તજનો હોમ કરવામાં આવે તો ક્ષય રોગ નષ્ટ થાય છે તથા દૂધ, દહીં અને ઘી એ ત્રણ વસ્તુઓ ભેગી કરીને હોમવામાં આવે તો તેનાથી રાજ્યક્ષ્મા મટે છે.

**નિવેદ્ય ભાસ્કરાયાન્ન પાયસં હોમપૂર્વકમ્ ।**
**રાજયક્ષ્માભિભૂતં ચ પાયયેચ્છાન્તિમાપ્નુયાત્ ॥૨૫॥**

દૂધની ખીર બનાવીને સૂર્યને તેનું નૈવેદ્ય ધરવું અને હવન કરતાં વધેલી ખીર રાજ્યક્ષ્માના રોગીને આપવાથી રોગ શાંત થાય છે.

**લતાઃ પર્વસુ વિચ્છિદ્ય સોમસ્ય જુહુયાદ્ દ્વિજઃ ।**
**સોમે સૂર્યેણ સંયુક્તે પ્રયુક્તાઃ ક્ષયશાન્તયે ॥૨૬॥**

અમાસને દિવસે સોમલતા (શોમવેલ)ની સમિધાથી હોમ કરવાથી ક્ષયરોગ મટે છે.

**કુસુમૈઃ શંખવૃક્ષસ્ય હુત્વા કુષ્ઠં વિનાશયેત્ ।**
**અપસ્માર વિનાશઃ સ્યાદ્પામાર્ગસ્ય તણ્ડુલૈઃ ॥૨૭॥**

શંખ વૃક્ષનાં ફૂલો વડે જો હવન કરવામાં આવે તો કોઢનો રોગ મટે છે અને અપામાર્ગનાં બી વડે હવન કરવામાં આવે તો અપસ્માર (મૃગી) રોગનો નાશ થાય છે.

**ક્ષીરવૃક્ષ સમિદ્ધોમાદુન્માદોઽપિ વિનશ્યતિ ।**
**ઔદુમ્બરૈઃ સમિદ્ધોમાદતિમેહઃ ક્ષયં વ્રજેત ॥૨૮॥**

ક્ષીરવૃક્ષની સમિધાઓથી હવન કરવાથી ઉન્માદરોગ (ગાંડપણ) રહી શકતો નથી તથા ઔદુમ્બર (ઉમરડો)ની સમિધાઓથી હવન કરવામાં આવે તો મહા મધુપ્રમેહ નષ્ટ થઈ જાય છે.

**પ્રમેહં શસયેદ્ધુત્વા મધુનેક્ષુરસેન વા ।**
**મધુત્રિતય હોમેન નયેચ્છાન્તિં મસૂરિકામ્ ॥૨૯॥**

પ્રમેહની શાંતિ માટે મધ અથવા શેરડીના રસનો હોમ કરવો જોઈએ અને મસૂરિકા નામનો રોગ મટાડવા માટે ત્રિમધુ (દહીં, દૂધ અને ઘી)નો હવન કરવો જોઈએ.

**કપિલા સર્પિષાહુત્યાનયેચ્છાન્તિં મસૂરિકામ્ ।**
**ઉદુમ્બર વટાઽશ્વત્થૈર્ગોગજાશ્વામયં હરેત્ ॥૩૦॥**

કપિલા ગાયના ઘી વડે હવન કરીને મસૂરિકા રોગને દૂર કરવો જોઈએ. ગાયના રોગોની શાંતિ માટે ઉમરડો, હાથીના રોગો નિવારવા માટે વડ અને ઘોડાના રોગો દૂર કરવા માટે પીપલવડની સમિધાઓ વડે હવન કરવો જોઈએ.

**પિપીલ મધુવલ્મીકે ગૃહે જાતે શતં શતમ્ ।**
**શમી સમિદ્ ભરન્નેન સર્પિષા જુહુયાદ્ દ્વિજઃ ॥૩૧॥**

કીડીઓ, મધમાખીઓ અને ઊધઈનો ઉપદ્રવ થયો હોય ત્યારે સમડાની સમિધા, અન્ન અને ઘીની સો સો આહુતિઓ આપવી જોઈએ.

**અભ્રસ્તનિત ભૂકમ્પે સમિદ્ભિર્વનવેતસઃ ।**
**તદ્ધુત્થં શાન્તિમાયાતિ જુહુયાત્તત્ર બલિં હરેત્ ॥૩૨॥**

વીજળીના કડાકાથી પૃથ્વીમાં કંપ પેદા થતો હોય તો વનવેત (નેતર)ની સમિધાઓથી હવન કરવો જોઈએ. એથી ઉત્પન્ન થયેલો ભય શાંત થઈ જાય છે.

**સપ્તાહં જુહુયાદેવ રાષ્ટ્રે રાજ્યે સુખં ભવેત્ ।**
**યાં દિશ શતજપ્તેન લોષ્ઠેનાભિપ્રતાડયેત્ ॥૩૩॥**
**તતોઽગ્નિ મારુતારિભ્યો ભયં તસ્ય વિનશ્યતિ ।**
**મનસૈવ જપેદેનાં બદ્ધો મુચ્યેત બન્ધનાત્ ॥૩૪॥**

કોઈપણ દિશામાં દિગ્દાહ થયો હોય તો સાત દિવસ સુધી, મંત્રનો જપ કરીને જે દિશામાં દાહ થયો હોય તે દિશા તરફ પથ્થર ફેંકવો જોઈએ. આમ કરવાથી દિગ્દાહ શાંત થાય છે. એક

અઠવાડિયા સુધી આ ક્રિયા કરવાથી રાજ્યમાં અને દેશમાં સુખ-સમૃદ્ધિ થાય છે.

બંધનમાં પડેલો મનુષ્ય મનમાં ગાયત્રી મંત્રનો જપ કરે તો તે બંધનમુક્ત થાય છે.

**ભૂતરોગ વિષાદિભ્યઃ વ્યથિતં જપ્તવા વિમોચયેત્ ।**
**ભૂતાદિભ્યો વિમુચ્યેત જલં પીત્વાભિમંત્રિતમ્ ॥૩૫॥**

ભૂતરોગ તથા ઝેર વગેરેથી પીડિત મનુષ્યે ગાયત્રીના જપ કરવા, (દર્ભથી પાણીનો સ્પર્શ કરતાં કરતાં ગાયત્રી જપ કરવા.) પછી આ રીતે મંત્રેલું જળ ભૂતપ્રેત વગેરેની પીડાવાળા મનુષ્યને પીવડાવવું. એથી તે રોગમુક્ત બની જશે.

**અભિમંત્ર્ય શતં ભસ્મન્યસદ્ભૂતાનિ શાન્તયે ।**
**શિરસા ધારયેદ્ ભસ્મ મંત્રયિત્વા તદિત્યૃચા ॥૩૬॥**

ગાયત્રી મંત્રથી મંત્રેલી ભસ્મ પીડાવાળા મનુષ્યને માથે લગાડવી જોઈએ.

**અથ પુષ્ટિં શ્રિયં લક્ષ્મીં પુષ્પૈર્હુત્વાપ્નુયાદ્ દ્વિજઃ ।**
**શ્રી કામો જુહુયા ત પદ્મૈઃ રક્તૈ શ્રિયમવાપ્નુયાત્ ॥૩૭॥**

લક્ષ્મી અને સુંદરતાની ઈચ્છાવાળા માણસે લાલ કમળનાં ફૂલો વડે હવન કરવો. એમ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. (લક્ષ્મીની ઈચ્છાવાળાએ ગાયત્રી મંત્ર દ્વારા પુષ્પોનો હોમ કરવો જોઈએ.)

**હુત્વા શ્રિયમવાપ્નોતિ જાતી પુષ્પૈર્નવૈઃ શુભૈઃ ।**
**શાલિતણ્ડુલ હોમેન શ્રિયમાપ્નોતિ પુષ્કલામ્ ॥૩૮॥**

જાતી પુષ્પોના હોમથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. આથી લક્ષ્મીની ઈચ્છાવાળાએ તાજાં જાતી પુષ્પો વડે હવન કરવો જોઈએ. શાલીના ચોખાથી હવન કરવાથી પુષ્કળ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

**શ્રિયમાપ્નોતિ પરમાં મૂલસ્ય શકલૈરપિ ।**
**સમિદ્ભિર્બિલ્વવૃક્ષસ્ય પાયસેન ચ સર્પિષા ॥૩૯॥**

બીલીના વૃક્ષના મૂળની સમિધા, ખીર અને ઘી એ ત્રણ વસ્તુઓથી હવન કરવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે અથવા બીલીના માત્ર મૂળને બદલે બીલીના વૃક્ષની ડાળીઓ, પાંદડાં, ફૂલ અને ફળ એ બધાંને સૂકવી નાખીને ખાંડીને હવનસામગ્રી તૈયાર કરી તેમાં ઘી અને ખીર મેળવી પણ હવન કરી શકાય.

**શતં શતં સપ્તાહં હુત્વાશ્રિયમવાપ્નુયાત્ ।**
**લાજૈસ્તુ મધુરોપેતૈર્હોમે કન્યામવાપ્નુયાત્ ॥૪૦॥**

મધુત્રય (દૂધ, દહીં અને ઘી) મેળવીને સાત દિવસ સુધી સો સો આહુતિઓનો હોમ કરવાથી સુંદર કન્યાની પ્રાપ્તિ થાય છે.

**અનેન વિધિના કન્યા વરમાપ્નોતિ વાંચ્છિતમ્ ।**
**હુત્વા રક્તોત્પલૈ હેમં સપ્તાહં પ્રાપ્નુયાત્ખલુ ॥૪૧॥**

આ જ વિધિથી હોમ કરવાથી કન્યા સુંદર અને મનપસંદ વર મેળવી શકે છે. સાત દિવસ સુધી લાલ કમળના ફૂલ વડે હવન કરવાથી સોનું પ્રાપ્ત થાય છે.

**સૂર્યવિમ્બે જલં હુત્વા જલસ્થં હેમમાપ્નુયાત્ ।**
**અન્નં હુત્વાપ્નુયાદન્નં બ્રીહીન્બ્રીહિપતિર્ભવેત્ ॥૪૨॥**

સૂર્ય મંડળમાં જળનાં અર્ઘ્ય આપવાથી જળમાં રહેલું સોનું મળે છે. અન્નનો હોમ કરવાથી અન્ન મળે છે અને ડાંગર વડે હોમ કરવાથી પુષ્કળ ડાંગરના માલિક બની શકાય છે.

કરીષચૂર્ણૈર્વત્સસ્ય હુત્વા પશુવાપ્નુયાત્ ।
પ્રિયંગુ પાપસાજ્યૈશ્ચ ભવેદ્ધોમાદિષ્ટ સન્તતિઃ ॥૪૩॥

વાછરડાના છાણનો હોમ કરવાથી પશુઓ પ્રાપ્ત થાય છે. પ્રિયંગુની ખીર અને ઘી વડે હોમ કરવાથી સંતતિ પ્રાપ્ત થાય છે.

નિવેદ્ય ભાસ્કરાયાન્નં પાયસં હોમપૂર્વકમ્ ।
ભોજયેત્તાદૃતુસ્નાતાં પુત્રરત્નમવાપ્નુયાત્ ॥૪૪॥

સૂર્યને હોમપૂર્વક ખીર અર્પણ કરીને સ્ત્રીને ઋતુસ્નાન કર્યા પછી બાકીનું પ્રસાદરૂપે આપવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે.

સ પ્રરોહાભિરાર્દ્રાભિર્હુત્વા આયુષ્યમાપ્નુયાત્ ।
સમિદ્ભિઃ ક્ષીરવૃક્ષસ્ય હુતવાડડયુષ્યમવાપ્નુયાત્ ॥૪૫॥

ખાખરાની સમિધાથી હોમ કરવાથી આયુષ્ય વધે છે અને આકડાની સમિધાથી હવન કરવામાં આવે તો પણ આયુષ્ય વધે છે.

સ પ્રરોહાભિરાર્દ્રાભિ યુક્તાભિર્મધુરત્રયૈઃ ।
બ્રીહીણાં ચ શતં હુત્વા હેમં ચાયુરવાપ્નુયાત્ ॥૪૬॥

ખાખરાની સમિધાથી અને જવ વડે હોમ કરવાથી સુવર્ણ અને આયુષ્યની પ્રાપ્તિ થાય છે.

સુવર્ણ કમલં હુત્વા શતમાયુરવાપ્નુયાત્ ।
દૂર્વાભિઃ પયસા વાપિ મધુના સર્પિષાપિ વા ॥૪૭॥
શતં શતં ચ સપ્તાહમપમૃત્યું વ્યપોહતિ ।
શમીસમિદ્ભિરન્નેન પયસા વા ચ સર્પિષા ॥૪૮॥

સુવર્ણકમળનો હોમ કરીને પુરુષો સો વર્ષનું આયુષ્ય મેળવે છે. દુર્વા, દૂધ, મધ અને ઘી વડે સો સો આહુતિઓ આપવાથી આકાળ મૃત્યુનો ભય દૂર થાય છે. સમડાની સમિડાઓથી, દૂધથી તથા ઘીથી હવન કરવાથી અપમૃત્યુનો ભય દૂર થાય છે.

શતં શતં ચ સપ્તાહમપમૃત્યું વ્યાપોહતિ ।
ન્યગ્રોધસમિધો હુત્વા પાયસં હામયેત્તતઃ ॥૪૯॥

વડના ઝાડની સમિધાઓની સો સો આહુતિઓ આપવાથી અપમૃત્યુ (કમોત)નો ડર રહેતો

શતં શતં ચ સપ્તાહમપમૃત્યું વ્યાપોહતિ ।
ક્ષીરાહારો જપેન્મૃત્યોઃ સપ્તાહાદ્વિજયી ભવેત્ ॥૫૦॥

એક અઠવાડિયા સુધી દૂધ પર રહીને સો સો આહુતિઓ આપવામાં આવે તો પુરુષ મૃત્યુંજય બની જાય.

અનશ્નન્વાગ્યતો જપ્તવા ત્રિરાત્રં મુચ્યતે યમાત્ ।
નિમજ્યાપ્સુ જપેદેવં સદ્યો મૃત્યોર્વિમુચ્યતે ॥૫૧॥

ત્રણ રાત્રિ સુધી ખાધાપીધા વગર મંત્રજપ કરવાથી મનુષ્ય મૃત્યુના ભયથી મુક્ત બને છે. જળમાં ઊભા રહીને ગાયત્રી જપ કરવાથી તરત જ મૃત્યુને ખાળી શકાય છે.

જપેદ્ બિલ્વં સમાશ્રિત્ય માસં રાજ્યમવાપ્નુયાત્ ।
બિલ્વં હુત્વાપ્નુયાદ્ દ્રવ્યં સમૂલં ફલપલ્લવમ્ ॥૫૨॥

એક મહિના સુધી બીલીના ઝાડની નીચે આસન લગાવીને જપ કરવાથી રાજ્ય મળે છે. બીલીના ઝાડનું મૂળ, તેનાં ફળ, ફૂલ અને પાંદડાંનો એકસાથે હવન કરવાથી પણ રાજ્ય મળે છે.

હુત્વા પદ્મશતં માસં રાજ્યમાપ્નોત્યકંટકમ્ ।
યવાગું ગ્રામમાપ્નોતિ હુત્વા શાલિસમન્વિતમ્ ।।૫૩।।

એક માસ સુધી સો સો કમળનો હોમ કરવાથી રાજ્ય મળે છે. શાલી ચોખાની સાથે શીરાનો હવન કરવામાં આવે તો એક ગામ મળે છે.

અશ્વત્થ સમિધો હુત્વા યુદ્ધાદૌ જયમાપ્નુયાત્ ।
અર્કસ્ય સમિધો હુત્વા સર્વત્ર વિજયી ભવેત્ ।।૫૪।।

પીપળાની સમિધાઓ વડે હવન કરવાથી યુદ્ધમાં વિજય મળે છે. આકડાની સમિધાઓ હોમવાથી બધે જ વિજય પ્રાપ્ત છે.

સંયુક્તૈઃ પયસા પત્રૈઃ પુષ્પૈર્વાવેતસસ્યં ચ ।
પાયસેન શતં હુત્વા સપ્તાહં વૃષ્ટિમાપ્નુયાત્ ।।૫૫।।

નેતરના વૃક્ષનાં ફૂલ વડે અથવા પાંદડાં મેળવીને ખીરથી હવન કરવામાં આવે તો વરસાદ પડે છે.

નાભિદઘ્ને જલે જપ્તવા સપ્તાહં વૃષ્ટિમાપ્નુયાત્ ।
જલે ભસ્મ શતં હુત્વા મહાવૃષ્ટિં નિવારયેત્ ।।૫૬।।

નાભિ સુધી જળમાં ઊભા રહીને એક અઠવાડિયા સુધી ગાયત્રીનો જપ કરવાથી વરસાદ પડે છે અને ભસ્મ વડે જળમાં સો સો આહુતિઓ આપવાથી અતિવૃષ્ટિ રોકી શકાય છે.

પાલાશૈઃ સમવાપ્નોતિ સમિદ્ભિર્બ્રહ્મવર્ચસમ્ ।
પલાશકુસુમૈર્હુત્વા સર્વમિષ્ટમવાપ્નુયાત્ ।।૫૭।।

ખાખરાની સમિધાઓ હોમવાથી બ્રહ્મતેજ વધે છે અને કેસૂડાનાં ફૂલ હોમવાથી પોતાની બધી જ ઇચ્છાઓ ફળે છે.

પયો હુત્વાપ્નુયાન્મેધામાજ્યં બુદ્ધિમવાપ્નુયાત્ ।
પીત્વાભિમંત્ર્ય સુરસં બ્રાહ્મયા મેધામવાપ્નુયાત્ ।।૫૮।।

દૂધ અને ઘીની આહુતિઓ આપવાથી બુદ્ધિ વધે છે. મંત્રોચ્ચાર સાથે બ્રાહ્મીનો રસ પીવાથી બુદ્ધિ કુશાગ્ર થાય છે.

પુષ્પ હોમે ભવેદ્વાસસ્તન્તુભિસ્તદ્વિધં પટમ્ ।
લેવણં મધુના યુક્તં હુત્વેષ્ટં વશમાનયેત્ ।।૫૯।।

ફૂલનો હોમ કરવાથી વસ્ત્રો મળે છે ને તંતુઓનો હોમ કરવાથી પણ તેના જેવાં (ઝીણાં) વસ્ત્ર મળે છે. મીઠું ભેળવેલા મધનો હોમ કરવાથી ઇષ્ટદેવ વશમાં આવે છે.

નયેદિષ્ટં વશં હુત્વા લક્ષ્મી પુષ્પૈર્મધુપ્લુતૈઃ ।
નિત્યમંજલિનાત્માનમભિસિંચન્ જલે સ્થિતઃ ।।૬૦।।

લક્ષ્મીનાં ફૂલને મધમાં બોળીને હોમવાથી ઇષ્ટદેવ પ્રસન્ન થાય છે. પાણીમાં ઊભા રહીને ખોબાથી પોતાની ઉપર અભિષેક કરવાથી પણ ઇષ્ટદેવ પ્રસન્ન થાય છે.

મતિમારોગ્યમાયુષ્યન્નિત્યં સ્વાસ્થ્યમવાપ્નુયાત ।
કુર્યાદ્વિપ્રોઽન્યમુદ્દિશ્ય સોઽપિ પુષ્ટિમવાપ્નુયાત ।।૬૧।।

નિયમિત રીતે હવન કરવાથી બુદ્ધિ, નિરોગીતા, આયુષ્ય અને તંદુરસ્તી પ્રાપ્તિ થાય છે. કોઈ બ્રાહ્મણ બીજાને માટે પણ આવો પ્રયોગ કરે તો પણ તેને પુષ્ટિ મળે છે.

સુચારુ વિધિના માસં સહસ્રં પ્રત્યહં જપેત ।
આયુષ્કામઃ શુચૌ દેશે પ્રાપ્નુયાદાયુરુત્તમમ્ ।।૬૨।।

યોગ્ય પદ્ધતિથી એક માસ સુધી એક હજાર ગાયત્રી જપ કરવાથી આયુષ્ય વધે છે અને બળ વધે છે. આયુષ્યની ઇચ્છાવાળો પવિત્ર સ્થળમાં જપ કરે તો ઉત્તમ આયુષ્ય મેળવે છે.

**આયુરારોગ્યકામસ્તુ જપેન્માસદ્વયં દ્વિજઃ ।**
**ભવેદાયુષ્યમારોગ્યં શ્રિયૈ માસત્રયં જપેત ॥૬૩॥**

આયુષ્ય અને આરોગ્યની ઇચ્છાવાળા બ્રાહ્મણે બે માસ સુધી આ પ્રમાણે જપ કરવા. બે મહિના સુધી જપ કરવાથી આયુષ્ય અને તંદુરસ્તી વધે છે. લક્ષ્મીની ઇચ્છાવાળાએ આ પ્રમાણે ત્રણ મહિના સુધી જપ કરવા.

**આયુઃ શ્રીપુત્ર દારાદ્યૈશ્ચતુર્ભિઃ સુયશો જપાત્ ।**
**પુત્ર દારાયુરારોગ્યશ્રિયં વિદ્યાં ચ પંચભિઃ ॥૬૪॥**

ચાર મહિના સુધી જપ કરવાથી દીર્ઘ આયુષ્ય, લક્ષ્મી, સ્ત્રી અને યશ મળે છે. વળી આ ચાર ઉપરાંત વિદ્યાની ઇચ્છાવાળાએ પાંચ મહિના સુધી જપ કરવા.

**એવમેવોક્ત કામાર્થ જપેન્માસૈઃ સુનિશ્ચિતૈઃ ।**
**એકપાદો જપેદૂર્ધ્વબાહુઃ સ્થિત્વા નિરાશ્રયઃ ॥૬૫॥**

આ પ્રમાણે ઉપરની વસ્તુઓ મેળવવા માટે નક્કી કરેલા મહિનાઓ સુધી જપ કરવા જરૂરી છે. કોઈ પણ વસ્તુનો આધાર લીધા વિના એક પગ ઉપર ઊભા રહીને તથા ઊંચા કરીને જપ કરવા જોઈએ.

**માસં શતત્રયં વિપ્રઃ સર્વાન્કામનાવાપ્નુયાત ।**
**એવં શતોત્તરં જપ્તવા સહસ્રં સર્વમાપ્નુયાત્ ॥૬૬॥**

આ રીતે એક મહિના સુધી ૩૦૦ મંત્રનો રોજ જપ કરવાથી બધાં જ કાર્યો સફળ થાય છે. આ જ રીતે રોજ ૧૧૦૦ જપ કરવાથી બધાં જ કાર્યો સફળ થાય છે, બધું જ મળે છે.

**રુદ્ધવા પ્રાણમપાનં ચ જપેન્માસં શતત્રયમ્ ।**
**યદિચ્છેત્તદવાપ્નોતિ સર્વં સ્વાભીષ્ટમાપ્નુયાત્ ॥૬૭॥**

પ્રાણ અને અપાન વાયુને રોકીને રોજ ત્રણ સો મંત્રો એક મહિનો જપવાથી ઇચ્છિત વસ્તુ મળી શકે છે.

**એકપાદો જપેદ્દર્ધ્વ બાહૂ રુધ્વાનિલં વશી ।**
**માસં શતમવાપ્નોતિ યદિચ્છેદિતિ કૌશિકઃ ॥૬૮॥**

આકાશ તરફ હાથ ઊંચા રાખીને તથા એક પગ પર ઊભા રહીને યથાશક્તિ શ્વાસ રોકીને એક મહિના સુધી ૧૦૦ જપ રોજ કરવાથી ઇચ્છિત વસ્તુ મળી શકે છે. એમ 'કોશિક' કહે છે.

**એવં શતત્રયં જપ્તવાં સહસ્રં સર્વમાપ્નુયાત ।**
**નિમજ્જ્યાપ્સુ જપેન્માસં. શતમિષ્ટવાપ્નુયાત્ ॥૬૯॥**

એ પ્રમાણે ૧૩૦૦ મંત્ર જપવાથી બધું જ મળે છે. પાણીની અંદર ડૂબકી લગાવીને એક મહિના સુધી રોજ ૧૦૦ વાર મંત્ર જપવાથી બધી જ ઇચ્છિત્ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

**એવં શતત્રયં જપ્તવા સહસ્રં વૈ સર્વમાપ્નુયાત ।**
**એક પાદો જપેદ્દર્ધ્વં બાહૂ રુદ્ધૌ નિરાશ્રયઃ ॥૭૦॥**

એ જ પ્રમાણે ૧૩૦૦ મંત્ર રોજ જપવાથી બધી જ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. જપ કરતી વખતે એક પગ ઉપર ઊભા રહેવું. કશાનો આધાર ન લેવો અને હાથ આકાશ તરફ ઊંચા રાખવા.

**નક્તમશ્નન્હવિષ્યાન્નં વત્સરાદષિતામિયાત ।**
**ગીરમોઘા ભવેદેવં જપ્તવા સમ્વત્સરદ્વયમ્ ॥૭૧॥**

આ જ રીતે એક પગ પર ઊભા રહીને, રાત્રે એકવાર હવિષ્યાન્ન જમીને એક અઠવાડિયા સુધી જપ કરવાથી મનુષ્ય ઋષિ બને છે. આ રીતે બે વર્ષ જપ કરવાથી વાણી અમોઘ બને છે.

**ત્રિવસ્તરં જપેદેવં ભવેત ત્રિકાલદર્શનમ્ ।**
**આયાતિ ભગવાન્દેવશ્ચતુઃ સમ્વત્સરં જપેત ॥૭૨॥**

આ જ વિધિ પ્રમાણે ત્રણ વર્ષ સુધી જપ કરવાથી મનુષ્ય 'ત્રિકાળદર્શી' બની શકે છે અને જો આ જ પ્રમાણે ચાર વર્ષ સુધી જપ કરે તો સ્વયં ભગવાન તેની પાસે આવે છે.

**પંચભિર્વત્સરૈ રેવમણિમાદિયુતો ભવેત ।**
**એવં ષડ્વત્સરં જપ્તવા કામરુપિત્ત્વમાપ્નુયાત ॥૭૩॥**

આ જ પ્રમાણે પાંચ વર્ષ સુધી જપ કરવાથી અણિમા વગેરે આઠે સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે અને છ વર્ષ સુધી એક પગ પર ઊભા રહીને તથા હાથ ઊંચા કરીને જપ કરવાથી ઇચ્છામુજબ રૂપ ધારણ કરવાની સિદ્ધિ મળે છે.

**સપ્તભિર્વત્સરૈ રેવનનરત્વમવાપ્નુયાત ।**
**મનુત્વસિદ્ધિર્નવભિરિન્દ્રત્વં દશભિર્ભવત્ ॥૭૪॥**

સાત વર્ષ સુધી આ પ્રમાણે જપ કર્યાથી 'અમરતા' અર્થાત્ દેવપણુ પ્રાપ્ત થાય છે. નવ વર્ષ જપ કરવાથી 'મનુ' ની પદવી મળે છે અને દસ વર્ષ જપવાથી 'ઇન્દ્રાસન' મળે છે.

**એકાદશભિરાપ્નોતિ પ્રાજાપત્યં તુ વત્સરૈઃ ।**
**બ્રહ્મત્વં પ્રાપ્નુયાદેવં જપ્તવા દ્વાદશવત્સરાન્ ॥૭૫॥**

એક આસને અગિયાર વર્ષ સુધી જપ કરવામાં આવે તો મનુષ્ય પ્રજાપતિનું પદ મેળવી લે છે અને બાર વર્ષ પછી તો તેને બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે.

**એતૈનૈવ જિતા લોકાસ્તપસા નારદાદિભિઃ ।**
**શાકમન્યેડપરે મૂલંફલમન્યે પયોડપરે ॥૭૬॥**

આવા પ્રકારના તપથી જ નારદ વગેરે ઋષિઓએ બધા જ લોકને જીતી લીધેલા. એ તપસ્વીઓમાં કેટલાક શાકાહારી હતા, કેટલાક કન્દ ભોજી હતા, કેટલાક ફળાહારી હતા, તો વળી કેટલાક માત્ર દુગ્ધાહારી જ હતા.

**ઘૃતમન્યેડપરે સોમમપરે ચરુવૃત્તયઃ ।**
**ઋષયઃ ભૈક્ષ્યમશ્નન્તિ કેચિદ્ ભૈક્ષાશિનોડહનિ ॥૭૭॥**

કેટલાક વળી ઘી પર જીવનારા હતા, કેટલાક સોમપાન કરનારા હતા, કેટલાક ચરૂ રહેતા, તો કેટલાક વળી ફક્ત ભિક્ષા માગીને રહેતા.

**હવિષ્યમપ રેડશ્નન્તઃ કુર્વન્ત્યેવ પરં તપઃ ।**
**અથ શુદ્ધયૈ રહસ્યાનાં ત્રિસહસ્રં જપેદ્ દ્વિજઃ ॥૭૮॥**

કેટલાક લોકો હવિષ્યાન્ન ખાઈને મહાન તપ કરતા. પાપોમાંથી મુક્તિ મેળવવા દ્વિજે ત્રણ હજાર જપ કરવા જોઈએ.

**માસં શુદ્ધો ભવેત્સ્તેયાત્સુવર્ણસ્ય દ્વિજોત્તમઃ ।**
**જપેન્માસં ત્રિસહસ્રં સુરાપઃ શુદ્ધિમાપ્નુયાત ॥૭૯॥**

કોઈ દ્વિજે સોનાની ચોરી કરી હોય તો તેમાંથી મુક્તિ મેળવવા એક મહિના સુધી જપ કરવા જોઈએ. જે દ્વિજે મદિરા પીવાનું પાપ કર્યું હોય તેણે એક મહિના સુધી નિત્ય ત્રણ હજાર વાર જપ કરવા જોઈએ.

मासं जपेत. त्रिसहस्रं शुचिः स्याद् गुरुतल्पगः ।
त्रिसहस्रं जपेन्मासं कुटीं कृत्वा वने वसन् ॥८०॥
ब्रह्महत्योद्‌भावात्पापान्मुक्तिः कौशिकभाषितम् ।
द्वादशाहं निमज्यात्सु सहस्रं प्रत्यहं जपेत ॥८१॥

ગુરુપત્ની સાથે વ્યભિચાર કર્યો હોય તો એક માસ સુધી રોજ ૩૦૦ જપ કરવાથી તે તે પાપમાંથી છૂટી શકે. જંગલમાં ઝૂંપડી બનાવીને, તેમાં રહીને રોજ ૩૦૦૦ વાર એક માસ સુધી જપ કરવાથી બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્તિ મળે છે આમ 'વિશ્વામિત્રે' કહ્યું છે. જળમાં ડૂબકી લગાવીને બાર દિવસ સુધી રોજ એક હજાર જપ કરવા.

मुक्ताः स्यूरघव्यूहाच्च महापातकिनो द्विजाः ।
त्रिसहस्रं जपेन्मासं प्राणानायम्य वाग्यतः ॥८२॥

શુદ્ધ થઈને પ્રાણાયામપૂર્વક એક માસ સધી રોજ ત્રણ હજાર જપ કરવાથી મનુષ્ય મહાપાપમાંથી પણ છૂટી જાય છે.

महापातकयुक्तोऽपि मुच्यते महतो भयात् ।
प्राणायाम-सहस्रेण ब्रह्महत्यापि शुध्यति ॥८३॥

મહાન પાપી પણ કેમ ન હોય, તે પણ મોટા ભયમાંથી મુક્ત થઈ જાય છે. એક હજાર પ્રાણાયામ કરવાથી બ્રહ્મહત્યાવાળો પણ શુદ્ધ થાય છે.

षट् कृत्वा ह्यभ्यसेदूर्ध्व प्राणापानौ समाहितः ।
प्राणायामो भवेदेष सर्वपाप-प्रणाशनः ॥८४॥

છ વારનાં પ્રાણાયામ જે ઉપરની તરફ કરવામાં આવે છે તે કરવાથી માણસ બધાં પાપમાંથી છૂટે છે.

सहस्रमभ्यसेन्मासं क्षितिपः शुचितामियात ।
द्वादशाहं त्रिसहस्रं जपेद्धि गोवधे द्विजः ॥८५॥

રાજા એક મહિના સુધી જપ કરે તો પવિત્ર થઈ જાય છે અને ગૌહત્યા થઈ ગઈ હોય તો બાર દિવસ સુધી રોજ ૩૦૦૦ જપ કરવા.

अगम्यागमने स्तेये हननेऽभक्ष्यभक्षणे ।
दश सहस्रमभ्यस्ता गायत्री शोधयेत द्विजम् ॥८६॥

અગમ્ય સ્થાનમાં જવું, ચોરી કરવી, કોઈની હત્યા કરવી, અભક્ષ્ય પદાર્થ ખાવા વગેરે પાપોને દૂર કરવા માટે દસ હજાર ગાયત્રી જપ કરવા જોઈએ. જેથી 'દ્વિજ' શુદ્ધ બને છે.

प्राणायामशतं कृत्वा मुच्यते सर्वकिल्विषात ।
सर्वेषामेव पापानां संकरे सति शुद्धये ॥८७॥

સમગ્ર પ્રકારનાં પાપ એક સાથે થઈ ગયાં હોય અથવા બધાં પાપોએ કોઈને એક સાથે જ દૂષિત કર્યો હોય તો સો પ્રાણાયામ દ્વારા તે પાપોમાંથી મુક્તિ મળે છે.

सहस्रमभ्ययसेन्मासं नित्यं जापी वने वसन् ।
उपवाससमो जापस्त्रिसहस्रं तदित्यृचः ॥८८॥

વનમાં રોજ એક હજાર વાર જપ કરતો ત્યાં જ રહે તો બધાં જ પાપ દૂર થઈ જાય છે. ત્રણ હજાર જપથી એક ઉપવાસ જેટલું પુણ્ય મળે છે.

चतुर्विंशति साहस्रमभ्यस्ता कृच्छ्रसंज्ञिता ।
चतुष्षष्टिः सहस्राणि चान्द्रायणसमानि तु ॥८९॥

ચોવીસ હજાર ગાયત્રી જપ કરવાથી એક 'કૃચ્છ્ વ્રત' જેટલું પુણ્ય મળે છે અને ચોસઠ હજાર જપનું ફળ એક 'ચાંદ્રાયણ વ્રત' જેટલું હોય છે.

**શતકૃત્વોડભ્યસેન્નિત્યં પ્રાણાનાયમ્ય સન્ધ્યયોઃ ।**
**તદિત્યૃચમવાપ્નોતિ સર્વપાપક્ષયં પરમ્ ૯૦॥**

સવાર-સાંજ બંને સંધ્યાકાળે સો સો વાર જપ કરવાથી બધાં જ પાપ દૂર થઈ જાય છે.

**નિમજ્યાપ્સુ જપેન્નિત્યં શતકૃત્વસ્તદિત્યૃચમ્ ।**
**ધ્યાયેદ્ દેવીં સૂર્યરૂપાં સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૯૧॥**

જળમાં ઊભા રહીને રોજ સો ગાયત્રી જપ કરીને બધાં પાપોમાંથી મુક્તિ મેળવવી. જપ કરતી વખતે 'સૂર્યરૂપી ગાયત્રી'નું ધ્યાન કરવું જોઈએ.

**ઈતિ મે સમ્યગાખ્યાતા, શાન્તિ-શુદ્ધયાદિ કલ્પના ।**
**રહસ્યાતિરહસ્યાશ્ચ ગોપનીયાસ્ત્વયા સદા ॥૯૨॥**

હે નારદજી ! આ અમે તમને શાંતિ અને શુદ્ધિ વગેરે માટેનું રહસ્ય કહ્યું. આ બધાં રહસ્યોનું પણ રહસ્ય છે. આ તમારે સદા ગુપ્ત રાખવા જેવું છે.

**ઈતિ સંક્ષેપતઃ પ્રોક્તઃ સદાચારસ્ય સંગ્રહઃ ।**
**વિધિનાચરણાદસ્ય માયા દુર્ગા પ્રસીદતિ ॥૯૩॥**

આ સદાચારનો સંગ્રહ અમે તમને સંક્ષેપમાં કહ્યો. આનું વિધિપૂર્વક આચરણ કરવાથી માતા - દુર્ગા પ્રસન્ન થાય છે.

**નૈમિત્તિકં ચ નિત્યં ચ કામ્યં કર્મ યથાવિધિ ।**
**આચરેન્મનુજઃ સોડયં મુક્તિભુક્તિફલાપ્તિભાક્ ॥૯૪॥**

જે પુરુષ નિત્ય નૈમિત્તિક અને કામ્ય કર્મો વિધિપૂર્વક કરે છે તે ભક્તિ અને મુક્તિ બંનેનો અધિકારી છે.

**આચારઃ પ્રથમો ધર્મો ધર્મસ્ય પ્રભુરીશ્વરી ।**
**ઈત્યુક્તં સર્વ શાસ્ત્રેષુ સદાચાર - ફલં મહત્ ॥૯૫॥**

આચારને પહેલો (મુખ્ય) ધર્મ ગણ્યો છે તથા દેવી ધર્મની સ્વામિની છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે સદાચારના જેવી ફળદાયક વસ્તુ જગતમાં બીજી કોઈ નથી.

**આચારવાન્સદા પૂતઃ સદૈવાચારવાન્સુખી ।**
**આચારવાન્સદા ધન્યઃ સુત્યં સત્યં ચ નારદ ॥૯૬॥**

સદાચારી પુરુષ સદા પવિત્ર અને સદા સુખી હોય છે. હે નારદજી ! એ વાત તદ્દન સત્ય છે કે સદાચારી મનુષ્ય ધન્ય હોય છે.

**દેવીપ્રસાદ-જનકં સદાચાર-વિધાનકમ્ ।**
**શ્રાવયેત શ્રૃણુયાન્મર્ત્યો મહાસંપત્તિસૌખ્યભાક્ ॥૯૭॥**

દેવીની કૃપા અપાવનાર આ સદાચાર વિધાનનું જે મનુષ્ય પઠન-પાઠન કરે છે તે સર્વ રીતે સુખી થાય છે.

**જપ્યં ત્રિવર્ગ સંયુક્તં ગૃહસ્થેન વિશેષતઃ ।**
**મુનીનાં જ્ઞાનસિદ્ધયર્થં યતીનાં મોક્ષસિદ્ધયે ॥૯૮॥**

ખાસ કરીને જપ કરનાર ગૃહસ્થને ત્રિવર્ગની પ્રાપ્તિ થાય છે. મુનિઓને જ્ઞાનસિદ્ધિ મળે છે તથા યતિઓને મોક્ષ મળે છે.

**ત્રિરાત્રૌપોષિતઃ સમ્યગ્ઘૃતંહુત્વા સહસ્રશઃ ।**
**સહસ્રં લાભમાપ્નોતિ હુત્વાગ્નૌ ખદિરેન્ધનમ્ ॥૯૯॥**

ત્રણ રાત્રિઓ ઉપવાસ કરીને જે 'ખેરના વૃક્ષ'ની સમિધાઓ સાથે યોગ્ય રીતે ઘીની આહુતિઓ આપે છે તેને પુષ્કળ ધનની પ્રાપ્તિનો લાભ થાય છે.

**પાલાશૈર્હિ સમિદ્ભિશ્ચ ઘૃતાક્તૈસ્તુ હુતાશને ।**
**સહસ્રં લાભમાપ્નોતિ રાહુસૂર્ય-સમાગમે ॥૧૦૦॥**

સૂર્યગ્રહણના સમયમાં ઘી સાથે ખાખરના વૃક્ષની સમિધાઓનો હવન કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે.

**હુત્વા તુ ખદિરં વહ્નૌ ઘૃતાક્તં રક્તચંદનમ્ ।**
**સહસ્રં હેમમાપ્નોતિ રાહુચંદ્ર-સમાગમે ॥૧૦૧॥**

ખેર તથા રક્ત ચંદનને ઘીમાં બોળીને 'ચંદ્રગ્રહણ' વખતે અગ્નિમાં હોમવાથી હજાર સુવર્ણ (મુદ્રાઓ)ની પ્રાપ્તિ થાય છે.

**રક્તચંદન-ચૂર્ણં તુ સઘૃતં હવ્યવાહને ।**
**હુત્વા ગોમયમાપ્નોતિ સહસ્રં ગોમયં દ્વિજઃ ॥૧૦૨॥**

રક્ત ચંદનને ઘીમાં મેળવી તેની હજાર આહુતિઓ આપવાથી મનુષ્યને ઘી, દૂધ વગેરે ગોમયની તૂટ પડતી નથી.

**જાતી-ચંપક-રાજાર્ક-કુસુમાનાં સહસ્રશઃ ।**
**હુત્વા વસ્ત્રમવાપ્નોતિ ઘૃતાક્તાનાં હુતાશને ॥૧૦૩॥**

ચમેલી, ચંપો અને રાજાર્કનાં ફૂલોની ઘી સાથે હજાર આહુતિઓ આપવાથી વસ્ત્રો મળે છે.

**સૂર્યમણ્ડલ-બિમ્બે ચ હુત્વા તોયં સહસ્રશઃ ।**
**સહસ્રઃ પ્રાપ્નુયાદ્ધેમં રૌપ્યમિન્દુમયે હુતે ॥૧૦૪॥**

જ્યારે સૂર્યમંડળનું માત્ર પ્રતિબિંબ દેખાતું હોય અર્થાત્ સૂર્યોદય થતો હોય ત્યારે હજાર વાર તર્પણ કરવાથી તથા સૂર્યોદય પહેલાં ચંદ્રકાળમાં હજાર આહુતિઓ આપવાથી સોનું તથા ચાંદી મળે છે.

**અલક્ષ્મીપાપ-સંયુક્તો મલવ્યાધિ-સમન્વિતઃ ।**
**મુક્તઃ સહસ્રજાપ્યેન સ્નાનાદ્યસ્તુ જલેન વૈ ॥૧૦૫॥**

જળમાં સ્નાન કરીને એક હજાર વાર જપ કરવાથી અલક્ષ્મી, પાપ, મળ અને વ્યાધિ નાશ પામે છે.

**સગોઘૃતેન સહસ્રં લોધ્રેણ જુહ્યાદ્યદિ ।**
**ચૌરાગ્નિમારુતોત્થાનિ ભયાનિ ન ભવન્તિ વૈ ॥૧૦૬॥**

લવિંગ ગાયના ઘીમાં મેળવીને હજાર વાર હોમવાથી ચોર, અગ્નિ અને વાયુના ઉપદ્રવોનો ભય દૂર થઈ જાય છે.

**ક્ષીરાહારો જપેલ્લક્ષમપમૃત્યુમપોહતિ ।**
**ઘૃતાશી પ્રાપ્નુયાન્મેધાં બહુ વિજ્ઞાન સંચયામ્ ॥૧૦૭॥**

ફક્ત દૂધ પર રહીને એક લાખ ગાયત્રીનો જપ કરવાથી અકાળ મૃત્યુનો ભય દૂર થઈ જાય છે. ફક્ત ઘી ખાઈને એમ કરનારને મેધા (બુદ્ધિ) મળે છે અને તે દ્વારા બહુ પ્રકારનું વિજ્ઞાન પ્રાપ્ત થાય છે.

हुत्वा वेतसपत्राणि घृताक्तानि हुताशने ।
लक्षाधिपत्यपदवीमाप्नोतीति न संशयः ॥१०८॥

નેતરનાં પાંદડાં ઘીમાં બોળી અગ્નિમાં હવન કરવાથી લક્ષાધિપતિની પદવી મળે છે એ નિઃસંશય છે.

लाक्षा भस्म होमं च कृत्वा ह्युत्तिष्ठते जलात् ।
आदित्याभिमुखं स्थित्वा नाभि मात्रजले शुचौ ॥१०९॥
गर्भपातादि प्रदराश्चान्ये स्त्रीणां महारुजः ।
नाशमेष्यन्ति ते सर्वे मृतवत्साहि दुःखदाः ॥११०॥

જળમાં ઊભા રહીને લાખની ભસ્મની આહુતિ આપીને તથા પવિત્ર થઈને સૂર્યની સામે નાભિ સુધી જળમાં ઊભો રહે તો ગર્ભપાત, પ્રદર, મૃત સંતાન વગેરે જેવા સ્ત્રી સંબંધી મોટા રોગો દૂર થઈ જાય છે.

तिलानां लक्षहोमेन घृताक्तानां हुताशने ।
सर्वकामसमृद्धात्मा परां सिद्धिमवाप्नुयात ॥१११॥

ઘી મેળવેલા તલની એક લાખ આહુતિઓ આપવાથી બધાં જ કાર્યો સફળ થાય છે તથા પરમ સ્થાન પ્રાપ્ત થાય છે.

यवानां लक्षहोमेन घृताक्तानां हुताशने ।
सर्वकामसमृद्धात्मा परां सिद्धिमवाप्नुयात ॥११२॥

ઘી મેળવેલ જવની એક લાખ આહુતિઓ આપવાથી બધાં પ્રકારનાં કર્મો સફળ થાય છે તથા પરાસિદ્ધિ મળે છે.

घृतस्याऽऽहुतिलक्षेण सर्वान्कामानवाप्नुयात ।
पंचगव्याशनो लक्षं जपेच्चाति स्मृतिर्भवेत् ॥११३॥

એક લાખ ઘીની આહુતિઓ આપવાથી બધાં કામો સિદ્ધ થાય છે. પંચગવ્ય પીને એક લાખ જપ કરવાથી યાદશક્તિ વધે છે.

अन्नादि-हवनान्नित्यमन्नादिश्च भवेत्सदा ।
तदेव ह्यनले हुत्वा प्राप्नोति बहुसाधनम् ॥११४॥

આ પ્રમાણે અન્ન વગેરેથી રોજ હવન કર્યાથી અન્ન વગેરે પ્રાપ્ત થાય છે અને અગ્નિમાં આહુતિઓ આપ્યાથી પુષ્કળ સાધન-સામગ્રીની પ્રાપ્તિ થાય છે.

लवणं मधुसंयुक्तं हुत्वा सर्ववशी भवेत ।
हुत्वा तु करवीराणि रक्तानि ज्वालयेज्ज्वरम् ॥११५॥

મીઠું અને મધ ભેગાં કરીને હોમવાથી બધા વશ થાય છે. તાવ મટાડવા માટે લાલ કરેણના ફૂલ વડે હવન કરવો.

हुत्वा भल्लातकी-तैलं देशादेव प्रचालयेत ।
हुत्वा तु निम्ब-पत्राणि विद्वेषं शमयेन्नृणाम् ॥११६॥

ભિલાવાના તેલની આહુતિઓ આપવાથી ઉચ્ચાટન થઈ જાય છે. લીમડાનાં પાનનો હોમ કરવાથી દ્વેષ દૂર થઈ જાય છે.

सुरक्तान्तण्डुलान्नित्यं घृताक्तान् च हुताशने ।
हुत्वा बलमवाप्नोति शत्रुभिर्न स जीर्यते ॥११७॥

લાલ ચોખાને ઘીમાં મેળવીને હોમવાથી બળ વધે છે અને શત્રુઓનો ક્ષય થાય છે.

प्रत्यानयन-सिद्धयर्थं मधुसर्पिः समन्वितम् ।
ગવાં ક્ષીરં પ્રદીપ્તેઽગ્નૌ જુહ્વતસ્તત્પ્રશામ્યતિ ॥૧૧૮॥

કોઈને પાછો બોલાવવા માટે મધ અને ઘીના મિશ્રણનો હવન કરવો જોઈએ, ગાયના દૂધનો પ્રદીપ્ત અગ્નિમાં હવન કરવાથી શાંતિનો નિવાસ થાય છે.

બ્રહ્મચારી જિતાહારો યઃ સહસ્રત્રયં જપેત ।
સમ્વત્સરેણ લભતે ધનૈશ્વર્યં ન સંશયઃ ॥૧૧૯॥

આહારને વશમાં રાખી જે બ્રહ્મચારી ત્રણ હજાર ગાયત્રીનો જપ કરે તે એક વર્ષની અંદર જ ધન અને ઐશ્વર્ય વગેરે મેળવે છે. આ વાતમાં કંઈ સંશય નથી.

શમીબિલ્વપલાશાનામર્કસ્ય તુ વિશેષતઃ ।
પુષ્પાણાં હિ સમિદ્દ્ભિશ્ચ હુત્વા હેમમવાપ્નુયાત ॥૧૨૦॥

સમડો, બીલી, ખાખરો અને ખાસ કરીને આકડાનાં ફૂલની સમિધા બનાવીને જે હવન કરે છે તેને સુવર્ણની પ્રાપ્તિ થાય છે.

આબ્રહ્મ ત્ર્યમ્બકાદ્યન્તં યો હિ પ્રયતમાનસઃ ।
જપેલ્લક્ષં નિરાહારઃ ગાયત્રી વરદા ભવેત્ ॥૧૨૧॥

નિરાહારી રહીને આ બ્રહ્મમંત્રથી માંડીને ત્ર્યમ્બકંયજામહે એ મંત્રનો લાખ વાર જપ કરવાથી ગાયત્રી વરદાન આપનારી થાય છે. અર્થાત્ પ્રસન્ન થાય છે.

મહારોગા વિનશ્યન્તિ લક્ષ્ય જપ્યાનુભાવતઃ ।
સ્નાત્વા તથૈવ ગાયત્ર્યાઃ શતમન્તર્જલે જપેત્ ॥૧૨૨॥

ભાવનાપૂર્વક એક લાખ વાર ગાયત્રી જપ કરવાથી મહારોગો નષ્ટ થઈ જાય છે તથા સ્નાન કરીને જળની અંદર સો વાર જપ કરવાથી પણ રોગ દૂર થાય છે.

સ્વર્ણહારી, તૈલહારી યસ્તુ વિપ્રઃ સુરાં પિબેત ।
ચંદનદ્વય-સંયુક્તં કર્પૂરં તણ્ડુલં યવમ્ ॥૧૨૩॥
લવંગં સુફલં ચાજ્યં સિતાં ચામ્રસ્ય દારુકમ્ ।
જુહુયાદ્વિધિરુક્તોઽયં ગાયત્ર્યાઃ પ્રીતિકારકઃ ॥૧૨૪॥

સોનું તથા તેલની ચોરી અને સુરાપાન દ્વારા થયેલાં પાપ દૂર કરવા માટે બંને જાતનાં ચંદન, કપૂર, ચોખા, જવ, લવિંગ, નારિયેળ, ઘી, સાકર અને આંબાનું લાકડું વગેરે દ્રવ્યો વડે હવન કરવો. આ સામગ્રીઓ ગાયત્રીને ખૂબ પ્રિય છે.

ક્ષીરોદનં તિલાન્દૂર્વાં ક્ષીરદ્રુમ સમિદ્વરાન્ ।
પૃથક્ સહસ્રત્રિતયં જુહુયાન્મંત્ર-સિદ્ધયે ॥૧૨૫॥

પ્રણવયુક્ત ૨૪ લાખ ગાયત્રી જપ કરીને જપની સિદ્ધિને માટે ખાસ દૂધ, ભાત, તલ, દૂર્વા અને વડ તથા ઉમ્બેરડો વગેરે દૂધવાળાં વૃક્ષોની સમિધાઓ વડે ત્રણ હજાર આહુતિઓનો હોમ કરવો.

તત્ત્વસંખ્યા સહસ્રાણિ મંત્રવિજ્જુહુયાત્તિલૈઃ ।
સર્વપાપવિનિર્મુક્તો દીર્ઘમાયુઃ સ વિન્દતિઃ ॥૧૨૬॥

મંત્રના જાણકારે તલની ૨૪ હજાર આહુતિઓ આપવી. એમ કરવાથી તે સંપૂર્ણ પાપોથી શુદ્ધ બને છે અને દીર્ઘાયુ થાય છે.

આયુષે સાજ્યહવિષા કેવલેનાથ સર્પિષા ।
દૂર્વાક્ષીરતિલૈર્મન્ત્રી જુહુયાત્રિસહસ્રકમ્ ॥૧૨૭॥

લાંબા આયુષ્યની ઈચ્છાવાળા મનુષ્યે ઘી યુક્ત સામગ્રી વડે અથવા ફક્ત ઘી વડે આહુતિઓ

આપવી અથવા દૂર્વા, ખીર અને તલની ત્રણ હજાર આહુતિઓ આપવી.

**અરુણાબ્જૈસ્ત્રિમધ્વક્તૈર્જુહુયાદયુતં તતઃ ।**
**મહાલક્ષ્મીર્ભવેત્તસ્ય ષણ્માસાન્ન સંશય ॥૧૨૮॥**

ત્યાર પછી લાલ કમળોને મધમાં બોળીને દસ હજાર આહુતિઓ આપવી. આમ કરવાથી છ મહિનામાં માણસ ધનવાન બની જાય છે એ વાતમાં સંશય નથી.

**સવ્યાહૃતિં સપ્રણવાં ગાયત્રીં શિરસા સહ ।**
**યે જપન્તિ સદા તેષાં ન ભયં વિદ્યતે ક્વચિત ॥૧૨૯॥**

જે મનુષ્યો પ્રણવ, વ્યાહૃતિ તથા શિરની સાથે ગાયત્રી મંત્રનો જપ કરે છે તેમને ક્યાંય ભય રહેતો નથી.

**શતં જપ્તા તુ સા દેવી દિનપાપપ્રણાશિની ।**
**સહસ્રં જપ્તા સા દેવી સર્વકલ્મષનાશિની ॥૧૩૦॥**

સો વાર જપ કરવાથી આખા દિવસના પાપ નષ્ટ થાય છે અને હજાર વાર જપ કરવાથી અનેક પાપોનો નાશ થાય છે.

**દશ સહસ્ર જપાત્સા પાતકેભ્યઃ સમુદ્ધરેત ।**
**સ્વર્ણસ્તેયકૃદ્યો વિપ્રો બ્રાહ્મણો ગુરુતલ્પગઃ ॥૧૩૧॥**

દસ હજાર વાર જપ કરવાથી સુવર્ણની ચોરીથી થતું પાપ અને ગુરુની સ્ત્રી સાથેના વ્યભિચારનું પાપ નષ્ટ થાય.

**સુરાપશ્ચ વિશુધ્યેત લક્ષજાપાન્ન સંશયઃ ।**
**પ્રાણાયામત્રયં કૃત્વા સ્નાનકાલે સમાહિતઃ ॥૧૩૨॥**

સ્નાન કરતી વખતે ત્રણ વખત પ્રાણાયામ કરીને જો ગાયત્રીના એક લાખ જપ કરવામાં આવે તો મદિરાપાનનો દોષ દૂર થાય છે.

**અહોરાત્રકૃતાત્પાપાત્તત્ક્ષણાદેવ મુચ્યતે ।**
**પ્રાણાયામૈઃ ષોડશભિર્વ્યાહૃતિપ્રણવાન્વિતૈઃ ॥૧૩૩॥**

પ્રણવ અને મહાવ્યાહૃતિ સાથે જો સોળ વખત પ્રાણાયામ કરવામાં આવે તો તરત જ રાત્રિ અને દિવસનાં પાપ નષ્ટ થાય છે.

**ભ્રૂણહત્યાયુતં દોષં પુનાતિ સતતં જપાત ।**
**હુતા દેવી વિશેષેણ સર્વકામપ્રદાયિની ॥૧૩૪॥**

રોજ એક હજાર જપ એક મહિના સુધી કરવામાં આવે તો તેનાથી ગર્ભહત્યાનું પાપ દૂર થઈ જાય છે. ખાસ કરીને ગાયત્રી મંત્ર દ્વારા હવન કરવાથી બધી જ ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

**સર્વપાપક્ષયકારી વરદા ભકતવત્સલા ।**
**શાન્તિકામસ્તુ જુહુયાત સાવિત્રીમક્ષતૈઃ શુચિઃ ॥૧૩૫॥**

ગાયત્રી સમસ્ત પાપોનો નાશ કરનારી અને વરદાન દેવાવાળી તથા ભક્તો પર કૃપા કરનારી છે. એથી શાંતિની ઇચ્છાવાળાએ પવિત્ર થઈને ગાયત્રી મંત્ર દ્વારા ચોખાનો હવન કરવો.

**હન્તુકામોઽપમૃત્યું ચ ધૃતેન જુહુયાત્તથા ।**
**શ્રીકામસ્તુ તથા પદ્મૈર્વિલ્વૈઃ કાંચનકામુકઃ ॥૧૩૬॥**

અપમૃત્યુનો નાશ કરવાની ઇચ્છાવાળા મનુષ્યે ઘી દ્વારા, શોભા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ કમળો વડે, સુવર્ણની ઇચ્છાવાળાએ બીલીપત્રો દ્વારા ગાયત્રી મંત્રથી હવન કરવો.

બ્રહ્મવર્ચસકામસ્તુ પયસા જુહુયાત્તથા ।
ધૃતાપ્લુતૈસ્તિલૈરગ્નૌ જુહુયાત્સુસમાહિતઃ ॥૧૩૭॥

બ્રહ્મતેજની ઇચ્છાવાળાએ સાવધાન થઈને દૂધથી હવન કરવો તથા ઘીવાળા તલ વડે અને ઘી વડે હોમ કરવો.

ગાયત્ર્યયુત-હોમાચ્ચ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।
પાપાત્મા લક્ષ-હોમેન પાતકેભ્યઃ પ્રમુચ્યતે ॥૧૩૮॥

દસ હજાર ગાયત્રીના હોમથી બધાં જ પાપોમાંથી છૂટી જવાય છે અને મહાન પાપી એક લાખ આહુતિઓના હવનથી મોટાં પાપોમાંથી મુક્ત બને છે.

ઇષ્ટ લોકમવાપ્નોતિ પ્રાપ્નુયાત્કામભીપ્સિતમ્ ।
ગાયત્રી વેદજનની ગાયત્રી પાપનાશિની ॥૧૩૯॥

ગાયત્રી વેદોની માતા અને પાપોનો નાશ કરનારી છે એથી ગાયત્રીની ઉપાસના કરનાર વ્યક્તિ ઇચ્છા મુજબના લોકને પ્રાપ્ત કરે છે.

ઉપાંશુઃ સ્યાચ્છતગુણઃ સાહસ્ત્રો માનસઃ સ્મૃતઃ ।
નોચ્ચૈર્જપમતઃ કુર્યાત્સાવિત્ર્યાસ્તુ વિશેષતઃ ॥૧૪૦॥

ઉપાંશુ (હોઠ ન હાલે એ રીતે) જપ કરવાથી સો ગણું ફળ મળે છે અને મનમાં જ જપ કરવાથી હજાર ગણું ફળ મળે છે. એથી ખાસ કરીને ગાયત્રી જપ મોંથી ન કરવો.

સાવિત્રીજાપ-નિરતઃ સ્વર્ગમાપ્નોતિ માનવઃ ।
ગાયત્રીજાપ-નિરતો મોક્ષોપાયં ચ વિન્દતિ ॥૧૪૧॥

ગાયત્રીનો જપ કરનાર પુરુષ સ્વર્ગને મેળવે છે અને મોક્ષ પણ પામે છે.

તસ્માત્સર્વપ્રયત્નેન સ્નાતઃ પ્રયતમાનસઃ ।
ગાયત્રીં તુ જપેદ્‌ભક્ત્યા સર્વપાપપ્રણાશિની ॥૧૪૨॥

આથી બધા જ પ્રયત્ને સ્નાન કરીને, સ્થિર થઈને બધાં પાપોનો નાશ કરનારી આ ગાયત્રીનો જપ કરવો જોઈએ.

એવં યઃ કુરુતે રાજા લક્ષહોમં યતવ્રતઃ ।
ન તસ્ય શત્રવઃ સંખ્યે અગ્રે તિષ્ઠન્તિ કર્હિચિત્ ॥૧૪૩॥

જે રાજા વ્રતપૂર્વક ગાયત્રીની એક લાખ આહુતિઓનો હોમ કરે છે તેના શત્રુ યુદ્ધમાં તેની સામે ટકી શકતા નથી.

નાકાલ-મરણં દેશે વ્યાધિર્વા જાયતે તથા ।
અતિવૃષ્ટિરનાવૃષ્ટિર્મૂષકાઃ શલભાઃ શુકાઃ ॥૧૪૪॥

તેના દેશમાં અકાળ મૃત્યુ તથા વ્યાધિનો ભય કદી રહેતો નથી. અતિવૃષ્ટિ, ઉંદર, તીડ અને પક્ષીઓથી રક્ષણ થાય છે.

રાક્ષસાદ્યાઃ: વિનશ્યન્તિ સર્વાસ્તત્ર તથેતયઃ ॥૧૪૫॥
રસવન્તિ ચ તોયાનિ રાજ્યં ચ નિરુપદ્રવમ્ ।
ધર્મિષ્ઠા જાયતે ચેષ્ટા ભદ્રં ભવતિ સર્વતઃ ॥૧૪૬॥

તેને બધા જ પ્રકારની ઇતિઓ, તીડ, ઉંદર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પક્ષીઓ અને દુશ્મન રાજા વગેરે છ પ્રકારના ઉપદ્રવો તેમજ રાક્ષસોનો ભય રહેતો નથી. એટલે કે એ બધાનો વિનાશ થાય છે.

**કોટિ હોમં તુ યો રાજા કારયેદ્વિધિપૂર્વકમ્ ।**
**ન તસ્ય માનસો દાહ ઈહ લોકે પરત્ર ચ ॥**
**કોટિ હોમે તુ વરયેત્ બ્રાહ્મણાન્ વિંશતિઃ નૃપઃ ॥૧૪૭॥**

જે રાજા વિધિપૂર્વક એક કરોડ આહુતિઓનો હોમ કરે છે તેનું ચિત્ત શાંત અને સ્થિર રહે છે. તેને આ લોક કે પરલોકમાં ક્યાંય માનસિક દાહ સતાવી શકતો નથી. આ કોટિહોમમાં રાજા વીસ બ્રાહ્મણોની વરણી કરે.

**શતં વાથ સહસ્રં વા ય ઈચ્છેદ્ ગતિમાત્મનઃ ।**
**કોટિ હોમં સ્વયં યસ્તુ કુરુતે શ્રદ્ધયા દ્વિજઃ ॥૧૪૮॥**
**ક્ષત્રિયો વાથ વૈશ્યો વા તસ્ય પુણ્યફલં મહત્ ।**
**યદ્ યદિચ્છતિ કામાન્વૈ તત્તદાપ્નોત્યસંશયમ્ ॥૧૪૯॥**

જે દ્વિજ આત્માની સદ્‌ગતિને માટે સો હજાર કે કરોડ આહુતિઓ પોતાની જાતે આપે છે તે શ્રદ્ધાપૂર્વક કરતો હોય તો તે ક્ષત્રિય હોય કે વૈશ્ય હોય, તેને મોટા પુણ્યનું ફળ મળે છે અને તે જે જે વસ્તુઓની ઈચ્છા કરે તે તેને અવશ્ય મળે છે.

**સશરીરોઽપિ ચેદ્ ગન્તું દિવમિચ્છેત્તદાપ્નુયાત્ ।**
**સાવિત્રી પરમા દેવી સાવિત્રી પરમાત્પરા ॥૧૫૦॥**

સાવિત્રી દેવી જે દેવોની પણ દેવ છે તેનો આશ્રય લેવાથી મનુષ્ય સદેહે સ્વર્ગમાં જવાની ઈચ્છા કરે તો તે પણ પૂર્ણ થઈ શકે છે.

**સર્વકામપ્રદા ચૈવ સાવિત્રી કથિતા પુનઃ ।**
**અભિચારેષુ તાં દેવીં વિપરીતાં વિચિન્તયેત્ ॥૧૫૧॥**

સાવિત્રી બધાં જ કાર્યો અને અભિલાષાઓની પૂર્ણ કરનારી કહેવાય છે. એના અભિચાર માટે ઊલટા મંત્ર જપવા જોઈએ.

**કાર્યા વ્યાહૃતયશ્ચાત્ર વિપરીતાક્ષરાસ્તથા ।**
**વિપરીતાક્ષરં કાર્યં શિરશ્ચ ઋષિસત્તમ ॥૧૫૨॥**

એ કાર્ય માટે વ્યાહૃતિઓનો ક્રમ પણ ઊલટો કરવો જોઈએ. હે ઋષિશ્રેષ્ઠ ! તેના શિરના અક્ષરો પણ વિપરીત રીતે કરવા જોઈએ.

**આદૌ શિરઃ પ્રયોક્તવ્યં પ્રણવોઽન્તે ચ વૈ ઋષે ।**
**ભીતિસ્થેનેવ ફટ્કારં મધ્યે નામ પ્રકીર્તિતમ્ ॥૧૫૩॥**

પહેલો શિરનો પ્રયોગ કરવો અને અંતે પ્રણવનો ઉચ્ચારણ કરવો. 'ફટ'કારને મધ્યમાં લેવો.

**ગાયત્રીં ચિંતયેત્તત્ર દીપ્તાનલસમપ્રભામ્ ।**
**ઘાતયન્તીં ત્રિશૂલેન કેશેષ્વાક્ષિપ્ય વૈરિણમ્ ॥૧૫૪॥**

એ સમયે પ્રજ્વલિત અગ્નિના પ્રકાશ જેવા તેજવાળી ગાયત્રી દેવીનું ચિંતન કરવું અને તે દેવી શત્રુઓના વાળ પકડીને તેમને ત્રિશૂળ મારી રહી છે એવું તેનું ધ્યાન કરવું.

**એવં વિધા ચ ગાયત્રી જપ્તવ્યા રાજસત્તમઃ ।**
**હોતવ્યા ચ યથા શક્ત્યા સર્વકામસમૃદ્ધિદા ॥૧૫૫॥**

હે શ્રેષ્ઠ રાજા ! બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરનારી ગાયત્રીનો આ પ્રકારે જપ કરવો અને શક્તિ મુજબ હોમ કરવો.

**નિર્દહન્તી ત્રિશૂલેન ભૃકુટી ભૂપિતાનનામ્ ।**
**ઉચ્ચાટને તુ તાં દેવીં વાયુભૂતાં વિચન્તિયે ત ॥૧૫૬॥**

ઉચ્ચાટન કરવાની વિધિમાં, ત્રિશૂળથી શત્રુને મારતી અને ચઢેલાં ભવાંથી સુશોભિત મુખમંડળવાળી તે વાયુરૂપ દેવીનું ધ્યાન કરવું.

**ધાવમાનં તથા સાધ્યં તસ્માદ્ દેશાતિદૂરતઃ ।**
**અભિચારેષુ હોતવ્યા રાજિકા વિષમિશ્રિતાઃ ॥૧૫૭॥**

ધાવમાન તેમજ સાધ્યે તે દેશથી દૂરના અભિચારમાં વિષ ભેળવેલા પદાર્થનો હોમ કરવો.

**સ્વરક્તસિક્તં હોતવ્યં કટુતૈલમથામપિ વા ।**
**તત્રાડપિ ચ વિષં દેયં હોમકાલે પ્રયત્નતઃ ॥૧૫૮॥**

પોતાના રક્તને સરસવના તેલમાં ભેળવી તથા તેમાં ઝેર મેળવીને પ્રયત્નપૂર્વક હોમના સમયમાં આપવું જોઈએ.

**ક્રોધેન મહતાવિષ્ટઃ પરાન્નાભિચરેદ્બુધઃ ।**
**ન જુહ્યાત યદિ ક્રોધેન ધ્રુવં નશ્યેત સ એવ તુ ॥૧૫૯॥**

પરંતુ ક્રોધના આવેશમાં આવીને શત્રુનો વધ કરવાની આ પદ્ધતિનો ઉપયોગ ન કરવો જોઈએ. જો આવો પ્રયોગ શત્રુ ઉપર સફળ ન થાય તો તે કરનારને જ નષ્ટ કરે છે.

**અનાગસિ ન કર્ત્તવ્યો હ્યભિચારો મતો બુધૈઃ ।**
**સ્વલ્પાગસિ ન કર્ત્તવ્યો હ્યભિચારો મહામુને ॥૧૬૦॥**

બુદ્ધિમાન પુરુષોએ આ ચારનો પ્રયોગ નિર્દોષ વ્યક્તિ પર નહિ કરવો જોઈએ. હે મુનીશ્વર ! નાના અપરાધમાં પણ આનો ઉપયોગ કરવો ઠીક ન ગણાય.

**મહાપરાધં બલિનં દેવ-બ્રાહ્મણ-કણ્ટકમ્ ।**
**અભિચારેણ યો હન્યાન્ન સ દોષેણ લિપ્યતે ॥૧૬૧॥**

મોટો અપરાધ કરનાર બળવાન મનુષ્યને તથા દેવ અને બ્રાહ્મણને કષ્ટ આપનારને કોઈ આ રીતે હણે તો તેમાં દોષ નથી.

**ધર્મસ્ય દાનકાલે ચ સ્વલ્પાગસિ તથૈવ ચ ।**
**અભિચારં ન કુર્વીત બહુપાપં વિચક્ષણઃ ॥૧૬૨॥**

ધર્મ તેમજ દાનના સમયમાં તથા અલ્પ અપરાધના પ્રસંગમાં પંડિતે બહુપાપરૂપી આ અભિચાર ન કરવો.

**બહૂનાં કણ્ટકાત્માનં પાપાત્માનં સુદુર્મ્મતિમ્ ।**
**હન્યાત્કૃતાપરાધાન્હિ તસ્ય પુણ્યં-ફલં મહત ॥૧૬૩॥**

જે પાપી તેમજ દુષ્ટબુદ્ધિનો મનુષ્ય અનેક માણસોના માર્ગનો કાંટો બની બેઠો હોય તેવા અપરાધીને હણવાથી હત્યા કરનારને મહાન પુણ્ય મળે છે.

**યે ભક્તાઃ પુણ્ડરીકાક્ષે વેદયજ્ઞે દ્વિજે જને ।**
**ન તાનભિચરેત જાતુ તત્રં તદ્વિફલં ભવેત ॥૧૬૪॥**

જે મનુષ્યો ભગવાનના વેદ અને યજ્ઞોના તથા બ્રાહ્મણોના ભક્ત છે તેમના ઉપર કદી અભિચાર ન કરવો. જો એમ કરવામાં આવે તો તે અભિચાર નિષ્ફળ થાય છે.

**નહિ કેશવભક્તાનામભિચારેણ કર્હિચિત ।**
**વિનાશમભિપદ્યેત તસ્માત્તાન્ન સમાચરેત ॥૧૬૫॥**

જે લોકો શ્રીકૃષ્ણના ભક્ત છે તેમના ઉપર આ અભિચારનો પ્રયોગ કદી ન કરવો. કેમ કે એમ કરવાથી કરનારનો જ નાશ થાય છે.

સેયં ધાત્રી વિધાત્રી ચ સાવિત્ર્યથ વિનાશિની ।
પ્રાણાયામેન જાપ્યેન તથા ચાન્તર્જર્જલેન ચ ॥૧૬૬॥
સવ્યાહૃતીસપ્રણવા જપ્તવ્યા શિરસા સહ ।
પ્રણવેન તયા ન્યસ્તા વાચ્યા વ્યાહૃતયઃ પૃથક્ ॥૧૬૭॥

પાપના સમુહનો નાશ કરનારી તે ધાત્રી સાવિત્રીનો જપ પ્રાણાયામપૂર્વક વ્યાહૃતિ અને પ્રણવસહિત શિર સાથે કરવો જોઈએ. પ્રણવ સહિત ન્યાસ કરીને વ્યાહૃતિઓનું સ્પષ્ટ અને છૂટું છૂટું ઉચ્ચારણ કરવું જોઈએ.

સદાચરેણ સિદ્ધયેચ્ચ ઐહિકામુષ્મિકં સુખમ્ ।
તદેવ તે મયા પ્રોક્તં કિમન્યચ્છ્રોતુમિચ્છસિ ॥૧૬૮॥

સદાચારથી લૌકિક અને પારલૌકિક બંને પ્રકારનાં સુખ મળે છે. મેં બધું જ તમને કહ્યું. હવે બીજું શું સાંભળવાની તમારી ઇચ્છા છે તે મને કહો.

ગાયત્રી તંત્રની અંદર થોડા ઘણા પ્રયોગો તરફ ઉપર માત્ર અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. આ પ્રયોગો અંગેનાં જે વિસ્તૃત વિધિ-વિધાનો, કર્મકાંડો અને નિયમો તથા બંધનો છે તે બધાનો ઉલ્લેખ અહીં કરવો યોગ્ય ન ગણાય. કારણ કે તે તંત્રના ગુહ્ય વિષયને સર્વસાધારણને સામે પ્રગટ કરવાથી સાર્વજનિક સુવ્યવસ્થામાં વિઘ્ન ઉપસ્થિત થવાની શંકા રહે છે.

# ૧૪. ગાયત્રી - અભિચાર

મનુષ્યનું શરીર એક અદ્ભુત વીજળીઘર છે. એમાં એટલી બધી ગરમી અને વિદ્યુતશક્તિ રહેલી છે કે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે દ્વારા એક અતિ તીવ્ર ગતિશીલ તોફાનમેલ જેવી ગાડી દોડાવી શકાય. જે શબ્દો મોમાંથી નીકળે છે તે પોતાની સાથે એક જબરો વીજળીનો પ્રવાહ લઈને બહાર આવે છે. એ વીજળી પ્રવાહ દ્વારા સૂક્ષ્મ જગતની અંદર મોજાં ઉત્પન્ન થાય છે. એ મોજાંઓની અસર બીજી બધી જ વસ્તુઓ ઉપર પડે છે. કેટલીક વાર આપણે જોઈએ છીએ કે કોઈ ભાષણ કરનાર માણસ પોતાના ભાષણમાં એક પ્રકારની ભાવમય વીજળી એવી રીતે ભેળવી દેતો હોય છે કે જેથી શ્રોતાઓનાં હૃદય હર્ષ, શોક, ક્રોધ, ત્યાગ વગેરે ભાવનાઓથી તરબોળ બની જાય છે. એ ભાષણકર્તા વ્યક્તિ શ્રોતાઓને પોતાની આંગળીઓ પર નચાવે છે. કોઈ કોઈ વક્તા તો મોટા જનસમૂહને એવો ઉત્તેજિત કરી નાંખે છે કે તેને કારણે એ જનસમૂહ એક ભયંકર કાર્ય કરી નાંખે છે. કોઈકોઈ વાર કોઈ મહાશક્તિશાળી વક્તા તો પોતાના એક ભાષણથી આખી દુનિયાને પણ ડોલાવી નાખે છે.

શબ્દને શાસ્ત્રોમાં બાણ જેવો ગણ્યો છે. ધનુષમાંથી જ્યારે બાણ છૂટે છે ત્યારે એમાં એક તીવ્ર શક્તિ હોય છે. એ શક્તિ જ્યાં પ્રહાર કરે છે તેને હચમચાવી નાખે છે. શબ્દમાં પણ આવી જ શક્તિ રહેલી છે. તે પ્રકૃતિના પરમાણુઓમાં જાતજાતનો ખળભળાટ મચાવી દે છે. જેમ વિજ્ઞાનની મદદથી કુદરતના વાતાવરણમાં ખળભળાટ મચાવી દેવામાં આવે છે તે જ રીતે મનુષ્યના શરીરમાં રહેલી વીજળીશક્તિની મદદથી વિશ્વના અવકાશમાં રહેલા પરમાણુઓમાં એક પ્રકારની ગતિ પેદા કરવામાં આવે છે. તે દ્વારા વૈજ્ઞાનિકોની માફક જરૂરી પરિણામો મેળવી શકાય છે.

વર્તમાન યુગમાં આકાશની ઉપરના ભાગમાં વિમાનો દ્વારા બરફનો ભૂકો ફેલાવીને વૈજ્ઞાનિકોએ ગમે ત્યારે વરસાદ વરસાવાની રીત શોધી કાઢી છે. આ જ કાર્ય પ્રાચીનકાળમાં શબ્દવિજ્ઞાન દ્વારા મંત્રબળ દ્વારા કરવામાં આવતું. તે જમાનામાં પણ ઊંચી કોટિના વૈજ્ઞાનિકો હતા. પરંતુ તેમની રીત

આજના વૈજ્ઞાનિકો કરતાં જુદી હતી. આવાં કાર્યો માટે તેમને મશીનની જરૂર પડતી નહિ. આટલી ખર્ચાળ ખટપટો વગર જ તેઓ આવાં કાર્યો કરી શકતા. આજના જમાનામાં સ્થૂળ તત્ત્વોને પ્રભાવિત કરીને નવી નવી શોધો માટે ઉપયોગી શક્તિ પેદા કરવામાં આવે છે. આજે કોલસા, તેલ અને પાણીની મદદથી શક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે. પરમાણુનો વિસ્ફોટ કરીને શક્તિ પેદા કરવાનો નવો પ્રયોગ આજે સફળ થયો છે. અમેરિકન સાયન્સ એકેડેમીમાંના મુખ્ય ડૉક્ટર 'ડેવિડ'નું કહેવું છે કે - 'આવતાં ત્રણસો વર્ષોમાં તો વિજ્ઞાન એટલી બધી પ્રગતિ કરશે કે બહારની કોઈ પણ વસ્તુની મદદ લીધા વિના જ, માત્ર મનુષ્ય શરીરની અંદર રહેલાં તત્ત્વોને આધારે જ સૂક્ષ્મ જગતમાં ખળભળાટ પેદા કરી શકાશે અને જે લાભો આજે મશીનો દ્વારા મળે છે તે જ લાભ 'શબ્દ' વગેરેના પ્રયોગો દ્વારા મેળવી શકાશે.'

ડૉ. ડેવિડ ભવિષ્યમાં જે વૈજ્ઞાનિક ઉન્નતિની આશા રાખે છે. તે બાબતમાં પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિકો પારંગત હતા. શાપ અને વરદાન આપવાની શક્તિ આ શબ્દ-વિજ્ઞાનની જ પરમ ઉન્નતિ હતી. શબ્દ દ્વારા આઘાત કરીને પ્રકૃતિની અંદરના પરમાણુઓને એવી રીતે આકર્ષવામાં કે પાછા ફેંકવામાં આવતા કે જેથી મનુષ્યની સામે સારાં ખોટાં પરિણામો હાજર થઈ જતાં. આવાં કાર્યો આજે ખાસ પ્રયોગો દ્વારા કે મશીનરીના ઉપયોગ દ્વારા થાય છે. પ્રાચીનકાળમાં પોતાની જાતને જ એક શક્તિશાળી મશીન માનીને તેના દ્વારા જ ચમત્કારિક રીતે ઇચ્છિત વસ્તુઓ મેળવવા માટેની શક્તિ ઉત્પન્ન કરવામાં આવતી. આ પદ્ધતિને જ સાધના, યોગાભ્યાસ તપશ્ચર્યા અથવા તંત્ર વગેરે નામથી લોકો ઓળખતા. આ પદ્ધતિઓમાં જપ, હોમ, પુરશ્ચરણ, અનુષ્ઠાન, તપ, વ્રત, યજ્ઞ, પૂજા, પાઠ વગેરે ઉપાયો હતા. જુદા જુદા હેતુઓ માટે જુદા જુદા કર્મકાંડો હતા. હવનમાં હોમવામાં આવતી સામગ્રીઓ, મંત્રોનો ધ્વનિ, ધ્યાનનું આકર્ષણ, સ્રોત અને પ્રાર્થનાઓ દ્વારા આકાંક્ષાઓ-ઇચ્છાઓ ઉત્પન્ન કરવામાં આવતી. ખાસ પ્રકારના આહાર-વિહારથી વિશેષ પ્રકારનું મનોબળ તૈયાર કરવામાં આવતું. તપશ્ચર્યા વડે શરીરમાં ચોક્કસ પ્રકારની ગરમી પેદા કરવામાં આવતી. દેવની પૂજા દ્વારા પ્રકૃતિની સૂક્ષ્મ શક્તિઓને પોતાની અંદર આકર્ષિત કરવામાં આવતી. આ બધી જુદી જુદી રીતો દ્વારા સાધક પોતાની જાતને એક અદ્‌ભુત શક્તિનો ખજાનો બનાવી લેતો. એ ભેગી કરેલી શક્તિ એવું કામ આપતી કે જ્યારે જે મેળવવું હોય, જેની ઇચ્છા હોય તે તેને મળી શકતું. પોતાની એ એકઠી કરેલી શક્તિને તે પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની દિશામાં ફેંકતો અને ચોક્કસ પરિણામ મેળવી શકતો.

ભારતીય વિજ્ઞાન આવા પ્રકારનું હતું. એમાં મશીનોની જરૂર પડતી નહિ. તેમાં તો મનુષ્ય પોતાની જાતને જ મહાયંત્ર માનીને તેને જ વખતોવખત જગતમાં મોટાં મોટાં મશીનોની જેમ તૈયાર કરીને ઉપયોગમાં લેતો. તે સમયમાં રેડિયો-ધ્વનિ-વિસ્તારક અથવા ધ્વનિ ગ્રાહક યંત્રોની જરૂર પડતી નહિ. તે સમયે તો વિચાર-સંચાલન વિદ્યાના જાણકાર ખૂબ સરળતાથી આવો લાભ લઈ શકતા. અસ્ત્ર-શસ્ત્રોની બાબતમાં પણ આમ જ હતું. આજે તો બંદૂકની ગોળી સીધી દિશામાં જ ચલાવવાનું લોકો જાણે છે પણ પહેલાં તો ગોળી અથવા બાણને વાળીને ગોળાકારમાં-ચક્રાકારમાં ચલાવવાની વિદ્યા જાણીતી હતી. રામચંદ્રજીએ ગોળાકાર ઊભેલા સાત તાડવૃક્ષોને એક જ બાણે વીંધ્યાં હતાં. એકલવ્યે કૂતરાનું મોં બાણથી સીવીને બંધ કરી દીધેલું છતાં કૂતરાને જરા પણ ઈજા થયેલી નહિ. શબ્દવેધી બાણ ચલાવવાનું જ્ઞાન પૃથ્વીરાજ ચૌહાણ સુધીના લોકોનું હતું. આજે એ વિજ્ઞાનનો લગભગ લોપ થઈ ગયો છે.

મશીનની મદદ વિના ચાલતા જે અદ્‌ભુત દિવ્ય શસ્ત્રોનો ભારતના ઇતિહાસમાં ઉલ્લેખ અને વર્ણનો મળે છે તે પૈકીનું આગ્નેયાસ્ત્ર એક ગણાય છે. એનાથી આગ લગાડવામાં આવતી. તેનાથી

ભડકા અને વાવાઝોડાં પેદા કરવામાં આવતા, વ્યક્તિ પર પ્રયોગ કરીને કોઈનો જીવ સુધ્ધાં લેવામાં આવતો. મોટી ભયંકર આગો લગાડવામાં આવતી. આવા પ્રયોગને તાંત્રિક કાળમાં 'આગિયો વૈતાળ' કહેતા. આવો પ્રયોગ ગાયત્રી મંત્ર દ્વારા પણ થઈ શકતો. એનો સંકેત નીચેના ઉલ્લેખમાં જોઈ શકાય છે. ઊલટી રીતે જપવામાં આવતા ગાયત્રી મંત્રને 'પ્રતિલોમ જપ' કહે છે. આને જ આગ્નેયાસ્ત્ર કહે છે.

**ત યા દ ચો પ્ર નઃ યો યો ધિ । હિ મ ધી સ્ય વ દે**
**ર્ગો ભ ણ્યં રે ર્વ તુ વિ ત્સ ત સ્વઃ વઃ ર્ભુ ભૂઃ ૐ ॥**

આ મંત્ર જ આગ્નેયાસ્ત્ર છે, આ વિદ્યાનો થોડો પરિચય આ મુજબ છે.

**આગ્નેયાસ્ત્રસ્ય જાનાતિ વિસર્ગાદાન પદ્ધતિમ્ ।**
**યઃ પુમાન્ ગુરુણા શિષ્ટસ્તસ્યાધીન જગત્ત્રયમ્ ॥**

જે પુરુષ આ આગ્નેયાસ્ત્ર મારવાની તથા પાછું ખેંચી લેવાની વિધિને જાણે છે અને જેણે આ વિદ્યામાં ગુરુગત જ્ઞાન મેળવ્યું છે, ત્રણે લોક તેને આધીન (વશમાં) છે.

**આગ્નેયાસ્ત્રાધિકારી સ્યાત્સવિધાનમુદીર્યતે ।**
**આગ્નેયાસ્ત્રંમિતિ પ્રોક્તં વિલોમ પઠિતો મનુઃ ॥**

અને તે આગ્નેયાસ્ત્રની પ્રયોગવિધિ કહીએ છીએ. આગ્નેયાસ્ત્ર પ્રતિલોમ અને અનુલોમ એમ બે પ્રકારે કહેવાયું છે. તે બે પ્રકારનું છે.

**ક્ષીરદ્રુમેન્ધનાજ્યેન, હવિષ્યાન્નૈર્ઘૃતાન્વિતૈઃ ।**
**ચતુશ્ચત્વારિંશાદાઢ્યં ચતુઃશતસમન્વિતમ્ ॥**
**ચતુઃ સહસ્ર જુહુયાદર્ચિતે હવ્યવાહને ।**
**મણ્ડલે સર્વતોભદ્રે ષટ્કોણાંકિતકર્ણિકે ॥**

દૂધવાળાં વૃક્ષોની સમિધાઓથી તેમજ ઘી મિશ્રિત જવની બનેલી સામગ્રીઓ વડે ચાર હજાર ચારસા ચુંમાળીસ (૪૪૪૪) આહુતિઓ અગ્નિમાં આપવી અને સર્વતોભદ્ર યંત્ર બનાવીને તેની અંદર ષટ્કોણ યંત્ર બનાવવું.

**પૂર્વોક્તાં એવં સંપાઠ્યા, મંત્રાશ્ચ પરિકીર્તિતાઃ ।**
**પ્રતિલોમં કુર્યાદસ્ય ષડંગાનિ પ્રકલ્પયેત ॥**

પ્રતિલોમ કર્મમાં પહેલાં કહેવામાં આવ્યા પ્રમાણે ઋષ્યાદિ તેમજ ષડંગ ન્યાસ વગેરે પ્રતિલોમ ક્રમે (ઊલટા ક્રમે) કરવા.

**વર્ણન્યાસ પદન્યાસં, વિદધ્યાત્પ્રતિલોભતઃ ।**
**ધ્યાન ભેદાન્વિજાનીયાદ્ ગુર્વાદેશાન્નચાન્યથા ॥**

વર્ણન્યાસ (અક્ષરોનો ન્યાસ) પદન્યાસ (શબ્દ દ્વારા કરવામાં આવતો ન્યાસ) વગેરે ઊલટા ક્રમે કરવા. ધ્યાનના પ્રકારોની બાબતમાં ગુરુના માર્ગદર્શન પ્રમાણે કરવું અથવા કરવું જ નહિ.

**પૂર્વજજપ કેલૃપ્તિઃ સ્યાજ્જુહુયાત્પૂર્વસંખ્યયા ।**
**પંચગવ્યસુપક્વેન ચરુણા તસ્ય સિદ્ધયે ॥**

આ પહેલાં કહ્યા મુજબ જપ કરવા અને પંચગવ્ય સાથે સારી રીતે તૈયાર થયેલા ચરૂ વડે જપની સિદ્ધિને માટે કહ્યા મુજબની સંખ્યામાં આહુતિઓ આપવી.

**અર્ચનં પૂર્વવત્કુર્યાચ્છક્તીનાં પ્રતિલોમતઃ ।**
**સર્વત્ર દૈશિકઃ કુર્યાત ગાયત્ર્યા દ્વિગુણં જપમ્ ॥**

ઊલટા ક્રમથી શક્તિઓનું પૂજન પહેલાંની માફક કરવું અને બધી જ વખતે ગાયત્રીનો જપ

બમણી સંખ્યામાં કરવો.

**ક્રૂરકર્માણિ કુર્વીત પ્રતિલોમવિધાનતઃ ।**
**શાંતિકં પૌષ્ટિકં કર્મ કર્તવ્યમનુલોમતઃ ॥**

આ પ્રતિલોમ જપ વગેરે વિધાન ક્રૂર કાર્યોની સિદ્ધિ માટે કરવું અને શાંતિમય તેમજ પુષ્ટિદાયક કાર્યોની સિદ્ધિ માટે અનુલોમ પદ્ધતિએ (સીધા ક્રમે) જપ વગેરે કરવાં.

**વિલોમે પ્રજપેદષ્ટૌ, પાદાન્તુ પ્રતિલોમતઃ ।**
**શોધિતો જાયતે પશ્ચાત્ મંત્રોઽયં વિધિનામુના ॥**

વિલોમે (પ્રતિલોમ)ના પ્રયોગ વખતે મંત્રનાં આઠે પદોને પ્રતિલોમ ક્રમથી (ઊલટા ક્રમથી) જપવાં અને અનુલોમ કર્મમાં અનુલોમ ક્રમથી (સીધા ક્રમથી) આઠે પદોનો જપ કરવો. મંત્ર જપવાથી મનની અસ્થિરતા વગેરે દોષો નષ્ટ થઈ જાય છે.

આ બતાવેલી વિધિ તો સંકેત માત્ર છે. એની પાછળ એક વિશાળ કર્મકાંડ અને ગુપ્ત સાધનાની વિધિ રહેલી છે. એ બધાનું રહસ્ય ગુપ્ત રાખવામાં આવ્યું છે કારણ કે એ બધી વાતોનો પ્રચાર અને પ્રકાશન સર્વસાધારણ માટે નિષિદ્ધ ગણવામાં આવ્યું છે.

## ૧૫. મારણ - પ્રયોગ

તંત્ર ગ્રંથોમાં મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે કેટલાયે પ્રયોગો મળે છે. શત્રુનો નાશ કરવા માટે મારણ પ્રયોગોનો ઉપયોગ થાય છે. મારણ અનેક પ્રકારનું હોય છે. એક મારણ-પ્રયોગ એવો હોય છે કે જેનાથી તુરત જ શત્રુનું મૃત્યુ થાય છે. આવા પ્રયોગોમાં 'ઘાત' અથવા 'કૃત્યા' જાણીતી પ્રયોગ પદ્ધતિ છે. આ શક્તિશાળી પ્રયોગ આગ્ન્યસ્ત્ર છે. આ પ્રયોગમાં કંઈ સ્પષ્ટ રીતે દેખાતું નથી. છતાં પણ બંદૂકની ગોળીની માફક બરાબર નિશાન પર જ આ ક્રિયા પહોંચી જાય છે અને શત્રુને પાડી દે છે. બીજા પ્રકારનાં મારણો છે. આવાં મંદ મારણોની ક્રિયાથી કોઈ વ્યક્તિને રોગ લાગુ પડી જાય છે. તે રોગીને તાવ ઝાડા, વેદના, લકવા, ગાંડપણ કે મતિભ્રમ જેવા રોગો લાગુ પડે છે. આ રોગોનાં આક્રમણ કૉલેરા કે પ્લેગ જેવા રોગોનાં જંતુઓથી થતા આક્રમણ જેવાં જ હોય છે.

આ પ્રકારના પ્રયોગો નૈતિક દૃષ્ટિએ યોગ્ય છે કે નહિ એ જુદી વાત છે. પણ એટલું તો નક્કી છે કે આ બધું અસંભવ નથી, નિશ્ચિત રીતે શક્ય છે. જે ઝેર આપીને કે શસ્ત્ર મારીને કોઈ માણસને મારી શકાય છે, એ જ પ્રમાણે એવાં અદૃશ્ય સાધનો દ્વારા પ્રકૃતિના ઘાતક પરમાણુઓ ખેંચાઈ આવીને ચોક્કસ વ્યક્તિ તરફ દોડીને આક્રમણ કરે છે અને તે વ્યક્તિ ઉપર ભયંકર રીતે ચઢી બેસે છે અને તેને કાબૂમાં લઈને તેના પ્રાણને સંકટમાં મૂકી દે છે. આ રીતે કુદરતની અંદર ભ્રમણ કરી રહેલા કોઈ ખાસ રોગના કીટાણુઓને કોઈ ખાસ વ્યક્તિ તરફ પ્રેરિત કરીને તે રોગનો તેને શિકાર બનાવી શકાય છે.

'મૃત્યુ-કિરણ' આજના યુગની એવી જ એક શોધ છે. કોઈ પ્રાણી ઉપર એ કિરણો નાખવામાં આવે તો તેનું મૃત્યુ નીપજે છે, પ્રત્યક્ષ રીતે જોતાં તે પ્રાણીના શરીર પર કોઈ સ્પષ્ટ ઘા વગેરે જણાતું નથી. પણ અદૃશ્ય માર્ગે થઈને તે કીટાણુઓ તેની અંદરના અવયવો પર સૂક્ષ્મ રીતે પ્રહાર કરીને તેનું મરણ નિપજાવે છે. જો એ આઘાત હળવો હોય તો તેનાથી મોત તો ન આવે પણ તેને તે મૃત્યુ જેવું જ કષ્ટ આપી શકે અને તેને રિબાવી રિબાવીને મારી નાખવાની શક્તિવાળા રોગ તો જરૂર પેદા થાય.

શાપ આપવાની વિદ્યા પ્રાચીન સમયમાં અનેક લોકોને આવડતી. જેને શાપ મળતો તેનું ભારે

અહિત થતું. શાપ આપનાર વ્યક્તિ પોતાની આત્મિક શક્તિઓને એકઠી કરીને એક ખાસ પ્રકારની ક્રિયા દ્વારા જેના પર તેનો પ્રહાર કરતી, તેનું તેની ઇચ્છા મુજબ અનિષ્ટ થઈ શકતું. તાંત્રિક અભિચારો દ્વારા પણ આ રીતના નુકસાન પહોંચાડી શકાય છે. પરંતુ એ ધ્યાન રાખવા જેવું છે કે આવા પ્રયોગો કરનારની પોતાની શક્તિ પણ પુષ્કળ પ્રમાણમાં નષ્ટ થઈ જાય છે. જેમ સાપ કોઈને દંશ દીધા પછી એકદમ મૂર્છિત જેવો અને અશક્ત બની જાય છે તેવી જ રીતે મારણ, ઉચ્ચાટન વગેરેના અભિચાર કરનાર વ્યક્તિની શક્તિઓ પણ સારા પ્રમાણમાં ખર્ચાઈ ગયેલી શક્તિઓ પાછી મેળવવા તેને અતિશય પરિશ્રમ કરવો પડે છે.

જેમ મંત્ર વડે બીજાઓના મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે અનિષ્ટ થઈ શકે છે, એ જ રીતે કોઈ કુશળ તાંત્રિક આવા અભિચારોને રોકીને નિષ્ફળ પણ બનાવી શકે છે અને એ ક્રિયા એટલે સુધી પણ સફળ થઈ શકે કે એવો પ્રયોગ કરનારને જ તે ભક્ષી લે છે. ઘાત, કૃત્યા, ચોકી વગેરે ક્રિયાઓને કોઈ સામો તાંત્રિક પાછી ફેંકે તો તેના મૂળ સાધક પર આફતોનો પહાડ પણ તૂટી જ પડે એ અચૂક સમજવું.

ઉપરના અનિષ્ટકારી પ્રયોગ તંત્રવિદ્યા દ્વારા થઈ શકે છે. પરંતુ નીતિ, ધર્મ, માનવતા અને ઈશ્વરની વ્યવસ્થાની સ્થિરતા સાચવી રાખવાની દૃષ્ટિએ આવા પ્રયોગો કરવા ખૂબ જ અયોગ્ય અને અનિચ્છનીય છે. જો આવી ગુપ્ત હત્યાઓની હારમાળા ચાલુ થઈ જાય તો તેના દ્વારા લોકવ્યવસ્થામાં કેવી અવ્યવસ્થા ઊભી થાય અને પરસ્પરની સદ્ભાવનાઓ અને વિશ્વાસ નષ્ટ થઈ જાય. દરેક માણસ બીજાને શંકા, સંશય અને અવિશ્વાસની નજરે જોવા લાગે. આથી તંત્રવિદ્યાના ભારતીય વિદ્વાનોએ આ ક્રિયાઓને નિષિદ્ધ જાહેર કરીને બધાં વિધિ-વિધાનોને ગુપ્ત રાખ્યાં છે, આજે અણુબૉંબ બનાવવાનાં સૂત્રો ખૂબ સાવધાનીથી ગુપ્ત રાખવામાં આવે છે જેથી કરીને તે બનાવવાનું જ્ઞાન સર્વસુલભ જ બની જાય તો તેનો દુરુપયોગ થતો અટકે, એ જ રીતે આ અભિચારોની વિદ્યાને પણ તદ્દન ગુપ્ત રાખવાનો નિયમ રાખવામાં આવ્યો છે.

શારદા તિલકતંત્રના 'ગાયત્રી પટલ'માં આવા પ્રકારના અભિચારોનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણનોમાં સાંકેતિક રીતે એ વિસ્તૃત ક્રિયાપદ્ધતિઓનો અલ્પ પ્રમાણમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. એ નિર્દેશો બિલકુલ અધૂરા અને અસંબદ્ધ છે. છતાં પણ એ સૂત્રને આધારે એ જાણી શકાય છે કે કાર્યને પૂરું કરવા માટે કેવા પ્રકારનો આધાર લેવો જોઈએ અને એમાં કઈ વસ્તુઓ મુખ્ય રીતે જરૂરી ગણાય. આમ, એ નિર્દેશો દ્વારા આ માર્ગે ચાલનારને કોઈને કોઈ પ્રકારે એ ગુપ્ત રહસ્યોનું જ્ઞાન મોડુંવહેલું પણ થઈ જ શકવાનું.

અહીં શારદા તિલકતંત્રમાંથી કેટલાંક એવાં અભિચાર સૂત્રો આપવામાં આવ્યાં છે. એ દ્વારા આપણે એ વાત જરૂર જાણી શકીએ કે ગાયત્રી દ્વારા જેમ સાત્ત્વિક લાભ મેળવી શકાય છે તેમ તામસિક કાર્યો પણ થઈ શકે છે. વળી એ દ્વારા કેટલાંક વિધિવિધાનો પર પ્રકાશ પણ પડે છે. પરંતુ આવા પ્રકારના અભિચારોનો પ્રયોગ તો કોઈ પણ રીતે ઉચિત ન જ ગણી શકાય, આથી આ પ્રયોગોને ગુપ્ત જ રાખવામાં આવ્યા છે. અહીં કેટલીક એવી સાંકેતિક વિધિઓ અંગેના શ્લોકો આપવામાં આવે છે-

**ધત્તૂર વિષવૃક્ષાર્કભૂરુહોત્થાન્સમિદ્વરાન્ ।**
**રાજીતૈલેન સંલિપ્તાન્ પૃથક્સપ્ત સહસ્રકમ્ ॥**
**જુહુયાત સંયતો મંત્રો, રિપુર્યમપુરં વ્રજેત ॥**

ધતૂરો, વિષ વૃક્ષના બીજ તથા રાઈના તેલમાં બોળેલી ઉત્તમ સમિધાઓ વડે જુદી જુદી સાત હજાર આહુતિઓ જિતેન્દ્રિય બનીને આપે તો તેનો શત્રુ યમપુરીમાં પહોંચી જાય.

સપ્તરાત્રં પ્રજુહુયાત સર્ષપૈઃસ્નેહમિશ્રિતૈઃ ।
આર્દ્ર વસ્ત્રો વૃષ્ટિકાલે મરીચૈર્મનુનામુના ॥

સાત રાત્રિઓ સુધી સરસવના તેલમાં બોળેલા મરી દ્વારા હવન કરવો અને પ્રયોગ વર્ષાઋતુમાં ભીનાં વસ્ત્ર પહેરીને કરવો.

નિગૃહ્યતે જ્વરેણારિઃ પ્રલયાગ્નિ સમેન સઃ ।
તાલપત્રે સમાલિખ્ય, શત્રુનામ યથાવિધિ
આગ્નેયાસ્ત્રેણ સંવેષ્ટય કુણ્ડમધ્યે નિખન્યતે ।
જુહુયાન્મરિચૈઃ ક્રુદ્ધો, જ્વરાક્રાન્તઃ સ જાયતે ॥

આમ કરવાથી શત્રુ પ્રલયકાળના જેવા (ભયંકર) તાવથી પટકાય છે. તાડનાં પાંદડાં પર વિધિપૂર્વક શત્રુનું નામ લખી, તેને અગ્નેયાસ્ત્રથી અભિમંત્રિત કરી કુંડના મધ્યમ ભાગમાં દાટી દઈ અને ગુસ્સે થઈને મરીનો હોમ કરવામાં આવે તો જરૂર દુશ્મન (ભારે) જ્વરથી મુક્ત બને છે.

તદાદાય ક્ષિપેત્તોયે, શીતલે સર્વશો ભવેત્ ।
પિષ્ટાપામાર્ગબીજાનિ, મરીચં મધસંયુતમ્ ॥
અત્યુષ્ણ લવણે તોયે, નિક્ષિપ્ય ક્વાથયેત્તતઃ ।
ઋક્ષવૃક્ષ પ્રતિકૃતૌ હૃદયે વદને નસિ ॥

પછી તે પાંદડાને કુંડમાંથી બહાર કાઢીને તેને ઠંડા જળમાં નાખવું અને અપામાર્ગનાં બીજને વાટી, મધમાં બોળેલાં મરીને મીઠાના પાણીમાં નાંખી અગ્નિ પર મૂકી કાઢો બનાવવો. પછી ઋક્ષના વૃક્ષથી (વિષવૃક્ષથી) બનાવેલી આકૃતિનાં હૃદય, મોં અને નાક બનાવવાં તથા તેમાં-

કિંચત્કિંચિત્ક્ષિપેત્તોયે, દર્વ્યાસંચાલયેત્તથા ।
આગ્નેયમુચ્ચરન્મંત્રો, સોડચિરાજ્જવરિતો ભવેત્ ॥

થોડું પાણી રેડતા જવું અને મંત્ર ભણતાં ભણતાં કડછી હલાવ્યા કરવી. તેમ કરવાથી શત્રુને અવશ્ય તાવ લાગુ પડી જશે

ક્વથિતેડમ્ભસિ તાં ક્ષિપ્તવા હન્યાચ્છત્રૂન્પ્રયત્નતઃ ।
તીક્ષ્ણ સ્નેહેન સંલિપ્તાં, શત્રોઃ પ્રતિકૃતિં નિશિ ॥
તાપયેદેધિતે વહનૌ પ્રતિલોમમનું જપન્ ।
જ્વરેણ બાધ્યતે સદ્યો હોમાદસ્ય મૃતિર્ભવેત્ ॥

ક્વાથ (કાઢો) બની ગયા પછી તેને પાણીમાં નાંખીને ખાંડવો. પછી રાત્રિના સમયે શત્રુની પ્રતિકૃતિને (આકૃતિને) તીક્ષ્ણ તેલ ચોપડવું અને પ્રતિલોમ મંત્ર ભણતાં ભણતાં તેને સળગતા અગ્નિમાં તપાવવી. આમ કર્યાથી શત્રુ જલદી તાવથી પટકાય છે અને હોમ કરવાથી જલદી તે મૃત્યુ પામે છે.

સામુદ્રે સલિલે હિંગુ બીજજીરકલોલિતે ।
ક્વથિતેન પુત્તલિકાં નક્ષાત્ર તરુનિર્મિતામ્ ॥
અધોવક્ત્રાં વિનિઃક્ષિપ્ય, યષ્ટયા વિપદ્રુમસ્ય વૈ ।
તચ્છિરઃ સ્ફોટનં કુર્વન્ જપેન્મન્ત્રં વિલોમતઃ ॥

મીઠું નાખેલા (સમુદ્રના) પાણીમાં હીંગ અને જીરું મેળવીને તેનો કાઢો બનાવીને તેની મૂર્તિ બનાવવી. પછી તેને ઊંધે માથે પૃથ્વી પર નાખી વિષવૃક્ષની લાકડી વડે મંત્ર ભણતાં ભણતાં તેનું માથું ફોડવું.

સપ્તાહાન્મરણં યાતિ શત્રુર્જ્વરવિમોહિતઃ ।
આદિત્ય રથ નાગેન્દ્ર પ્રસ્તાંઘ્રતિદ્વિષા હુતમ્ ॥

આ પ્રમાણે કરવાથી શત્રુ તાવમાં પટકાઈ જાય છે અને એક અઠવાડિયામાં તેનું મૃત્યુ થાય છે. તેના પગમાં સર્પ દંશ દે છે

તત્તૈલેન સુલિપ્તાંગં દગ્ધં રક્તમરીચિભિઃ ।
અધોમુખં નિજ રિપું દગ્ધ્વા ક્વથિત વારિણા ॥
તર્પયેદ્‌ભાનુમાલોક્ય શત્રુર્મૃત્યુ-મુખે ભવેત ॥

બીજી વિધિ એ છે કે મૂર્તિને તેલ ચોપડીને મરીની સાથે બોળીને તેનું મુખ નીચેની તરફ રાખી ગરમ પાણીથી સૂર્યનું તર્પણ કરવું, એમ કરવાથી શત્રુ જલદી જ મરણ પામશે.

પ્રાંગણે સ્થણ્ડિલં કૃત્વા, સુગન્ધિકુસુમાદિભિઃ ।
દેવીમભ્યર્ચયેન્નિત્યં, પ્રાગુક્તેનૈવ વર્ત્મના ॥
આહારેદ્રાત્રિષુ બલિં, ચરુણા સર્વસિદ્ધિદામ્ ।
ભૂતરોગ દ્રોહ ભયં, પ્રભવેન્નાત્ર સંશયઃ ॥

આંગણામાં વેદી બનાવીને સુગંધી પુષ્પો વગેરે દ્વારા વિધિપૂર્વક રોજ દેવીની પૂજા કરવી અને રાત્રે બધી સિદ્ધિઓને આપનાર ચરુનું બલિદાન દેવું. આમ કરવાથી રોગ, ભય, દ્રોહ તથા ભૂત વગેરેનો ભય નિઃસંશય દૂર થઈ જાય છે.

યથાવદગ્નિમારાધ્ય, ગન્ધૈઃ પુષ્પૈઃ મનોરમૈઃ ।
સ્થિત્વા તસ્યાગ્રતો મન્ત્રી જપેન્મન્ત્રમનન્યધીઃ ॥

મનોહર સુગંધવાળાં પુષ્પો વડે અગ્નિની પૂજા કરીને તેની સમક્ષ અનન્ય ભાવથી મંત્રના જપ કરવા.

જપોઽન્ય સર્વ સિદ્ધયૈ સ્યાન્નાત્ર કાર્યા વિચારણા ।
લવણૈમધુરાસિક્તૈઃ જુહુયાત્પશ્ચિમોન્મુખઃ ॥

આ જપ બધી જ સિદ્ધિઓને આપવાવાળા છે. આ બાબતમાં જરાય સંશય રાખવો નહિ. પશ્ચિમ તરફ મોં રાખીને મીઠાઈ તથા મીઠાવાળા પદાર્થોનો હવન કરવો.

મંત્રાર્થ સંખ્યયા મંત્રી, રિપુમાત્મવશં નયેત ।
શાલીન્પ્રક્ષાલ્ય સંશોધ્ય, શુદ્ધાન્કુર્વીત તણ્ડુલાન્ ॥
જપિત્વા પંચગવ્યેષુ સંસ્કૃતે હવ્યવાહને ।
સંપચેજ્જપન્મત્રં ચ વ્રીહીન્તત્ર પુનઃ સુધીઃ ॥

ચુંમાળીસ હજાર જપ કરવાથી જપનાર વ્યક્તિ પોતાના શત્રુને પોતાના વશમાં કરી લે છે. સાઠીના ચોખાને ધોઈને શુદ્ધ કરી પછી તે શુદ્ધ કરેલા ચોખાને પંચગવ્યમાં શુદ્ધ કરીને ફરી પાછા વિદ્વાન પુરુષે જપ કરવા.

અર્ચયિત્વા વિશદધીર્દેવીમગ્નૌ યથા પુરા ।
જુહુયાચ્ચારુણાનેન્ સાજ્યેનાષ્ટ સહસ્રકમ્ ॥

ફરી પાછી દેવીની પૂજા પહેલાંની જેમ જ કરવી અને ઘીથી મેળવીને આ ચરૂ દ્વારા આઠ હજાર આહુતિઓ આપવી.

પાત્રે સમ્પાતનં કુર્વન્સાધ્યં ભક્ષયેત્સુધીઃ ।
શેષં તં નિખનેદ્વારિ સમ્પાતં પ્રાંગણાંતરે ॥

પછીથી કોઈ મિષ્ટાન્ન પાત્રમાં ભૂજી તેનું ભક્ષણ કરવું અને બાકીનું આંગણામાં દાટી દેવું અથવા દરવાજા આગળ ફેંકી દેવું.

**કૃત્યારોગા વિનશ્યન્તિ સહ ભૂત ગ્રહામયૈઃ ।**
**પરૈરુત્પાદિતા કૃત્યા, પુનસ્તાનેવ ભક્ષયેત્ ॥**

કૃત્યાથી ઉત્પન્ન થયેલા રોગ ભૂ-ગૃહોની સાથે જ નષ્ટ થઈ જાય છે. બીજાઓ દ્વારા ફેંકવામાં આવેલી કૃત્યા તે ફેંકનારને જ નષ્ટ કરી નાખે છે.

# ૧૬. ચોવીસ ગાયત્રી

ગાયત્રીના ૨૪ અક્ષરો ખરેખર ૨૪ બીજશક્તિઓ છે - પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો તો મુખ્ય છે જ. પરંતુ એ સિવાયનાં બીજાં ૨૪ તત્ત્વોનું વર્ણન સાંખ્યદર્શનમાં કરવામાં આવ્યું છે. આ સૃષ્ટિનાં ચોવીસ તત્ત્વોને ગોઠવીને જે સૂક્ષ્મ આધ્યાત્મિક શક્તિ પ્રગટાવવામાં આવી છે, તેનું જ નામ ગાયત્રી છે.

ગાયત્રીના ૨૪ અક્ષરો ૨૪ માતૃકાઓની મહાશક્તિઓનાં પ્રતીક છે. એ બધાંની ગૂંથણી એવા વૈજ્ઞાનિક ક્રમમાં થઈ છે કે આ મહામંત્રનો ફક્ત ઉચ્ચાર કરવાથી શરીરના જુદા જુદા ભાગોમાં રહેલી ૨૪ મહાન શક્તિઓ જાગૃત થાય છે.

માર્કંડેય પુરાણમાં શક્તિના અવતારની કથા આ પ્રમાણે છે. બધા જ દેવતાઓએ પોતપોતાનું તેજ એકત્ર કર્યું અને તે એકત્રિત તેજસમૂહ શક્તિદેવીના રૂપે પ્રકટ થયું. સૃષ્ટિના નિર્માણ, પોષણ અને નાશના મૂળ કારણરૂપ શક્તિઓને જ દેવતા કહેવામાં આવે છે. રસાયણશાસ્ત્રનો નિયમ છે કે ક્રિયાશીલ પદાર્થોને ભેગા કરવાથી નવા પદાર્થોનું નિર્માણ થાય છે. રજ અને વીર્યના સજીવ પરમાણુ જ્યારે ભેગા થાય છે ત્યારે એક જીવતા જાગતા ગર્ભનો જન્મ થાય છે. ગંધક અને પારો મળતાં કાજળી બની જાય છે. દૂધ અને ખટાશ ભેગા થતાં દહીં બની જાય છે. ઋણ અને ધન પરમાણુઓ ભેગા થતાં વીજળીનો શક્તિશાળી પ્રવાહ તૈયાર થાય છે. ૨૪ સૂક્ષ્મ તત્ત્વોના સૂક્ષ્મ શક્તિઓના સંમેલનથી એક એવો અદ્‌ભુત વિદ્યુત પ્રવાહ પેદા થાય છે કે જેની શક્તિનું વર્ણન કરવું પણ અઘરું છે. માર્કંડેય પુરાણનો શક્તિ અવતાર અને તેની આશ્ચર્યજનક કાર્યશક્તિ આ તથ્યને જ સમજાવે છે.

એક ખાસ પહાડી પ્રદેશની જમીન, ત્યાંની હવા, ત્યાંની વનસ્પતિઓ વગેરેના રાસાયણિક મિશ્રણને લીધે ગંગોત્રીમાંથી વહેતા જળપ્રવાહનું જળ અદ્‌ભુત ગુણો ધરાવે છે. આ જ રીતે ચોવીસ અક્ષરોનાં ઉપયોગી તત્ત્વોનું સંમિશ્રણ થતાં અંતરિક્ષ આકાશમાંથી એક પ્રકાશમય સૂક્ષ્મ નદી નીકળી. આ આધ્યાત્મિક ગંગાનું નામ 'ગાયત્રી' રાખવામાં આવ્યું. જેમ ગંગા નદીમાં સ્નાન કરવાથી શારીરિક અને માનસિક સ્વસ્થતા મળે છે, એ જ રીતે આકાશમાં વહેતી એ વીજળીમય ગાયત્રી શક્તિની સમીપતાથી આંતરિક અને બાહ્ય બળ તથા વૈભવ પ્રાપ્ત થાય છે.

સૃષ્ટિનાં ઉત્પાદક તત્ત્વો ચેતનહીન ગણાય છે. આ અચેતનતા તેનું સ્થૂળ રૂપ છે. પરંતુ એ અચેતનતાની પાછળ પણ એક પ્રેરણા કામ કરે છે. કારણ કે પ્રેરણા વિના કોઈપણ અચેતન વસ્તુ કામ કરી શકતી જ નથી. રેલગાડી, મોટર, વહાણ, તાર, બૉંબ, તોપ વગેરે ચલાવનાર કોઈને કોઈ તો હોય જ છે. આ બધાં આટલા શક્તિશાળી હોવા છતાં પોતાની મેળે કશું કામ કરી શકતા નથી. આ યંત્રો ચલાવવા માટે કોઈ ચૈતન્યમય પ્રાણીની આવશ્યકતા હોય છે. એ જ પ્રમાણે તત્ત્વોને ક્રિયાશીલ રાખવા માટે તેમની પાછળ કોઈ ચૈતન્ય શક્તિની જરૂરિયાત હોય છે. આધ્યાત્મિક વિદ્યાના ભારતીય વૈજ્ઞાનિકો સદા એમ માનતા હોય છે કે દરેક તત્ત્વની પાછળ કોઈ ચૈતન્ય શક્તિ એક પ્રેરક સત્તા તરીકે કાર્ય કર્યા જ કરે છે. એ પ્રેરક શક્તિ સાથે સંબંધ બાંધીને એ પદાર્થોનો લાભ લઈ શકાય છે. કારણ કે એ પદાર્થો પર એ શક્તિની જ સત્તા ચાલે છે. આ પ્રેરક શક્તિઓને

ભારતના આધ્યાત્મિક વૈજ્ઞાનિકો 'દેવતા' કહે છે

પૃથ્વી, વાયુ, અગ્નિ, તેજ તેમજ જળ વગેરેની પૂજા માટેની વેદોક્ત અને પુરાણોક્ત ક્રિયાઓ જાણીતી છે. શું આ પૃથ્વી, અગ્નિ વગેરેની પૂજા તો લોઢું, લાકડું, આગ, પાણી કે હવાની પૂજા છે ? શું આપણા ઋષિ-મુનિઓ એટલા બધા અજ્ઞાન હતા કે તેમને એટલીયે સમજણ ન પડી કે આ બધી નિર્જીવ વસ્તુઓની પૂજાથી કંઈ લાભ થવાની શક્યતા નથી ? એ રીતે વિચાર કરીએ તે બરાબર નથી. ભારતીય વૈજ્ઞાનિકોએ ખૂબ ઊંચા પ્રકારની શોધ કરેલી. આજના ભૌતિક વૈજ્ઞાનિકો જ્યાં પોતાના વિજ્ઞાનનો અંત આવી જતો માને છે, ત્યાંથી ભારતીય ઋષિ-મુનિઓની શોધો શરૂ થાય છે. એ મહાપુરુષોને આપણે માટી અને પથ્થરની પૂજા કરનાર મૂર્ખ જેવા ગણવાની ભૂલ ન કરવી જોઈએ. ખરી વાત તો એ છે કે એક જાતના ગુણ, શક્તિ, સ્વભાવ અને પ્રવૃત્તિના પરમાણુઓનો સમૂહ જુદાં જુદાં તત્ત્વોમાં હોય છે અને તત્ત્વો પાછળ એક અલૌકિક પ્રેરક શક્તિ કામ કરી રહી હોય છે. આ શક્તિને આપણે ઈશ્વરીય વ્યવસ્થા કહીએ છીએ. આ પ્રેરક, નિયામક, ઉત્પાદક, સંચાલક અને સંહારક સત્તા પોતાના ક્ષેત્રની સ્વતંત્ર માલિક હોય છે. એની સત્તા પોતાના ક્ષેત્રમાં અબાધિત હોય છે. એ સત્તાનું નામ 'દેવતા' અથવા 'દેવ' છે. આવા અનેક દેવતાઓ જાણીતા છે.

આ દેવતાઓની પોતપોતાની ખાસ કાર્યપદ્ધતિ હોય છે. દરેકની ખાસ મર્યાદા પણ હોય છે જ્યાં એમને લગતા પદાર્થો અને પરમાણુઓ સંબંધી ક્રિયાઓ હોય છે ત્યાં તે બધાને લગતા ગુણ, સ્વભાવ અને શક્તિઓ પણ હોય છે. આ દેવતાઓના ગુણ અને સ્વભાવ વિશિષ્ટ હોય છે. ઉપાસના દ્વારા જે દેવતા સાથે સંબંધ સ્થાપિત કરવામાં આવે છે, તે દેવતાના ગુણો અને સ્વભાવ સાથે પણ આપણો સંબંધ બંધાય છે. દરેક દેવનો ઉપાસક પોતાના ઈષ્ટ દેવના જેવા ગુણ અને સ્વભાવવાળો બને છે. વળી એ ઈષ્ટ દેવતાનું આધિપત્ય જે પદાર્થો પર હોય છે એ પણ ઉપાસકને કોઈને કોઈ રીતે વિશેષ પ્રમાણમાં મળતા હોય છે.

આ દેવતા-શક્તિઓ સુધી પહોંચવાને માટે તેમને પકડીને તેમની સાથે સંબંધ બાંધવાને માટે સાધના શાસ્ત્રના આચાર્યોએ સમાધિ અવસ્થામાં પોતાની ચેતનાશક્તિને અંતરિક્ષમાં પહોંચાડેલી. એમની એ ચેતનાશક્તિએ ખાસ પ્રકારની દેવતા-શક્તિઓ સાથે સંબંધ બંધાતા જે અનુભવો કર્યા એ અનુભવોને યોગી પુરુષોએ દેવતાનું સ્વરૂપ આપ્યું. માણસના મગજની રચના ઈશ્વરે એવી કરી છે કે કોઈ પણ વાત તેમાં આવે કે કોઈ વિચાર તેની સાથે અથડાય કે તરત જ તે વિશેના એક ખાસ સ્વરૂપની છબી તેમાં અંકિત થઈ જાય છે. કોઈ વસ્તુ સાકાર હોય કે નિરાકાર હોય પણ મગજ વડે તેની બાબતમાં કોઈ વિચાર કરવાનો પ્રસંગ આવે કે તરત જ તેના વિશેની એક નિશ્ચિત આકૃતિ મગજમાં ઊભી થઈ જ જાય છે. આવી આકૃતિની ધારણા કર્યા વિના મગજ પોતાનું કામ આગળ ચલાવી શકે જ નહિ. અર્થાત્ તે વિષે તે આગળ વિચાર જ કરી શકે નહિ. સાકાર વસ્તુઓને જોઈને અથવા તેમને વિષે કંઈક સાંભળીને તેમની એક મૂર્તિ મગજમાં અંકાઈ જાય છે. એવી જ રીતે નિરાકાર વસ્તુઓના આકાર પણ મગજમાં કલ્પના દ્વારા ઘડાય છે. આ કલ્પનાને પણ ખાસ પ્રકારનો આધાર તો હોય છે જ. દેવતાઓની આકૃતિઓ નક્કી કરવાનું કાર્ય યોગશાસ્ત્રના આચાર્યોએ કર્યું છે. તેઓની ચેતના શક્તિએ અંતરિક્ષમાં એ અલૌકિક શક્તિઓ સાથે જે સંબંધ બાંધ્યા તેને આધારે તેમના મગજમાં તે શક્તિઓની દેવતારૂપી મૂર્તિઓએ ચોક્કસ આકારો ધારણ કર્યા. એવા આકારોથી જ જુદા જુદા દેવોની પ્રતિમાઓ અને મૂર્તિઓ ઘડાઈ અને પ્રસિદ્ધ થઈ.

આ દેવરૂપ-દેવમૂર્તિ એક માધ્યમ છે. એને આધારે આપણે એ દેવશક્તિ સાથે સંબંધ બાંધી શકીએ. દેવશક્તિઓની સાથે સંબંધ બંધાતા જે ચિત્ર આપણા મનમાં આવે છે તે જ ચિત્રને જો

આપણે પહેલેથી જ મનમાં સ્થિર કરીએ તો એ દેવશક્તિ સાથે આપણો સંબંધ બાંધવાનું આપણું કાર્ય સરળ અને સુગમ બને. આથી જ આ બાબતમાં દેવતાનું ધ્યાન કરવાની વિધિ અગત્યની ગણાય છે. આથી આચાર્યોએ પોતાની સાધનાઓના અનુભવોને આધારે દરેક દેવતાનું રૂપ (આકાર) નક્કી કર્યું છે.

વળી, આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે આ 'દેવતા' એ કોઈ સ્વતંત્ર સત્તા હોતી નથી. એક જ સર્વેશ્વર ઈશ્વરની ભિન્ન ભિન્ન શક્તિઓને જ દેવતા કહેવામાં આવે છે. જેમ સૂર્યના જુદા જુદા ગુણોવાળાં કિરણોનાં, અલ્ટ્રા વાયોલેટ, આલ્ફા, પારદર્શક, મૃત્યુકિરણ જેવાં જુદાં જુદાં નામ પાડવામાં આવ્યાં છે તે જ પ્રમાણે પરમેશ્વરની જુદી જુદી શક્તિઓને જુદા જુદા 'દેવતા' અથવા 'દેવ' તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યના જુદા જુદા સમયનાં કિરણોના ગુણ જુદા જુદા છે. વળી બધી ઋતુઓ પ્રમાણે પણ સૂર્ય કિરણોના ગુણો બદલાતા રહે છે. આ સૂર્ય એક હોવા છતાં તેનાં કિરણો પ્રદેશ, કાળ અને ઋતુને કારણે જુદા જુદા ગુણવાળા બની જાય છે. એ જ રીતે ઈશ્વરની શક્તિઓના ભેદો હોવાને કારણે તે બધાને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે.

ગાયત્રીમાં ચોવીસ શક્તિઓ ગુંથાયેલી છે. સામાન્ય રીતે તો ગાયત્રીની ઉપાસના કરવાથી એ ચોવીસ શક્તિઓનો લાભ યોગ્ય પ્રમાણમાં મળે છે. દૂધમાં બધાં જ પોષક તત્ત્વો હોય છે. દૂધ પીનારને એ બધા તત્ત્વોનો લાભ મળે છે. પરંતુ કોઈને કોઈ ખાસ તત્ત્વની જરૂરિયાત હોય તો તે તેના ખાસ એક ભાગનું જ સેવન કરે છે. કોઈ વ્યક્તિના શરીરમાં દૂધના ચિકાસવાળા તત્ત્વની ખામી હોય તો તેમાંથી ઘી બનાવીને તેનો ઉપયોગ કરે છે. કોઈને માટે છાશ આવશ્યક હોય તો તે દૂધની છાશ બનાવીને તેનો ઉપયોગ કરે છે અને તે સિવાયનાં બીજાં તત્ત્વોને છોડી દે છે. કેટલાક રોગીઓને દૂધ ફાડી નાખીને તેનું માત્ર પાણી જ આપવામાં આવે છે. એ જ રીતે કોઈ ખાસ વ્યક્તિને ગાયત્રીમાં રહેલી કોઈ ખાસ શક્તિની આવશ્યકતા હોય તો તે માત્ર તેની જ આરાધના કરે છે. માણસ તેની મુખ્ય જરૂરિયાતની વસ્તુને માટે વિશેષ પરિશ્રમ કરે છે.

એ દૃષ્ટિએ વિશેષ પ્રકારનો લાભ મેળવવાની દૃષ્ટિએ જુદી જુદી સાધના-પદ્ધતિઓ તૈયાર કરવામાં આવી છે. આ જુદી જુદી પદ્ધતિઓ ચોવીસ પ્રકારની છે. તે 'ચોવીસ ગાયત્રી સાધનાઓ' તરીકે જાણીતી છે. ગાયત્રીના મંત્રગ્રંથોમાં ચોવીસ દેવતાઓની-ચોવીસ ગાયત્રી આપવામાં આવી છે. એ દરેકની ટૂંકી સાધના-પદ્ધતિ પણ છે. એ બધી જ સાધનાઓ વિષે સૂક્ષ્મ રીતે વિચાર કરતાં એમ સ્પષ્ટ થાય છે કે જુદી જુદી કામનાઓ–ઇચ્છાઓને પ્રાપ્ત કરવા માટે સૃષ્ટિનાં મુખ્ય ચોવીસ તત્ત્વોની પ્રેરક શક્તિઓનો લાભ લેવા માટેની જ એ ઉપાસના પદ્ધતિઓ છે.

ભારતીય યોગ-વિજ્ઞાનની કાર્યપદ્ધતિ નિરાળી છે. આધુનિક ભૌતિક વિજ્ઞાનની પદ્ધતિઓ કરતાં તે જુદી છે. એમાં તત્ત્વો અને પરમાણુઓમાં કશો પ્રત્યક્ષ ઊહાપોહ દેખાતો નથી. આધુનિક વૈજ્ઞાનિકો કોઈ કાર્યમાં સફળતા મેળવવા જુદાં જુદાં તત્ત્વો અને પરમાણુઓને પોતાને કબજે કરે છે. એમની પકડ પકડે છે અને એ માટે તમને પુષ્કળ પરિશ્રમ કરવો પડે છે. વળી એ માટે ખૂબ ખર્ચાળ મશીનો બનાવવાં પડે છે. એ મશીનો વારંવાર તૂટી ફૂટી જાય એવાં હોવાથી તેમના કાર્યમાં વારંવાર વિશેષ ખર્ચ અને શ્રમની જરૂર પડતી હોય છે. યોગવિજ્ઞાન આના કરતાં ઊંચી કોટિએ કામ કરે છે તે તો એ તત્ત્વો અને પરમાણુઓ પર સત્તા ધરાવનાર તેની પ્રેરક અને ચૈતન્ય દેવશક્તિને પકડે છે અને એના દ્વારા પોતાની ઇચ્છા પૂરી કરે છે. આ પકડ માટે તેને કીમતી મશીનોની જરૂર પડતી નથી. તે તો આ માનવશરીર, મગજ અને અંતઃકરણના અદ્ભુત અલૌકિક અને અસામાન્ય તથા શક્તિશાળી મશીનનો ઉપયોગ કરે છે. ઈશ્વરે મનુષ્ય શરીરરૂપી મશીનને એવું અદ્ભુત બનાવ્યું છે કે એવું મશીન કોઈ વૈજ્ઞાનિક બનાવી શક્યો નથી કે ભવિષ્યમાં કદાચ એવું બનાવી શકાય પણ

નહિ. આ શરીરરૂપી મશીનમાં અનેક શક્તિઓ પડેલી છે, બધાં જ કાર્યોમાં આ મશીન કામમાં આવી શકે એવું છે. ભારતના વૈજ્ઞાનિકોએ નવાં મશીનો બનાવવાની કડાકૂટ છોડીને આ એક જ મશીન દ્વારા બધાં જ પ્રયોજનો સફળ કરવાની પદ્ધતિઓ શોધી કાઢી હતી.

'રેડિયા'નો કાંટો ફેરવવાથી જુદાં જુદાં સ્થળોએથી પ્રસારિત થતા કાર્યક્રમોના ધ્વનિ સંભળાય છે. એ કાંટો જરા ખસેડીએ તો ધ્વનિ બદલાય છે. એ ધ્વનિ દૂર દૂરથી આવતો હોય છે. માત્ર કાંટો ફેરવતાં આપણે જુદાં જુદાં દૂર દૂરનાં સ્ટેશનોથી આવતા ધ્વનિ સાંભળી શકીએ છીએ. આમ કેવી રીતે બનતું હશે ? કાંટો ફરવાથી રેડિયોના યંત્રમાં એવો કોઈ ફેરફાર થાય છે કે એક સ્થળેથી આવતો ધ્વનિ સંભળાવા લાગે છે. આવી જ રીતે સાધનાની વિધિઓ દ્વારા મનુષ્યના શરીરની સ્થિતિને બદલી નાખવામાં આવે છે. સાધના દ્વારા તે સ્થિતિ કોઈ દેવશક્તિને અનુકૂળ બનાવવામાં આવે છે. સાધના સમય દરમિયાન સાધકની રહેણી-કરણી, આહાર-વિહાર, દિનચર્યા, વિચાર, ચિંતન, ધ્યાન, સંયમ, કર્મકાંડ વગેરે માટે એવાં બંધનો નક્કી કરવામાં આવ્યાં છે કે જેથી સાધકની માનસિક ભૂમિકા એક ખાસ દિશામાં આગળ વધવાને, કાર્ય કરવા માટે લાયક બને છે. સાધના અંગેના નાના મોટા સંપૂર્ણ નિયમોનું પાલન કરવામાં તો સાધકનું શરીર યંત્ર ઇચ્છિત દેવશક્તિઓ સાથે સંબંધ બાંધવા માટે સૂક્ષ્મ રીતે ખૂબ શક્તિશાળી બને છે. આ કારણે જ અધ્યાત્મ વિદ્યાના ગુરુઓ પોતાના શિષ્યોને સાધનાકાળ દરમિયાન યમ-નિયમોનું પાલન કરવા માટે ખાસ આગ્રહપૂર્વક સમજાવે છે.

મનુષ્યના સ્થૂળ શરીરમાં તેના બે હાથ વસ્તુઓને પકડવાના કામમાં આવે છે. સૂક્ષ્મ શરીરમાં પણ એવા બે હાથ હોય છે. જેના દ્વારા પરમાણુઓ અને તત્ત્વોના પ્રકૃતિથી ઉપરના સ્તર પર બ્રહ્મલોકમાં વિચરણ કરી રહેલી દેવશક્તિઓને પકડવામાં આવે છે. એ બે હાથ તે 'શ્રદ્ધા' અને 'વિશ્વાસ' છે. આ શ્રદ્ધા અને વિશ્વાસની અંતઃકરણમાં છૂટીછવાઈ પડેલી શક્તિઓને ભેગી કરવામાં આવે છે. આ ભેગી થયેલી શક્તિઓને જે બાજુએ પ્રેરણા આપીએ તે તરફ ઝડપથી દોડે છે. વ્યાવહારિક જગતમાં બંદૂક ફૂટવાની ક્રિયાને આપણે તપાસીએ તો તેમાં શું બનતું હોય છે ? નાની સરખી દારૂ અને શીશાની ગોળીઓને-કારતૂસને બંદૂકની નળીમાં ભરવામાં આવે છે. એ કારતૂસોને આગ ચાંપીને બંદૂકની નળી દ્વારા એક ખાસ દિશામાં ઉડાડવામાં આવે છે. નિશાન બરાબર તાકવામાં આવે તો એ કારતૂસ બરાબર નિશાન પર પહોંચીને આપણું કાર્ય સિદ્ધ કરે છે. યોગસાધનામાં પણ એમ જ થાય છે. આહાર-વિહાર અને દિનચર્યાના પ્રતિબંધો તે બંદૂક છે. તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ તે કારતૂસ અથવા દારૂ છે. સાધનાની વિધિ તે તેમાં ચાંપવામાં આવતી આગ છે. આ રીતથી લક્ષ્યનો વેધ થાય છે, ઇચ્છિત પરિણામો મેળવી આપે છે. ચંદ્ર અને મંગળ ગ્રહ ઉપર પહોંચવાની તૈયારી કરી રહેલા વૈજ્ઞાનિકો એક એવી તોપ બનાવી રહ્યા છે કે ખૂબ દૂર સુધી નિશાન તાકી શકે, એ તોપમાં એવો એક ગોળો મૂકવામાં આવશે. જેમાં મુસાફરો બેસી શકે. એ ગોળો યાત્રીઓને ચંદ્ર અથવા મંગળ પર પહોંચાડી દેશે. એમ તેઓનું માનવું છે. આ પ્રયોગ કેટલે અંશે સફળ થઈ શકે એ તો ભવિષ્યમાં ખબર પડશે. પણ ભૂતકાળમાં યોગ સાધનારૂપી લક્ષ્યવેધ ઉપર જણાવેલી વિધિ દ્વારા દેવશક્તિઓની સાથે અથડાય છે, તેમને પકડે છે અને તેમને આધુનિક વૈજ્ઞાનિક શોધખોળોની માફક મનુષ્યોના લાભાર્થે જાહેરમાં ખુલ્લી મૂકી દે છે. જેમ વૈજ્ઞાનિકોએ આજે વીજળી અને વરાળની મદદથી અનેક સુખ-સાધનો શોધ્યાં છે અને સર્વસામાન્ય લોકો માટે તેમને સુલભ બનાવ્યાં છે. તેમ યોગ સાધનાના લક્ષ્યવેધ દ્વારા એવાં પરિણામ ભૂતકાળમાં આપણા વૈજ્ઞાનિકોએ પ્રાપ્ત કરેલાં. યોગ સાધક પોતાના શરીરની શક્તિને બરાબર રીતે સંચાલિત કરીને દેવશક્તિઓ સુધી પહોંચાડે છે અને પોતાની આવશ્યકતા મુજબ લાભ અને વરદાન પ્રાપ્ત કરે છે. આપણા ઇતિહાસ અને પુરાણો ડગલે

ને પગલે આ મહાન સત્યની સાક્ષી પુરાવે છે. આ વિજ્ઞાનનો માર્ગ એક હોવા છતાં પણ તેની પ્રક્રિયાઓમાં અંતર હોય છે. રેડિયોનું વિજ્ઞાન તો એક છે પણ યંત્રોની બનાવટ તેના દરેક કારીગરની જુદી જુદી હોય છે. ઘડિયાળ અને મોટરના મશીનના ભાગોની બનાવટમાં પણ આ પ્રકારના ભેદ હો છે. આ પદ્ધતિઓ, બનાવવાની વિધિ જુદી જુદી હોવા છતાં બધાનો ઉપયોગ તો એક પ્રકારનો જ હોય છે -- સરખો જ હોય છે. યોગસાધનાના અનેક માર્ગો છે. એ બધા પૈકી 'ગાયત્રી માર્ગ' એક છે. ગાયત્રીની સાધના પણ એ દેવશક્તિઓ સાથે સાધક સંબંધ સ્થાપી શકે છે અને 'ઇચ્છા' મુજબ તે દ્વારા લાભ પણ મેળવી શકે છે.

ગાયત્રીના તંત્રગ્રંથોમાં ૨૪ ગાયત્રીઓનું વર્ણન છે. જુદા જુદા ચોવીસ દેવતાઓની એક એક ગાયત્રી છે. આમ ૨૪ ગાયત્રી મંત્રો દ્વારા જુદા જુદા ૨૪ દેવતાઓ સાથે સંબંધ બાંધી શકાય છે.

ગાયત્રી મંત્રના ૨૪ અક્ષરો પૈકી દરેકનો દેવતા ક્રમશઃ આ પ્રમાણે છે -

(૧) ગણેશ (૨) નૃસિંહ (૩) વિષ્ણુ (૪) શિવ (૫) કૃષ્ણ (૬) રાધા (૭) લક્ષ્મી (૮) અગ્નિ (૯) ઇન્દ્ર (૧૦) સરસ્વતી (૧૧) દુર્ગા (૧૨) હનુમાન (૧૩) પૃથ્વી (૧૪) સૂર્ય (૧૫) રામ (૧૬) સીતા (૧૭) ચંદ્રમા (૧૮) યમ (૧૯) બ્રહ્મા (૨૦) વરુણ (૨૧) નારાયણ (૨૨) હયગ્રીવ (૨૩) હંસ અને (૨૪) તુલસી.

જોકે આ બધા પૈકી કેટલાંક નામો તો મનુષ્યો, અવતારો, ગ્રહો, નક્ષત્રો, પક્ષી, વૃક્ષ વગેરેને લગતાં છે. એમાંના ઘણાંની કથાઓ પણ જાણીતી છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે ઉપર જે નામોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે નામો આ તંત્ર-વિજ્ઞાનમાં તો શુદ્ધ દેવશક્તિઓ માટે જ વપરાયાં છે. આ દેવશક્તિઓની છાયા રૂપે જે મનુષ્યો, ગ્રહો, પક્ષીઓ, પશુઓ વગેરે થઈ ગયાં છે તે કદાચ આ શક્તિઓનાં સ્થૂળ રૂપ હોવાં જોઈએ અથવા તેમનાં અંગેનાં અલંકારિક વર્ણનો હશે. હંસ, પક્ષી, તુલસીનો છોડ, સૂર્ય અને ચંદ્ર ગ્રહો, અગ્નિ, વરુણ વગેરે તત્ત્વો, રામ, કૃષ્ણ, સીતા, રાધા, હનુમાન જેવા અવતારી પુરુષો વગેરેએ દેવશક્તિઓનાં સ્થૂળ પ્રસ્ફુરણો ખરેખર તો એ શક્તિઓ અત્યંત સૂક્ષ્મ અને ઈશ્વરીય સૂર્ય કિરણો જ છે. ચોવીસ ગાયત્રી મંત્રો દ્વારા એ ૨૪ કિરણો સાથે જ નજીકનો સંબંધ સ્થાપવામાં આવે છે.

એ વાત તો આ પહેલાં કહેવામાં આવી કે દેવશક્તિઓ સ્વચૈતન્ય છે અને પોતપોતાની મર્યાદામાં રહીને પરમાણુઓ, તત્ત્વો અને પદાર્થો પર સત્તા ચલાવે છે. આથી તે દેવશક્તિઓ ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારની સત્તાઓ ધરાવે છે. દેવોની ઉપાસનાથી મનુષ્યને તે પ્રકારના ગુણ તો પ્રાપ્ત છે. સાથે સાથે એ દેવતાના અધિકારમાં રહેતા પદાર્થો પણ તેના તરફ આકર્ષાઈને આવતા રહે છે, મધના પૂડાની ઉપર એક માખી મુખ્ય અથવા શાસક હોય છે. તે માખી (રાણી) જ્યાં જાય છે ત્યાં બીજી માખીઓ પણ ઊડે છે. જ્યાં ચુંબક હોય છે ત્યાં લોખંડના કણ આપોઆપ ખેંચાઈ આવે છે. શક્તિ પોતાના આધારને પોતાની તરફ ખેંચ્યા કરતી હોય છે. સાધક વ્યક્તિએ પોતાની માનસિક ભૂમિમાં દેવશક્તિની ધારણા જેટલા પ્રમાણમાં કરી હશે એટલા જ પ્રમાણમાં તે શક્તિની સાથે સંબંધ ધરાવતી પરિસ્થિતિઓ અને વસ્તુઓ તેના તરફ ખેંચાતી આવશે અને તે તેની ઉપાસનાનો યોગ્ય લાભ લઈ શકશે.

ગાયત્રીના ચોવીસ દેવતાઓની ચૈતન્ય શક્તિઓ કઈ છે અને એ શક્તિઓ દ્વારા શા શા લાભ મળી શકે છે, એ અંગેનું વિવરણ અહીં આપવામાં આવે છે.

(૧) ગણેશ- સફળતાશક્તિ. ફળ-મુશ્કેલ કાર્યોમાં સફળતા, વિઘ્નોનો નાશ, બુદ્ધિનો વિકાસ.

(૨) નૃસિંહ- પરાક્રમશક્તિ. ફળ-પુરુષાર્થ, પરાક્રમ, વીરતા, શત્રુઓનો નાશ, આક્રમણથી રક્ષણ, રોગમુક્તિ.

(૩) વિષ્ણુ- પાલનશક્તિ. ફળ-પ્રાણીઓનું પાલન, આશ્રિતોનું રક્ષણ, યોગ્યતાઓનો વિકાસ, રક્ષણ.

(૪) શિવ- કલ્યાણશક્તિ. ફળ-અનિષ્ટનો નાશ, કલ્યાણની વૃદ્ધિ નિશ્ચય, આત્મપરાયણતા.

(૫) કૃષ્ણ- યોગશક્તિ. ફળ-ક્રિયાશીલતા, આત્મનિષ્ઠા, અનાસક્તિ કર્મયોગ, સુંદરતા, સરસતા.

(૬) રાધા- પ્રેમશક્તિ. ફળ-પ્રેમદૃષ્ટિ, દ્વેષભાવનો અંત.

(૭) લક્ષ્મી- ધનશક્તિ. ફળ-ધન, પદવી, કીર્તિ અને ભોગ-વિલાસનાં સાધનોની પ્રાપ્તિ

(૮) અગ્નિ - તેજશક્તિ. ફળ-ઉષ્ણતા, પ્રકાશ, શક્તિ અને સામર્થ્યની વૃદ્ધિ, પ્રભાવ પ્રતિભા અને તેજમાં વૃદ્ધિ.

(૯) ઈન્દ્ર- રક્ષાશક્તિ. ફળ-રોગ, હિંસક, ચોર, શત્રુ, ભૂતપ્રેત તેમજ અનિષ્ટ વગેરેથી રક્ષણ.

(૧૦) સરસ્વતી- બુદ્ધિશક્તિ. ફળ-બુદ્ધિનો વિકાસ, બુદ્ધિની પરિપક્વતા, પવિત્રતા, હોશિયારી, દૂરદર્શિતા, વિવેકશક્તિ.

(૧૧) દુર્ગા- દમનશક્તિ. ફળ-વિઘ્નોમાં વિજય, દુષ્ટલોકોને દબાવવાની શક્તિ. શત્રુઓનો નાશ, પ્રચંડ વર્ગ.

(૧૨) હનુમાન- નિષ્ઠાશક્તિ. ફળ-કર્તવ્યપરાયણતા, નિષ્ઠા, વિશ્વાસ, બ્રહ્મચર્ય વગેરે ગુણોનો વિકાસ.

(૧૩) પૃથ્વી- ધારણશક્તિ. ફળ-ગંભીરતા, ક્ષમાશીલતા, સહનશીલતા, દઢતા, ધીરજ, ભારસહન કરવાની શક્તિનો વિકાસ.

(૧૪) સૂર્ય- પ્રાણશક્તિ. ફળ-નીરોગીતા, લીંબુ, આયુષ્ય, વિકાસ, વૃદ્ધિ, ઉષ્ણતા અને વિકારોની શુદ્ધિ વગેરેની પ્રાપ્તિ.

(૧૫) રામ- મર્યાદાશક્તિ. ફળ-સહનશીલતા, દુઃખમાં સ્થિરતા, ધર્મ, મર્યાદા, સૌમ્યતા, સંયમ અને મૈત્રીના ગુણોમાં વૃદ્ધિ.

(૧૬) સીતા- તપશક્તિ. ફળ-નિર્વિકારતા, પવિત્રતા, મધુરતા, સાત્ત્વિક્તા, શીલ, નમ્રતા વગેરેનો વિકાસ.

(૧૭) ચંદ્ર- શાંતિશક્તિ. ફળ-ઉદ્વેગની, શાંતિ શોક, ક્રોધ, ચિંતા, પ્રતિહિંસા વગેરેનું શમન, કામ, મોહ, લોભ અને તૃષ્ણાની શાંતિ, આશાનો ઉદય.

(૧૮) યમ- કાળશક્તિ. ફળ-સમયનો સદુપયોગ, મૃત્યુ, નિર્ભયતા, આળસહીનતા, સ્ફૂર્તિ, સજગતા.

(૧૯) બ્રહ્મા- ઉત્પાદકશક્તિ. ફળ-ઉત્પાદક શક્તિનો વિકાસ, વસ્તુઓનું ઉત્પાદન વધવું, સંતાનવૃદ્ધિ, પશુઓ, ખેતી, વૃક્ષ, વનસ્પતિ વગેરેમાં વૃદ્ધિ - વિકાસ.

(૨૦) વરુણ- રસશક્તિ. ફળ-ભાવનાશીલતા, સરળતા, ફળપ્રિયતા, કવિત્વ, દયા, આર્દ્રતા, કોમળતા, પ્રસન્નતા, મધુરતા, સુંદરતા.

(૨૧) નારાયણ- આદર્શશક્તિ. ફળ-મહત્ત્વાકાંક્ષા, શ્રેષ્ઠતા, દિવ્યગુણ, દિવ્ય સ્વભાવ, ઉચ્ચ ચારિત્ર્ય, માર્ગદર્શક, કાર્યપદ્ધતિ.

(૨૨) હયગ્રીવ- સાહસશક્તિ. ફળ-ઉત્સાહ, સાહસ, વીરતા, નિર્ભયતા, મુશ્કેલીઓ સામે ઝઝૂમવાની વૃત્તિ, પુરુષાર્થ.

(૨૩) હંસ- વિવેકશક્તિ. ફળ-ઉજ્જવળ કીર્તિ, આત્મસંતોષ, સત્-અસત્નો વિવેક, દૂરદર્શિતા, સત્સંગ ઉત્તમ આહાર-વિહાર.

(૨૪) તુલસી- સેવાશક્તિ. ફળ-લોકસેવા, સત્ત્વગુણની પ્રધાનતા, પતિવ્રત, પત્નીવ્રત, આત્મશાંતિ, પરમ દુઃખનું નિવારણ.

જે વ્યક્તિને પોતાની અંદર જે ગુણ, કર્મ અને સ્વભાવની ઊણપ અથવા વિકૃતિ લાગતી હોય તેણે તે શક્તિવાળા દેવતાની ગાયત્રીનો જપ કરવો જોઈએ. દેવી ગાયત્રીની ઉપાસનાની સાથે તેનો દશાંશ ભાગનો જપ તે વિશિષ્ટ દેવની ગાયત્રીનો કરવો જોઈએ, દાખલા તરીકે કોઈ વ્યક્તિને સંતાન ન હોય તેણે બ્રહ્મ ગાયત્રી (બ્રહ્મદેવતાની ગાયત્રી)નો જપ કરવો. દેવી ગાયત્રીની દસ માળા જો જપવામાં આવો તો એક માળા બ્રહ્મ ગાયત્રીની કરવી જોઈએ. કોઈ વ્યક્તિ બહુ ઉત્સાહમાં આવી જઈને જલદી ફળ મેળવવાની દૃષ્ટિએ માત્ર બ્રહ્માનો ગાયત્રી જપ કર્યા કરે તો તેનું ફળ જલદી મળતું નથી, કારણ કે તે વિશિષ્ઠ દેવોની ગાયત્રીની ફળ આપવાની ગતિ બહુ ધીમી હોય છે. વળી તેમની સ્વતંત્ર સત્તા પણ એટલી બધી બળવાન હોતી નથી. તેથી તેની સાથે વિશેષ પ્રમાણમાં તો દેવી ગાયત્રી જ કરતા રહેવું. વેદમાતા ગાયત્રી એક વિશાળ અને બળવાન વૃક્ષ છે. તેને આધારે આ બધી દેવી ગાયત્રીઓ લતાઓ રૂપે રહી છે. મૂળ વૃક્ષનું પણ ચિંતન થવું જોઈએ. એ વૃક્ષને મજબૂત રાખી, તેને આધારે જ આ લતારૂપ દેવગાયત્રીના જપ થઈ શકે અર્થાત્ વિશિષ્ટ દેવોની ગાયત્રીના જપ મહાગાયત્રી સાથે જ કરવાથી ફળ આપે છે.

શરૂઆતમાં દેવગાયત્રીના જપ કરવા જોઈએ. સાથે સાથે તે દેવતાનું ધ્યાન કરવું જોઈએ અને એવી ભાવના કરવી જોઈએ કે તે દેવતા મારું ઇચ્છિત ફળ આપશે જ. અહીં ચોવીસે દેવતાઓની ગાયત્રીઓ આપવામાં આવી છે. એમના જપ દ્વારા તે દેવતાઓની સાથે આપણો વિશેષ સંબંધ બંધાય છે અને તેમની સાથે સંબંધ ધરાવતા ગુણો, પદાર્થો અને અવસરો સાધકને પ્રાપ્ત થતા રહે છે.

(૧) **ગણેશ ગાયત્રી** - ૐ એક દંષ્ટ્રાય વિદ્મહે, વક્રતુંડાય ધીમહિ, તન્નો બુદ્ધિઃ પ્રચોદયાત્ ।

(૨) **નૃસિંહ ગાયત્રી** - ૐ ઉગ્રનૃસિંહાય વિદ્મહે, વજ્ર નખાય ધીમહિ, તન્નો, નૃસિંહઃ પ્રચોદયાત્ ।

(૩) **વિષ્ણુ ગાયત્રી** - ૐ નારાયણાય વિદ્મહે, મહાદેવાય ધીમહિ તન્નો, વિષ્ણુઃ પ્રચોદયાત્ ।

(૪) **શિવ ગાયત્રી** - ૐ પંચવક્ત્રાઈ વિદ્મહે, વાસુદેવાય ધીમહિ, તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ।

(૫) **કૃષ્ણ ગાયત્રી** - ૐ દેવકીનંદાનાય વિદ્મહે, વાસુદેવાય ધીમહિ, તન્નો કૃષ્ણઃ પ્રચોદયાત્ ।

(૬) **રાધા ગાયત્રી** - ૐ વૃષભાનુજાયં વિદ્મહે, કૃષ્ણપ્રિયાયૈ ધીમહિ, તન્નો રાધા પ્રચોદયાત્ ।

(૭) **લક્ષ્મી ગાયત્રી** - ૐ મહાલક્ષ્મ્યૈ વિદ્મહે, વિષ્ણુપ્રિયાયૈ ધીમહિ, તન્નો લક્ષ્મીઃ પ્રચોદયાત્ ।

(૮) **અગ્નિ ગાયત્રી** - ૐ મહાજ્વાલાય વિદ્મહે, અગ્નિદેવાય ધીમહિ, તન્નો અગ્નિઃ પ્રચોદયાત્ ।

(૯) **ઇન્દ્ર ગાયત્રી** - ૐ સહસ્રનેત્રાય વિદ્મહે, વજ્રહસ્તાય ધીમહિ, તન્નો ઇન્દ્રઃ પ્રચોદયાત્ ।

(૧૦) **સરસ્વતી ગાયત્રી** - ૐ સરસ્વત્યૌ વિદ્મહે, બ્રહ્મપુત્રે ધીમહિ, તન્નો દેવી પ્રચોદયાત્ ।

(૧૧) **દુર્ગા ગાયત્રી** - ૐ ગિરજાય વિદ્મહે, શિવપ્રિયાયૈ ધીમહિ, તન્નો દુર્ગા પ્રચોદયાત્ ।

(૧૨) **હનુમાન ગાયત્રી** - ૐ અજંની સુતાય વિદ્મહે, વાયુપુત્રાય ધીમહિ, તન્નો મારૂતિઃ પ્રચોદયાત્ ।

(૧૩) **પૃથ્વી ગાયત્રી** - ૐ પૃથ્વીદેવ્યૈ વિદ્મહે, સહસ્રમૂર્ત્યૈ ધીમહિ, તન્નો પૃથ્વી પ્રચોદયાત્ ।

(૧૪) **સૂર્ય ગાયત્રી** - ૐ ભાસ્કરાય વિદ્મહે, દિવાકરાય ધીમહિ, તન્નો સૂર્યઃ પ્રચોદયાત્ ।

(૧૫) **રામ ગાયત્રી** - ૐ દાશરથયે વિદ્મહે, સીતાવલ્લભાય ધીમહિ, તન્નો રામઃ પ્રચોદયાત્ ।

(૧૬) **સીતા ગાયત્રી** - ૐ જનકનંદિન્યૈ વિદ્મહે, ભૂમિજાયૈ ધીમહિ, તન્નો સીતા પ્રચોદયાત્ ।

(૧૭) **ચંદ્ર ગાયત્રી** - ૐ ક્ષીરપુત્રાય વિદ્મહે, અમૃત તત્ત્વાય ધીમહિ, તન્નો ચંદ્રઃ પ્રચોદયાત્ ।

(૧૮) **યમ ગાયત્રી** - ૐ સૂર્યપુત્રાય વિદ્મહે, મહાકાલાય ધીમહિ, તન્નો યમઃ પ્રચોદયાત્ ।

(૧૯) **બ્રહ્મ ગાયત્રી** - ૐ ચતુર્મુખાય વિદ્મહે, હંસારૂઢાય ધીમહિ, તન્નો બ્રહ્મા પ્રચોદયાત્ ।

(૨૦) **વરુણ ગાયત્રી** - ૐ જલબિમ્બાય વિદ્મહે, નીલપુરૂસાય ધીમહિ, તન્નો વરુણ પ્રચોદયાત્ ।

(૨૧) **નારાયણ ગાયત્રી** - ૐ નારાયણાય વિદ્મહે, વાસુદેવાય ધીમહિ, તન્નો નારાયણઃ પ્રચોદયાત્ ।

(૨૨) **હયગ્રીવ ગાયત્રી** - ૐ વાણીશ્વરાય વિદ્મહે, હયગ્રીવાય ધીમહિ, તન્નો હયગ્રીવઃ પ્રચોદયાત્ ।

(૨૩) **હંસ ગાયત્રી** - ૐ પરમહંસાય વિદ્મહે, મહાહંસાય ધીમહિ, તન્નો હંસઃ પ્રચોદયાત્ ।

(૨૪) **તુલસી ગાયત્રી** - ૐ શ્રી તુલસ્યૈ વિદ્મહે, વિષ્ણુપ્રિયાયૈ ધીમહિ તન્નો વૃન્દા પ્રચોદયાત્ ।

આ દેવ ગાયત્રીઓ સાથે વ્યાહૃતિઓ લગાડવાની આવશ્યકતા નથી - કારણ કે આ વેદોક્ત મંત્રો નથી. આ તો તંત્રોક્ત મંત્રો છે. આ દેવશક્તિઓ સાથે સંબંધ સ્થાપિત કરવા માટેનાં ખાસ વિધાનો છે. એ બધા તંત્રગ્રંથોમાં વિસ્તારથી આપવામાં આવ્યાં છે. એ સાધનાઓ દ્વારા નિશ્ચિત રીતે એ દિશામાં પ્રગતિ થાય છે. અહીં એ વિસ્તૃત વિજ્ઞાન અંગે વર્ણન કરવું જરૂરી નથી. સાધકોને મહાગાયત્રીની ઉપાસનામાં વિશેષ ઉદ્દેશ્ય માટે ખાસ ફળદાયક તત્ત્વ ઉમેરીને ખાસ હેતુ સિદ્ધ કરી શકાય છે એ વાતનો ખ્યાલ આવે એ દૃષ્ટિએ જ અહીં એ દેવશક્તિઓ અને ગાયત્રીઓનાં વર્ણન આપવામાં આવ્યાં છે.

## ૧૭. ગાયત્રી પુરશ્ચરણ

'પુર' શબ્દનો અર્થ છે પૂર્વે અર્થાત્ આગળ અને ચરણ એટલે ચાલવું. ચાલવાનો આરંભ કરતાં પહેલાંની જે સ્થિતિ એટલે કે તૈયારી, તેનું નામ પુરશ્ચરણ. ચાલવાની ક્રિયામાં ત્રણ વિશેષતાઓ રહેલી છે. (૧) ગતિ (૨) આગતિ અને (૩) સ્થિતિ. 'ગતિ' એટલે આગળ જવું તે, 'આગતિ' એટલે આવવું અર્થાત્ પાછા ફરવું. અને 'સ્થિતિ' એટલે સ્થિર રહેવું તે પુરશ્ચરણમાં આ ત્રણે ક્રિયાઓ હોય છે. કોઈ ખાસ ઈચ્છાને પ્રાપ્ત કરવા માટે સાધના કરવામાં આવે ત્યારે તેના માર્ગમાં આવતાં વિઘ્નોને પાછા ધકેલવાં પડે છે. આ બે ક્રિયાઓ ગતિ-આગતિ પહેલા શક્તિને જગાડવા માટે, જે સ્થિતિ સ્વીકારવાની હોય છે તેને પુરશ્ચરણ કહે છે.

સિંહ જ્યારે પોતાના શિકાર ઉપર આક્રમણ કરે છે ત્યારે એકાદ ક્ષણ વાર સુધી તે અટકે છે અને પછી આક્રમણ કરે છે. ધનુષ પર બાણ ચઢાવીને છોડતાં પહેલાં ક્ષણ વાર રોકાઈને પછી તેને છોડવામાં આવે છે. બંદૂકનો ઘોડો દબાવતા પહેલાં પણ એકાદ ક્ષણ સ્થિર થવું પડે છે. એમ કરવાથી નિશાન અચૂક લાગે છે. આ જ રીતે ઇચ્છિત કામનાની પ્રાપ્તિ માટે પૂરતા પ્રમાણમાં 'આત્મિક-બળ' એકઠું કરવા માટે કેટલોક સમય આંતરિક શક્તિઓને વિકસિત કરવી પડે છે. આ શક્તિઓ વિકસિત કરવાની પ્રક્રિયાને જ પુરશ્ચરણ કહે છે.

સવા લાખ અથવા ઓછીવત્તી સંખ્યામાં મંત્ર જપનું અનુષ્ઠાન સર્વસુલભ અને સર્વજનોપયોગી સાધન છે. પુરશ્ચરણ તો કોઈ ખાસ ઉદ્દેશ્ય માટે કરવામાં આવે છે. તેની પદ્ધતિ વિસ્તૃત છે. એ તો કોઈ બ્રાહ્મણ-પુરોહિતની દેખરેખમાં કરી શકાય. પણ અનુષ્ઠાન તો મનુષ્ય કોઈની સહાયતા વિના એકલો પણ કરી શકે. પુરશ્ચરણને માટે તો અનેક કર્મકાંડી બ્રાહ્મણોની સહાયતાની જરૂર પડે છે. કોઈ વિશેષ પ્રકારના પાપના પ્રાયશ્ચિત્ત માટે કે કોઈ ખાસ લાભ મેળવવા માટે પુરશ્ચરણ કરવામાં આવે છે. એથી આપણી અંદર એક એવી શક્તિ પ્રગટ થાય છે કે જે આપણને આપણી ઇચ્છા પૂરી કરવાની સરળતા કરી આપે છે.

ગાયત્રી પુરશ્ચરણ ક્યારે કરવું અને કેવા નીતિ-નિયમો પાળીને કરી શકાય એ બધી વાતો અંગે આ જ પ્રકરણમાં સમજાવવામાં આવ્યું છે. સમય સાચવીને અને નિયમોનું પાલન કરીને ગાયત્રી પુરશ્ચરણની મહાસાધના કોઈ વિદ્વાન કર્મકાંડી પુરોહિતની દેખરેખમાં શરૂ કરવી જોઈએ.

ઉત્તમ સ્થળ પસંદ કરીને, ત્યાં પૂજા માટે સ્થાપન તૈયાર કરવું જોઈએ. હળદર, કંકુ, ચિરોડી વગેરે માંગલિક દ્રવ્યોથી સાથિયા પૂરવા. વચ્ચે હવન માટે વેદી બનાવવી. એ વેદી જમીનથી ચાર આંગળી ઊંચી અને ચોવીસ આંગળ લાંબી-પહોળી (ચોરસ) હોવી જોઈએ. તેના ઈશાન ખૂણામાં એક કલશની સ્થાપના કરવી. એક બાજોઠ પર દેવસ્થાન અને ગાયત્રીમંત્રની સ્થાપના કરવી. બાજોઠની પાસે ઘીનો દીવો પ્રગટાવીને તેને ચાલુ જ રાખવો. આ પુસ્તકમાં અન્યત્ર બતાવેલી વિધિ મુજબ ગાયત્રીની પૂજા કરવી અને ત્યાર પછી જપ વગેરે કાર્યો શરૂ કરવાં.

જપની સંખ્યાના દશાંશ ભાગનો હોમ કરવો. હોમના દશાંશ ભાગનું તર્પણ કરવું અને તર્પણના દશાંશ ભાગનું માર્જન કરવું. માર્જનના દશાંશ જેટલા બ્રાહ્મણોને જમાડવા. પુરશ્ચરણનાં આટલાં આવશ્યક કર્મો ગણાય છે. આ નિયમોને ધ્યાનમાં રાખીને કેટલી સંખ્યાના જપનું પુરશ્ચરણ કરવાની આપણી તૈયારી છે તે નક્કી કરવું. આ બધાની પાછળ આર્થિક અનુકૂળતાનો પણ વિચાર કરવો પડે છે. સવા લાખ મંત્રોનું પુરશ્ચરણ કરવું હોય તો ૧૨,૫૦૦ આહુતિઓનો હવન કરવો જોઈએ અને તે સંખ્યા મુજબ ૧૨૫૦ તર્પણ ૧૨૫ માર્જન અને ૧૩ બ્રાહ્મણોને ભોજન કરાવવું પડે. આ બધામાં ખર્ચનો અંદાજ કાઢવો જોઈએ. જપની સંખ્યા અનુકૂળતા પ્રમાણે ઓછીવત્તી થઈ શકે.

પુરશ્ચરણમાં કાર્યોનું વિવરણ આ મુજબ છે (૧) સ્નાનાદિ નિત્યકર્મ, (૨) સંધ્યા, (૩) ગાયત્રી-પૂજન (પૂજનનાં પાંચ અંગ છે - મુખ્ય અંગપૂજા, કવચ, ન્યાસ, ધ્યાન અને સ્રોત) (૪) શાપ-મોચન, (૫) હવન, (૬) તર્પણ, (૭) માર્જન, (૮) મુદ્રા, (૯) વિસર્જન અને (૧૦) બ્રહ્મભોજન. આ કાર્યક્રમ રોજ થવો જોઈએ. આટલા મોટા કાર્યક્રમની સાથે આપણી મેળે અધિક સંખ્યામાં જપ થઈ શકે નહિ. આથી બ્રાહ્મણોની વરણી કરીને તેમને જપ કાર્ય સોંપવું. પુરોહિત (ગોર) યજમાનને ધ્યાન, પૂજન, હોમ, તર્પણ, વગેરે કરાવે. હોમ અને તર્પણને માટે પણ અન્ય વ્યક્તિઓની મદદ લઈ શકાય. આથી સમય પણ બચાવી શકાય. પુરશ્ચરણ સવા લાખ, એક કરોડ, સવા કરોડ અથવા ઓછામાં ઓછું ચોવીસ હજાર ગાયત્રી મંત્રના જપનું હોય છે. ચોવીસ દિવસમાં પુરશ્ચરણ પૂરું કરવાનું હોય છે. આ બધી જ વાતોનો ખ્યાલ રાખીને જપ તર્પણ અને હવન

કરવામાં સહાયક બ્રાહ્મણોની વરણી કરવી જોઈએ. એ નિયુક્ત બ્રાહ્મણો માટે ભોજન, વસ્ત્ર, પાત્રો અને દક્ષિણા વગેરેની યોગ્ય વ્યવસ્થા પણ અગાઉથી કરી લેવી જોઈએ.

પુરશ્ચરણ પૂરું થઈ જાય ત્યારે બ્રહ્મભોજન, પ્રીતિભોજન, મોટો યજ્ઞ, કથા-કીર્તન, પ્રસાદ-વિતરણ વગેરેનો એક મોટો ઉત્સવ કરવો જોઈએ. અંતે શુભ ભાવનાઓ સાથે પૂજાની વપરાયેલી સામગ્રીને કોઈ જળાશય જેવા શુદ્ધ સ્થળમાં પધરાવી વિસર્જન કરીને કાર્યક્રમ પૂરો કરવો જોઈએ.

હવે પુરશ્ચરણનાં દસ અંગોની વિધિ વિશે વિગતે જુદાં જુદાં વર્ણન આપવામાં આવે છે.

### ૧. નિત્ય કર્મ

રોજ સવારે બ્રહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરીને ઊઠી જવું. આંખ ખૂલતાં જ ઈશ્વરનું ધ્યાન કરવું અને શૌચ વગેરે કરીને સ્નાન કરવું. શુદ્ધ ધોયેલાં વસ્ત્ર પહેરવાં. આહાર-વિહારના નિયમોનું પાલન કરવું. ખરાબ કર્મોથી દૂર રહેવું, બ્રહ્મચર્યનું પાલન કરવું. પુરશ્ચરણ માટે જરૂરી નિયમો અહીં આપવામાં આવ્યા છે તેમનું પાલન કરવું. પુરશ્ચરણના નિયમો આ પ્રમાણે છે -

**પૂજા ત્રૈકાલિકી નિત્યં જપસ્તર્પણમેવ ચ ।**
**હોમં બ્રાહ્મણ ભુક્તિશ્ચ પુરશ્ચરણં તદુચ્યતે ॥**

*- કુલાર્ણવ તંત્ર*

રોજ ત્રણે કાળમાં પૂજા, જપ, તર્પણ, હોમ તથા બ્રાહ્મણભોજન કરાવવું તેને પુરશ્ચરણ કહે છે.

**પર્વતાગ્રે નદીતીરે બિલ્વમૂલે જલાશયે ।**
**ગોષ્ઠે દેવાલયેઽશ્વત્થે ઉદ્યાને તુલસી વને ॥**
**પુણ્ય ક્ષેત્રે ગુરોઃ પાર્શ્વે ચિત્તૈકાગ્ર્યસ્થલેઽપિ ચ ।**
**પુરશ્ચરણકૃન્મંત્રી સિધ્યત્યેવ ન સંશયઃ ॥**

*- વિશ્વામિત્ર કલ્પ*

પહાડના શિખર પર, નદી કિનારે, બીલીના વૃક્ષની નીચે, નદી અથવા તળાવને કિનારે, ગૌશાળામાં, દેવ-મંદિરમાં, પીપળાની નીચે, બગીચામાં, તુલસીના વનમાં, તીર્થ-સ્થળમાં, ગુરુની પાસે અથવા જ્યાં આપણું ચિત્ત એકાગ્ર રહી શકતું હોય તેવા સ્થાનમાં મંત્ર જાણનારે પુરશ્ચરણ કરવું જોઈએ. આવાં સ્થળોમાં જપ કરવાથી સિદ્ધિ મળે છે, એ વાતમાં સંશય નથી.

**ક્ષીરાહારી ફલાશી વા શાકાશી વા હવિષ્યભુક્ ।**
**ભિક્ષાશી વા જપેદ્યત્તાત્કૃચ્છ્ર ચાન્દ્રસમં ભવેત્ ॥**

દૂધ પીને રહેનાર, શાક પર રહેનાર, હવિષ્યાન્ન જમનાર અથવા ભિક્ષાનું અન્ન જમનાર જો જપ કરે તો તે કૃચ્છ્ર બરાબર ગણાય છે. અર્થાત્ ઉપર જણાવેલાઓ પૈકી કોઈને પણ કૃચ્છ્રરત કરવાની આવશ્યકતા રહેતી નથી.

**લવણં ક્ષારમમ્લં ચ ગૃંજનાદિ નિષેધિતમ્ ।**
**તાંબૂલં ચ દ્વિભૂક્તિશ્ચ દુષ્ટાવાસઃ પ્રમત્તતા ॥**

મીઠું (બીજા કોઈ પ્રકારનો) ક્ષાર, ખટાશ, ડુંગળી વગેરે જેવાં નિષિદ્ધ ભોજન, પાન બે વખતનું ભોજન તથા દુષ્ટ સ્થળમાં મુકામ તેમજ આળસ છોડવાં જોઈએ.

**શ્રુતિસ્મૃતિ-વિરોધં ચ જપં રાત્રૌ વિવર્જયેત્ ।**

શ્રુતિ અને સ્મૃતિ ગ્રંથોનો વિરોધ કરવો તથા રાત્રિમાં જપ કાર્ય - એ બે છોડી દેવાં જોઈએ.

**ભૂશય્યા બ્રહ્મચારિત્વં મૌનચર્ય્યા તથૈવ ચ ।**
**નિત્યં ત્રિષવણં સ્નાનં ક્ષૌરકર્મ વિવર્જનમ્ ॥**

नित्य - पूजा नित्यदानमानंद-स्तुति-कीर्त्तनम् ।
જપ-નિષ્ઠા દ્વાદશૈતે ધર્માઃ સ્યુર્મંત્રસિદ્ધિદાઃ ॥

પૃથ્વી પર સુવું, બ્રહ્મચર્ય, મૌન, ત્રિકાળ સંધ્યા, સ્નાન, વાળ ન કપાવવા, નિત્યનું પૂજન, દાન, સ્તુતિ અને કીર્તન નૈમિત્તિક અર્ચન ગુરુ અને દેવતા પ્રત્યે વિશ્વાસ તથા જપમાં નિષ્ઠા-મંત્રની સિદ્ધિ માટે આ બાર આવશ્યક નિયમો છે.

જ્યેષ્ઠાષાઢા ભાદ્રપદં પૌષં તુ મલમાસકમ્ ।
અંગારશનિવારૌ તુ વ્યતિપાતંચ વૈધૃતિમ્ ॥
અષ્ટમી નવમી ષષ્ઠી ચતુર્થી ચ ત્રયોદર્શી ।
ચતુર્દશીમમાવસ્યા પ્રદોષશ્ચ તથા નિશા ॥

જેઠ, અષાઢ, ભાદરવો, પોષ તથા અધિક માસ, મંગળવાર અને શનિવાર, વ્યતિપાત અને વૈધતિ યોગો, આઠમ, નોમ, છઠ, ચોથ, તેરશ, ચૌદશ અને અમાસ તથા પ્રદોષ અને રાત્રિનો સમય એ બધાં પુરશ્ચરણના માટે વર્જ્ય ગણાય છે.

યમાગ્નિ રુદ્ર સર્પેન્દ્રિ વસુ શ્રવણં જન્મભમ્ ।
મેષ કર્ક તુલા કુમ્ભાન્મકરં ચૈવ વર્જયેત્ ॥
સર્વાણ્યેતાનિ વર્જ્યાર્નિ પુરશ્ચરણ કર્મણિ ।

ભરણી, કૃત્તિકા, આર્દ્ર, આશ્લેષા, જ્યેષ્ઠા, ધનિષ્ઠા, શ્રવણ અને જન્મનું નક્ષત્ર તથા મેષ, કર્ક, તુલા, કુંભ અને મકર વગેરે રાશિઓમાં પુરશ્ચરણની શરૂઆત કરવી ન જોઈએ.

ગુરુ શુક્રોદયે શુદ્ધે લગ્ને સદ્વારશોધિતે ।
ચન્દ્રતારાનુકૂલ્યે ચ શુક્લ પક્ષે વિશેષતઃ ॥
પુરશ્ચરણકં કુર્યાન્મન્ત્રંસિદ્ધિઃ પ્રજાયતે ।

ગુરુ કે શુક્રના ઉદયના સમયમાં શુદ્ધ લગ્નમાં (મુહૂર્તમાં) સારા વારે, અનુકૂળ તારા - ચંદ્રમા, ખાસ કરીને શુક્લ પક્ષમાં (સુદ પક્ષમાં પુરશ્ચરણ કરવાથી મંત્રની સિદ્ધિ મળે છે.

કૃષ્ણાજિને જ્ઞાનસિદ્ધિર્મુક્તિઃ શ્રીવ્યાઘ્રચર્મણિ ।
સ્યાત્પૌષ્ટિકં ચ કૌશેયં શાન્તિકં વેત્રવિષ્ટરમ્ ॥
વંશાસને વ્યાધિનાશઃ કમ્બલે દુઃખ-મોચનમ્ ।
સર્વાભાવેત્વાસનાર્થં કુશવિષ્ટરમુત્તમમ્ ॥

કાળા મૃગનું ચર્મ જ્ઞાનની સિદ્ધિ માટે, મોક્ષ અને લક્ષ્મી માટે વાઘનું ચર્મ, પુષ્ટિકાર્ય માટે રેશમ, શાંતિકાર્ય માટે નેતર, વ્યાધિના નાશ માટે વાંસ, દુઃખ દૂર કરવા માટે કામળા વગેરેનાં આસન લેવાં જોઈએ. જુદાં જુદાં આસનો ન મળી શકે તો દર્ભનું આસન ઉત્તમ જાણવું.

આરંભ દિનમારભ્ય સમાપ્તિ દિવસાવધિ ।
અન્યૂનં નાતિરિક્તં ચ જપં કુર્યાદ્ દિને-દિને ॥
નૈરંતર્યેણધિ કુર્વીત ન સ્વવૃતૌ ચ લિંપયેત્ ।
પ્રાતરારભ્યઃ વિધિવજ્જપેન્મધ્યં દિનાવધિ ।
મનઃ સંહરણં શૌચં યાનં મંત્રાર્થચિન્તનમ્ ॥

પહેલા દિવસથી માંડીને છેલ્લા દિવસ સુધી એકસરખી રીતે નિશ્ચિત સંખ્યામાં જપ કરવા. જપ વધારે પણ ન કરવા કે ઓછા પણ ન કરવા. હંમેશાં એ પ્રમાણે કરતાં રહેવું. આ જપ-કર્મમાં એક પણ દિવસ પાડવો નહિ અને પોતાના ધંધાના કાર્યમાં પણ ભરાઈ રહેવું ન જોઈએ. પ્રાતઃકાળથી માંડીને મધ્યાહ્ન કાળ સુધી વિધિસર જપ કરવા, મનથી પવિત્ર રહેવું અને મંત્રના અર્થું ચિંતન-મનન

કરતા રહેવું.

**હોમસ્ય તુ દશાંશેન તર્પણં સમુદીરિતમ્ ।**
**તર્પણસ્ય દશાંશેન ચાભિષેક સ્તતઃ પરમ્**
**અભિષેક દશાંશેન કુર્યાત્ બ્રાહ્મણ ભોજનમ્ ।**

હોમના દશાંશનું તર્પણ, તર્પણના દશાંશનો અભિષેક અને અભિષેકના દશાંશનું બ્રહ્મભોજન કરાવવું જોઈએ.

**સંધ્યા**

પુરશ્ચરણ શરૂ કરતાં સૌથી પહેલા સંધ્યા કરવી જોઈએ. સંધ્યાની અનેક વિધિઓ પ્રચલિત છે. યજુર્વેદીય સંધ્યા, ઋગ્વેદીય સંધ્યા અને સામવેદીય સંધ્યા - એમ ત્રણ રીતની સંધ્યાઓ પ્રચલિત છે. દક્ષિણના લોકોમાં પ્રચલિત સંધ્યા અને ઉત્તરના લોકોમાં પ્રચલિત સંધ્યા તથા ધાર્મિક (વૈષ્ણવ) જનતામાં પ્રચલિત સંધ્યા એ ત્રણે સંધ્યાઓમાં શ્રુતિ અને સ્મૃતિ એ બંનેના મિશ્રિત મંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. આર્યસમાજી સંધ્યાં જુદી છે. આ બધી પૈકી ગમે તે અપનાવી શકાય. અમારી દૃષ્ટિએ - બ્રહ્મસંધ્યા સર્વોત્તમ છે. એનું વર્ણન અમે 'ગાયત્રી મહાવિજ્ઞાન' ના પ્રથમ ભાગમાં પદ્ધતિસર કર્યું છે.

**● ગાયત્રી-પૂજન ●**

એક બાજોઠ પર ગાયત્રીની મૂર્તિ સ્થાપિત કરવી જોઈએ. આ પ્રતિમા ગાયત્રીમંત્રના અક્ષરોની બનેલી અર્થાત્ લખેલો (છાપેલો) ગાયત્રી મંત્ર અથવા દેવીનું ચિત્ર અથવા મૂર્તિના રૂપમાં પણ ચાલી શકે. તેનું ધૂપ, દીપ, ચંદન, ગંધ, અક્ષત, નૈવેદ્ય, તાંબુલ, સોપારી, દુર્વા, પુષ્પ, અર્ધ્ય અને નમસ્કાર વગેરેથી પૂજન કરવું જોઈએ. માનસિક પૂજામાં ધ્યાનમાં બેસી ભાવના રૂપે આ બધાં પૂજાદ્રવ્યો ગાયત્રી માતાની સામે મનથી હાજર કરીને તે દ્વારા તેમની પૂજા કરવી.

પૂજા શરૂ કરતાં પહેલાં ગાયત્રીનું આવાહન કરવું જોઈએ. અને એવી શ્રદ્ધા પૂર્વકની ભાવના કરવી જોઈએ કે વિશ્વવ્યાપી ગાયત્રી શક્તિનો એક ભાગ અહીં પૂજાનો સ્વીકાર કરવા પધાર્યો છે. આવાહનનો મંત્ર આ છે -

**આયાતુ વરદે દેવિ અક્ષરે બ્રહ્મવાદિની ।**
**ગાયત્રિચ્છન્દસાં માતા બ્રહ્મયોનિર્નમોઽસ્તુ તે ॥**

પૂજા કર્યા પછી ધ્યાન, કવચ, ન્યાસ અને સ્રોત દ્વારા ગાયત્રીની ધારણા તથા પ્રતિષ્ઠા કરવી જોઈએ. આને પંચોપચાર પૂજા કહે છે. એ પાંચે ઉપચારનું વર્ણન આગળ કરવામાં આવે છે.

**● ધ્યાન ●**

ધ્યાનનો અર્થ - કોઈ વસ્તુને શ્રદ્ધા અને રુચિપૂર્વક માનસહિત મનઃપ્રદેશમાં ધારણ કરવી, એવો થાય છે. આ રીતે જે મૂર્તિને મનમાં ધારણ કરવામાં આવે છે તે એક રીતે આપણો આદર્શ બની જાય છે અને તેને અનુરૂપ આપણાં ગુણ, કર્મ તથા સ્વભાવ બનતાં જાય છે.

ગાયત્રીનું ધ્યાન કરતી વખતે તે મહાશક્તિની વિશેષતાઓ અને મહત્તાઓનો ખ્યાલ આપણને આવે છે. એક રીતે તે આપણો આદર્શ બની જાય છે અને એ વિશેષતાઓ આપણામાં આપોઆપ વધતી જાય છે. શક્તિનો ઉપાસક દિવસે દિવસે શક્તિમાન બનતો જાય છે.

ગાયત્રીનાં બે પ્રકારના ધ્યાન નીચે આપવામાં આવ્યાં છે. (૧) વર્ણપરક અને (૨) શક્તિપરક. રુચિ પ્રમાણે તેમાંથી એક રીતનું ધ્યાન કરવું.

## ● વર્ણોનું ધ્યાન ●

**તત્કારં ચમ્પકાપીતં બ્રહ્મવિષ્ણુશિવાત્મકમ્ ।**
**શતપત્રાસનારૂઢં ધ્યાયેત્ સુસ્થાનસંસ્થિતમ્ ॥**

ચંપાના ફૂલ જેવું પીળું, બ્રહ્મા, વિષ્ણુ તથા શિવમય, કમલાસનરૂપ સુંદર સ્થાન પર વિરાજેલ 'તત્' વર્ણનું ધ્યાન કરવું જોઈએ.

**સકારં ચિંતયેદેવમલસીપુષ્પસન્નિભમ્ ।**
**પદ્મમધ્યસ્થિતં સૌમ્યમુપપાતકનાશનમ્ ॥**

અળસીના પુષ્પના જેવી શોભાવાળા, કમળની મધ્યમાં બેઠેલા, સૌમ્ય તથા ઉપપાતકો (નાનાં નાનાં પાપ)નો નાશ કરનાર 'સ' વર્ણનું ધ્યાન કરવું જોઈએ.

**વિકારં કપિલં નિત્યં કમલાસનસંસ્થિતમ્ ।**
**ધ્યાયેચ્છાન્તો દ્વિજઃ શ્રેષ્ઠો મહાપાતકનાશનમ્ ॥**

કમળના આસન પર બેઠેલા, વિદ્રુમના જેવા રંગના તથા મહાપાપનો નાશ કરનાર 'વિ' વર્ણનું દરેક દ્વિજે શાંત ચિત્તથી ધ્યાન કરવું જોઈએ.

**તુકારં ચિન્તયેત્પ્રાજ્ઞ ઈન્દ્રનીલ સમ પ્રભમ્ ।**
**નિર્દહેત સર્વપાપાનિ ગ્રહોગસમુદ્ દ્ભવમ્ ॥**

ઈન્દ્રના મણિના જેવી શોભાવાળા, ગ્રહરોગોથી ઉત્પન્ન થતાં બધાં જ પાપોને બાળી નાખનાર 'તુ' વર્ણનું વિદ્વાનોએ ધ્યાન કરવું જોઈએ.

**વકરાં વહિન દીપ્તાભં ચિંતયેચ્ચ વિચક્ષણઃ ।**
**ભ્રૂણ હત્યાં કૃતં પાપં તત્ક્ષણાદેવ નશ્યતિ ॥**

પ્રજ્જ્વલિત અગ્નિના જેવા તેજવાળા 'વ' વર્ણનું પંડિત લોકોએ ધ્યાન કરવું જોઈએ. આનું ચિંતન કરવાથી ગર્ભહત્યાનું પાપ તરત જ નષ્ટ થઈ જાય છે.

**રેકારં વિમલં ધ્યાયેત્ શુદ્ધ સ્ફટિક સન્નિભમ્ ।**
**પાપં નશ્યતિ તત્ક્ષિપ્રમગમ્યાગમનોદ્ભવમ્ ॥**

શુદ્ધ સ્ફટિક પથ્થરના જેવા નિર્મળ 'રે' વર્ણનું ધ્યાન કરવાથી અગમ્ય (ન જવા જેવાં) સ્થાનમાં ગયાથી લાગતાં પાપ જલદી જ નષ્ટ થઈ જાય છે.

**ણિકારં ચિંતયેદ્યોગી શુદ્ધ સ્ફટિક સન્નિભમ્ ।**
**અભક્ષ્ય-ભક્ષણં પાપં તત્ક્ષણાદેવ નશ્યતિ ॥**

શુદ્ધ સ્ફટિકના જેવા 'ણિ' વર્ણનું યોગી ધ્યાન કરે. કેમ કે એનું ધ્યાન કરવાથી, ચિંતન કરવાથી અભક્ષ્ય વસ્તુ ખાવાથી લાગેલું પાપ તે જ ક્ષણે નષ્ટ થાય છે.

**યકારં તારકાવર્ણમિન્દ શેષવિભૂષિતમ્ ।**
**યોગિનાં વરદં ધ્યાયે ત્ બ્રહ્મ-હત્યાવિનાશનમ્ ॥**

તારાઓના વર્ણવાળા ચંદ્રથી વિભૂષિત 'ય' વર્ણનું ધ્યાન કરવું જોઈએ, કારણ કે મહાન વરદાન આપનાર 'ય' વર્ણ વડે બ્રહ્મહત્યાનું પાપ નાશ પામે છે.

**ભકારં કૃષ્ણ વર્ણં તુ નીલ મેઘ સમપ્રભમ્ ।**
**ધ્યાત્વા પુરુષ હત્યાદિ પાપં નાશયતિ દ્વિજઃ ॥**

નીલા મેઘના (વાદળના) જેવા તેજવાળા કૃષ્ણ વર્ણના 'ભ' વર્ણનું ધ્યાન કરવાથી દ્વિજ મનુષ્ય હત્યા જેવાં પાપોનો નાશ કરે છે.

गोकारं रक्त वर्णं च कमलासन संस्थितम् ।
गो हत्यादि कृतं पापं ध्यात्वा नश्यति तत्क्षणात् ॥

લાલ રંગના અને કમળના આસન પર બેઠેલા 'ગો' વર્ણનું ધ્યાન કરવાથી ગૌહત્યા વગેરે મહાન પાપ જલદી જ નષ્ટ પામે છે.

देकारं रक्त संकाशं कमलासनसंस्थितम् ।
चिन्तयेत्सततं योगी स्त्री-हत्या गहनं परम् ॥

લાલ વર્ણવાળાં અને કમળનાં આસન પર બેઠેલા 'દે' વર્ણનું ચિંતન કરવાથી યોગી પુરુષ સ્ત્રીહત્યા જેવાં ગહન પાપોમાંથી મુક્ત થાય છે.

वकारं चिंतयेच्छुद्धं जातीपुष्प समप्रभम् ।
गुरु हत्या कृतं पापं ध्यानात् नश्यति तत्क्षणात् ॥

જૂઈના ફૂલની શોભાવાળા શુદ્ધ 'વ' વર્ણનું ધ્યાન કરો. આનું ધ્યાન કરવાથી ગુરુની હત્યાથી થતું પાપ જલદી નષ્ટ થાય છે.

स्यकारं तं तथा भानुं सुवर्ण सदृश प्रभम् ।
मनसा चिंतितं पापं ध्यात्वा दूरमपाहरेत् ॥

હે નિષ્પાપ સુવર્ણના જેવા પ્રકાશવાળા અને ચંદ્ર જેવા 'સ્ય' વર્ણનું ધ્યાન કરીને મનથી કરેલાં પાપોનો નાશ કરવો જોઈએ.

धीकारं चिंतयेच्छुक्लं कुन्दपुष्पसमप्रभम् ।
पितृ मातृवधात् पापान्मुच्यते नात्र संशयः ॥

સફેદ કંદ પુષ્પના જેવી શોભાવાળા 'ધી' વર્ણનું ધ્યાન કરવાથી માતાપિતાની હત્યાથી થતું પાપ નિઃસંશય નષ્ટ થાય છે.

मकारं पद्म रागाभं चिंतयेद्दीप्ततेजसम् ।
पूर्वजन्मार्जितं पापं तत्क्षणादेव नश्यति ॥

પદ્મ (કમળ)ના રંગના જેવા ચમકતા તેજવાળા 'મ' વર્ણનું ધ્યાન કરવાથી પૂર્વજન્મનાં પાપ જલદી નાશ પામે છે.

हिकारं शंख वर्णन्तु पूर्ण चन्द्र समप्रभम् ।
अशेष पाप दहनं ध्यायेन्नित्यं विचक्षणः ॥

પૂર્ણ ચંદ્રના જેવી કાંતિવાળા અને શંખના જેવા રંગવાળા તેમજ સર્વ પાપોને બાળી નાખનાર 'હિ' વર્ણનું ધ્યાન કરવું જોઈએ.

धिकारं पाण्डवं ध्यायेत पद्मस्योपरि संस्थितम् ।
प्रतिग्रहकृतं पापं स्मरणादेव नश्यति ॥

પદ્મ ઉપર બેઠેલા પીળા રંગના 'ધિ' વર્ણનું ધ્યાન કરવું જોઈએ. કેમ કે પ્રતિગ્રહ લીધાથી થતું પાપ તેના સ્મરણ માત્રથી દૂર થઈ જાય છે.

योकारं रक्तवर्णं तु इन्द्रगोपसमप्रभम् ।
ध्यात्वा प्राणि-वधं पापं निर्दहेन्मुनि पुंगवः ॥

હે મુનિશ્રેષ્ઠ ! લાલ રંગના ઈન્દ્રગોપની જેવા તેજવાળા 'યો' વર્ણનું ધ્યાન કરવાથી પ્રાણીવધથી થતું પાપ બળી જાય છે.

દ્વીતીયશ્ચૈવ યઃ પ્રોક્તો યો કારો રક્ત સન્નિભઃ ।
નિર્દહેત્ સર્વ પાપાનિ પુનઃ પાપં ન લિપ્યતે ॥

રક્તવર્ણનો આ જે બીજો 'યો' અક્ષર છે તેનું ધ્યાન કરવાથી બધાં પાપ બળી જાય છે અને ફરી પાપોમાં ફસાવું પડતું નથી.

નઃ કારન્તુ મુખં પૂર્વમાદિત્યોદય સન્નિભમ્ ।
સકૃદ્ ધ્યાત્વા દ્વિજઃ શ્રેષ્ઠઃ સ ગચ્છેત્પરમં પદમ્ ॥

ઊગતા સૂર્યના જેવા તેજવાળી 'નઃ' વર્ણનું પૂર્વ દિશા તરફ મુખ રાખીને ફક્ત એક વાર ધ્યાન કરવાથી શ્રેષ્ઠ દ્વિજ પરમ પદને પામે છે.

નીલોત્પલ દલ શ્યામં પ્રકારં દક્ષિણાયનમ્ ।
સકૃદ્ ધ્યાત્વા દ્વિજઃ શ્રેષ્ઠઃ સંગચ્છેદીશ્વરં પદમ્ ॥

નીલ કમળના પત્ર જેવા શ્યામ અને દક્ષિણાયનવાળા 'પ્ર' વર્ણનું એક જ વાર ધ્યાન કરવાથી શ્રેષ્ઠ દ્વિજ ઈશ્વરના પદને પામે છે.

સૌમ્યં ગૌરોચનાપીતં ચોકારં ચતુરાનનમ્ ।
સકૃદ્ ધ્યાત્વા દ્વિજઃ શ્રેષ્ઠઃ સંગચ્છેદ્વૈષ્ણવં પદમ્ ॥

સૌમ્ય ગોરોચન જેવા પીળા રંગ વાળા 'યો' વર્ણનું એક વાર ધ્યાન કરવાથી શ્રેષ્ઠ બ્રાહ્મણ વિષ્ણુ પદને પામે છે.

શુક્લ વર્ણેન્દુ સંકાશં દકારં પશ્ચિમાનનમ્ ।
સકૃદ્ ધ્યાત્વા દ્વિજઃ શ્રેષ્ઠ સંગચ્છેદ બ્રહ્મણઃ પરમ્ ॥

શુક્લ ચંદ્રના જેવા અને પશ્ચિમ તરફ મુખવાળા 'દ' વર્ણનું ધ્યાન કરીને શ્રેષ્ઠ દ્વિજ બ્રહ્મપદને પામે છે.

યાત્કારં તુ શિવં પ્રોક્તં ચતુર્વદનસમપ્રભમ્ ।
પ્રત્યક્ષ ફલદો બ્રહ્મ વિષ્ણુરુદ્ર ઈતિ સ્મૃતિઃ ॥

'યાત્' વર્ણને તો શિવ એટલે કલ્યાણકારી કહ્યો છે. આ વર્ણ બ્રહ્માના જેવા તેજવાળા પ્રત્યક્ષ શુભ ફળને આપનારો અને સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે એમ કહેવાયું છે.

ન ભવેત્સૂતકં તસ્ય મૃતકશ્ચ ન વિદ્યતે ।
યસ્ત્વેકં ન વિજાનાતિ ગાયત્રીં ચ તથાવિધામ્ ॥

જે માણસ આવી સર્વ શક્તિમાન ગાયત્રીને સંપૂર્ણ રીતે જાણે છે તેને કદી સૂતક લાગતું નથી કે તેનું કોઈ મરતું નથી.

કથિતં સૂતકં તસ્ય મૃતકં ચ મયાનઘ ।
ન ચ તીર્થ-ફલં પ્રોક્તં તથૈવ સૂતકે સતિ ॥

હે નિષ્પાપ ! મેં જે સૂતક અને મૃતકની વાત કરી તે સૂતક લાગવાથી કે કોઈનું મૃત્યુ થવાથી મનુષ્યને તીર્થયાત્રાનું ફળ મળતું નથી.

### ● ગાયત્રી શક્તિનું ધ્યાન ●

વર્ણાસ્ત્ર કુણ્ડિકા હસ્તાં શુદ્ધ નિર્મલ જ્યોતિષીમ્ ।
સર્વ તત્ત્વમયીં વન્દે ગાયત્રીં વેદમાતરમ્ ॥

વર્ણાસ્ત્ર અને કુંડિકા હાથમાં ધારણ કરેલી શુદ્ધ અને નિર્મળ જ્યોતિ સ્વરૂપ, સર્વ તત્ત્વમયી વેદમાતા ગાયત્રીને હું વંદન કરું છું.

મુક્તા વિદ્રુમહેમ નીલ ધવલાચ્છાયૈઃ મુખૈસ્ત્રીક્ષણૈ,
યુંક્તામિન્દુનિબદ્ધ રત્ન મુકટાં તત્ત્વાર્થ વર્ણાત્મિકામ્ ।
ગાયત્રીં વરદાભયાંકુશકશાં શૂલં કપાલં તથા,
શંખં ચક્રમથારવિંદ યુગલં હસ્તૈર્વહંતીં ભજે ॥

મોતી, પરવાળાં, સોનું, નીલ અને શ્વેત (એ પાંચ રંગોની) છાયાવાળા તેમજ ત્રણ નેત્રમય (પાંચ) મુખવાળી ચંદ્રથી જડેલો રત્નોનો મુગટ ધારણ કરનારી, તત્ત્વના અર્થને પ્રગટ કરનારી, અભયનું વરદાન આપનારી, ત્રિશૂળ, કપાલ, શંખ, ચક્ર અને કમળોની જોડી હાથોમાં ધારણ કરનારી ગાયત્રી દેવીનું હું ધ્યાન કરું છું.

પંચવક્ત્રાં દશભુજાં સૂર્ય કોટિ સમપ્રભામ્ ।
સાવિત્રીં બ્રહ્મવરદાં ચંદ્રકોટિ સુશીતલામ્ ॥
ત્રિનેત્રાં સિતવક્ત્રાં ચ મુક્તાહાર વિરાજિતામ્ ।
વરાભયાંકુશકશાં હેમ પાત્રાક્ષમાલિકામ્ ॥
શંખચક્રાબ્જ યુગલં કરાભ્યાં દધતીં પરામ્ ।
સિતપંકજ સંસ્થાં ચ હંસારૂઢા સુખસ્મિતામ્ ॥
ધ્યાત્વૈવં માનસામ્ભોજે ગાયત્રી કવચં પઠેત્ ॥

પાંચ મુખ તથા દસ હાથવાળી, કરોડો સૂર્યના જેવી આભાવાળી, સાવિત્રી, બ્રહ્મનું વરદાન આપનારી, કરોડો ચંદ્રના જેવી શીતળતાવાળી, ત્રણ નેત્રવાળી, શીતળ વાણીવાળી, મોતીનો હાર ધારણ કરનારી, વર, અભય (હાથની મુદ્રાઓ) અંકુશ, સોનાનું પાત્ર, અક્ષમાલા, શંખ, ચક્ર અને કમળોની જોડી વગેરે આયુધો હાથમાં ધારણ કરનારી, શ્વેત કમળ પર બેઠેલી, હંસ પર સવાર થયેલી, મંદ મંદ હાસ્ય કરતી એવી ગાયત્રી દેવીનું હૃદય-કમળમાં ધ્યાન કરીને પછી ગાયત્રી કવચનો પાઠ કરવો જોઈએ.

## ● ગાયત્રી-કવચ ●

કવચ એટલે એક પ્રકારનું આચ્છાદન અથવા બખ્તર, કોઈ વસ્ત્ર કે એવું કંઈ આપણે ઓઢી લઈએ કે એનાથી આપણી જાતને ઢાંકી દઈએ તો તે આપણે કવચ પહેર્યું છે એમ કહેવાય - પ્રાચીનકાળમાં ખાસ કરીને યુદ્ધ સમયે સૈનિકો એક ખાસ પ્રકારનાં ચામડાનું અને લોખંડનું બનેલું વસ્ત્ર પહેરતા હતાં. આથી દુશ્મનોનાં હથિયારોના પ્રહાર તેમને વાગતા નહિ. એ ખાસ પ્રકારનું વસ્ત્ર તે પ્રહારોને ઝીલી લેતું. એ વસ્ત્રને કવચ કહેતા. કવચનું કામ આપણી રક્ષા કરવાનું છે. રક્ષા કરનાર વસ્તુને આપણે કવચ કહીએ છીએ.

જેમ ચામડું, લોખંડ વગેરે તત્ત્વોનાં બનેલાં કવચ શરીરનું રક્ષણ કરે છે તેવી રીતે આધ્યાત્મિક શક્તિવાળા દૈવી કવચ પણ હોય છે. એ કવચ પહેરી લેવાથી આપણું રક્ષણ થાય છે. મંત્રની શક્તિ કર્મકાંડ અને શ્રદ્ધા એ ત્રણ તત્ત્વોના મિશ્રણથી આધ્યાત્મિક કવચ બનાવવામાં આવે છે. કવચ પહેરી લેવાથી આપણા શરીર અને મન ઉપર આક્રમણ કરનાર દુષ્ટ તત્ત્વોને સફળતા મળતી નથી.

અહીં એ કવચ આપવામાં આવ્યાં છે. એકમાં ગાયત્રીના અક્ષરોને શક્તિનાં બીજ માનીને એમના દ્વારા આપણી રક્ષાનું કવચ ગૂંથવામાં આવે છે. બીજા (ન્યાસ શક્તિ) કવચમાં ગાયત્રી દેવીને શક્તિરૂપ માનીને તેનાં વિવિધ રૂપો દ્વારા આપણી ચારે બાજુએ એક કિલ્લો ચણી લેવામાં આવે છે. સગવડ અને રુચિ પ્રમાણે આમાંથી કોઈ એક અથવા બંનેનો ઉપયોગ થઈ શકે છે.

શાંત ચિત્તે કવચનો પાઠ કરતાં કરતાં એવો દૃઢ વિચાર કરવો જોઈએ કે મારા અમુક અંગ ઉપર અમુક શક્તિનું કવચ ચઢી ગયું છે. જેમ કવચને લીધે સૈનિકના શરીર પર દુશ્મનનો પ્રહાર

લાગતો નથી. તેમ મારા એ અંગ પર પણ કોઈ અનિષ્ટ તત્ત્વોનું આક્રમણ થઈ શકવાનું નથી. હવે મારાં બધાં જ અંગો પર પહેરાઈ ગયેલા આધ્યાત્મિક કવચની શક્તિને કારણે કોઈપણ વિકાર અને શારીરિક, માનસિક અથવા અન્ય પ્રકારે જરા પણ હાનિ કરી શકશે નહિ. આવી ભાવનાપૂર્વક પહેરેલું કવચ ખરેખર એક અદ્‌ભુત રક્ષા કાર્ય કરે છે તેમાં જરાય સંશય જેવું નથી.

**● અક્ષર-શક્તિ કવચ ●**

**તત્પદં પાતુ મે પાદૌ જંઘે ચ સવિતુઃ પદમ્ ।**
**વરેણ્યં કટિ દેશન્તુ નાભિં ભર્ગસ્તથૈવ ચ ॥**

'તત્' શબ્દ મારા પગની રક્ષા કરો, 'સવિતુ' શબ્દ મારી જાંઘોનું રક્ષણ કરો, 'વરેણ્યં' કમરની અને 'ભર્ગ' શબ્દ મારી નાભિની રક્ષા કરો.

**દેવસ્ય મે તુ હૃદયં ધીમહીતિ ગલં તથા ।**
**ધિયો મે પાતુ જિહ્વાયાં યઃ પદં પાતુ લોચને ॥**

'દેવસ્ય' શબ્દ મારા હૃદયની તથા 'ધીમહિ' શબ્દ મારા ગળાની રક્ષા કરો. 'ધિયો' શબ્દ મારી જીભની તથા 'ય' શબ્દ મારાં નેત્રોની રક્ષા કરો.

**લલાટે નઃ પદં પાતુ મૂર્દ્ધાનં મે પ્રચોદયાત્ ।**

'નઃ' શબ્દ મારા કપાળની રક્ષા કરો તથા 'પ્રચોદયાત્' શબ્દ મારા માથાની રક્ષા કરો.

**તદ્વર્ણઃ પાતુ મૂર્દ્ધાનં સકારઃ પાતુ ભાલકમ્ ।**

'તત્' વર્ણ માથાની રક્ષા કરો તથા 'સ' વર્ણ મારા કપાળની રક્ષા કરો.

**ચક્ષુષી મે વિકારસ્તુ શ્રોત્રે રક્ષેત્તુકારકઃ ।**
**નાસાપુટે વકારો મે રેકારસ્તુ કપાલકમ્ ॥**

'વિ' મારાં નેત્રોનું રક્ષણ કરો, 'તુ' વર્ણ મારા કાનની રક્ષા કરો. 'વ' વર્ણ નસકોરાંની અને 'રે' લમણાની રક્ષા કરો.

**ણિકારસ્તવધોરેષ્ઠે ચ યકારસ્તૂર્ધ્વ ઓષ્ઠકે ।**
**આસ્ય મધ્યે મકારસ્તુ ગોકારસ્તુ કપોલયોઃ ॥**

'ણિ' વર્ણ નીચેના હોઠની, 'ય' વર્ણ ઉપરના હોઠની, 'મ' વર્ણ મુખની વચ્ચેના ભાગની તથા 'ગો' વર્ણ મારા ગાલની રક્ષા કરો.

**દેકારઃ કણ્ઠ દેશે ચ વકારઃ સ્કન્ધ દેશયોઃ ।**
**સ્યકારો દક્ષિણં હસ્તં ધીકારો વામ હસ્તકમ્ ॥**

'દે' વર્ણ ગળાની, 'વ' વર્ણ બંને ખભાઓની, 'સ્ય' વર્ણ જમણા હાથની તથા 'ધી' વર્ણ ડાબા હાથની રક્ષા કરો.

**મકારો હૃદયં રક્ષેદ્ધિકારો જઠરં તથા ।**
**ધિકારો નાભિદેશં તુ યો કારસ્તુ કટિ દ્વયમ્ ॥**

'મ' હૃદયની રક્ષા કરો, 'હિ' પેટની અને 'ધિ' મારી નાભિની તથા 'યો' બંને કમરની રક્ષા કરો.

**ગુહ્યં રક્ષતુ યો કાર ઉરુ મે નઃ પદાક્ષરમ્ ।**
**પ્રકારો જાનુની રક્ષેચ્ચોકારો જંઘ દેશયોઃ ॥**

'યો' મારા ગુહ્ય પ્રદેશની રક્ષા કરો, બંને ઉરૂઓની 'નઃ' અક્ષર રક્ષા કરો.

'પ્ર' અક્ષર બંને ઘૂંટણોનું રક્ષણ કરો અને અને 'યો' અક્ષર જાંઘોની રક્ષા કરો.

**દકારો ગુલ્ફદેશે તુ યાત્કારઃ પાદ યુગ્મકમ્ ।**
**જાત વેદેતિ ગાયત્રી ત્ર્યંવકેતિ દશાક્ષરા ॥**

'દ' વર્ણ ઘૂંટીઓની રક્ષા કરો અને 'યાત્ત' વર્ણ બંને પગની રક્ષા કરો. (જાતવેદસે અને 'ત્ર્યંબકં યજા મહે'થી શરૂ થતા મંત્રો પણ ગાયત્રી મંત્રનાં જ સ્વરૂપો છે.)

**● ન્યાસ ●**

'ન્યાસ' શબ્દનો અર્થ છે - સ્થાપના. કોઈ જગ્યાએ વસ્તુની સ્થાપનાને ન્યાસ કહે છે. સાધના કરવા માટે બેસીને જમણા હાથનો અંગૂઠો, મધ્યમ (વચલી) આંગળી તથા અનામિકા આંગળીઓને ભેગાં કરીને શરીરનાં જુદાં જુદાં અંગોનો તેમના દ્વારા સ્પર્શ કરવામાં આવે છે અને જુદાં જુદાં અંગોમાં ગાયત્રીની શક્તિઓની સ્થાપના કરવાની ભાવના કરવામાં આવે છે.

આ રીતની ભાવનાથી સાધક પોતાના અંગેઅંગમાં એક પ્રકારે દૈવી શક્તિઓ સ્થાપિત થઈ છે એવો અનુભવ કરે છે. આ ભાવના આપણા શ્રદ્ધા અને વિશ્વાસને કારણે આપણને ખરેખર એક પ્રકારની દઢતા અને સહાયતા અર્પે છે.

**● ન્યાસ-શક્તિ ●**

**સાવિત્રીં મે શિરઃ પાતુ શિખાયામમૃતેશ્વરી ।**
**લલાટં બ્રહ્મદેવી ચ ભ્રુવૌ મે પાતુ વૈષ્ણવી ॥**

સાવિત્રી દેવી મારા માથાની રક્ષા કરો. અમૃતેશ્વરી શિખાની રક્ષા કરો, બ્રહ્મદેવી કપાળની રક્ષા કરો અને વૈષ્ણવી દેવી ભ્રમરોની રક્ષા કરો.

**કર્ણૌ મે પાતુ રુદ્રાણી સૂર્યા સાવિત્ર્યમ્બિકે ।**
**ગાયત્રી વદનં પાતુ શારદા દશનચ્છદમ્ ॥**

સૂર્યા, સાવિત્રી, અંબિકા અને રૂદ્રાણી મારા કાનની રક્ષા કરો, ગાયત્રી માતા મુખની રક્ષા કરો અને શારદા દેવી મારા હોઠોની રક્ષા કરો.

**દ્વિજાન્યજ્ઞપ્રિયા પાતુ રસનાં તુ સરસ્વતી ।**
**સંખ્યાયિની નાસિકાં મે કપાલં ચન્દ્રહાસિની ॥**

યજ્ઞપ્રિયા દેવી દાંતની રક્ષા કરો, સરસ્વતી દેવી જીભની રક્ષા કરો, સાંખ્યાયિની દેવી નાકની રક્ષા કરો તથા ચંદ્રહાસિની દેવી ગાલની રક્ષા કરો.

**ચિબુકં વેદ ગર્ભા ચ કણ્ઠં પાત્વઘનાશિની ।**
**સ્તનૌ મે પાતુ ઈન્દ્રાણી હૃદયં બ્રહ્મવાદિની ॥**

વેદગર્ભા દેવી મારી હડપચીની રક્ષા કરો, અઘનાશિની દેવી કંઠની રક્ષા કરો, ઈન્દ્રાણી મારાં સ્તનોની તથા બ્રહ્મવાદિની હૃદયનું રક્ષણ કરો.

**ઉદરં વિશ્વ ભોક્ત્રી ચ નાભિં પાતુ સુરપ્રિયા ।**
**જઘનં નારસિંહા ચ પૃષ્ઠં બ્રહ્માંડધારિણી ॥**

વિશ્વભોક્ત્રી ઉદરની રક્ષા કરો, સુરપ્રિયા નાભિનું રક્ષણ કરો, નારસિંહી દેવી મારા નિતંબની રક્ષા કરો અને બ્રહ્માંડધારિણી પીઠનું રક્ષણ કરો.

**પાર્શ્વૌ મે પાતુ પદ્માક્ષી ગુહ્યં મે ગોત્રિકાઽવતુ ।**
**ઊર્વોરોંકારરૂપા ચ જાન્વોઃ સન્ધ્યાત્મિકાઽવતુ ॥**

પદ્માક્ષી દેવી મારાં પડખાંનું રક્ષણ કરો, ગોત્રિકા દેવી મારા ગુહ્ય ભાગનું રક્ષણ કરો, ૐકારરૂપિણી દેવી મારાં ઉરૂની તેમજ સંધ્યાત્મિકા મારી જાંઘોનું રક્ષણ કરો.

**જઘને પાતુ અક્ષોભ્યા ગુલ્ફૌ ચ બ્રહ્મશીર્ષકા ।**
**સૂર્યા પદદ્વયં પાતુ ચંદ્રા પાદાંગુલીશ્ચ વૈ ।**

મારા નિતંબની રક્ષા અક્ષોભ્યા દેવી કરો, બ્રહ્મશીર્ષિકા દેવી મારી ઘૂંટીઓની, સૂર્યા બે પગની તથા ચંદ્રા દેવી પગની આંગળીઓની રક્ષા કરો.

**સર્વાંગ વેદ જનની પાતુ મે સર્વદાऽનઘા ।**
**ઇત્યેત્કવચં બ્રહ્મગાયત્ર્યાઃ સર્વ પાવનમ્ ।**
**પુણ્યં પવિત્રં પાપઘ્નં સર્વ રોગ નિવારણમ્ ॥**

વેદજનની આખા શરીરનાં અંગોનું રક્ષણ કરો. અઘા દેવી હંમેશાં મારું રક્ષણ કરો. બ્રહ્મગાયત્રીનું આ સર્વ પાવન કવચ છે. આ પુણ્યને આપનારું પવિત્ર કરનારું પાપનાશક અને બધા રોગોને દૂર કરનાર છે.

**ત્રિસંધ્યં યઃ પઠેદ્વિદ્વાન્ સર્વાન્કામાનવાપ્નુયાત્ ।**
**સર્વશાસ્ત્રાર્થતત્ત્વજ્ઞઃ સ ભવેદ્વેદવિત્તમઃ ॥**

ત્રણે સંધ્યા સમયે જે વિદ્વાન આ કવચનો પાઠ કરે તેને બધી જ ઇચ્છિત વસ્તુઓ પ્રાપ્ત થાય છે. એવા પાઠથી તે સર્વશાસ્ત્રોનો તત્ત્વજ્ઞ બને છે અને વેદનો જ્ઞાતા બને છે.

**સર્વ યજ્ઞ ફળ પ્રાપ્તિર્બ્રહ્માન્તે સમવાપ્નુયાત્ ।**
**પ્રાપ્નોતિ જપમાત્રેણ પુરુષાર્થાંશ્ચતુર્વિધાન્ ॥**

તેને બધા યજ્ઞોનું ફળ મળે છે અને અંતે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જપ કરવાથી જ ચારે પ્રકારના પુરુષાર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) પ્રાપ્ત થાય છે.

## ● ગાયત્રી સ્તોત્ર ●

પ્રાર્થના અને સ્તુતિ કરવાથી એ શક્તિની મહત્તા ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત થાય છે. મહિમાની અંદર જે વિશેષતાઓ બતાવવામાં આવે છે એ બધી આપણામાં હોતી નથી તેથી આપણું મન એ તરફ ખેંચાય છે અને એ બાજુ આપણી રુચિ તેમજ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જે કોઈ નિર્ધન અને ભૂખ્યા માણસની સામે કોઈની મોટી ભારે સંપત્તિનું વર્ણન કરવામાં આવે તેમજ સ્વાદિષ્ટ મીઠાઈઓનું રોચક વર્ણન કરવામાં આવે તો તે બધા તરફ આકર્ષાય છે અને એવી સ્થિતિ તથા એ બધા સ્વાદિષ્ટ પદાર્થોને પ્રાપ્ત કરવા માટે તેની ઇચ્છાઓ જાગ્રત થાય છે. આવી લાલસાઓ જાગતા માણસ કોઈ કાર્યમાં તત્પરતાપૂર્વક મંડી પડે છે. આવી જ રીતે સ્તોત્રનો પાઠ કરવાથી સાધકમાં શ્રદ્ધાભક્તિ જાગે છે અને ઉપાસનામાં તેની ગતિ વધે છે.

સુકલ્યાણીં વાણીં સુરમુનિવરૈઃ પૂજિતપદામ્ ।
શિવામાદ્યાં વન્દ્યાં ત્રિભુવનમયીં વેદજનનીમ્ ॥
પરાં શક્તિં સ્રષ્ટું વિવિધવિધ રૂપાં ગુણમયીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દજનનીમ્ ॥૧॥
વિશુદ્ધાં સત્ત્વસ્થામખિલ દુરવસ્થાદિહરણીમ્ ।
નિરાકારાં સારાં સુવિમલ તપો મૂર્ત્તિમતુલામ્ ॥
જગજ્જ્યેષ્ઠાં શ્રેષ્ઠામસુરસુરપૂજ્યાં શ્રુતિનુતામ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દજનનીમ્ ॥૨॥
તપો નિષ્ઠભીષ્ટાં સ્વજનમનસન્તાપશમનીમ્ ।
દયામૂર્તિં સ્ફૂર્તિં યતિતતિ પ્રસાદૈક સુલભામ્ ॥
વરેણ્યાં પુણ્યાં તાં નિખિલ ભવ બન્ધાપહરણીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દજનનીમ્ ॥૩॥
સદારાધ્યાં સાધ્યાં સુમતિ મતિ વિસ્તારકરણીમ્ ।

विशोकामालोकां हृदयगत मोहान्धहरणीम् ॥
परां दिव्यां भव्यामगमभवसिन्ध्वेक तरणीम् ।
भजेऽम्बां गायत्रीं परमसुभगानन्दजननीम् ॥४॥
अजां द्वैतां त्रैतां विविधगुणरूपां सुविमलाम् ।
तमो हन्त्रीं-तन्त्रीं श्रुति मधुरनादां रसमयीम् ॥
महामान्यां धन्यां सततकरुणाशील विभवाम् ।
भजेऽम्बां गायत्रीं परमसुभगानन्दजननीम् ॥५॥
जगद्धात्रीं पात्रीं सकल भव संहारकरणीम् ।
सुवीरां धीरां तां सुविमल तपो राशि सरणीम् ॥
अनेकामेकां वै त्रयजगत्सदधिष्ठानपदवीम् ।
भजेऽम्बां गायत्रीं परमसुभगानन्दजननीम् ॥६॥
प्रबुद्धां बुद्धां तां स्वजनयति जाड्यापहरणीम् ।
हिरण्यां गुण्यां तां सुकविजन गीतां सुनिपुणीम् ॥
सुविद्यां निरवद्याममल गुणगाथां भगवतीम् ।
भजेऽम्बां गायत्रीं परमसुभगानन्दजननीम् ॥७॥
अनन्तां शान्तां यां भजति बुध वृन्दः श्रुतिमयीम् ।
सुगेयां ध्येयां यां स्मरति हृदि नित्यं सुरपतिः ॥
सदा भक्त्या शक्त्या प्रणतमतिभिः प्रीतिवशगाम् ।
भजेऽम्बां गायत्रीं परमसुभगानन्दजननीम् ॥८॥
शुद्ध चित्तः पठेद्यस्तु गायत्र्या अष्टकं शुभम् ।
अहो भाग्यो भवेल्लोके तस्मिन् माता प्रसीदति ॥९॥

(૧) ગાયત્રી, વાણીનું કલ્યાણ કરનારી છે. દેવો અને મુનિઓ તેની પૂજા કરે છે, એને શિવા કહે છે. ગાયત્રી આદ્યા છે. ત્રણે જીવનમાં વંદનીય છે. તે વેદજનની, પરાશક્તિ તેમજ ગુણમયી છે અને જુદાં જુદાં રૂપ ધારણ કરીને પ્રગટ થાય છે. આ સૌભાગ્ય અને આનંદને પ્રગટ કરનારી ગાયત્રી માતાનું હું ભજન કરું છું.

(૨) ગાયત્રી શુદ્ધ તત્ત્વવાળી, સત્ત્વમય અને બધાં દુઃખો, દોષો તેમ જ ખરાબ અવસ્થાને હરનારી છે. આ ગાયત્રી સૌથી મહાન અને શ્રેષ્ઠ છે. દેવો અને દાનવો તેની પૂજા કરે છે તે સૌભાગ્ય તેમજ આનંદને આપનારી ગાયત્રી માતાનું હું ભજન કરું છું.

(૩) ગાયત્રીના તપમાં રહેવું એ જ ઇષ્ટ છે. આ ગાયત્રી સ્વજનોના માનસિક સંતાપોને શાંત કરનારી છે. આ સ્ફૂર્તિવાળી અને દયામય છે તથા તેની પ્રસન્નતા મેળવવી ખૂબ સરળ છે. આ સંસારનાં બધાં જ બંધનોને દૂર કરનારી તથા વરણ કરવા યોગ્ય છે. એ પરમ સૌભાગ્ય અને આનંદની જનની માતા ગાયત્રીને હું ભજું છું.

(૪) ગાયત્રી નિરંતર આરાધના કરવા યોગ્ય છે અને તેની આરાધના જલદી જ સાધ્ય છે. તે સદ્બુદ્ધિને વધારનારી છે. તે પ્રકાશમય છે. શોકરહિત છે અને હૃદયના મોહરૂપી અંધકારને દૂર કરનારી છે, તે પરાશક્તિ છે, દિવ્ય અને અગમ્ય ભવસાગરને તરવા માટે નૌકા સમાન છે. તે પરમ સૌભાગ્ય અને આનંદની જનની ગાયત્રી માતાને હું ભજું છું.

(૫) ગાયત્રી અજન્મા છે. તે દ્વૈતા તેમજ ત્રૈતા છે. તે ત્રિગુણાત્મિકા અને નિર્મળ રૂપવાળી છે. તે અહંકારને દૂર કરે છે. તે વિશ્વનું સંચાલન કરનાર છે, તેની વાણી મધુર અને રસમય છે.

તે મહામાન્યા છે, ધવ્ય છે અને તેનો વૈભવ નિરંતર કરુણામય છે. તે પરમ સૌભાગ્ય અને આનંદની જનની ગાયત્રી માતાને હું ભજું છું.

(૬) ગાયત્રી વિશ્વની માતા છે અને સમગ્ર વિશ્વનો સંહાર કરવાની તેનામાં શક્તિ છે તે વીર છે, ધીર છે અને તેનું જીવન પવિત્ર તથા તપોમય છે. તે એક છે છતાં અનેક છે. તેની પદવી ત્રણે જગતની અધિષ્ઠાતાની છે. તે પરમ સૌભાગ્ય અને આનંદની જનની ગાયત્રી માતાને હું ભજું છું.

(૭) ગાયત્રી જ્ઞાનમય છે. બોધમય છે સ્વજનોની બુદ્ધિની જડતાને દૂર કરનારી છે, સુવર્ણમયી છે, ગુણમયી છે અને તેની નિપુણતાનાં ગીત સુકવિઓ દ્વારા ગવાય છે. તે અનિંદ્ય છે, તેના ગુણોની કથા અપાર છે. આ ભગવતી, અંબા, ગાયત્રી પરમ સૌભાગ્ય અને આનંદને આપનારી છે. તેનું હું ભજન કરું છું.

(૮) ગાયત્રી અનંત છે, શાંત છે, તેનું ભજન કરીને પંડિત લોકો વેદમય બની જાય છે. ઈન્દ્ર હંમેશાં હૃદયપૂર્વક તેનું ગાન, ધ્યાન અને સ્મરણ કરે છે. હું સદા ભક્તિપૂર્વક, સંપૂર્ણ શક્તિથી, આત્મનિવેદનપૂર્વક અને પ્રેમપૂર્વક એ સૌભાગ્ય અને આનંદની જનની ગાયત્રી માતાનું ભજન કરું છું.

(૯) જે લોકો આ શુભ ગાયત્રી-અષ્ટકનો પાઠ શુદ્ધ ચિત્તે કરે છે તેઓ જગતમાં ભાગ્યશાળી બની જાય છે અને તેમના પર ગાયત્રી માતાની સંપૂર્ણ કૃપા ઊતરે છે.

## ● (૪) ગાયત્રી શાપ-મોચન ●

કહે છે કે ગાયત્રીને શાપ લાગેલો છે. આ અંગે બે કથાઓ પુરાણોમાં મળે છે. એ કથા એવી છે કે 'બ્રહ્મા'ની પહેલી પત્ની 'સાવિત્રી' પોતાના પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને યજ્ઞમાં સામેલ ન થઈ, ત્યારે એમણે પોતાની બીજી પત્ની ગાયત્રીને સાથે રાખીને યજ્ઞનું કાર્ય પૂર્ણ કર્યું. આથી સાવિત્રી ખૂબ ગુસ્સે થઈ અને તેણે ગાયત્રીને શાપ આપ્યો કે તમારી શક્તિ નષ્ટ થઈ જશે. આ શાપને કારણે બધે ખૂબ ચિંતાની લાગણી ફેલાઈ ગઈ. દેવતાઓએ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી કે ગાયત્રીને શાપમુક્ત કરો નહિ તો બ્રહ્મશક્તિને ભારે હાનિ થશે. ત્યારે સાવિત્રીએ એક મંત્ર બતાવ્યો. એ મંત્ર ભણનારને માટે ગાયત્રી શાપમુક્ત બને છે અને જે માણસ એ મંત્રનો ઉપયોગ ન કરે તેને માટે ગાયત્રી શાપવાળી જ રહે છે.

બીજી એક કથા એવી છે કે એક વાર બ્રહ્મા 'વશિષ્ઠ' અને 'વિશ્વામિત્રે' પોત-પોતાની સૃષ્ટિની ઉત્પત્તિ, તેનું રક્ષણ કરવા તેનો પ્રલય કરવાની શક્તિ મેળવવા ગાયત્રીની ઉપાસના કરી, પરંતુ ગાયત્રીએ એમની ઇચ્છા પૂરી ન કરી ત્યારે એ ત્રણેયે ગુસ્સે થઈને ગાયત્રીને શાપ આપ્યો કે તમારી શક્તિ નષ્ટ થઈ જશે. શાપને કારણે ગાયત્રી શક્તિહીન બની ગઈ. જ્યારે દેવતાઓએ એમને નમ્ર પ્રાર્થના કરી ત્યારે એ ત્રણેયે શાપમુક્તિનો ઉપાય બતાવ્યો કે જે માણસ શાપમોચન મંત્રની સાથે ગાયત્રીનો જપ કરશે તેને માટે ગાયત્રી શક્તિવાળી બનશે.

### ● શાપોદ્ધારના મંત્ર ●

**ૐ અસ્ય ગાયત્રી શાપવિમોચન મન્ત્રસ્ય બ્રહ્મા ઋષિઃ, ગાયત્રી છન્દો વરુણો દેવતા બ્રહ્મ શાપ વિમોચને વિનિયોગઃ ।**

આ ગાયત્રી શાપ વિમોચન-મંત્રના ઋષિ 'બ્રહ્મા' છે. ગાયત્રી તેનો છંદ છે તેના દેવતા વરૂણ છે. આનો ઉપયોગ બ્રહ્માના શાપની મુક્તિ માટે થાય છે.

**ૐ યદ્ બ્રહ્મૈતિ બ્રહ્મવિદો વિદુસ્ત્વાં પશ્યન્તિ ધીરાઃ ।**
**સુમનસો ત્વં ગાયત્રી બ્રહ્મશાપાદ્વિમુક્તા ભવ ॥**

હે ગાયત્રી ! બ્રહ્મને જાણનારા જેને બ્રહ્મ કહે છે, ધીર પુરુષો પોતાના હૃદયમાં આપને એ

જ સ્વરૂપે જુએ છે, આપ બ્રહ્માના શાપમાંથી મુક્ત બનો.

**ૐ અસ્ય ગાયત્રી વશિષ્ઠશાપવિમોચન મન્ત્રસ્ય વશિષ્ઠ ઋષિઃ,**
**અનુડષ્ટુપ્ છન્દો, વશિષ્ઠ દેવતા, વશિષ્ઠ શાપ વિમોચને વિનિયોગઃ ॥**

ગાયત્રીના વશિષ્ઠ, શાપ-વિમોચન મંત્રના ઋષિ વશિષ્ઠ છે. તેનો છંદ અનુષ્ટુપ છે. દેવત વશિષ્ઠ છે તથા વશિષ્ઠના શાપની મુક્તિ માટે આનો ઉપયોગ કરરવામાં આવે છે.

**ૐ અર્ક જ્યોતિરહં બ્રહ્મા બ્રહ્મ જ્યોતિરહં શિવઃ ।**
**શિવ જ્યોતિરહં વિષ્ણુઃ વિષ્ણુ જ્યોતિઃ શિવઃ પરઃ ।**
**ગાયત્રી ત્વં વશિષ્ઠશાપાદ્વિમુક્તા ભવ ॥**

હું સૂર્યની જ્યોતિ બ્રહ્મા છું. હું બ્રહ્માની જ્યોતિ શિવ છું. હું શિવનો પ્રકાશ વિષ્ણુ છું. હું શિવનો પ્રકાશ શિવ છું. હે ગાયત્રી ! આપ વશિષ્ઠના શાપમાંથી મુક્ત બનો.

ૐ અસ્ય ગાયત્રી વિશ્વામિત્રશાપવિમોચનમન્ત્રસ્ય વિશ્વામિત્ર ઋષિ;, અનુષ્ટુપ્ છન્દઃ, આદ્યા દેવતા વિશ્વામિત્ર શાપવિમોચને વિનિયોગઃ ॥

**ૐ અસ્ય ગાયત્રી વિશ્વામિત્રશાપવિમોચનમન્ત્રસ્ય ।**
**વશ્વામિત્ર ઋષિઃ, અનુષ્ટુપૂ છન્દઃ, આદ્યા દેવતા ।**
**વિશઅવામિત્ર શાપવિમોચને વિનિયોગઃ ॥**

વિશ્વામિત્રના શાપમોચન મંત્રના ઋષિ વિશ્વામિત્ર છે. તેનો છંદ અનુષ્ટુપ છે. તેની દેવતા આદ્યા છે અને વિશ્વામિત્રના શાપની મુક્તિ આનો પ્રયોગ છે.

**ૐ અહો દેવિ મહાદેવિ સન્ધ્યે વિદ્યે સરસ્વતિ ।**
**અજરે અમરે ચૈવ બ્રહ્મયોનિર્નમોડસ્તુ તે ।**
**ગાયત્રિ ત્વં વિશ્વામિત્ર શાપાદ્વિમુક્તા ભવ ॥**

હે દેવી, મહાદેવી, હે જ્ઞાનરૂપા, હે સંધ્યાસ્વરૂપિણી, હે સરસ્વતી, હે જરાવસ્થા-રહિત, હે મરણ-હિત દેવી, આપને નમસ્કાર છે. હે ગાયત્રી આપ વિશ્વામિત્રના શાપમાંથી મુક્ત બનો.

### (૫) હવન

ગાયત્રી-હવનની વિધિ 'ગાયત્રી-મહાવિજ્ઞાન'ના પહેલા ભાગમાં આપવામાં આવી છે. હવન કેવી રીતે કરવો જોઈએ, શા માટે કરવો જોઈએ, કઈ કઈ સામગ્રીઓનો એમાં ઉપયોગ થાય છે. કુંડ કે વેદી કેવી રીતે બનાવવી જોઈએ વગેરે બધી બાબતોની ચર્ચા એમાં કરવામાં આવી છે. એ વાતોને અહીં ફરી લખવાનો અર્થ નથી. એ વિધિ પહેલા ભાગમાંથી વાંચી લઈ વાચકો એની રીત વગેરે બધું જોઈ લે. આહુતિના મંત્ર તરીકે ગાયત્રી મંત્રનો જ ઉપયોગ થાય છે. આહુતિ આપતી વખતે મંત્રના અંતમાં 'સ્વાહા' શબ્દ જોડીને આહુતિ આપવી. (સંક્ષિપ્ત ગાયત્રી હવન વિધિ કિંમત-૬૦ પૈસાની અલગ પુસ્તિકા પણ તૈયાર કરેલી છે.)

### (૬) તર્પણ

તર્પણને માટે નદી અથવા સરોવરમાં ઊભા રહીને હાથમાં દર્ભ લઈને જનોઈને તર્જની આંગળી અને અંગૂઠાની વચ્ચે અટકાવીને, જમણા ખભાની બહાર કાઢી, હાથમાં પાણીના ખોબા ભરીને આંગળીઓના અગ્રભાગ તરફ અર્ધ્યની માફક સામેની બાજુએ પાણી છોડવું. તર્પણ કરતી વખતે બંને હાથની અનામિકા આંગળીઓમાં દર્ભની વીંટી (પવિત્રી) પહેરવી તથા ચોટલીમાં બંને પગની નીચે જનોઈમાં અને ધોતિયાની આટીમાં દર્ભના નાના નાના ટુકડા ખોસી રાખવાં જોઈએ.

## ● તર્પણ-મંત્રો ●

ૐ ભૂર્ભુવઃ સ્વઃ પુરુષમૃગ્યજુઃ સામમંડલાન્તર્ગત સવિતા રમાવાહ્યામીત્યાવાહ્ય તર્પણં કુર્યાત્ ।

ૐ ભૂઃ પુરુષમૃગ્વેદં તર્પયામિ ।

ૐ ભુવઃ પુરુષં યજુર્વેદં તર્પયામિ ।

ૐ સ્વઃ પુરુષં સામવેદં તર્પયામિ ।

ૐ મહઃ પુરુષમથર્વવેદં તર્પયામિ ।

ૐ જનઃ પુરુષમિતિહાસપુરાણં તર્પયામિ ।

ૐ તપઃ પુરુષં સર્વલોકં તર્પયામિ ।

ૐ સત્યં પુરુષં સર્વલોકં તર્પયામિ ।

ૐ ભૂર્ભુવઃ સ્વઃ (પુરુષં) ઋગ્યજુઃ સામમંણ્ડલાન્તર્ગતં તર્પયામિ ।

ૐ ભૂરેકં પાદં ગાયત્રીં તર્પયામિ ।

ૐ ભુવર્દ્વિપાદં ગાયત્રીં તર્પયામિ ।

ૐ સ્વસ્ત્રિપાદં ગાયત્રીં તર્પયામિ ।

ૐ ભૂર્ભુવઃ સ્વશ્ચતુષ્પાદં ગાયત્રીં તર્પયામિ ।

ૐ ઉષસં તર્પયામિ ।

ૐ ગાયત્રીં તર્પયામિ ।

ૐ સાવિત્રીં તર્પયામિ ।

ૐ સરસ્વતીં તર્પયામિ ।

ૐ પૃથિવીં તર્પયામિ ।

ૐ જયાં તર્પયામિ ।

ૐ કૌશિકીં તર્પયામિ ।

ૐ સાંકૃતીં તર્પયામિ ।

ૐ સર્વપરાજિતાં તર્પયામિ ।

ૐ સહસ્રમૂર્તિં તર્પયામિ ।

**એભિર્મન્ત્રૈશ્ચ યો નિત્યં ચતુર્વિંશતિભિર્દ્વિજઃ ।**
**સુતર્પયતિ ગાયત્રીં સ સન્ધ્યાફલમાપ્નુયાત્ ॥**

### (૭) માર્જન

દર્ભની એક નાની સરખી કૂંચી બનાવી લેવી જોઈએ. એનું પૂજન કરીને એમાં પવિત્ર કરવાની શક્તિ રહેલી છે એવી શ્રદ્ધા રાખવી. પછી કૂંચીને તાંબાના પાત્રમાં રહેલાં જળમાં બોળી બોળીને તેનાથી વારંવાર શરીર ઉપર જળ છાંટવું જોઈએ. આનું નામ માર્જન કહેવાય છે. માર્જનની વિધિ અને તેના નવ મંત્રોની જગ્યાએ ગાયત્રી મંત્રથી જ માર્જન કરે છે.

**સંકલ્પ માર્જનં કુર્યાદાપોહિષ્ઠા કુશોદકૈઃ ।**
**પાદે પાદે ક્ષિપેન્મૂર્ધ્નિ પ્રતિપ્રણવસંયુતામ્ ॥૧॥**

સંકલ્પ કરીને માર્જન કરવું. માર્જન પ્રણવ (ૐ) સાથે આપોહિષ્ઠાવાળા મંત્રથી દર્ભયુક્ત પાણીથી કરવું જોઈએ. દરેક ચરણને અંતે માથે પાણી છાંટવું.

આત્માનં પ્રણવેનૈવ પરિસિંચ્ય જલેન સઃ ।
કુર્યાત્સપ્રણવૈઃઃ પાદૈર્માજનં તુ કુશોદકૈઃ ॥

**તતો હિ પ્રાણિસ્ય જલં સંકુશં પ્રક્ષિ પેદધઃ ॥૨॥**

પ્રણવથી જ આત્મકમળ પર જળનું સિંચન કરવું જોઈએ. પછી દર્ભસહિત જળનું પ્રણવ સાથે પગ ઉપર માર્જન કરવું અને પછી હાથમાં રહેલા પાણીને દર્ભ સહિત નીચે મૂકી દેવું.

**સ્પૃષ્ટવા હસ્તેન વામેન તટં નદ્યાદિકેષુ ચ ।**
**પાણિના દક્ષિણેનૈવ માર્જયેત્ સકુશેન તુ ॥૩॥**

નદી વગેરે જળાશયના કિનારાનો ડાબા હાથથી સ્પર્શ કરવો અને જમણા હાથમાં દર્ભ લઈને તેનાથી માર્જન કરવું.

**પાણિસ્થિતોદકેનૈવ વામહસ્તોદકેન વા ।**
**ગૃહે તુ માર્જનં કુર્યાન્નાન્યથેત્યબ્રવીન્મનુઃ ॥૪॥**

જમણા હાથમાં રહેલા પાણીથી અથવા ડાબા હાથના પાણીથી ઘરમાં માર્જન કરવું એમ મનુએ કહ્યું છે.

**આપોહિષ્ઠેતિ ઋચસ્ય સિન્ધુર્દ્વીપઃ આપો ગાયત્રી માર્જને વિનિયોગઃ ।**

'આપોહિષ્ઠા'ની ત્રણ ઋચાઓ છે. સિંધુ તેનો દ્વીપ છે. 'આપો' (પાણી) ગાયત્રી છે. માર્જનમાં તેનો ઉપયોગ થાય છે.

**ૐ આપોહિષ્ઠામયો ભુવઃ ।૧।**
**ૐ તાન ઊર્જે દધાતનઃ ।૨।**
**ૐ મહેરણાય ચક્ષસે ।૩।**
**ૐ યો વઃ શિવતમો રસઃ ।૪।**
**ૐ તસ્યભાજયતે હ નઃ ।૫।**
**ૐ ઉશતીરિવ માતરઃ ।૬।**
**ૐ તસ્માડઅરંગ મામવૈ ।૭।**
**ૐ યસ્યક્ષયાય જિન્વથ ।૮।**
**ૐ આપોજનયથા ચ નઃ ।૯।**

**દર્ભાન્વિસૃજ્ય કુશપાણિ ર્માજયેત્ । પ્રણવ યુક્તસમસ્તયા વ્યાહૃત્યા ગાયત્ર્યા આપોહિષ્ઠેતિ નવપાદૈઃ શન્નોદેવીરિતિ સપ્તભિર્માજયેત્ ।**

દર્ભને છોડી દઈને જે હાથમાં દર્ભ હોય તે હાથને ધોઈ નાખવો. પ્રણવ લગાડીને બધી વ્યાહૃતિઓ અને ગાયત્રી વડે, તર્પણ આપોહિષ્ઠાવાળા મંત્રનાં નવ પદો વડે તેમ જ 'શન્નોં દેવીવાળા મંત્રનાં સાત પદો વડે માર્જન કરવું.'

**નવપાદમતિક્રમ્ય અથર્ચા વસુસંખ્યયા ।**
**ઋતં ચ પ્રણવેનૈવ માર્જનં સમૃદાહૃતમ્ ॥**

નવ પાદ (ચરણ)ને છોડીને - ઉલંઘીને આઠ વાર પ્રણવ સહિત 'ઋતંચ'- મંત્રથી માર્જન કરવું.

**ભુવિ મૂર્ધ્નિ તથાડડકાશ આકાશે ભુવિ મસ્તકે ।**
**મસ્તકે ભુવિ મૂર્ધ્નિ સ્યાન્માર્જનં સમુદાહૃતમ્ ॥**

પૃથ્વી પર, માથા પર અને આકાશમાં, આકાશમાં પૃથ્વી પર અને મસ્તક પર પૃથ્વી પર તથા આકાશમાં એમ 'નવ' વાર માર્જન કરવું.

### (૮) મુદ્રાઓ

ગાયત્રી જપની ૨૪ મુદ્રાઓ છે, હાથને ખાસ આકારોમાં વાળવાથી જુદી જુદી મુદ્રાઓ બને છે. મુદ્રાઓ ગાયત્રી પ્રતિમા અથવા ગાયત્રી મંત્રની સામે એકાંતમાં કરવામાં (બતાવવામાં) આવે છે, આ મુદ્રાઓ કોઈની હાજરીમાં થાય નહિ. જ્યારે આ મુદ્રાઓ કરવામાં આવે ત્યારે પાસે બેઠેલા લોકોને દૂર ખસેડવામાં આવે છે અથવા હાથ પર વસ્ત્ર ઢાંકીને કરવામાં આવે. આમ કરવાથી તેમને કોઈ જોઈ શકે નહિ, નીચે ચોવીસ મુદ્રાઓનું વર્ણન છે.

ગાયત્રીની ચોવીસ મુદ્રાઓ

### ગાયત્રીની ૨૪ મુદ્રાઓ

**અતઃ પરં પ્રવક્ષ્યામિ વર્ણામુદ્રાઃ ક્રમેણ તુ ।**
**સુમુખં સમ્પુટં ચૈવઃ વિતતં વિસ્તૃતં તથા ॥૧॥**

હવે ક્રમથી વર્ણ મુદ્રાઓનું વર્ણન કરું છું. સુમુખ, સમ્પુટ, વિતત, વિસ્તૃત.

**દ્વિમુખં ત્રિમુખં ચૈવ ચતુઃ પંચમુખં તથા ।**
**વણ્મુખાધોમુખં ચૈવ વ્યાપકાંજલિકં તથા ॥૨॥**

દ્વિમુખ, ત્રિમુખ, ચતુર્મુખ, પંચમુખ, ષષ્ટમુખ, અધોમુખ, વ્યાપકાંજલિ.

**શકટં યમ પાશં ચ ગ્રન્થિતં સન્મુખોન્મુખમ્ ।**
**પ્રલમ્બં મુષ્ટિકં ચૈવ મત્સ્યકૂર્મવરાહકમ્ ॥૩॥**


શકટ, યમપાશ, ગ્રંથિત, સંમુખોન્મુખ, પ્રલમ્બ, મુષ્ટિક, મત્સ્ય, કુર્મ, વરાહક.

**સિંહાક્રાન્તં મહાક્રાન્તં, મુદ્‌ગરં, પલ્લવં તથા ।**
**ચતુર્વિંશતિમુદ્રાઃ સ્યાજ્જપાદૌ પરિકીર્તિતઃ ॥૪॥**


સિંહાક્રાંત, મહાક્રાંત અને મુદ્‌ગર-આ ચોવીસ મુદ્રાઓ જપ કરતાં પહેલાં કરવાનું કહેવામાં આવ્યું છે.

**ચતુર્વિંશતિરિમા મુદ્રા ગાયત્ર્યાઃ સુપ્રતિષ્ઠિતાઃ ।**
**એતા મુદ્રાઃ ન જાનાતિ ગાયત્રી નિષ્ફલા ભવેત્ ॥૫॥**


આ ચોવીસ મુદ્રાઓ ગાયત્રીમાં સુપ્રતિષ્ઠિત છે. આ મુદ્રાઓને ન જાણનારની ગાયત્રી નિષ્ફળ બને છે.




૧. સુમુખમ્



૨. સમ્પુટમ્




૩. વિતતમ્




૪. વિસ્તૃતમ્




૫. દ્વિમુખમ્




૬. ત્રિમુખમ્




૭. ચતુર્મુખમ્




૮. પંચમુખમ્




૯. ષણ્મુખમ્




૧૦. અધોમુખમ્




૧૧. વ્યાપકાંજલિકમ્




૧૨. શકટમ્



૧૩. યમપાશમ્




૧૪. ગ્રન્થિતમ્




૧૫. ઉન્મુખોન્મુખમ્




૧૬. પ્રલમ્બમ્



૧૭. મુષ્ટિકમ્




૧૮. મત્સ્યઃ




૧૯. કૂર્મઃ



૨૦. વરાહકમ્



૨૧. સિંહાક્રાન્તમ્



૨૨. મહાક્રાન્તમ્



૨૩. મુદ્ગરમ્



૨૪. પલ્લવમ્ ।

## (૯) વિસર્જન

રોજ પૂજાના સમયે ગાયત્રીનું આવાહન કરવામાં આવે છે. અહીં આવાહન અને વિસર્જનના મંત્રો આપવામાં આવ્યા છે.

**આવાહન મંત્ર :-**

**આયાતુ વરદે દેવિ અક્ષરે બ્રહ્મવાદિનિ ।**
**ગાયત્રિચ્છન્દસા માતા બ્રહ્મયોનિર્નમોઽસ્તુતે ॥**

**ગાયત્રી વિસર્જનનો મંત્ર -**

ઉત્તમે શિખરે દેવી ભૂમ્યાં પર્વત મૂર્ધનિ ।
બ્રાહ્મણેભ્યો હ્યનુજ્ઞાતા ગચ્છ દેવિ યથાસુખમ્ ॥

## (૧૦) અર્ઘ્ય-પ્રદાન

પુરશ્ચરણમાંથી બચેલા જળ દ્વારા સૂર્યની સામે અર્ઘ્ય આપવો જોઈએ. આ જળ પવિત્ર ભૂમિ પર રેડી દેવું જોઈએ અથવા કોઈ પહોળાં મોં વાળા વાસણમાં અર્ઘ્યનું પાણી લઈ તે ગાયને પીવડાવવું જોઈએ, અર્ઘ્યની વિધિ નીચે પ્રમાણે છે.

**મુક્ત હસ્તેન દાતવ્યં મુદ્રાં તત્ર ન કારયેત્ ।**
**તર્જન્યંગુષ્ઠયોગં તુ રાક્ષસી મુદ્રિકા સ્મૃતા ॥**

અર્ઘ્ય આપતી વખતે તર્જની આંગળીના મૂળ આગળ અંગૂઠાનો સ્પર્શ ન થવો જોઈએ, અંગૂઠાનો એ રીતનો સ્પર્શ થાય તો રાક્ષસી મુદ્રા બને છે. માટે અંગૂઠો છૂટો રાખી, મુક્ત હાથે અર્ઘ્ય આપવો જોઈએ.

ગાયત્ર્યા ત્રિરર્ઘ્યં સૂર્યાય દદ્યાત્ ।

ગાયત્રી મંત્ર દ્વારા સૂર્યને ત્રણ અર્ઘ્ય આપવા. પછી નીચેનો મંત્ર બોલી અર્ઘ્ય આપવો.

**સૂર્યદેવ સહસ્રાંશો તેજોરાશે જગત્પતે ।**
**અનકમ્પય માં ભક્ત્યા ગૃહણાર્ઘ્યં દિવાકર ॥**

હે સહસ્ત્ર કિરણોવાળા સૂર્યદેવ ! તેજના સમૂહ ! જગતના સ્વામી ! હે દિવાકર ! મારા પર કૃપા કરીને ભક્તિપૂર્વક અપાયેલા મારા આ અર્ઘ્યનો સ્વીકાર કરો.

## (૧૧) ક્ષમા પ્રાર્થના

સાધના-ઉપાસના કરી રહ્યા પછી હંમેશાં આ ક્ષમા-પ્રાર્થના સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. ભાવપૂર્વક આ સ્તોત્ર કરવાથી અજાણમાં થઈ ગયેલી ભૂલોનો દોષ શાંત થઈ જાય છે.

**ન મન્ત્રં નો યન્ત્રં તદપિ ન ચ જાને સ્તુતિમહો,**
**ન ચાહ્વાનં ધ્યાનં તદપિ ન ચ જાને સ્તુતિ-કથા ।**
**ન જાને મુદ્રાસ્તે તદપિ ન ચ જાને વિલપનમ્,**
**પરં જાને માતસ્ત્વદનુસરણં કલેશ હરણમ્ ॥**

હું મંત્ર-યંત્ર જાણતો નથી. સ્તુતિ પણ હું જાણતો નથી. તારું આવાહન, ધ્યાન કે સ્તુતિકથા પણ જાણતો નથી. તારી મુદ્રાઓને પણ હું જાણતો નથી. વિલાપ કરતાં પણ મને નથી આવડતું. પરંતુ હે મા, હું ફક્ત એટલું જ જાણું છું કે તારું શરણું દુઃખોને હરનાર છે.

વિધેરજ્ઞાનેન દ્રવિણવિરહેણાલસતયા,
વિધેયા શક્યત્વાત્તવ ચરણયોર્યાચ્યુતિરભૂત્ ।
તદેતત્ક્ષન્તવ્યં જનનિ સકલોદ્ધારિણિ શિવે,
**કુપુત્રો જાયેત ક્વચિદપિ માતા કુમાતા ન ભવતિ ॥**

હે શિવે ! બધાનો ઉદ્ધાર કરનારી માતા, વિધિના અજ્ઞાનને કારણે, પૈસા ન હોવાથી, આળસથી, શક્તિ ન હોવાને કારણે તમારી ચરણ સેવામાં જે કસર રહી ગઈ હોય તે માટે ક્ષમા કરજો. કારણ કે પુત્ર કુપુત્ર હોય પણ માતા કદી કુમાતા બનતી નથી.

**પૃથિવ્યાં પુત્રાસ્તે જનનિ બહવઃ સન્તિ સરલાઃ,**
**પરં તેષાં મધ્યે વિરલ તરલોઽહં તવ સુતઃ ।**
**મદીયોઽયં ત્યાગઃ સમુચિતમિદં નો તવ શિવે,**
**કુપુત્રો જાયેત ક્વચિતદપિ કુમાતા ન ભવતિ ॥**

હે મા ! પૃથ્વી પર તારા અનેક સીધા સરળ પુત્રો છે, પરંતુ તે બધામાં હું એકલો જ ચંચળ પ્રકૃતિનો થઈ ગયો છું. છતાં હે શિવા, મારો ત્યાગ કરવો તારે માટે યોગ્ય નથી, કેમ કે પુત્ર કુપુત્ર હોય પણ માતા કદી કુમાતા બનતી નથી.

**જગન્માતર્માતસ્તવ ચરણ સેવા ન રચિતા,**
**ન વા દત્તં દેવિ દ્રવિણમપિ ભૂયસ્તવ મયા ।**
**તથાપિ ત્વં સ્નેહં મયિ નિરુપમં યત્પ્રકુરુષે,**
**કુપુત્રો જાયત્ ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥**

હે જગતની માતા ! મેં તારાં ચરણોની સેવા કરી નથી, હે દેવી, મેં તને દ્રવ્ય દાનપુણ્ય પણ આપ્યું નહિ છતાં પણ તું મારા ઉપર અનુપમ સ્નેહ રાખે છે. (ખરેખર) પુત્ર કુપુત્ર બને, પણ માતા કદી કુમાતા બનતી નથી.

**શ્વપાકો જલ્પાકો ભવતિ મધુપાકોપમગિરા,**
**નિરાતંકો રંકો વિહરતિ ચિરં કોટિ કનકૈઃ ।**
**તવાપર્ણે કર્ણે વિશતિ મનુવર્ણે ફલમિદં,**
**જનઃ કો જાનીતે જનનિ જપનીયં જપ વિધૌ**
**। ।**

હે જનની ! નીચ અને ચંડાળ માણસો પણ મીઠી વાણીથી તારી સ્તુતિ કરવાથી મહાકવિ બની જાય છે અને નિર્ધન રંક પણ દુઃખની આગથી બચીને કરોડો સુવર્ણ મહોરોવાળો ધનવાન બની જાય છે. તારો શબ્દ કાને પડતાં જ મનુષ્ય મોટું બળ મેળવે છે. હે માતા, તારી સ્તુતિ કરવાની રીતનું જ્ઞાન કોને છે ?

**જગદમ્બ ! વિચિત્રમત્ર કિં, પરિપૂર્ણા કરુણાસ્તિ ચેન્મયિ ।**
**અપરાધ પરંપરાવૃતં, નહિ માતા સમુપેક્ષતે સુતમ્ ॥**

હે જગદંબા ! તારી મારા પર સંપૂર્ણ કૃપા હોય એમાં નવાઈ શી હોઈ શકે ? કેમ કે અસંખ્ય અપરાધોની હારમાળાથી વીંટળાયેલા પુત્રની પણ માતા કદી અવગણના કરતી જ નથી.

**મત્સમઃ પાતકી નાસ્તિ પાપઘ્ની ત્વત્સમા નહિ ।**
**એવં જ્ઞાત્વા મહાદેવિ યથા યોગ્યં તથા કુરુ ॥**

મારા જેવો કોઈ પાપી નથી અને તારા જેવી પાપનો નાશ કરનારી બીજી કોઈ નથી. એમ જાણીને હે મહાદેવી ! તને જેમ યોગ્ય લાગે તેમ કર.

### (૧૨) બ્રાહ્મણ-ભોજન

પુરશ્ચરણ દરમિયાન રોજ બ્રહ્મભોજન કરાવવાનું વિધાન છે. જે લોકોને (બ્રાહ્મણોને) પુરશ્ચરણના કાર્યમાં રોકવામાં આવ્યા હોય તેમના ભોજનની વ્યવસ્થા તો યજમાને જ કરવાની હોય. પરંતુ એ સિવાય પક્ષીઓને દાણા, કીડીઓને ખાંડમિશ્રિત ચોખાનો લોટ તથા ગાયોને લોટના પિંડા ખવડાવવા જોઈએ. હાજર રહેલા લોકોને પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ અને સાકર) તથા તુલસીપત્રનું મિશ્રણ અથવા બીજી કોઈ મધુર વસ્તુનો પ્રસાદ વહેંચવો જોઈએ.

સમાપ્તિના સમયે કીર્તન, સામૂહિક પ્રાર્થના અને બધાએ સાથે મળીને મધુર કંઠે આરતી ગાવાની વ્યવસ્થા કરવી જોઈએ. વળી અભિવાદન તથા આશીર્વાદની ભાવનાપૂર્વક પુરશ્ચરણ કાર્યની સમાપ્તિ કરવી જોઈએ.

દરેક શુભ કાર્યને અંતે દાન કરવાની વિધિ હોય છે. કહેવાયું છે કે દક્ષિણા વિના યજ્ઞનું કાર્ય સફળ થતું નથી. જ્ઞાનનો ફેલાવો કરનારી સંસ્થાઓ, લોકસેવક, બ્રહ્મપરાયણ સત્પુરુષો અને દીન-દુઃખી લોકોને તથા પંડિતોને શક્તિ મુજબ દરેક શુભ કાર્યને અંતે દાન આપવું જોઈએ. આ દાન, ભોજન, ધન, પુસ્તકો અથવા બીજી જરૂરિયાતની વસ્તુઓનાં રૂપમાં પણ આપી શકાય. સૌથી શ્રેષ્ઠ દાન 'જ્ઞાનદાન' છે.

## ૧૮. ગાયત્રી - લહરી

**અમન્દાનંદેનામરવર ગૃહે વાસ નિરતા -**
**નરં ગાયન્તં યા ભુવિ ભવભયાત્ત્રાયત ઇહ ।**
**સુરેશૈઃ સમ્પૂજ્યાં મુનિગણનુતાં તાં સુખકરીં -**
**નમામો ગાયત્રીં નિખિલમનુજાઘોઘશમનીમ્ ॥૧॥**

આનંદપૂર્વક દેવલોકમાં નિવાસ કરનારી, પોતાના ભક્તનું સંસારના ભયથી રક્ષણ કરનારી, દેવતાઓથી પૂજાતી, મુનિઓ દ્વારા વંદિત અને પ્રાણી માત્રનાં પાપોનો નાશ કરનારી તથા સુખ આપનારી હે ગાયત્રી માતા ! અમે ભક્તિપૂર્વક તમને પ્રણામ કરીએ છીએ.

**અવામા સંયુક્તં સકલમનુજૈર્જાપ્યામભિતો-**
**હ્યપાયાત્પાયાદ્ભૂરથ ભુવિ ભુવઃ સ્વઃ પદમિતિ ।**
**પદં તન્મે પાદાવવતુ સવિતુ શ્ચૈવ જઘને-**
**વરેણ્યં શ્રોણિં મે સતતમવતાન્નાભિમપિ ચ ॥૨॥**
**પદં ભર્ગો દેવસ્ય મમ હૃદયં ધીમહિ તથા-**
**ગલંપાયાન્નિત્યં ધિય ઇહ પદં ચૈવ રસનામ્ ।**
**તથા નેત્રૈ યોઽવ્યાદલકમવતાન્નઃ પદમિતિ-**
**શિરોદેશં પાયાન્મમ તુ પરિતશ્ચાન્તિમપદમ્ ॥૩॥**

'ઓ' અક્ષર અને અનુસ્વારથી યુક્ત, જગતમાં દરેક મનુષ્ય દ્વારા જપવા લાયક 'ભૂર્ભુવઃ સ્વઃ' - એ શબ્દો મારી રક્ષા કરો. 'તત્' શબ્દ મારા પગની, 'સવિતુઃ' શબ્દ મારી જાંઘોની, 'વરેણ્યં' મારી કમરની તથા નાભિની, 'ભર્ગો દેવસ્ય' એ પદો મારા હૃદયની 'ધીમહિ' શબ્દ મારા ગળાની, 'ધિયઃ' શબ્દ મારી જીભની, 'યઃ' શબ્દ મારી બંને આંખોની 'નઃ' શબ્દ મારા કપાળની અને છેલ્લો 'પ્રચોદયાત્' શબ્દ મારા માથાની રક્ષા કરો. (આ બંને શ્લોકોમાં આખો ગાયત્રી મંત્ર આપ્યો છે અને એ દ્વારા સર્વાંગની રક્ષા કરવાની પ્રાર્થના કરવામાં આવી છે. આ બે શ્લોકોને યુગ્મક કહે છે.)

**અયે દિવ્યે દેવિ ત્રિદશ નિવહૈર્વંદિતપદે,**
**ન શેકુ સ્ત્વાં સ્તોતું ભગવતિ મહાન્નોઽપિ મુનયઃ ।**
**કથંકારં તર્હિસ્તુતિતંતિરિ યં મે શુભતરા-**
**તથા પૂર્ણા ભૂયાત્ ત્રુટિપરિયુતા ભાવરહિતા ॥૪॥**

હે સ્વર્ગીય દેવી ! હે દેવતાઓ દ્વારા પૂજનીય ચરણોવાળી ગાયત્રી ! હે ભગવતી ! તારી સ્તુતિ કરવા મોટા મોટા મુનિઓ પણ સમર્થ નથી. ત્યારે મારી દોષોથી ભરેલી અને ખામીઓવાળી આ સ્તુતિ કેવી રીતે ઉત્તમ અને પૂર્ણ હોઈ શકે ? (છતાંય મારી આ સ્તુતિનો તું સ્વીકાર કર.)

ભજન્તં નિર્વ્યાજં તવ સુખદમન્ત્રં વિજનિં,
જનં યાવજ્જીવં જગતિ જનનિ ત્વં સુખયસિ ।
ન વા કામં કાચિત્ કલુષકણિકાઽપિ સ્પૃશતિ તં,
સંસારં સંસારમ્ સરતિ સહસા તસ્ય સતતમ્ ।।૫।।

હે માતા, તારા આ સુખ આપનાર તથા વિજયપદ મંત્રનો જે માણસ જપ કરે છે તેને તું સુખી બનાવે છે અને તેને પાપ તો જરા પણ સ્પર્શતું નથી. વળી આ અસાર સંસાર તેને માટે સારમય બનીને સુખમય રીતે વ્યતીત થાય છે.

દધાનાં હ્યાધાનં સિતકુવલયાસ્ફાલનરુચાં,
સ્વયં વિભ્રાજન્તી ત્રિભુવનજનાહ્લાદનકરીમ્ ।
અલં ચાલં ચાલં મમ ચકિતચિત્તં સુચપલં,
ચલચ્ચન્દ્રાસ્યે ત્વદ્દદનરુચમાચામય ચિરમ્ ।।૬।।

સફેદ કમળની સુંદર ક્રાંતિને ધારણ કરનારી હે અદ્દ્ભુત રુચિવાળી દેવી ! હે ત્રણે જીવનને આનંદ આપનારી દેવી ! કમળના જેવા મુખવાળી દેવી ! મારા ચકિત બનેલા અને તૃષાવાળા ચંચળ ચિત્તને તારા દાંતોની પંક્તિની જ્યોતિનું સદા પાન કરાવતી રહે.

લલામે ભાલે તે બહુતર વિશાલેઽતિ વિમલે,
કલા ચંચચ્ચાંદ્રી રુચિરતિલકાવેન્દુકલયા ।
નિતાન્તં ગોમાયા નિવિડ તમસો નાશ વ્યસના,
તમો મે ગાઢં હિ હૃદયસદનસ્થં ગ્લપયતુ ૭।।

હે દેવી, તારા વિશાળ અને અતિ વિમળ કપાળમાં જે શોભાયમાન ને તેજસ્વી ચંદ્રની કળા રહેલી છે, તેનું તેજ સદા પૃથ્વી પરનું અંધારું દૂર કરે છે. તારી એ ચંદ્રકળા મારા હૃદયમાં રહેલું ગાઢ અંધારું દૂર કરે.

અયે માતઃ કિન્તે ચરણ-શરણં સંશ્રયવતાં-
જનાનામન્તસ્થો વૃજિન હુતભુક્ પ્રજ્વલતિ યઃ ।
તદસ્યાશુ સમ્યક્ પ્રશમન હિતાયૈવ વિધૃતં-
કરે પાત્રં પુણ્યં સલિલભરતિં કાષ્ઠરચિતમ્ ।।૮।।

હે માતા, તમારાં ચરણના શરણમાં આવેલાં પ્રાણીઓનાં હૃદયમાં જે પાપરૂપી અગ્નિની જ્વાળાઓ સળગી રહી છે તેમને શાંત કરવા માટે તમે આ જલપૂર્ણ તેજસ્વી (સ્ફટિકમય) કમંડળ ધારણ કર્યું છે.

અથા હોસ્વિન્માતઃ સરિદધિપતેઃ સારમખિલં,
સુધારૂપં કૂપં લઘુતરમનૂપં કલયતિ ।
સ્વભક્તેભ્યો નિત્યં વિતરસિ જનોદ્ધારિણિ શુભે,
વિહીને દીનેઽસ્મિન્ મય્યપિ સકરુણાં કુરુ કૃપામ્ ।।૯।।

અથવા સમુદ્રના સાર રૂપ અમૃતને તમે તમારા આ કમંડલરૂપી નાના કૂવામાં ભરીને ભક્તોને વહેંચો છો. હે મા, દીનહીન એવા મને પણ દયા કરી, તે થોડું અમૃત આપો.

સદૈવ ત્વત્પાણૌ વિધૃતમરવિન્દં દ્યુતિકરં,
ત્વિદં દર્શં દર્શં રવિશશિસમં નેત્રયુગલમ્ ।
વિચિંત્ય સ્વાં વૃત્તિં ભ્રમવિષમજાલેઽસ્તિ પતિત-
મિદં મન્યે નોચેત્ કથમિતિ ભવેદર્ધ-વિકચમ્ ।।૧૦।।

હે માતા, તમે હાથમાં જે તેજસ્વી કમળ ધારણ ધર્યું છે તે તમારા સૂર્ય અને ચંદ્રનાં જેવાં બે નેત્રોને જોઈને ભ્રમમાં પડી ગયું છે. એક તરફ સૂર્યને (તમારા બીજા નેત્રને) જોઈને ખીલવા જાય છે. અને બીજી તરફ ચંદ્રને (તમારા બીજા નેત્રને) જોઈને બીડાઈ જવા જાય છે. મને તો આમ જ લાગે છે. જો એમ ન હોય તો આ કમળ અર્ધવિકસિત સ્થિતિમાં જ કેમ દેખાતું હશે ?

સ્વયં માતઃ કિમ્વા ત્વમસિ જલજાનામપિ ખનિ-
ર્યતસ્તે સર્વાંગં કમલમયમેવાસ્તિ કિમુ નો ।
તથા ભીત્યા તસ્માત્તવશરણમુપયાતઃ કમલરાડ્-
પ્રયુજ્જાનોડશ્રાન્તં ભવતિ તદિહૈવાસનવિધૌ ॥૧૧॥

અથવા હે માતા, શું તમે કમળપુષ્પોની ખાણ છો ? શું તમારું આખું અંગ કમળમય નથી ? ખરેખર કમળપુષ્પોનો રાજા તમારાથી ડરીને તમારે શરણે આવ્યો છે અને તે જ સદા તમારા આસન તરીકે ઉપયોગમાં આવે છે.

દિવૌકોભિર્વન્દ્યે વિકસિત સરોજાક્ષિ સુખદે,
કૃપાદષ્ટેર્વૃષ્ટિઃ સુનિપતતિ યસ્યોપરિ તવ ।
તદીયાં વાંછાં દ્રુતમનુ વિદધાસિ સકલાં,
દોષાન્શૂલાન્ મમ સપદિ છિત્વાડમ્બ સુખદા ॥૧૨॥

હે દેવતાઓ દ્વારા પૂજનીય દેવી ! ખીલેલાં કમળનાં જેવાં નેત્રોવાળી હે દેવી ! તમારી કૃપાદષ્ટિની જેના ઉપર વૃષ્ટિ થાય છે તેની બધી જ ઇચ્છાઓ તમે પૂર્ણ કરો છો એથી હે માતા મારા અપરાધોના તંતુઓને છેદીને મને પણ સુખ આપો.

કરેડક્ષાણાં માલા પ્રવિલસતિ યા તેડતિવિમલે,
કિમર્થં સા કાન્ વા ગણયસિ જનાન્ ભક્તિ નિરતાન્ ।
જપન્તી કં મન્ત્રં પ્રશમયસિ દુઃખં જનિજુષા,
મયે કા વા વાંછા ભવતિ તવ ત્વત્ર સુવરદે ॥૧૩॥

હે માતા, તારા એક હાથમાં જે અક્ષમાળા શોભે છે, તે તેં કેમ ધારણ કરી છે ? તું એના દ્વારા તારા કયા ભક્તોનાં નામ ગણ્યાં કરે છે ? અથવા તું કયા મંત્રનો જપ કરીને મનુષ્યોનાં દુઃખોને શાંત કરે છે અથવા હે વરદાયિની ? મંત્ર જપીને શું કરવા ઇચ્છે છે ?

ન મન્યે ધન્યેડહં ત્વવિતથમિદં લોકગદિતં,
મમાત્રોક્તિર્મત્વા કમલપતિ ફુલ્લં તવ કરમ્ ।
વિજૃમ્ભા સંયુક્ત દ્યુતિમિદમભિ કોકનદમિ-
ત્યરં જાનાનેયં મધુકરતતિ સવિલસતિ ॥૧૪॥

હે ધન્યા ! આ કહેવત જે કહેવાય છે તે મારી દષ્ટિએ તો બરાબર નથી. આ બાબતમાં તો મારું વચન જ યોગ્ય છે કે તમારા હાથને ખીલેલાં કમળ માનીને આ ભ્રમરોની હાર હાજર થઈને શોભી રહી છે.

મહામોહામ્ભોધૌ મમ નિપતિતા જીવનતરિ-
ર્નિરાલમ્બા દોલા ચલતિ દુરવસ્થામધિગતા ।
જલાવર્ત વ્યાલો ગ્રસિતુમભિતો વાંછતિ ચ તાં,
કરાલમ્બં દત્વા ભગવતિ દ્રુતં તારય શિવે ॥૧૫॥

હે ભગવતી ! આ સંસારરૂપી સમુદ્રમાં મારી જીવન-નૌકા પડેલી છે અને કશો આધાર ન હોવાને કારણે અસ્થિર બનીને સ્થિતિને પ્રાપ્ત થઈ છે. તેને અંધકારના સમૂહરૂપી મગર ગળી જવા ઇચ્છે છે. તેથી હે શુભે, તેને તારા હાથનો સહારો આપીને જલદી જ તેનો ઉદ્ધાર કર.

દધાનાસિમત્વં યત્ સ્વવપુષિ પયોધર યુગલ-
મિતિ શ્રુત્વા લોકેર્મમ મનસિ ચિંતા સમભવત્ ।
કથં સ્યાત્ સા તસ્માદલક લતિકા મસ્તક ભુવિ,
શિરોદ્યાં હૃદ્યેયં જલદપટલી ખેલતિ કિલ ॥૧૬॥

હે નિષ્પાપ માતા ! તું પયોધરને (સ્તન અથવા વાદળને) ધારણ કરે છે એ સાંભળીને કોઈને લાગ્યું કે, તારું મસ્તક તે આકાશ છે. એ સાંભળીને મને પ્રશ્ન થયો કે તારું માથું આકાશના જેવું કેવી રીતે કહી શકાય ? (અહીં, 'પયોધર' શબ્દને લીધે આમ શંકા થઈ.)

તથા તત્રૈવોપસ્થિતિમપિ નિશીથિન્યધિપતેઃ,
પ્રપશ્યામિ શ્યામે સહ સહચરૈસ્તારક ગણૈઃ ।
અહોરાત્ર ક્રીડા પરવશમિતાસ્તેડપિ ચકિતા,
શ્ચિરં ચક્રીડન્તે તદપિ મહદાશ્ચર્ય ચરિતમ્ ॥૧૭॥

વળી હે માતા ! તારા મસ્તકરૂપી આકાશમાં મને તારાઓ સહિત ચંદ્ર પણ દેખાય છે. તે રાત-દિવસ પોતાના સહચર તારાગણો સાથે આશ્ચર્યપૂર્વક ક્રીડા કરે છે. આ પણ એક આશ્ચર્ય જ છે ને ? (દિવસે સૂર્યની હાજરી હોવા છતાં પણ એ ચંદ્ર અને તારા દેખાય તે આશ્ચર્ય છે.)

યદાહુસ્તં મુક્તા પટલ જટિતં રત્ન મુકુટં,
ન ધત્તો તેષાં સા વચનરચના સાધુપદવીમ્ ।
નિવેષા કેશાસ્તુ નિ વિગત વેશા ધ્રુવમિતિ,
પ્રસન્નાડધ્યાસન્ના વિધુપરિષદેષા વિલસતિ ॥૧૮॥

કેટલાક લોકો કહે છે કે આ તો અનેક મોતી અને માણેકથી જડેલો મુગટ છે. પણ મને એ વાત બરાબર લાગતી નથી. કારણ કે આ તો રાત્રિ જ છે. આ કેશ નથી એમ માનીને જ ચંદ્રની સભા શોભી રહી છે.

ત્રિબીજે હે દેવિ ત્રિ પ્રણવસહિતે ત્ર્યક્ષરયુતે,
ત્રિમાત્રા રાજન્તે ભુવનવિભવે હ્યોમિતિપદે ।
ત્રિકાલં સંસેવ્યે ત્રિગુણવતિ ચ ત્રિસ્વરમયિ,
ત્રિલોકેશૈઃ પૂજ્યે ત્રિભુવનભયાત્ત્રા હિ સતતમ્ ॥૧૯॥

હે ત્રણ 'બીજ' વાળી, ત્રણ ૐકારયુક્ત મંત્રવાળી, ત્રણ અક્ષરવાળી ત્રણ માત્રાઓવાળી, ત્રણ ગુણવાળી, ઈન્દ્ર દ્વારા પૂજિત ચરણવાળી, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ સહિત દેવી, ત્રણ કાળમાં સેવવા યોગ્ય ત્રણે લોકના મનુષ્યોને સુખ આપવાવાળી, મને અખંડ રીતે ભયમાંથી મુક્ત કર.

ન ચંદ્રો નૈવેમે નભસિ, વિતતા તારકગણાઃ,
ત્વિષાં રાશી રમ્યા તવ ચરણયોરમ્બુનિચયે ।
પતિત્વા કલ્લોલૈઃ સહ પરિચયાદ્વિસ્તૃતિમિતા,
પ્રભા સૈવાડનન્તા ગગનમુકુરે દીવ્યતિ સદા ॥૨૦॥

આકાશમાં દેખાતા આ ચંદ્ર અને તારાઓ નથી, પણ તમારાં ચરણોની છાયા પાણીમાં પડીને તરંગોની સાથે સંબંધ થવાથી વિસ્તૃત થઈ ગઈ છે અને તે શોભા જ આકાશરૂપી દર્પણમાં શોભી રહી છે.

ત્વમેવ બ્રહ્માણી ત્વમસિ કમલા ત્વં નગસુતા,
ત્રિસન્ધ્યં સેવન્તે ચરણયુગલં યે તવ જનાઃ ।
જગજ્જાલે તેષાં નિપતિત જનાનામિહ શુભે,

**સમુદ્ધારાર્થં કિં મતિમતિ ! મતિસ્તે ન ભવતિ ॥૨૧॥**

તું જ બ્રહ્માણી, તું જ લક્ષ્મી અને તું જ પાર્વતી છે. આ જગતમાં મનુષ્યો તારાં ચરણોની ત્રણે સંધ્યાઓમાં સેવા કરે છે. હે બુદ્ધિમતી, જાળમાં ફસાયેલા જગતના એ લોકોનો ઉદ્ધાર કરવાની તમારી મતિ થતી નથી ?

**અનેકૈઃ: પાપૌઘૈર્લુલિત વપુષં શોક સહિતં,**
**લુઠન્તં દીનં માં વિમલ પદયો રેણુષુ તવ ।**
**ગલદ્વાષ્પં શશ્વદ્ જનનિ સહસાશ્વાસનવચો,**
**બ્રુવાણોત્તિષ્ઠેત્યમૃતકણિકાં પાસ્યતિ કદા ॥૨૨॥**

અનેક પાપોના સમૂહથી જર્જરિત બનેલા શરીરવાળા તેમ જ શોકથી ભરેલા એવા મને દીન જનને, અશ્રુપૂર્ણ આંખોવાળાને તમારાં ચરણોની ધૂળમાં આળોટેલાને, હે જનની ! આશ્વાસન આપતી તું 'ઊઠ બેટા !' - એવાં અમૃતમય વચનોનું પાલન ક્યારે કરાવીશ ?

**ન વા માદૃક્ પાપી નહિ તવ સમા પાપહરણી,**
**ન દુર્બુદ્ધિર્માદૃક્ ન ચ તવ સમા ધી વિતરિણી ।**
**ન માદૃગ્ ગર્વિષ્ઠો નહિ તવ સમા ગર્વ હરણી,**
**હૃદિ સ્મૃત્વા હ્યેવં મામયિ ! કુરુ યથેચ્છા તવ યથા ॥૨૩॥**

મારા જેવો કોઈ પાપી નથી અને તમારા જેવું કોઈ પાપ હરી લેનાર નથી. મારા જેવો બીજો કોઈ મૂર્ખ નથી અને તમારા જેવું બુદ્ધિને આપનાર કોઈ નથી. મારા જેવો કોઈ અભિમાની નથી અને તમારા જેવું ગર્વને હરી લેનાર કોઈ નથી. એથી હે માતા ! આ બધો વિચાર કરીને તમને લાગે તેમ કરો.

**દરીધર્તિ સ્વાંતેઽક્ષર વર ચતુર્વિંશતિમિતં,**
**ત્વદતર્મન્ત્રં યસ્ત્વયિ નિહિત ચિત્તો હિ મનુજઃ ।**
**સમન્તાદ્ ભાસ્વન્તં ભવિત ભુવિ સંજીવનવનં,**
**ભવામ્બોધેઃ પારં વ્રજતિ સ નિતરાં સુખયુતઃ ॥૨૪॥**

જે મનુષ્ય તમારા ચોવીસ શ્રેષ્ઠ અક્ષરોવાળા મંત્રને હૃદયમાં ધારણ કરે છે તે સુખી છે, તે આ સંસારરૂપી સાગર પાર તરી જાય છે. તેનું જીવનરૂપી વન હર્યુંભર્યું થઈ જાય છે.

**ભગવતિ ! લહરીયં રુદ્રદેવ પ્રણીતા,**
**તવ ચરણ સરોજે સ્થાપ્તયે ભક્તિભાવૈઃ ।**
**કુમતિતિમિરપંકસ્યાંકમગ્નં સશંકં,**
**અયિ ! ખલુ કુરુ દત્વા વીતશંકં સ્વમંકમ્ ॥૨૫॥**

હે ભગવતી, રુદ્રદેવ દ્વારા રચિત આ લહરી તારાં ચરણકમળમાં ભક્તિભાવપૂર્વક સ્થાપિત કરવામાં આવે છે. હે, દેવી, કુબુદ્ધિરૂપી અંધકારના કાદવના ખોળામાં પડેલા મારા આ શંકાશીલ મનને તારા ખોળાનું શરણ આપીને નિર્ભય બનાવ.

**॥ ઈતિ શ્રી રુદ્રદેવ વિરચિત 'ગાયત્રી લહરી' સમાપ્ત ॥**

# ૧૯. ગાયત્રી ચાલીસા

**દોહા**

**હ્રીં, શ્રીં, ક્લીં, મેધા, પ્રભા, જીવન જ્યોતિ પ્રચણ્ડ ।**
**શાન્તિ, ક્રાન્તિ, જાગૃતિ, પ્રગતિ, રચના શક્તિ અખણ્ડ ॥**
**જગત જનનિ, મંગલ કરનિ, ગાયત્રી સુખ ધામ ।**

પ્રણવોં સાવિત્રી, સ્વધા, સ્વાહા પૂરન કામ ॥
ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ યુત જનની, ગાયત્રી નિત કલિમત દહની ॥
અક્ષર ચોવીસ પરમ પુનિતા, ઈનમેં બસે શાસ્ત્ર, શ્રુતિ ગીતા ॥
શાશ્વત સતોગુણી સતરૂપા, સત્ય સનાતન સુધા અનૂપા ॥
હંસારૂઢ શ્વેતાંબર ધારી, સ્વર્ણ કાંતિ શુચિ ગગન વિહારી ॥
પુસ્તક, પુષ્પ, કમંડલુ માલા, શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા ॥
ધ્યાન ધરત પુલકિત હિય હોઈ, સુખ ઉપજત, દુઃખ દુરમતિ ખોઈ ॥
કામધેનુ તુમ સુર તરૂ છાયા, નિરાકાર કી અદ્‌ભુત માયા ॥
તુમ્હરી શરણ ગહે જો કોઈ, તરૈ સકલ સંકટ સો સોઈ ॥
સરસ્વતી, લક્ષ્મી, તુમ કાલી, દિપૈ તુમ્હારી જ્યોતિ નિરાલી ॥
તુમ્હરી મહિમા પાર ન પાવૈં, જો શારદ શતમુખ ગુણ ગાવૈં ॥
ચાર વેદ કી માતુ પુનિતા, તુમ બ્રહ્માણી ગૌરી સીતા ॥
મહામંત્ર જિતને જગ માહીં, કોઉ ગાયત્રી સમ નાહીં ॥
સુમિરત હિય મેં જ્ઞાન પ્રકાશૈ, આલસ, પાપ, અવિદ્યા નાશૈ ॥
સૃષ્ટિબીજ જગ જનનિ ભવાની, કાલરાત્રિ વરદા કલ્યાણી ॥
બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર સુર જેતે, તુમ સોં પાવૈં સુરતા તેતે ॥
તુમ ભકતન કી ભકત તુમ્હારે, જનનિહિં પુત્ર પ્રાણ તે પ્યારે ॥
મહિમા અપરંપાર તુમ્હારી, જય જય જય ત્રિપદા ભયહારી ॥
પૂરિત સકલ જ્ઞાન વિજ્ઞાના, તુમ સમ અધિક ન જગમેં આના ॥
તુમહિં જાનિ કછુ રહૈ ન શેષા, તુમહિં પાય કછુ રહૈ ન કલેશા ॥
જાનત તુમહિ તુમહિં હવૈ જાઈ, પારસ પરસિ કુધાતુ સુહાઈ ॥
તુમ્હરી શક્તિ દિપે સબ ઠાઈ, માતા તુમ સબ ઠૌર સમાઈ ॥
ગ્રહ, નક્ષત્ર, બ્રહ્માંડ ઘનેરે, સબ ગતિવાન તુમ્હારે પ્રેરે ॥
સકલ સૃષ્ટિ કી પ્રાણ વિધાતા, પાલક, પોષક, નાશક ત્રાતા ॥
માતેશ્વરી, દયા વ્રતધારી, તુમ સન તરે પાતકી ભારી ॥
જાપર કૃપા તુમ્હારી હોઈ, તાપર કૃપા કરૈં સબ કોઈ ॥
મંદ બુદ્ધિ તે બુદ્ધિબલ પાવેં, રોગી રોગ રહિત હૌ જાવેં ॥
દારિદ્રય મિટે કટે સબ પીરા, નાસૈ દુઃખ હરે ભવ ભીરા ॥
ગૃહ કલેશ ચિત્ત ચિંતા ભારી, નાસૈ ગાયત્રી ભય હારી ॥
સંતતિ હીન સુસંતતિ પાવેં, સુખ સંપત્તિ યુત મોદ મનાવેં ॥
ભૂત, પિચાશ, સબે ભય ખાવેં, યમ કે દૂત નિકટ નહિ આવેં ॥
જો સધવા સુમિરેં ચિત લાઈ, અક્ષત સુહાગ સદા સુખદાઈ ॥
ઘર વર સુખપ્રદ લહૈં કુમારી, વિધવા રહેં સત્ય વ્રતધારી ॥
જયતિ જયતિ જગદંબા ભવાની, તુમ સમ ઔર દયાલુ ન દાની ॥
જો સદ્‌ગુરુ સોં દીક્ષા પાવેં, સો સાધન કો સફલ બનાવેં ॥

સુમિરન કરેં સુરુચિ બડભાગી, લહૈં મનોરથ ગૃહી વિરાગી ॥
અષ્ટ-સિદ્ધિ નવનિધિ કી દાતા, સબ સમર્થ ગાયત્રી માતા ॥
ઋષિ, મુનિ, જતી, તપસ્વી, યોગી, આરત, અર્થી, ચિંતિત ભોગી ॥
જો જો શરણ તુમ્હારી આવૈં, સો સો મન વાંછિત ફલ પાવૈં ॥
બલ, બુદ્ધિ, વિદ્યા, શીલ સુભાઊ, ધન, વૈભવ, યશ, તેજ, ઉછાઊ ॥
સકલ બઢેં ઉપજૈ સુખ નાના, જો યહ પાઠ કરૈ ધરિ ધ્યાના ॥

દોહા - યહ ચાલીસા ભક્તિયુત, પાઠ કરે જો કોય ।
તાપર કૃપા પ્રસન્નતા, ગાયત્રી કી હોય ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ।
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

## ૨૦. ગાયત્રીની આરતી

જયતિ જય ગાયત્રી માતા, જયતિ જય ગાયત્રી માતા ॥
આદિ શક્તિ તુમ, અલખ નિરંજન, જગ પાલન કર્ત્રી ।
દુઃખ, શોક, ભય, કલેશ, કલહ, દારિદ્રય દૈન્ય હર્ત્રી ॥
બ્રહ્મરૂપિણી, પ્રણત પાલિની, જગતધાતૃ અંબે ।
ભવભયહારી, જનહિતકારી, સુખદા જગદમ્બે ॥
ભય હારિણી, ભવતારિણી, અનઘે, અજ આનંદ રાશી ।
અવિકારી, અઘહરી, અવિચલિત, અમલે અવિનાશી ॥
કામધેનુ, સત્ ચિત આનંદા, જય ગંગા ગીતા ॥
સવિતા કી શાશ્વતી શક્તિ તુમ સાવિત્રી સીતા ॥
ઋગ, યજુ, સામ, અથર્વ-પ્રણયિની, પ્રણવ મહામહિમે ।
કુંડલિની, સહસ્રાર, સુષુમ્ણા શોભા ગુણ ગરિમે ॥
સ્વાહા, સ્વધા, શચી, બ્રહ્માણી, રાધા, રુદ્રાણી ।
જય સતરૂપા વાણી, વિદ્યા, કમલા, કલ્યાણી ॥
જનની હમ હૈ દીન-હીન, દુઃખ દારિદ્રય કે ઘેરે ।
યદ્યપિ કુટિલ કપટી, કપૂત તઊ બાલક હૈં તેરે ॥
સ્નેહ સની કરુણામય માતા, ચરણ-શરણ દીજૈ ।
બિલખ રહે, હમ શિશુ સુત તેરે, દયા દૃષ્ટિ કીજૈ ॥
કામ, ક્રોધ, મદ, લોભ, દંભ, દુર્ભાવ દ્વેષ હરિયે ।
શુદ્ધ બુદ્ધિ, નિષ્પાપ હૃદય, મન કો પવિત્ર કરિયે ॥
તુમ સમર્થ સબ ભાંતિ તારિણી, તુષ્ટિ પુષ્ટિ ત્રાતા ।
સત્ મારગ પર હમેં ચલાઓ, જો હૈ સુખદાતા ॥
જયતિ જય ગાયત્રી માતા, જયતિ જય ગાયત્રી માતા ॥

## ૨૧. ગાયત્રી - સહસ્ત્રનામનું વિજ્ઞાન

ગાયત્રી ઈશ્વરીય દિવ્ય શક્તિઓનો એક મોટો સમૂહ છે. આ સમૂહમાં કેટલી શક્તિઓ સમાયેલી છે તે કહેવું મુશ્કેલ છે. એમાં અસંખ્ય શક્તિઓ છે. શક્તિઓનો એ ભંડાર છે. શાસ્ત્રોમાં

સહસ્ર શબ્દ અસંખ્ય અથવા અનંતના અર્થમાં વપરાય છે. સામાન્ય રીતે તો સહસ્ત્ર શબ્દનો અર્થ 'હજાર' એવો થાય છે. પણ અનેક સ્થળે આ શબ્દ 'અનંત સંખ્યા' એવા અર્થમાં પણ વપરાયો છે 'સહસ્ર શીર્ષા'વાળો પરમાત્માની પ્રાર્થનાનો સિદ્ધ મંત્ર આ દૃષ્ટિએ વિચારી શકાય.

ઉપર જણાવેલી પ્રાર્થનામાં ઈશ્વરને હજાર માથા, હજાર હાથ, હજાર પગ, હજાર નેત્ર વગેરે-વાળો બતાવવામાં આવ્યો છે. અહીં સહસ્ત્ર અર્થાત્ હજારનો અર્થ ફક્ત હજાર નહિ પણ અનંત, અસંખ્ય એવો થાય છે. આવાં અનેક પ્રમાણ મળી શકે છે. ગાયત્રીની અનંત શક્તિઓ પૈકી મનુષ્યોને થોડી જ શક્તિઓનો ખ્યાલ આવ્યો છે અને જેટલી શક્તિઓનો લોકોને ખ્યાલ આવ્યો છે એમાંથી થોડી જ શક્તિઓનો ઉપયોગ થયો છે જે શક્તિઓનો ખ્યાલ અત્યાર સુધી આવ્યો છે એ શક્તિઓ હજારેક જેટલી છે.

એ હજાર શક્તિઓનાં નામ તેના ગુણ પ્રમાણે પાડવામાં આવ્યાં છે. એ હજાર નામોનું વર્ણન પ્રાચીન ગ્રંથોમાં ગાયત્રી સહસ્ત્ર નામ રૂપે મળે છે.

આ શક્તિઓને જાણવી, સમજવી અને તેનો પાઠ કરવો ખૂબ જરૂરી છે. એમ કરવાથી એ શક્તિઓમાં શી શી વિશેષતાઓ છુપાયેલી છે. તેનો આપણને દિવસે દિવસે ખ્યાલ આવતો જાય છે અને ગાયત્રીની પ્રાપ્તિની સાથે એ શક્તિઓને આપણે ધારણ કરતા જઈએ છીએ એ વાતનો પણ આપણને ખ્યાલ આવે છે. એવી સમજણ પડ્યા પછી જ આપણે તેમનો ઉપયોગ અને પ્રયોગ કરી શકીએ. જ્યાં સુધી કોઈ વસ્તુના ગુણ અને તેનું મહત્ત્વ આપણે ન સમજીએ ત્યાં સુધી આપણે તે બધાનો લાભ પણ લઈ શકીએ નહિ.

ગાયત્રીમાં શી શી શક્તિઓ ભરેલી છે અને એની પ્રાપ્તિ દ્વારા આપણે તેમના કયા કયા લાભ મેળવી શકીએ એ અંગેનો પરિચય આપણને આ 'ગાયત્રી-સહસ્ત્રનામ'માંથી મળે છે. ગાયત્રીનાં એ હજાર નામોનો ગંભીરતાથી વિચાર કરવાથી ગાયત્રીની મર્યાદા, તેની પ્રકૃતિ, તેની શક્તિ, તેની ઉપયોગિતા વગેરેનો આપણને પૂર્ણ પરિચય થાય છે. આ પરિચય થવો તે તેના દ્વારા મેળવવાના લાભોનું પ્રથમ સોપાન છે. આ જ્ઞાન થવાથી સાધક એ વિચારી શકે છે કે ગાયત્રીની આટલી આટલી વિશેષતાઓ છે અને જરૂરિયાત પ્રમાણે તે બધી જ વિશેષતાઓનો લાભ પણ મેળવી શકાય છે. આ વિચાર પછી તે વિશેષતાઓ તરફ આપણું લક્ષ દોરાય છે અને તે મેળવવા માટે આપણા પ્રયત્નોની પ્રવૃત્તિ એ દિશામાં વધે, આથી આપણું જીવન સર્વાંગ સંપૂર્ણ બનાવી શકાય છે. વળી આપણને એ વાત બરાબર સમજાઈ જાય છે કે ગાયત્રીનો મહિમા અસાધારણ છે, અમૂલ્ય છે. આમ થવાથી એ તરફથી આપણી શ્રદ્ધા પ્રગટે છે અને દૃઢ બને છે. જેને સ્પર્શમણિ (પારસમણિ)ના ગુણોનો ખ્યાલ છે તે માણસ જ તેની શોધ કરે છે, તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તથા તે મળી ગયા પછી તેને સાચવે છે અને તેનો ઉપયોગ કરી મોટો લાભ મેળવે છે. જેને પારસના ગુણોનો ખ્યાલ જ ન હોય તેને મન તો તે એક સામાન્ય પથ્થર જેવો હોય છે. હાથમાં હોવા છતાં તેના વિશેના અજ્ઞાનને કારણે તે અલભ્ય વસ્તુનો તે લાભ લઈ શકતો નથી.

આથી જ સહસ્ત્રનામોનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરવાનું મહત્ત્વ શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે. 'ગાયત્રી સહસ્ત્રનામ'નો પાઠ આપણે શ્રદ્ધાપૂર્વક કરીએ અને એમાં વર્ણવવામાં આવેલાં નામોનો વિચાર કરતાં કરતાં ગાયત્રીના મહિમાને સમજીએ અને તેનો લાભ લઈએ.

## ● અથ ગાયત્રી સહસ્ત્રનામ્ ●

**શ્રી નારાયણ ઉવાચ -**

સાધુ-સાધુ મહાપ્રાજ્ઞ સમ્યક્ પૃષ્ટં ત્વયાઽનઘ ।

શ્રૃણુ વક્ષ્યામિ યત્નેન ગાયત્ર્યષ્ટસહસ્રકમ્ ॥
નામ્નાં શુભાનાં દિવ્યાનાં સર્વપાપવિનાશનમ્ ॥૧॥
સૃષ્ટયાદૌ યદ્ ભગવતી પૂર્વં પ્રોક્તં બ્રવીમિ તે ।
અષ્ટોત્તરસહસ્રસ્ય ઋષિર્બ્રહ્મા પ્રકીર્ત્તિતઃ ॥૨॥
છન્દોઽનુષ્ટુપ્તથા દેવી ગાયત્રી દેવતા સ્મૃતા ।
હલો બીજાનિ તસ્યૈવ સ્વરાઃ શક્તય ઈરિતા ॥૩॥
અંગન્યાસકરન્યાસાવુચ્યેતે માતૃકાક્ષરૈઃ ।
અથ ધ્યાનં પ્રવક્ષ્યામિ સાધકાનાં હિતાય વૈ ॥૪॥
સૂર્ય્ય મણ્ડલમધ્યવાસ નિરતાં શ્વેતપ્રભારજિંતામ્ ।
રક્ત શ્વેતહિરણ્યનીલધવલૈર્યુક્તાં કુમારીમિમામ્ ॥૫॥
ગાયત્રીં કમલાસનાં કરતલ વ્યાનદ્ધકુણ્ડાંબુજાં ।
પદ્માક્ષીં ચ વરસ્રજં ચ દધતીં હંસાધિરુઢાં ભજે ॥૬॥
અચિંત્યલક્ષણા વ્યક્તાત્યર્થમાતૃમહેશ્વરી ।
અમૃતાર્ણવમધ્યસ્થાપ્યજિતા ચાપરાજિતા ॥૭॥
અણિમાદિગુણાધારાપ્યર્કમંડલસંસ્થિતા ।
અજરા જપેનારાધ્યા અક્ષસૂત્રધરા ધરા ॥૮॥
અકારાદિક્ષકારાંતાપ્યરિષડ્વર્ગભેદિની ।
અંજનાદ્રિપ્રતીકાશાપ્યંજનનાદ્રિનિવાસિની ॥૯॥
અદિતિશ્ચાજપાવિદ્યાપ્યરવિન્દનિભેક્ષણા ।
અન્તર્વહિઃસ્થિતાવિદ્યાધ્વંસિની ચાન્તરાત્મિકા ॥૧૦॥
અજા ચાજમુખાવાસાપ્યરવિંદનિભાનના ।
અર્દ્ધમાત્રાર્થદાનજ્ઞાપ્યરિમણ્ડલમર્દિની ॥૧૧॥
અસુરઘ્ની હ્યાવામાસ્યાપ્યલક્ષ્મીઘ્નીત્યજાર્ચિતા ।
આદિલક્ષ્મીશ્ચાદિશક્તિરાકૃતિશ્ચાયતાનના ॥૧૨॥
આદિત્યપદવીચારાપ્યાદિત્યપરિસેવિતા ।
આચાર્યવર્તનાચારાપ્યાદિમૂર્તિનિવાસિની ॥૧૩॥
આગ્નેયી ચામરી ચાદ્યા ચારાધ્યા ચાસનસ્થિતા ।
આધારનિલયાધારા ચાકાશાંતનિવાસિની ॥૧૪॥
આદ્યાક્ષરસમાયુક્તા ચાંતરાકાશરૂપિણી ।
આદિત્યમણ્ડલગતા ચાન્તરધ્વાંતનાશિની ॥૧૫॥
ઈન્દિરા ચેષ્ટદા ચેષ્ટા ચેંદીવરનિભેક્ષણી ।
ઈરાવતી ચેન્દ્રપદા ચેન્દ્રાણી ચેન્દુરૂપિણી ॥૧૬॥
ઈક્ષુકોદણ્ડસંયુક્તા ચેષુસન્ધાનકારિણી ।

ઇન્દ્રનીલસમાકારા ચેડાપિંગલરૂપિણી ॥૧૭॥
ઇન્દ્રાક્ષી ચેશ્વરી દેવી ચેહાત્રયવિવર્જિતા ।
ઉમા ચોષા હિ દ્યુતિભા હ્યર્વારુકફલાનના ॥૧૮॥
ઉડુપ્રભા ચોડુમતી હ્યડુપા હ્યડુમધ્યગા ।
ઊર્ધ્વા ચાપ્યૂર્ધ્વકેશી ચાપ્યૂર્ધ્વાધોગતિભેદિની ॥૧૯॥
ઊર્ધ્વબાહુપ્રિયા ચોર્મિમાલા વાગ્ગ્રન્થદાયિની ।
ઋતં ચર્ષિઋતુમતી ઋષિદેવનમસ્કૃતા ॥૨૦॥
ઋગ્વેદા ઋણહર્ત્રી ચ ઋષિમણ્ડલચારિણી ।
ઋદ્ધિદા ઋજુમાર્ગસ્થા ઋજુધર્મા ઋતુપ્રદા ॥૨૧॥
ઋગ્વેદનિલયા ઋજ્વ લુપ્તધર્મપ્રવર્ત્તિની ।
લુપ્તારિવરસમ્ભૂતા લૂતાદિવિષહારિણી ॥૨૨॥
એકાક્ષરા ચૈકમાત્રા ચૈકા ચૈકૈકનિષ્ઠિતા ।
ઐન્દ્રી હ્યૈરાવતારૂઢા ચૈહિકામુષ્મિકપ્રદા ॥૨૩॥
ઓંકારા હ્યોષધી ચાપ્તા હ્યોતપ્રોતનિવાસિની ।
ઔરવા હ્યોષધસમ્પન્ના ઔપાસનફલપ્રદા ॥૨૪॥
અણ્ડમધ્યસ્થિતા દેવી ચાકારત્યનુરૂપિણી ।
કાત્યાયની કાલરાત્રિઃ કામાક્ષી કામસુન્દરી ॥૨૫॥
કમલા કામિની કાન્તા કામદાં કલકઠિની ।
કરિકુમ્ભસ્તનભરા કરવરીસુવાસિની ॥૨૬॥
કલ્યાણી કુણ્ડલવતી કુરુક્ષેત્રનિવાસિની ।
કરુવિન્દદલાકારા કુણ્ડલી કુમુદાલયા ॥૨૭॥
કાલજિહ્વા કરાલાત્મા કાલિકા કાલરૂપિણી ।
કમનીયગુણા કાન્તિઃ કલાધારા કુમુદ્વતી ॥૨૮॥
કૌશિકી કમલાકારા કામચારપ્રભંજિની ।
કૌમારી વરુણાપાંગી કકુદ્વન્તી કરિપ્રિયા ॥૨૯॥
કેશરી કેશવનુતા કદમ્બ કુસુમ પ્રિયા ।
કાલિન્દી કાલિકા કાંચી કલશોદ્ભવસંસ્તુતા ॥૩૦॥
કામમાતા ક્રતુમતી કામરૂપા કૃપાવતી ।
કુમારી કુણ્ડનિલયા કિરાતી કરવાહની ॥૩૧॥
કૈકેયી કોકિલાલાપા કેતકી કુસુમપ્રિયા ।
કમંડલુધરા કાલી કર્મનિર્મૂલકારિણી ॥૩૨॥
કલહંસગતિઃ કક્ષા કૃતિકૌતુકમંગલા ।
કસ્તૂરીતિલકા શુભ્રા કરીન્દ્રગમના કુહૂઃ ॥૩૩॥

કર્પૂરલેપના કૃષ્ણા કપિલા કુહરાશ્રયા ।
કૂટસ્થા કુધરા કમ્રા કુક્ષિસ્યાખિલવિષ્ટપા ॥૩૪॥
ખંગ ખેટધરા ખર્વા ખેચરીખગવાહિની ।
ખટ્વાંગધારિણી ખ્યાતા ખગરાજોપરિસ્થિતા ॥૩૫॥
ખલઘ્ની ખંડિતજરા ખંડાખ્યાનપ્રદાયિની ।
ખંડેન્દુતિલકા ગંગા ગણેશગુહપૂજિતા ॥૩૬॥
ગાયત્રી ગોમયી ગીતા ગાન્ધારી ગાનલોલુપા ।
ગોમતી ગામિની ગાધા ગન્ધર્વાપ્સરસેવિતા ॥૩૭॥
ગોવિન્દચરણાક્રાન્તા ગુણત્રયવિભાવિતા ।
ગન્ધર્વી ગહવરી ગોત્રા ગિરીશા ગહનાગમા ॥૩૮॥
ગુહાવસા ,ગુણવતી ગુરુપાપપ્રણાશિની ।
ગુર્વી ગુણવતી ગુહ્યા ગોપ્તવ્યા ગુણદાયિની ॥૩૯॥
ગિરિજા ગુણમાતંગી ગરુડધ્વજવલ્લભા ।
ગર્વાપહારિણી ગોદા ગોકુલસ્થા ગદાધરા ॥૪૦॥
ગોકર્ણનિલયાસક્તા ગુહ્યમણ્ડલવર્ત્તિની ।
ઘર્મદા ધનદા ઘણ્ટા ઘોરદાનવમર્દિની ॥૪૧॥
ઘૃણિમંત્રમયી ઘોષા ઘનસમ્પાતદાયિની ।
ઘણ્ટારવપ્રિયા ઘ્રાણા ઘૃણિસન્તુષ્ટકારિણી ।૪૨॥
ઘનારિમણ્ડલા ઘૂર્ણા ઘૃતાચી ઘનવેગિની ।
જ્ઞાનધાતુમયી ચર્ચા ચર્ચિતા ચારુહાસિની ॥૪૩॥
ચટુલા ચંડિકાચિત્રાચિત્રમાલ્યવિભૂષિતા ।
ચતુર્ભુજા ચારુદન્તા ચાતુરી ચરિતપ્રદા ॥૪૪॥
ચૂલિકા ચિત્રવસ્ત્રાન્તા ચન્દ્રમાઃ: કર્ણકુણ્ડલા ।
ચન્દ્રહાસા ચારુદાત્રી ચકોરી ચન્દ્રહાસિની ॥૪૫॥
ચન્દ્રિકા ચન્દ્રધારી ચ ચૌરી ચૌરા ચ ચણ્ડિકા ।
ચંચદ્વાગ્વાદિની ચન્દ્રકૂણા ચૌરવિનાશિની ॥૪૬॥
ચારુચન્દનલિપ્તાંગી ચંચચ્ચામરવીજિતા ।
ચારુમધ્યા ચારુગતિશ્ચન્દ્રિકા ચન્દ્રરૂપિણી ॥૪૭॥
ચારુહોમપ્રિયા ચાર્વા ચરિતા ચક્રબાહુકા ।
ચન્દ્રમંડલમધ્યસ્થા ચન્દ્રમંડલદર્પણા ॥૪૮॥
ચક્રવાકસ્તની ચેષ્ટા ચિત્રા ચારુવિલાસિની ।
ચિત્સ્વરૂપા ચન્દ્રવતી ચન્દ્રમાશ્ચન્દનપ્રિયા ॥૪૯॥
ચોદયિત્રી ચિરપ્રજ્ઞાવાતકા ચારુહેતકી ।

છત્રપાત્રા છત્રધરા છાયાછન્દઃ પરિચ્છદા ॥૫૦॥
છાયાદેવી છિદ્રનખા છિન્નેન્દ્રિયવિસર્પિણી ।
છન્દોનુષ્ટુપ્પ્રતિષ્ઠાન્તા છિદ્રોપદ્રવભેદિની ॥૫૧॥
છેદા છત્રેશ્વરી છિન્ના છુરિકા છેદનપ્રિયા ।
જનની જન્મરહિતા જાતવેદા જગન્મયી ॥૫૨॥
જાહ્નવી જટિલા જેત્રી જરામરણવર્જિતા ।
જમ્બૂદ્વિપવતી જ્વાલા જયન્તી જલશાલિની ॥૫૩॥
જિતેન્દ્રિયા જિતક્રોધા જિતામિત્રા જગત્પ્રિયા ।
જાતરૂપમયી જિહ્વા જાનકી જગતાજરા ॥૫૪॥
જનિત્રી જહ્નુતનયા જગત્રયહિતૈષિણી ।
જ્વાલામુખી જપવતી જ્વરઘ્ની જિતવિષ્ટિપા ॥૫૫॥
જિતાક્રાન્તમયી જ્વાલા જાગ્રતી જ્વરદેવતા ।
જ્વલન્તી જલદા જ્યેષ્ઠા જ્વાલોષાસ્ફોટદિઙ્મુખી ॥૫૬॥
જમ્ભિની જમ્ભા વિશદા જ્વલન્મણિક્યકુણ્ડલી ।
ઝિઝિકા ઝણનિર્ઘોષા ઝંઝામારુતવેગિની ॥૫૭॥
ઝલ્લકીવાદ્યકુશલા જરૂપા જભૂજા સ્મૃતા ।
ટવાણવાસમાયુક્તા ટકિની ટંકભેદિની ॥૫૮॥
ટંકીગણકૃતાઘોષા ટંકનીયમહોરસા ।
ટંકાકારિણી દેવી ઠઠશબ્દનિનાદિની ॥૫૯॥
ડામરો ડાકિની ડિંભા ડુડુસારેકનિર્જિતા ।
ડામરોતન્ત્રમાર્ગસ્થા ડમડમરુનાદિની ॥૬૦॥
ડિણ્ડીરવસહા ડિમ્ભલસત્ક્રીડાપરાયણા ।
ઢૂંઢવિઘ્નેશજનની ઢક્કાહસ્તા ઢિલવ્રજા ॥૬૧॥
નિત્યજ્ઞાના નિરુપમા નિર્ગુણા નર્મદા નદી ।
ત્રિગુણા ત્રિપદા તન્ત્રી તુલસી તરુણાતરુઃ ॥૬૨॥
ત્રિવિક્રમપદાક્રાન્તા તુરીયપદગામિની ।
તરૂણાદિત્યસંકાશા તમસી તુહિનાતુરા ॥૬૩॥
ત્રિકાલજ્ઞાનસમ્પન્ના ત્રિવલી ચ ત્રિલોચના ।
ત્રિશક્તિસ્ત્રિપુરા તુંગા તુરંગવદના તથા ॥૬૪॥
તિમિંગલાંગલા તીવ્રા ત્રિસ્ત્રોતા તામસાદિની ।
તન્ત્ર મન્ત્ર વિશેષજ્ઞા તનુમધ્યા ત્રિવિષ્ટયા ॥૬૫॥
ત્રિસન્ધ્યા ત્રિસ્તની તોષાસંસ્થા તાલપ્રતાપિની ।
તાંટકિની તુષારાભા તુહિનાચલવાસિની ॥૬૬॥

તન્તુજાલસમાયુક્તા તારહારાવલિપ્રિયા ।
તિલહોમપ્રિયા તીર્થાતમાલકુસુમાકૃતિઃ ॥૬૭॥
તારકા ત્રિયુતા તન્વી ત્રિશંકુપરિવારિતા ।
તલોદરા તિલોદ્‌ભાસા તાટંકા પ્રિયવાદિની ॥૬૮॥
ત્રિજટા તિત્તારી તૃષ્ણા ત્રિવિધા તરુણાકૃતિઃ ।
તપ્તકાંચનસંકાશા તપ્તકાંચનભૂષણા ॥૬૯॥
ત્રૈયમ્બકા ત્રિવર્ગા ચ ત્રિકાલજ્ઞાનદાયિની ।
તર્પણા તૃપ્તિદા તૃપ્તા તામસા તુમ્બરુસ્તુના ॥૭૦॥
તાર્લ્યસ્થા ત્રિગુણાકારી ત્રિભંગી તનુવલ્લારિઃ ।
થાત્કારી થારવા થાંતિ દોહની દીનવત્સલા ॥૭૧॥
દાનવાન્તકરી દુર્ગા દુર્ગાસુરનિવર્હિણી ।
દેવરીતિર્દિવારાત્રિર્દ્રૌપદી દુન્દુભિસ્વના ॥૭૨॥ દેવયાની
દુરાવાસા દારિદ્રયભેદિની દિવા ।
દામોદરપ્રિયા દીપ્તા દિગ્વાસા દિગ્વિમોહિની॥૭૩॥
દણ્ડકારણ્યનિલયા દણ્ડિની દેવપૂજિતા ।
દેવવન્દ્યા દિવિષદા દ્વેષિણી દાનવાકૃતિઃ ॥૭૪॥
દીનનાથસ્તુતા દીક્ષા દેવતાદિસ્વરૂપિણી ।
ધાત્રી ધનુર્ધરા ધેનુર્ધારિણી ધર્મચારિણી ॥૭૫॥
ધુરન્ધરા ધરાધારા ધનદા ધાન્યદોહિની ।
ધર્મશીલા ધનાધ્યક્ષા ધનુર્વેદવિશારદા ॥૭૬॥
ધૃતિર્ધન્યા ધૃતપદા ધર્મરાજપ્રિયા ધ્રુવા ।
ધૂમાવતી ધૂમકેશી ધર્મશાસ્ત્રપ્રકાશિની ॥૭૭॥
નંદા નંદપ્રિયા નિદ્રા સૂનૃતાનન્દનાત્મિકા ।
નર્મદા નલિની નીલા નીલકણ્ઠસમાશ્રયા ॥૭૮॥
નારાયણપ્રિયા નિત્યા નિર્મલા નિર્ગુણા નિધિઃ ।
નિરાધારાનિરુપમા નિત્યશુદ્ધા નિરંજના ॥૭૯॥
નાદવિન્દુકલાતીતા નાદવિન્દુકલાત્મિકા ।
નૃસિંહની નગાધરા નૃપનાગવિભૂષિતા ॥૮૦॥
નરકક્લેશશમની નારાયણપદોદ્‌ભવા ।
નિરાવદ્યા નિરાકારા નારદપ્રિયકારિણી ॥૮૧॥
નાનાજ્યોતિ સમાખ્યાતા નિધિદા નિર્મલાત્મિકા ।
નવસૂત્રધરા નીતિર્નિરુપદ્રવકારિણી ॥૮૨॥
નન્દજા નવરત્નાઢ્યા નૈમિષારણ્યવાસિની ।

નવનીતપ્રિયા નારી નીલજીમૂતનિઃસ્વની ॥૮૩॥
નિમેષિણી નદીરૂપા નીલગ્રીવા નિશીશ્વરી ।
નામાવલિર્નિશુમ્ભઘ્ની નાગલોકનિવાસિની ॥૮૪॥
નવજામ્બૂનદપ્રખ્યા નાગલોકાધિદેવતા ।
નૂપુરાકાંતચરણા નરચિત્ત પ્રમોદિની ॥૮૫॥
નિમગ્નારક્તનયના નિર્ધાતસમનિઃસ્વના ।
નન્દનોદ્યાનનિલયા નિર્યૂહોપરિચારિણી ॥૮૬॥
પાર્વતી પરમોદારા પરબ્રહ્માત્મિકા પરા ।
પંચકોશ વિનિર્મુક્તા પંચપાતકનાશિની ॥૮૭॥
પરચિત્તવિધાનજ્ઞા પંચિકા પંચરૂપિણી ।
પૂર્ણિમા પરમા પ્રીતિઃ પરતેજઃ પ્રકાશિની ॥૮૮॥
પુરાણી પૌરુષી પુણ્યા પુણ્ડરીકનિભેક્ષણા ।
પાતાલતલનિર્મગ્ના પ્રીતા પ્રીતિવિવર્ધિની ॥૮૯॥
પાવની પાદસહિતા પેશલા પવનાશિની ।
પ્રજાપતિઃ પરિશ્રાન્તા પર્વતસ્તનમણ્ડલા ॥૯૦॥
પદ્મપ્રિયા પદ્મસંસ્થા પદ્માક્ષી પદ્મસમ્ભવા ।
પદ્મપત્રા પદ્મપદા પદ્મિની પ્રિયભાષિણી ॥૯૧॥
પશુપાશવિનિર્મુક્તા પુરન્ધ્રી પુરવાસિની ।
પુષ્પકલા પુરુષા પર્વા પરાજાતદ્રુમપ્રિયા ॥૯૨॥
પતિવ્રતા પવિત્રાંગી પુષ્પહાસપરાયણા ।
પ્રજ્ઞાવતી સુતા પૌત્રી પુત્રપૂજ્યા પયસ્વિની ॥૯૩॥
પટ્ટીપાશધરા પંક્તિઃ પિતૃલોકપ્રદાયિની ।
પુરાણી પુણ્યશીલા ચ પ્રવતાર્ત્તિ વિનાશિની ॥૯૪॥
પ્રદ્યુમ્નજનની પુષ્ટા પિતામહ પરિગ્રહા ।
પુણ્ડરીકપુરાવાસા પુણ્ડરીકસમાનના ॥૯૫॥
પૃથુજંઘા પૃથુભુજા પૃથુપાદા પૃથૂદરી ।
પ્રચાલશોભા પિંગાક્ષી પીતવાસા પ્રચાપલા ॥૯૬॥
પ્રસવા તુષ્ટિદા પુણ્યા પ્રતિષ્ઠા પ્રણવાગતિઃ ।
પંચવર્ણા પંચવાણી પંચિકા પંજરસ્થિતા ॥૯૭॥
પરમાયા પરજ્યોતિઃ પરપ્રીતિઃ પરાગતિઃ ।
પરાકાષ્ઠા પરેશાની પાવની પાવકદ્યુતિઃ ॥૯૮॥
પુણ્યભદ્રા પરિચ્છેદ્યા પુષ્પહાસા પૃથૂદરા ।
પીતાંગી પીતવસના પીતશય્યા પિશાચિની ॥૯૯॥

પીતક્રિયા પિશાચાધ્ની પાટલાક્ષી પટુક્રિયા ।
પંચભક્ષા પ્રિયાચારા પૂતના પ્રાણઘાતિની ॥૧૦૦॥
પુન્નાગવનમધ્યસ્થા પુણ્યતીર્થનિષેવિતા ।
પંચાંગી ચ પરાશક્તિઃ પરમાહ્લાદકારિણી ॥૧૦૧॥
પુષ્પકાંડસ્થિતા પૂજા પોષિતાખિલવિષ્ટપા ।
પ્રાણપ્રિયા પંચશિખા પન્નગોપરિશાયની ॥૧૦૨॥
પંચમાત્રાત્મિકા પૃથ્વી પથિકા પૃથુદોહની ।
પુરાણન્યાયમીમાંસા પાટલી પુષ્પગન્ધિની ॥૧૦૩॥
પુણ્યપ્રજા પારદાત્રી પરમાર્ગૈકગોચરા-
ગ્રીવાતિશોભા પર્ણાશા પ્રણવા પલ્લવોદરી ॥૧૦૪॥
ફલિની ફલદા ફલ્ગુઃ ફૂત્કારી ફલકાકૃતિઃ ।
ફણીન્દ્રભોગશયના ફણિમંડલમંડિતા ॥૧૦૫॥
બાલબલા બહુમતા બાલાતપનિભાંશુકા ।
બલભદ્રપ્રિયા વન્દ્યા વડવા બુદ્ધિસંસ્તુતા ॥૧૦૬॥
બન્દી દેવી બિલવતી બડશઘ્ની બલિપ્રિયા ।
બાંધવી બોધિતા બુદ્ધિર્બન્ધૂકકુસુમપ્રિયા ॥૧૦૭॥
બાલભાનુપ્રભાકારા બ્રાહ્મી બ્રાહ્મણદેવતા ।
બૃહસ્પતિસ્તુતા બૃન્દા બૃન્દાવનવિહારિણી॥૧૦૮॥
બાલાર્કિની બિલાહારા બિલવાસા બહૂદકા ।
બહુનેત્રા બહુપદા બહુકર્ણાવતંસિકા ॥૧૦૯॥
બાહુબાહુયુતા બીજરૂપિણી બહુરૂપિણી ।
વિન્દુનાદકલાતીતા બિન્દુનાદસ્વરૂપિણી ॥૧૧૦॥
બદ્ધગોધાંગુલિત્રાણા બદર્યાશ્રમવાસિની ।
બૃન્દારકા બૃહત્સ્કન્ધા બૃહતી બાણપાતિની ॥૧૧૧॥
બૃન્દાધ્યક્ષા બહુનુતા બનિતા બહુવિક્રમા ।
બદ્ધ પદ્માસનાસીના બિલ્વપર્યંકસંસ્થિતા ॥૧૧૨॥
બોધિદ્રુમનિદજાવાસા બડિસ્થા બિન્દુદર્પણા ।
બાલા બાણાસનવતી બડવાનલયોગિની ॥૧૧૩॥
બ્રહ્માણ્ડબહિરન્તસ્થા બ્રહ્મકંકણસૂત્રિણી ।
ભવાની ભીષણવતી ભાવિની ભયહારિણી ॥૧૧૪॥
ભદ્રકાલી ભુજંગાક્ષી ભારતી ભારતાશયા ।
ભૈરવી ભીષણાકારા ભૂતિદા ભૂતમાલિની ॥૧૧૫॥
ભામિની ભોગવિરતા ભદ્રદા ભૂરિવિક્રમા ।

ભૂતવાસા ભૃગુલતા ભાર્ગવી ભૂસુરાર્ચિતા ॥૧૧૬॥
ભાગીરથી ભોગવતી ભવનસ્થા ભિષગ્વરા ।
ભામિની ભોગિની ભાષા ભવાની ભૂરિદક્ષિણા ॥૧૧૭॥
ભર્ગાત્મિકા ભીમવતી ભવબન્ધ વિમોચિની ।
ભજનીયા ભૂતધાત્રી ભર્જિતા ભૂવનેશ્વરી ॥૧૧૮॥
ભુજંગવલય ભીમા ભેરૂણ્ડા ભાગધેયિની ।
માતા માયા મધુમતી મધુજિહ્વા મધુપ્રિયા ॥૧૧૯॥
મહાદેવી મહાભાગા માલિની મીનલોચના ।
માયાતીતા મધુમતી મધુમાસા મધુદ્રવા ॥૧૨૦॥
માનવી મધુસમ્ભૂતા મિથિલાપુરવાસિની ।
મધુકૈઠભસંહત્રી મેદિની મેઘમાલિની ॥૧૨૧॥
મન્દોદરી મહામાયા મૈથિલી મસૃણાપ્રિયા ।
મહાલક્ષ્મીર્મહાકાલી મહાકન્યા મહેશ્વરી ॥૧૨૨॥
મહેન્દ્રી મેરુતનયા માન્દારકુસુમાર્ચિતા ।
મંજૂરમંજીરચરણા મોક્ષદા મંજુભાષિણી ॥૧૨૩॥
મધુરદ્રાવિણી મુદ્રા મલયા મલયાન્વિતા ।
મેધા મરકતશ્યામા માધવી મેનકાત્મજા ॥૧૨૪॥
મહામારી મહાવીરા મહાશ્યામા મનુસ્તુતા ।
માત્રકા મિહિરાભાસા મુકુન્દપદવિક્રમા ॥૧૨૫॥
મૂલાધારસ્થિતા મુગ્ધા મણિપુરકવાસિની ।
મૃગાક્ષી મહિષારૂઢા મહિષાસુરમર્દિની ॥૧૨૬॥
યોગાસના યોગગમ્યા યોગા યૌવનકાશ્રયા ।
યૌવનીં યુદ્ધમધ્યસ્થા યમુના યુગધારિણી ॥૧૨૭॥
યક્ષિણી યોગયુક્તા ચ યક્ષરાજપ્રસૂતિની ।
યાત્રાયાનવિધાનજ્ઞા યદુવંશસમુદ્‌ભવા ॥૧૨૮॥
યકારાદિહકારાન્તા યાજુષી યજ્ઞરૂપિણી ।
યામિની યોગનિરતા યાતુધાન ભયંકરી ॥૧૨૯॥
રુક્મિણી રમણી રામા રેવતી રેણુકા રતિઃ ।
રૌદ્રા રૌદ્રપ્રિયાકારા રામમાતા રતિપ્રિયા ॥૧૩૦॥
રોહિણી રાજ્યદા રેવા રામા રાજીવલોચના ।
રાકેશી રૂપસમ્પન્ના રત્નસિંહાસનસ્થિતા ॥૧૩૧॥
રક્તામાલ્યાંવરધરા રક્તગન્ધાનુલેપના ।
રાજહંસસમારૂઢા રમ્ભા રક્તબલિપ્રિયા ॥૧૩૨॥

રમણીયયુગાધારા રાજિતાખિલાભૂતલા ।
રુરુચર્મપરીધાના રથિની રત્નમાલિકા ॥૧૩૩॥
રોગેશી રોગશમની રાવિણી રોમહર્ષિણી ।
રામચન્દ્રપદાક્રાન્તા રાવણચ્છેદકારિણી ॥૧૩૪॥
રત્નાસ્ત્રપરિચ્છના રથસ્થા રુક્મભૂષણા ।
લજ્જાધિદેવતાલોલાલલિતાલિંગધારિણી ॥૧૩૫॥
લક્ષ્મીર્લોલા લુપ્તવિષા લોકિની લોકવિશ્રુતા ।
લજ્જા લમ્બોદરી દેવી લલના લોકધારિણી ॥૧૩૬॥
વરદા વન્દિતા વિદ્યા વૈષ્ણવી વિમલાકૃતિઃ ।
વારાહી વિરજા વર્ષા વરલક્ષ્મીવિલાસિની ॥૧૩૭॥
વનિતા વ્યોમમધ્યસ્થા વારિજાસનસંસ્થિતા ।
વારુણી વેણુસમ્ભૂતા વીતિહોત્રા વિરૂપિણી ॥૧૩૮॥
વાયુમણ્ડલમધ્યસ્થા વિષ્ણુરૂપા વિધિક્રિયા ।
વિષ્ણુપત્ની વિષ્ણુમતી વિશાલાક્ષી વસુન્ધરા ॥૧૩૯॥
વામદેવપ્રિયા વેલા વજ્રિણી વસુદોહની ।
વેદાક્ષરપરીતાંગી વાજપેયફલપ્રદા ॥૧૪૦॥
વાસવી વામજનની વૈકુણ્ઠનિલયાવરા ।
વ્યાસપ્રિયા વર્મધરા વાલ્મીકિપરિસેવિતા ॥૧૪૧॥
શાકમ્ભરી શિવા શાન્તા શારદા શરણાગતિઃ ।
શાતોદરી શુભાચારા શુમ્ભાસુર વિમર્દિની ॥૧૪૨॥
શોભાવતી શિવારામા શંકરાર્ધશરીરિણી ।
શોભાશુભાશયાશુભ્રાનિત્યાસન્ધાનકારિણી ॥૧૪૩॥
શરાવતી શરાનન્દા શરજ્જ્યોત્સ્ના શુભાનના ।
શરભા શૂલિની શુદ્ધા શબરી શુકવાહિની ॥૧૪૪॥
શ્રીમતી શ્રીધરાનન્દા શ્રવણાનન્દદાયિની ।
શર્વાણી શર્વરીવન્દ્યા ષડભાષા ષડઋતુપ્રિયા ॥૧૪૫॥
ષડાધારસ્થિતા દેવી ષણ્મુખપ્રિયકારિણી ।
ષડંગરૂપસુમતિઃ સુરાસુરનમસ્કૃતા ॥૧૪૬॥
સરસ્વતી સદાધારા સર્વમંગલકારિણી ।
સામગાનપ્રિયા સૂક્ષ્મા સાવિત્રી સામસમ્ભવા॥૧૪૭॥
સર્વવાસા સદાનન્દા સુસ્તની સાગરામ્બરા ।
સર્વૈશ્વર્યપ્રિયા સિદ્ધિઃ સાધુબન્ધુપરાક્રમા ॥૧૪૮॥
સપ્તર્ષિમંડલગતા સોમમંડલવાસિની ।

સર્વજ્ઞા સાન્દ્રકરુણા સમાનાધિક વર્જિતા ॥૧૪૯॥
સર્વોત્તુંગા સંગદીના સદ્‌ગુણા સકલેષ્ટદા ।
સરધા સૂર્યતનયા સુકેશી સોમસંહિતા ॥૧૫૦॥
હિરણ્યવર્ણા હરિણી હીંકારી હંસવાહિની ।
ક્ષૌમવસ્ત્રા પરીતાંગી ક્ષીરાબ્ધિતનયા ક્ષમા ॥૧૫૧॥
ગાયત્રી ચૈવ સાવિત્રી પાર્વતી ચ સરસ્વતી ।
વેદગર્ભા વરારોહા શ્રી ગાયત્રી પરામ્બિકા ॥૧૫૨॥
નામ્નાં સહસ્રકં નિત્યં ગાયત્ર્યાશ્ચૈવ નારદ ।
પુણ્યદં સર્વપાપઘ્નં મહાસમ્પત્તિદાયકમ્ ॥૧૫૩॥
એવં નામાનિ ગાયત્ર્યાસ્તોષોત્પત્તિકરાણિ હિ ।
અષ્ટમ્યાં ચ વિશેષેણ પઠિતવ્યં દ્વિજૈઃ સદા ॥૧૫૪॥
જપં કૃત્વા હોમપૂજાં ધ્યાનં કૃત્વા વિશેષતઃ ।
યસ્મૈ કસ્મૈ ન દાતવ્યં ગાયત્ર્યાસ્તુ વિશેષતઃ ॥૧૫૫॥
સુભક્તાય સુશિષ્યાય વક્તવ્યં ભૂસુરાય વૈ ।
ભ્રષ્ટેભ્યોસાધકેભ્યશ્ચબાન્ધવેભ્યોનદર્શયેત્ ॥૧૫૬॥
યદ્‌ગૃહે લિખિતં શાસ્ત્રં ભયં તસ્ય ન કસ્યચિત્ ।
ચંચલાપિસ્થિરા ભૂત્વા કમલા તત્ર તિષ્ઠતિ ॥૧૫૭॥
ઇદં રહસ્યં પરમં ગુહ્યાદ્ ગુહ્યતરં મહત્ ।
પુણ્યપ્રદં મનુષ્યાણાં દરિદ્રાણાં નિધિપ્રદમ્ ॥૧૫૮॥
મોક્ષપદં મુમુક્ષૂણાં કામિનાં સર્વકામદમ્ ।
રોગાદ્વિમુચ્યતે રોગી બદ્ધો મુચ્યેત બન્ધનાત્ ॥૧૫૯॥
બ્રહ્મહત્યાસુરાપાનસુવર્ણસ્તેયાં યો નરઃ ।
ગુરુતલ્પગતો વાપિ પાતકાન્મુચ્યતે સકૃત્ ॥૧૬૦॥
અસત્પ્રતિગ્રહાચ્ચૈવાઽભક્ષ્યભક્ષ્યાદ્વિશેષતઃ ।
પાખણ્ડાનૃતમુખ્યેભ્યઃ પઠનાદેવ મુચ્યતે ॥૧૬૧॥
ઇદં રહસ્યમલં મયોક્તં પદ્મજોદ્‌ભવમ્ ।
બ્રહ્મસાયુજ્યદં નૃણાં સત્યં સત્યં ન સંશયઃ ॥૧૬૨ ॥
॥ ઇતિ ગાયત્રી સહસ્ત્રનામ્ ॥

ગાયત્રીનાં હજાર નામો પૈકી દરેક નામ રહસ્યથી ભરેલું છે, એ બધાં જ નામોમાં ટૂંકાં સૂત્ર વાક્યોની માફક ગાયત્રી શક્તિઓનો પરિચય, તેમનો ઇતિહાસ અને એ અંગેનું તત્ત્વજ્ઞાન વગેરે વિશિષ્ટતાઓ સમાયેલી છે. ઉપરથી જોતાં તો આ બધાં નામો સામાન્ય જ દેખાય છે પણ ઊંડા ઊતરી વિચાર કરીએ તો દરેકે દરેક નામ મોટાં મોટાં રહસ્યોથી ભરેલાં છે. જો એકે એક નામનું વિવેચન કરવામાં આવે તો તે બધાં રહસ્યમય તત્ત્વો પ્રગટ થઈ શકે. આમાં સમાયેલાં તત્ત્વોને સમજાવવા માટે જ વેદો, શાસ્ત્રો, પુરાણો, ઇતિહાસ, ગ્રંથો, દર્શનગ્રંથો, ઉપનિષદો, બ્રાહ્મણ-ગ્રંથો,

આરણ્યક-ગ્રંથો, નીતિ-ગ્રંથો, સ્મૃતિઓ, સંહિતાઓ અને સૂત્રગ્રંથો વગેરે મહાન ગ્રંથો લખવામાં આવ્યા છે. આ નાના પુસ્તકમાં તો ગાયત્રીનાં એ નામોનું વિવેચન કરી શકાય નહિ. એવો અવસર મળતાં અને માતાજીની પ્રેરણા થતાં કોઈવાર એ બધાં જ નામોનું વિવેચન જુદા પુસ્તકમાં વિસ્તારથી કરીશું. એવું પુસ્તક લખાય તો સામાન્ય માણસોને આદ્યશક્તિ ગાયત્રીની રૂપરેખા, તેનાં કાર્ય, તેની શક્તિ, તેની મહત્તા, વૈજ્ઞાનિકતા અને વાસ્તવિકતા વિશેનું જ્ઞાન મેળવવું સુગમ બને. આ બધાં નામ ગાયત્રીના ગુણ, તેમના અંગેનો ઇતિહાસ અને તેમને લગતું તત્ત્વજ્ઞાન જ પ્રગટ કરે છે, એવું નથી. એ નામો દ્વારા ગાયત્રીની ઉપાસનાઓના દક્ષિણમાર્ગી અને વામમાર્ગી અનેક પ્રકારો અંગે પણ માહિતી પૂરી પાડે છે. આ હજાર નામોમાં ગાયત્રી-વિદ્યાની વિશેષતાઓ તરફ સાંકેતિક રૂપમાં, સૂક્ષ્મ રીતે તથા બીજ રૂપમાં અંગુલિનિર્દેશ થયો છે. એ દ્વારા આપણા માટે આ વિદ્યાનો એક મોટો ભંડાર ખુલ્લો થઈ શકે છે.

## ૨૨. ગાયત્રીના ઋષિ, છન્દ અને દેવતા

કુર્યાદન્નન્ય વા કુર્યાદનુષ્ઠાનાદિકં તથા ।
ગાયત્રીમાત્રનિષ્ઠસ્તુ કૃતકૃત્યો ભવેદ્ દ્વિજઃ ॥

શ્રી નારાયણે કહ્યું - કોઈ બ્રાહ્મણ અનુષ્ઠાન વેગેરે કંઈ કરે કે ન કરે, માત્ર ગાયત્રીના જપમાં નિષ્ઠા રાખે તો તે ચોક્કસ ધન્ય થઈ જાય છે.

સંધ્યાસુ ચાર્ઘ્યદાનં ચ ગાયત્રીજપમેવ ચ ।
સહસ્રત્રિતયં કુર્વન્સુરૈઃ પૂજ્યો ભવેન્મુને ॥

ત્રણ સંધ્યા સમયે અર્ઘ્ય આપે અને દરેક સંધ્યા સમયે ત્રણ હજાર જપ કરે તો હે મુનિ, તે મનુષ્ય દેવતાઓ દ્વારા પણ પૂજનીય બની જાય છે.

ન્યાસાન્ કરોતુ વા મા વા ગાયત્રીમેવ ચાભ્યસેત્ ।
ધ્યાત્વા નિવ્યાર્જયા વૃત્ત્યા સચ્ચિદાનન્દરૂપિણીમ્ ॥

(બ્રાહ્મણ) ન્યાસ કરે કે ન કરે તો પણ તે ભક્તિપૂર્વક સચ્ચિદાનંદ સ્વરૂપિણી ભગવતીનું ધ્યાન કરીને ગાયત્રીનો જપ (અવશ્ય) કરે.

યદક્ષરૈકસંસિદ્ધેઃ સ્પર્ધતે બ્રાહ્મણોત્તમઃ ।
હરિશંકરકંજોત્થ સૂર્યચન્દ્રહુતાશનૈઃ ॥

જે ઉત્તમ બ્રાહ્મણ ગાયત્રીના એક અક્ષરને પણ સિદ્ધ કરી લે છે તેની બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ચંદ્ર અને અગ્નિ પણ સ્પર્ધા કરવા લાગે છે.

અથાતઃ શ્રૂયતાં બ્રહ્મન્વર્ણઋષ્યાદિકાંસ્તથા ।
છન્દાંસિ દેવતાસ્તદ્વત્ ક્રમાત્તત્વાનિ ચૈવ હિ ॥

હે બ્રાહ્મન્ ! હવે ગાયત્રીના ચોવીસ અક્ષરોના ઋષિ, છન્દ, દેવતા વગેરે ક્રમથી કહું છું તે સાંભળો.

વામદેવોઽત્રિર્વાસિષ્ઠઃ શુક્રઃ કણ્વઃ પરાશરઃ ।
વિશ્વામિત્રો મહાતેજાઃ કપિલઃ શૌનકો મહાન્ ॥
યાજ્ઞવલ્કયો ભરદ્વાજો જમદગ્નિસ્તપોનિધિઃ ।
ગૌતમો મુદ્ગલશ્ચૈવ વેદવ્યાસશ્ચ લોમશઃ ॥
અગસ્ત્યઃ કૌશિકો વત્સઃ પુલસ્ત્યો માંડુકસ્તથા ।
દુર્વાસાસ્તપસાં શ્રેષ્ઠો નારદઃ કશ્યપસ્તથા ॥

વામદેવ, અત્રિ, વશિષ્ઠ, શુક્ર, કણ્વ, પરાશર, મહાતેજસ્વી વિશ્વામિત્ર, કપિલ, શૌનક,

યાજ્ઞવલ્ક્ય, ભારદ્વાજ, તપોનિધિ જમદગ્નિ, ગૌતમ, મુદ્ગલ, વેદવ્યાસ, લોમશ, અગસ્ત્ય, કૌશિક, વત્સ, પુલસત્ય, માંડુક, દુર્વાસા, તપમાં શ્રેષ્ઠ નારદ અને કશ્યપ-એ ચોવીસ ગાયત્રીના ઋષિઓ છે.

ઈત્યેતે ઋષયઃ પ્રોક્તા વર્ણાનાં ક્રમશો મુને ।
ગાયત્ર્યુષ્ણિગનુષ્ટુપ્ ચ બૃહતી પંક્તિરેવ ચ ॥
ત્રિષ્ટુભં જગતી ચૈવ તથાઽતિજગતીમતા ।
શક્વર્યતિશક્વરી ચ ધૃતિશ્ચાતિધૃતિસ્તથા ॥
વિરાટ્ પ્રસ્તારપંક્તિશ્ચ કૃતિઃ પ્રકૃતિરાકૃતિઃ ।
વિકૃતિઃ સંસ્કૃતિશ્ચૈવાક્ષર પંક્તિસ્તથૈવ ચ ॥
ભૂર્ભુવઃ સ્વરિતિચ્છન્દસ્તથા જ્યોતિષ્મતી સ્મૃતમ્ ।
ઈત્યેતાનિ ચ છંદાંસિ કીર્તિતાનિ મહામુનેઃ ॥

હે નારદજી, ગાયત્રીના ઋષિઓ કહ્યા પછી હવે તેના 'છન્દ' સાંભળો. ગાયત્રી, ઉષ્ણિક્, અનુષ્ટુપ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ, જગતી, અતિજગતી, શકવરી, અતિશકવરી, ધૃતિ, અતિધૃતિ, વિરાટ, પ્રસ્તાર પંક્તિ, કૃતિ, વિકૃતિ, સંસ્કૃતિ, અક્ષર-પંક્તિ, ભુઃ, ભુવઃ, સ્વઃ અને જ્યેતિષ્મતી એ ૨૪ છંદો ક્રમથી કહ્યા છે.

દૈવતાનિ શ્રૃણુ પ્રાજ્ઞ તેષામેવાનુપૂર્વશઃ ।
આગ્નેયં પ્રથમં પ્રોક્તં પ્રાજાપત્યં દ્વિતીયકમ્ ॥
તૃતીયં ચ તથા સૌમ્યમીશાનં ચ ચતુર્થકમ્ ।
સાવિત્રં પંચમં પ્રોક્તંષષ્ઠમાદિત્ય દેવતમ્ ॥
બાર્હસ્પત્યં સપ્તમં તુ મૈત્રાવરુણમષ્ટકમ્ ।
નવમં ભગદેવત્યં દશમં ચાર્યમીશ્વરમ્ ॥
ગણેશમેકાદશમં ત્વાષ્ટ્રં દ્વાદશમં સ્મૃતમ્ ।
પૌષ્ણં ત્રયોદશં પ્રોક્તમૈંદ્રાગ્ન્યં ચ ચતુર્દશમ્ ॥
વાયવ્યં પંચદશમં વામદેવ્યં ચ ષોડશમ્ ।
મૈત્રાવરુણિદૈવત્યં પ્રોક્તં સપ્તદશાક્ષરમ્ ॥
અષ્ટાદશં વૈશ્વદેવમૂન વિંશં તુ માતૃકમ્ ।
વૈષ્વણં વિશંતિતમં વસુદૈવતમીરિતમ્ ॥
એક વિંશતિસંખ્યાકં દ્વાવિંશં રુદ્રદૈવતમ્ ।
ત્રૈયોવિંશં ચ કૌબેરમાશ્વિનં તત્ત્વસંખ્યકમ્ ॥
ચતુર્વિંશતિવર્ણાનાં દેવતાનાં ચ સંગ્રહઃ ॥
કથિતઃ પરમશ્રેષ્ઠો મહાપાપૈકશોધનઃ ।
યદાકર્ણનમાત્રેણ સાંગં જાપ્યફલં મુને ॥

હે પ્રાજ્ઞ, હવે ક્રમથી બધા અક્ષરોના દેવતાઓનાં નામ સાંભળો. પહેલા અક્ષરનો અગ્નિ, બીજાનો પ્રજાપતિ, ત્રીજાનો સોમ, ચોથાનો ઈશાન, પાંચમાનો સવિતા, છઠ્ઠાનો આદિત્ય, સાતમાનો બૃહસ્પતિ, આઠમાનો મૈત્રાવરૂણ, નવમાનો ભગ, દશમાનો અર્યમા, અગિયારમાનો ગણેશ, બારમાનો ત્વષ્ટ્રા, તેરમાનો પૂષા, ચૌદમાનો ઈન્દ્રાગ્નિ, પંદરમાનો વાયુ, સોળમાનો વામદેવ, સત્તરમાનો મૈત્રાવરૂણ, અઢારમાનો વિશ્વદેવ, ઓગણીસમાનો માતૃકા, વીસમાનો વિષ્ણુ, એકવીસમાનો વસુ, બાવીસમાનો રૂદ્ર, ત્રેવીસમાનો કુબેર, ચોવીસમાનો અશ્વિનીકુમાર, આ ચોવીસે અક્ષરોના દેવતાઓ

છે. આ દેવતાઓ પરમ શ્રેષ્ઠ અને મહાપાપને દૂર કરનારા છે. એમના નામનું માત્ર શ્રવણ કરવાથી સંપૂર્ણ અંગો સહિત જપ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.

**આદિશક્તે જગન્માતર્ભક્તાનુગ્રહકારિણી ।**
**સર્વત્રવ્યાપિકેઽનન્તે શ્રીસંધ્યે વૈ નમોઽસ્તુતે ॥**

આદિ શક્તિ, જગતની માતા, ભક્તો પર કૃપા કરવાવાળી, સર્વવ્યાપક, અનંતા, શ્રી, સંધ્યા તમને નમસ્કાર છે.

**ત્વમેવ સન્ધ્યા ગાયત્રી સાવિત્રી ચ સરસ્વતી ।**
**બ્રાહ્મી ચ વૈશ્ણવી રૌદ્રી રક્તા શ્વેતા સિતેતરા ॥**

સંધ્યા, ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી, બ્રાહ્મી, વૈષ્ણવી, રૌદ્રી, રક્તા, શ્વેતા, કૃષ્ણા વગેરે તમે જ છો.

**પ્રાતર્બાલા ચ મધ્યાહ્ને યૌવનસ્થા ભવેત્ પુનઃ ।**
**વૃદ્ધા સાયં ભગવતી ચિન્ત્યતે મુનિભિઃ સદા ॥**

પ્રાતઃકાળમાં બાળસ્વરૂપિણી, મધ્યાહ્નકાળે યુવતી અને સાંયકાળે વૃદ્ધા ભગવતીનું મુનિ લોકો ધ્યાન કરે છે.

**હંસસ્થા ગરુડારૂઢા તથા વૃષભવાહિની ।**
**ઋગ્વેદાધ્યાયિની ભૂમૌ દશ્યતે યા તપસ્વિભિઃ ॥**

હંસ પર બેઠેલી બ્રાહ્મી, વૃષભ પર બેઠેલી સાવિત્રી અને ગરુડ પર બેઠેલી સરસ્વતી છે. એ પૈકી બ્રાહ્મી ઋગ્વેદાધ્યાયિની તપસ્વીઓ દ્વારા પૃથ્વી પર દર્શન કરવામાં આવે છે.

**યજુર્વેદં પઠન્તી ચ અંતરિક્ષે વિરાંજિતા ।**
**સા સામગાપિ સર્વેષુ ભ્રામ્યમાણા તથા ભુવિ ॥**

યજુર્વેદનું પઠન કરતી સરસ્વતી અંતરિક્ષમાં વિરાજે છે અને સામવેદનું પઠન કરતી સાવિત્રી પૃથ્વી પર બધાં મનુષ્યોની વચ્ચે ભ્રમણ કરે છે.

**રુદ્રલોકં ગતા ત્વં હિ વિષ્ણુલોકનિવાસિની ।**
**ત્વમેવ બ્રાહ્મો લોકેઽસ્મિન્મત્યાર્નુગ્રહકારિણી ॥**

સાવિત્રી રૂદ્રલોકમાં, સરસ્વતી વિષ્ણુલોકમાં અને બ્રાહ્મી બ્રહ્મલોકમાં વિરાજી રહી છે અને તું (ગાયત્રી) બધાં પ્રાણીઓ ઉપર કૃપા કરનારી છે.

# ૨૩. ગાયત્રી અભિયાનની સાધના

ગાયત્રી દેવી પંચમુખી કહેવાય છે. કેટલાંક ચિત્રોમાં અલંકારિક રીતે તેનાં પાંચ મુખ બતાવવામાં આવે છે. ગાયત્રી મંત્રના આ પાંચ વિભાગ છે - (૧) ૐ, (૨) ભૂર્ભુવઃ સ્વઃ (૩) તત્સવિતુર્વરેણ્યં, (૪) ભર્ગો દેવસ્ય ધીમહિ, (૫) ધિયો યોનઃ પ્રચોદયાત્. યજ્ઞોપવીત જનોઈના પાંચ વિભાગ છે - ત્રણ સૂત્રોના ત્રણ, ચોથો પણ મધ્યગ્રંથિ અને પાંચમો બ્રહ્મગ્રંથિ. ગાયત્રીના પાંચ 'મુખ્ય દેવતાઓ' પણ જાણીતા છે. ૐ-ગણેશ. વ્યાહૃતિઓ-ભવાની, પ્રથમ ચરણ-બ્રહ્મ, દ્વિતીય ચરણ - વિષ્ણુ, તૃતીય ચરણ - મહેશ. આ પાંચ દેવતાઓ ગાયત્રીનાં પાંચ મુખ્ય 'શક્તિ સમૂહો' ગણી શકાય. પ્રકૃતિનાં મુખ્ય પાંચ 'તત્ત્વો' પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ છે. જીવના પાંચ 'કોષો' તે અન્નમય કોષ, પ્રાણમય કોષ મનોમય કોષ, વિજ્ઞાનમયકોષ અને આનંદમય કોષ છે. પાંચ 'જ્ઞાનેન્દ્રિયો' પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ ચૈતન્ય (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને આત્મા) વગેરે પણ પાંચની સંખ્યામાં છે. આ પ્રકારની પંચ પ્રવૃત્તિઓ ગાયત્રીના પાંચ વિભાગોમાંથી પ્રગટે છે, વિકસિત થાય છે અને ફેલાય છે. આ બધી બાબતોને લક્ષમાં રાખીને જ

વિદ્વાનોએ ગાયત્રીને પાંચ મુખવાળી કહી છે.

પંચમુખી ગાયત્રી માતાની ઉપાસના એક નૈષ્ઠિક અનુષ્ઠાન છે. એને 'ગાયત્રી અભિયાન' કહે છે. એ અભિયાન પાંચ લાખ મંત્ર જપનું હોય છે. આ એક વર્ષની તપશ્ચર્યા સાધકને ગાયત્રી મહાશક્તિ સાથે તાદાત્મ્ય સધાવે છે. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરવામાં આવેલી સાધના ફળરૂપી ચમત્કાર બતાવ્યા વિના રહેતી નથી. અભિયાન એક એવી તપશ્ચર્યા છે કે જે સાધકને ગાયત્રી શક્તિથી સમુદ્ધ બનાવે છે. એથી કરીને સાધક પોતાની અંદરને બહાર તેમજ આસપાસ બધે એક દૈવી વાતાવરણ પ્રગટેલું અનુભવે છે.

## ● અભિયાનની વિધિ ●

એક વર્ષમાં પાંચ લાખ જપ પૂરા કરવા માટેનું અભિયાન કોઈ પણ મહિનાથી સુદ અગિયારશથી શરૂ કરી શકાય છે. ગાયત્રી દેવીનો આવિર્ભાવ (જન્મ) શુક્લપક્ષની દશમે મધ્ય રાત્રિએ થયેલો. એથી તે અંગેનું ઉપવાસ વ્રત બીજે દિવસે અગિયારશે કરવામાં આવે છે. અભિયાન શરૂ કરવા માટે આ જ મુહૂર્ત સૌથી ઉત્તમ છે. જે એકાદશીએ શરૂ કરવામાં આવે તેનાથી બરાબર એક વર્ષે તે જ તિથિએ પૂરું થાય.

એક મહિનાની બંને એકાદશીઓએ ઉપવાસ કરવો જોઈએ. ઉપવાસમાં દૂધ, દહીં, છાશ, ફળ, શાક વગેરે સાત્ત્વિક પદાર્થો લઈ શકાય. જેઓ એક વખત ભોજન કરવા ઇચ્છે તેઓ એમ કરી શકે છે. બાળક, વૃદ્ધ, સગર્ભા અથવા અશક્ત પ્રકૃતિના માણસો બે વખત પણ સાત્ત્વિક આહાર લઈ શકે. ઉપવાસ દરમિયાન દિવસમાં પાણી વધારે વખત પીવું જોઈએ.

બંને એકાદશીઓએ ૨૪ માળાઓ કરવી. બીજા દિવસોમાં (રોજ) દસ માળાઓ કરવી. વર્ષમાં ત્રણ-સંધ્યાઓ આવે છે. તે બધી નવરાત્રિઓ તરીકે પ્રસિદ્ધ છે. એ ત્રણ નવરાત્રિઓમાં ચોવીસ ચોવીસ હજારનાં 'ત્રણ લઘુ અનુષ્ઠાન' કરવાં જોઈએ. જેમ દિવસમાં સવાર, બપોર ને સાંજે એમ ત્રણ સંધ્યાઓ (સંધિકાળ) હોય છે, એવી જ રીતે વર્ષમાં ઋતુ પરિવર્તનના સંધિકાળો (સંધ્યાકાળો) હોય છે. તેમને 'નવરાત્રિ' કહે છે. વર્ષાઋતુનો અંત અને શિયાળાનો આરંભ એ સંધ્યા તે આસો મહિનામાં નવરાત્રિ. આસો સુદ પડવાથી આસો સુદ નવમી સુધીના નવ દિવસો. 'શિયાળાનો અંત અને ઉનાળાનો આરંભ, સંધિકાળ તે ચૈત્ર-નવરાત્રિ એ નવરાત્રિના ચૈત્રસુદી પડવાથી નવમી સુધીના નવ દિવસો અને ઉનાળાનો અંત તથા ચોમાસાનો આરંભ, એ સંધિકાળ તે જેઠ મહિનાના સુદ પડવાથી સુદ નોમ સુધીના નવ દિવસો તે જેષ્ઠ નવરાત્રિ કહેવાય છે. આ આસો, ચૈત્ર અને જેઠ મહિનાઓની ત્રણ નવરાત્રિઓ ગણાય છે. દશમ ગાયત્રીજયંતી પૂર્ણાહુતિનો દિવસ ગણાય છે તેથી દરેક નવરાત્રિમાં દશમની તિથિને પણ ઊમેરી લેવી. એ મુજબ ગણતાં ત્રણ નવરાત્રિઓના દસ દસ દિવસો દરમિયાન રોજ ચોવીસ માળાઓ કરવાથી દરેક નવરાત્રિમાં ચોવીસ ચોવીસ હજાર જપ થાય. આ રીતે એક વર્ષમાં પાંચ લાખ જપ પૂરા કરી શકાય છે.

મંત્ર જપની સંખ્યાનો હિસાબ આ રીતે વધારે સ્પષ્ટ રીતે સમજાશે.

(૧) બાર મહિનાની ચોવીસ એકાદશીઓએ રોજની ચોવીસ માળાઓના હિસાબે ૨૪ X ૨૪ = ૫૭૬ માળાઓ.

(૨) દસ દસ દિવસની કુલ ત્રણ નવરાત્રિઓના ૩૦ દિવસની રોજની ૨૪ માળાઓ પ્રમાણે ૩૦ X ૨૪ = ૭૨૦ માળાઓ.

(૩) વર્ષના ૩૬૦ દિવસોમાંથી ઉપરના ૩૯ + ૨૪ = ૫૪ દિવસો બાદ કરતાં બાકીના ૩૦૬ દિવસોમાં રોજની ૧૦ માળાના હિસાબે ૩૦૬ X ૧૦ = ૩૦૬૦ માળાઓ.

(૪) દરેક રવિવારે (રજાના દિવસે) પાંચ માળાઓ વિશેષ કરવી. એટલે કે તે દિવસોએ દસને બદલે પંદર માળાઓ કરવી. આ મુજબ એક વર્ષના રવિવારના દિવસોની વધારાની માળાઓ

૫૨ X ૫ = ૨૬૦ માળાઓ થાય.

આખા વર્ષની આ બધી જ માળાઓનો સરવાળો (૫૭૬ + ૭૨૦ + ૩૦૬૦ + ૨૬૦ = ૪૬૧૬. માળાઓ થઈ એક માળામાં ૧૦૮ મણકા (દાણા) હોય છે. એ હિસાબે ૪૬૧૬ X ૧૦૮ = ૪,૯૮,૫૨૮ કુલ જપ થાય. પૂરા પાંચ લાખમાં લગભગ ૧૪૦૦ ઓછા થાય. એટલે (૧૩) માળાઓ પૂર્ણાહુતિને દિવસે (છેલ્લે દિવસે) વિશેષ જપ અને હવન કરીને પૂરી કરી શકાય છે.

આ પદ્ધતિએ પાંચ લાખ જપ પૂરા થઈ શકે. ત્રણે નવરાત્રિઓમાં કામસેવન, પલંગ પર સૂવું, હજામત કરાવવી, ચામડાંનાં પગરખાં પહેરવાં, દારૂ માંસ વગેરેનું સેવન ઇત્યાદિ બાબતોથી ખાસ દૂર રહેવું. આગ્રહપૂર્વક એ નિષિદ્ધ કાર્યો ન કરવાં, બાકીના દિવસોમાં સામાન્ય જીવનક્રમ ચાલુ રાખી શકાય. બધા દિવસો માટે વિશેષ તપશ્ચર્યા કે નિયમો આદિનું ખાસ બંધન નથી.

મહિનામાં એક વાર સુદ અગિયારસ ૧૦૮ મંત્રોનો હવન કરવો. હવનની વિધિ 'ગાયત્રી મહાવિજ્ઞાન'ના પહેલા ભાગમાં આપવામાં આવી છે. અથવા 'સંક્ષિપ્ત ગાયત્રી હવન' પુસ્તિકામાં વિગતવાર આપવામાં આવી છે.

આ અભિયાન એક પ્રકારનો લક્ષ્યવેધ છે. આને માટે કોઈ યોગ્ય માર્ગદર્શક ગુરુની નિમણૂક કરવી જરૂરી છે. એથી કરીને વચ્ચે વચ્ચે જે અનુભવો થાય તે માટે પૂછપરછ કરીને સમાધાન મેળવી શકાય. ઘણીવાર આવાં કાર્યોમાં વિઘ્નો આવે છે એ વિઘ્નોની બાબતમાં પણ ગુરુ દ્વારા ચોક્કસ માર્ગદર્શન મેળવી અને તેમને નિવારી શકાય.

શુદ્ધ થઈને સવાર–સાંજ બંને વખત જપ કરી શકાય. સવારે ઉપાસનામાં વધારે સમય ગાળવો. સાંજના ભાગના જપ પ્રમાણમાં ઓછા જ રાખવા. અર્થાત્ નક્કી કરેલા જપનો મોટો ભાગ સવારે કરી લેવો. જપ કરતી વખતે કપાળના મધ્ય ભાગમાં અથવા હૃદયની અંદર પ્રકાશસમૂહ ગાયત્રી દેવીનું ધ્યાન કરતા જવું.

સામાન્ય રીતે એક કલાકમાં દસ માળાઓ થઈ શકે. અનુષ્ઠાનના દિવસોમાં (નવરાત્રિઓમાં) રોજ અઢી કલાક જપ કરવા, તેમજ બીજા દિવસોમાં રોજ એક કલાક જપ કરવા એ કંઈ બહુ અઘરું કે ન થઈ શકે એવું કામ નથી. સૂતક, મુસાફરી, માંદગી વગેરેમાં માળા લીધા સિવાય માનસિક જપ ચાલુ રાખવા. કોઈ દિવસ જપ ન થઈ શકે તો બીજા દિવસે પણ તે પડેલા જપ પૂરા કરી શકાય.

આ ક્રમ રાખ્યા છતાં મુશ્કેલીઓને કારણે વર્ષ દરમિયાન જપ પૂરા ન થઈ શકે તો એટલા (બાકીના) જપ કોઈ વ્યક્તિ પાસેથી ઉધાર લઈ શકાય છે. પછીથી સગવડ મુજબ એ જપ કરી લઈને પાછા આપી શકાય છે. આ જ રીતે હવન વગેરેની બાબતમાં કોઈ અગવડ ઊભી થાય તો તેની પણ આ જ રીતે સહકાર સહયોગ દ્વારા વ્યવસ્થા કરી શકાય. સાધના ખંડિત ન થાય અને સંકલ્પ સફળ થાય એ માટે યુગ નિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરા દ્વારા પણ યોગ્ય ઉત્સાહ, માર્ગદર્શન અને સહકાર મેળવી શકાય છે. (સાધકે પૂ. માતાજી પોસ્ટ શાંતિકુંજ, ગાયત્રી તીર્થ, બ્રહ્મવર્ચસ્ હરિદ્વાર ૨૪૯૪૦૧ (ઉ.પ્ર.) એ સરનામે પત્ર લખી સંરક્ષણ તથા દોષ પરિમાર્જન માટે આશીર્વાદ મેળવી લેવા જરૂરી છે.)

અભિયાન એક વર્ષમાં પૂરું થાય છે. સાધનાની મહાનતાને જોતાં આટલો સમય કંઈ વધારે ન ગણાય. આ તપ માટે જેઓ ઉત્સાહી છે તેમણે આ શુભ કાર્યનો જલદી જ આરંભ કરી દેવો જોઈએ. પછી તો માતાજી બધું સાચવી લે છે, એ તો ચોક્કસ જાણવું કે શુભ આરંભનું પરિણામ શુભ જ હોય છે.